# પ્રસાદ નં.-૨૦૧

## સમયસાર ગાથા ૧૮૬. કળશ ૧૨૭.

(વૈશાખ સુદ ૧૫ સોમવાર, ૨૦૦૭)

## વ્યવહાર જ્ઞાન કર્યા પછી જ્ઞાનપર્યાય ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તરફ ઢળે તો જ તે જ્ઞાન પ્રમાણ થાય છે.

આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ વીતરાગી પર્યાયને સંવર કહે છે. તે સંવર કેમ પ્રગટ થાય ? તેની વાત ચાલે છે. અનાદિકાળથી શરીર, કર્મ, પુણ્ય-પાપ મારાં એવી ભ્રાંતિ કરી નિરંતર પોતાના કારણે મલિન થઈ રહ્યો છે. તે મલિનતા, અવસ્થામાં હોવા છતાં અંતર સ્વભાવમાં તે પેઠી નથી. આત્મા તો શુદ્ધ સ્વભાવી છે એમ રાગમિશ્રિત વિચાર કરે તો વ્યવહાર જ્ઞાન કર્યું કહેવાય, પણ તે હજી ખરો ધર્મ નથી.

અનાદિકાળથી શરીર, બૈરાં, છોકરાં ને અજ્ઞાની મારાં માનતાં આવેલ છે. નિગોદમાં બૈરાં છોકરાં ન હતાં, પણ શરીર ને વિકાર તે જ હું છું એમ અતૂટક ધારાએ અજ્ઞાનને સેવતો આવ્યો છે. તે અજ્ઞાનભાવ હું નથી, હું તો જ્ઞાનસ્વભાવી છું એમ રાગમિશ્રિત વિચાર કરીને ધારણા કરે તો તે હજી સમ્યક્ જ્ઞાન નથી. તેણે રાગને જાણ્યો ને ત્રિકાળી આત્માને જાણ્યો એમ માત્ર ધારણાથી જાણે ત્યાં સુધી પ્રમાણ થતું નથી. નિમિત્ત આવે તો લાભ થાય ને કર્મને લીધે વિકાર થાય—તેની તો વાત જ નથી, પણ પોતે વર્તમાન દશામાં વિકાર કરે છે, તેને જાણે છે ને ત્રિકાળી સ્વભાવને જાણે છે. તે ધારણા જ્ઞાન પ્રમાણ નથી. જ્ઞાન વર્તમાન અંશને જાણીને ત્યાંથી લક્ષ ફેરવી ને ત્રિકાળ શુદ્ધ સ્વભાવ તરફ ઢળે તો તે જ્ઞાન પ્રમાણ છે. વિકાર દુઃખદાયક છે, અંશ છે; બીજી બાજુ વસ્તુસ્વભાવ નિત્ય છે. કોની બાજુ પલ્લું નમવું જોઈએ ? જે જ્ઞાનની પર્યાય શુદ્ધ સ્વભાવ તરફ વળે છે—સ્વભાવનો આદર કરે છે, વર્તમાનનો આદર કરતો નથી ને આત્મામાં એકાકાર થાય છે ત્યારે જે સ્વ-પર પ્રકાશક જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે, તે પ્રમાણ છે, તેમાં સ્વનું જ્ઞાન પણ યથાર્થ છે ને સ્વને જાણતાં વિકારને પણ જાણી લ્યે છે. જે જ્ઞાનધારા અખંડ જ્ઞાનસ્વભાવ તરફ ઉગ્ર પુરુષાર્થથી ઢળે છે, તેને અતૂટક જ્ઞાનધારા કહે છે.

# નિશ્ચયનય ને વ્યવહારનય સમકક્ષી નથી.

કેટલાક જીવો એમ માને છે કે નિશ્ચયનય ને વ્યવહારનય બન્ને સમકક્ષી છે એટલે કે સમાન છે. તેઓની દલીલ એમ છે કે નિશ્ચય નયને જેટલું જોર આપો તેટલું વ્યવહાર નયને પણ આપો. એટલે કે બન્નેને સરખા માનો. પણ તે માન્યતા ભૂલ ભરેલી છે. પ્રથમ તો નિશ્ચયનયના ને વ્યવહારનયના વિષયોમાં ફેર છે. વ્યવહારનય એક સમયની પર્યાયને ખ્યાલમાં લ્યે છે ને જાણે છે કે વિકાર મારા અપરાધથી થાય છે, કર્મથી થતો નથી ને તે વિકારથી આત્માને લાભ થતો નથી. ને નિશ્ચયનય આખા અંશને ખ્યાલમાં લ્યે છે એટલે સ્વાભાવિક જ નિશ્ચયનય ઉપર વજન આવે જ. અને નિશ્ચય ઉપર વજન આવે છે, માટે વ્યવહારનયનો સર્વથા નિષેધ થઈ જાય છે—એમ નથી. વ્યવહારનય વ્યવહાર પૂરતો—અંશ જાણવા પૂરતો છે ખરો પણ તે આદરવા જેવો નથી. ને વ્યવહાર છે માટે નિશ્ચય છે એમ પણ નથી. એક નય મુખ્ય છે ત્યાં બીજો નય ગૌણપણે રહેલો છે ને બે નયો થઈને જ પ્રમાણ થઈ જાય છે. હવે સાધકદશામાં પ્રયોજનવશાત્ મુખ્ય-ગૌણ કરવા પડે છે. કારણ કે સાધકને અંશ ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી સ્વ તરફ ઢળવું છે. વર્તમાનમાં સાધક જીવને રાગદ્વેષ છે એટલું બાધકપણું છે. ને બાધકપણું બિલકુલ ન હોય તો પૂર્ણ જ્ઞાની હોવો જોઈએ પણ તેમ નથી. સાધક જીવ વર્તમાન અંશમાં જ્યાં સુધી રોકાય ત્યાંસુધી સ્વજ્ઞેયમાં એકાકાર થઈ શકતો નથી. તેથી સ્વભાવમાં એકાકાર થવા વ્યવહારનયને તે ગૌણ કરે છે ને નિશ્ચયનયને મુખ્ય કરે છે કારણ કે તેને સ્વભાવમાં ઢળીને પરિપૂર્ણ દશા પ્રગટ કરવી છે. આમ સાધકદશામાં બન્ને નયો હોય છે ને ઉત્તરોત્તર પ્રમાણજ્ઞાન પણ વધતું જાય છે. તે ધારાવાહી જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર થતાં થતાં કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સ્વભાવ તરફ જ ઢળે છે ને કેવળજ્ઞાન થતાં પ્રમાણ પૂરું થાય છે, કેવળજ્ઞાનમાં નય હોતા નથી. આવી રીતે નિશ્ચયનય જ આદરવાયોગ્ય છે. ને તેના ઉપર જ સાધક જીવનું વજન છે. માટે બન્ને નયો સમકક્ષી નથી. વ્યવહારનયનો વિષય જાણી નિશ્ચયનય એક જ આદરણીય છે.

વળી પ્રમાણ વિનાનો નિશ્ચયનય ન હોય. જેમ આંખો ઉઘાડ્યા વિના જીવ પોતાના શરીરને જોતો નથી તેમ જ પર પદાર્થને જોઈ શકતો નથી તેમ પ્રમાણ થયા વિના નિશ્ચયનયનો વિષય જે અખંડ સ્વદ્રવ્ય ને વ્યવહારનયનો વિષય જે વિકાર ને અંશ, તેને પણ યથાર્થ જાણતો નથી. પ્રમાણ થયા પછી બન્ને નયો સાચા છે. એક શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જાણે છે,

બીજો નય કેટલી અશુદ્ધતા છે ને કેટલી શુદ્ધતા થઈ તેને જાણે છે. વ્યવહારનય પણ નિશ્ચયનય હોય તો જ સાચો છે.

## ધારાવાહી જ્ઞાનથી જ શુદ્ધતા વધે છે ને આત્માનંદ પ્રગટ થાય છે

પ્રથમ તો જીવોએ વસ્તુસ્વરૂપ શું છે, તે યથાર્થ સાંભળવું જોઈએ. પોતાની શી ભૂલ છે, તે જાણે તો ભૂલ ટળવાનો પ્રસંગ રહે. સ્વભાવનો પુરુષાર્થ કર્યા વિના લાખો રૂપિયા ખરચે કે વ્રતાદિ કરે પણ ધર્મ થાય નહિ.

અનાદિ કાળથી જીવે પુણ્યથી ધર્મ ને અનુકૂળતામાં સુખ માન્યું છે ને તે માન્યતાથી અતૂટક—ધારાવાહી અધર્મ થાય છે, તે બદલાવીને તીવ્ર પુરુષાર્થ વડે રાગદ્વેષ વિનાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો અતૂટક ધર્મને સાધે. આવા તીવ્ર પુરુષાર્થવાળો જીવ, પોતાના આત્માને દ્રઢપણે અનુભવ્યા કરે તો આત્માનો સહજ આનંદ વધતો જાય છે. ને તેવા આત્માને વિકાર પરિણતિનો નિરોધ થતો હોવાથી શુદ્ધતાને જ પ્રાપ્ત કરે છે.

## ધર્મ કરવાના ઇચ્છુક જીવે યથાર્થ જ્ઞાન કરવું જોઈએ

ધર્મ પામવાની આ રીત છે. વસ્તુસ્વરૂપના જ્ઞાન વિના અજ્ઞાની બહારમાં ધર્મ માને છે. ધર્મ કે અધર્મ બહારમાં નથી. પરવસ્તુ મને લાભ નુકશાન કરે છે, એવી ભ્રાંતિ તે અધર્મ છે. કોઈ પરપદાર્થ કે કર્મ અધર્મ કરાવતા નથી. પોતે પોતાનો જ્ઞાનસ્વભાવ ટકાવી રાખે તે ધર્મ છે, માટે જીવોએ બરાબર જ્ઞાન કરવું જોઈએ. વિકાર પોતે કરે તો થાય છે ને ન કરે તો થતો નથી. બીજી ચીજ ખસે તો વિકાર ટળે—એમ નથી. વિકાર રહિત શુદ્ધ સ્વરૂપી આત્માને જાણે ને ત્રિકાળી સ્વભાવ તરફ ઢળે તેને ધર્મ થાય છે.

## આત્મામાં અતૂટક જ્ઞાનધારા એ જ ચારિત્રનો ઉપાય છે

ભાવાર્થ :—અતૂટક જ્ઞાનધારા વડે શુદ્ધ આત્માનો અનુભવ થાય છે ને રાગદ્વેષમોહનો અભાવ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. જુઓ, સમ્યગ્દર્શન થયા પછી પણ વિશેષ રમણતારૂપ ચારિત્રનો ઉપાય પણ આ જ બતાવ્યો કે ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવો. આ એક જ ઉપાય છે. જેમ નદીમાં પાણી એકધારું ચાલ્યું જાય છે, તેમ જ્ઞાન જે પ્રગટ્યું તે પર પદાર્થમાં કે પુણ્યમાં અટક્યા વગર, એકધારું રહે તેને ધારાવાહી જ્ઞાન કહે છે. તે જ્ઞાન વડે સ્થિરતા વધે છે ને શુદ્ધદશા પમાય છે.

ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાનના બે પ્રકાર છે :—

## (૧) સમ્યક્જ્ઞાન ટકી રહેવાની અપેક્ષાએ ધારાવાહી જ્ઞાન

પર પદાર્થો આત્માથી જુદા છે, વિકાર થાય છે, તે અવસ્થામાં સમય પૂરતો છે, આત્મા ત્રિકાળ શુદ્ધ છે એમ જે જ્ઞાન નક્કી કરે ને જે જ્ઞાનમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એટલે કે શરીરથી કે પુણ્યથી ધર્મ માનવારૂપ મિથ્યાજ્ઞાન ન થાય, એવું સમ્યક્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. જ્ઞાનીને પોતાની નબળાઈના કારણે રાગદ્વેષ થાય ને પર પદાર્થ તરફ વલણ જાય પણ તેનાથી લાભ માનતો નથી. શુભાશુભ ભાવોને તે દુઃખદાયક સમજે છે ને ચૈતન્ય આત્માને સુખદાયક માને છે. મડદાંને ચંદનથી બાળો કે બાવળના લાકડાથી બાળો તો પણ તે જોતું નથી તેમ જ રાગદ્વેષ કરતું નથી તેમ પરપદાર્થમાં ને પુણ્યમાં સુખ છે એવી ઊંધી માન્યતાનું મરણ થયું છે, તેથી જ્ઞાની પરથી ઉદાસ છે ને અનુકૂળ સંયોગોમાં રાગ ને પ્રતિકૂળ સંયોગોમાં દ્વેષ કરતો નથી. બધા પદાર્થોને માત્ર જાણે છે, મિથ્યાજ્ઞાન કરતો નથી. એવા સમ્યક્જ્ઞાનને ધારાવાહી જ્ઞાન કહે છે.

પ્રશ્ન :—રાગને જ્ઞેય જાણવો કે દુઃખદાયક જાણવો ?

## જ્ઞાનગુણની અપેક્ષાએ રાગ જ્ઞેય છે ને ચારિત્રની અપેક્ષાએ દુઃખદાયક છે

સમાધાન :—શ્રદ્ધા તો રાગને સ્વીકારતી નથી, તેનો વિષય તો અખંડ ત્રિકાળી શુદ્ધ સ્વભાવ જ છે. જ્ઞાનની અપેક્ષાએ રાગ જ્ઞેય છે. જેમ પરપદાર્થો જ્ઞેય છે, તેમ રાગ પણ જ્ઞેય છે. ચારિત્રની અપેક્ષાએ રાગ ઝેર છે, શાંતિને લૂંટનાર છે. કારણ કે જેવો ચારિત્રગુણ શાંત છે, તેવો વ્યક્ત—પ્રગટ દશામાં થયો નથી. માટે શાંતિને લૂટે છે. વિશેષમાં એ છે કે જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરે તો રાગદ્વેષ ઘટે જ ને સ્વરૂપ શાંતિ વધે એ જ નિયમ છે. જ્ઞાનીને પોતાના આત્માની અમૃતધારામાં જેટલી તૂટ પડે છે, તેટલી દુઃખદાયક લાગે છે. તેથી રાગનું જ્ઞાન કરી વિશેષ સ્થિરતા કરવા પુરુષાર્થ કરે છે.

## (૨) આત્મામાં ઉપયોગ લીનતાની અપેક્ષાએ ધારાવાહી જ્ઞાન

હવે ધારાવાહી જ્ઞાનનો બીજો પ્રકાર કહે છે. આત્મામાં જ જ્ઞાન સ્થિર રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહે છે. જ્ઞાન આત્મામાં જ સ્થિર રહે છે ને રાગમાં પાછું ન ફરે, તેટલો વખત તેને ધારાવાહી જ્ઞાન કહે છે. આની સ્થિતિ છદ્મસ્થ જીવને અંતર્મુહૂર્ત જ છે. એટલે કે આત્માના

જ્ઞાનસ્વભાવમાં બે ઘડી અંદરના સમય સુધી ટકી શકે છે. બે ઘડી સુધી ટકે તો કેવળજ્ઞાન થઈ જાય.

આ પ્રમાણે ધારાવાહી જ્ઞાનના બે અર્થ સમજવા. જ્યાં જેવી વિવિક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરે નીચેના ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે છે ને શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે છે. કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ લીન છે.

# પ્રસાદ નં.-૨૦૨

## <u>સમયસાર ગાથા ૧૮૭ થી ૧૮૯</u>

(વૈશાખ વદ ૧, મંગળવાર, ૨૦૦૭)

હવે અહીં જિજ્ઞાસુ શિષ્ય પ્રશ્ન પૂછે છે કે :—આત્માની અંદર વિકાર ટળીને શુદ્ધ દશા એટલે સંવર કેમ થાય ? તેનો ઉત્તર કહે છે.

**પુણ્યપાપયોગથી રોકીને, નિજ આત્માને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને કરી, પરદ્રવ્ય ઇચ્છા પરિહરી, ૧૮૭.**
**જે સર્વસંગવિમુક્ત ધ્યાવે આત્માને આત્મા વડે—**
**—નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮.**
**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી, પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

**<u>અન્વયાર્થ :</u>**—આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને, દર્શન જ્ઞાનમાં સ્થિત થયો થકો અને અન્ય (વસ્તુ)ની ઇચ્છા વિરમ્યો થકો, જે આત્મા, (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, (પોતાના) આત્માને આત્મા વડે ધ્યાવે છે—કર્મ અને નોકર્મને ધ્યાતો નથી. (પોતે) ચેતયિતા (હોવાથી) એકત્વને જ ચિંતવે છે—ચેતે છે—અનુભવે છે, તે (આત્મા) આત્માને ધ્યાતો, દર્શન જ્ઞાનમય અને અનન્યમય થયો થકો અલ્પ કાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.

## <u>“શુભાશુભ ભાવોમાં પ્રવૃત્તિનું મૂળ મોહ રાગ દ્વેષ છે”</u>

**<u>ટીકા :</u>**—આત્મા શરીર, કર્મ, પૈસા વગેરે પર પદાર્થથી જુદો છે છતાં જુદી ચીજની આત્માને જરૂર પડે તે પરાધીનતા છે. પરાધીનતા અથવા અધર્મ ટળીને આત્મામાં સ્વાધીનતા અથવા ધર્મ કેમ થાય એમ શિષ્યે પૂછેલ છે. તેનો ઉત્તર આપે છે. સુખી થવું છે એમ કોઈ કહે છે તો વર્તમાનમાં તે દુઃખી હોવો જોઈએ, તેમ પ્રથમ નક્કી કરવું જોઈએ. અનાદિ કાળથી દુઃખી શા કારણથી છે, તે પ્રથમ બતાવે છે. જીવ પોતાનો જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવ ચૂકીને, પરચીજથી લાભ-નુકશાન માની મોહ કરે છે, અનુકૂળ સંયોગોમાં રાગને પ્રતિકૂળ સંયોગોમાં દ્વેષ કરે છે. શુભાશુભ યોગોમાં પ્રવૃત્તિનું મૂળ મોહ રાગદ્વેષ છે. કોઈ કર્મના ઉદયને લીધે શુભાશુભમાં પ્રવૃત્તિ છે—એમ કહ્યું નથી. પણ પોતામાં સાવધાની ચૂકે છે ને પરમાં સાવધાની

કરે છે, તે જ સંસારનું મુળ છે. લોકો કહે છે કે પરાધીનતામાં સ્વપ્ને પણ સુખ નથી, આ કઈ પરાધીના ? નોકરને શેઠની પરાધીનતા છે, તેવી પરાધીનતા ? ના. પોતાના આત્મા સિવાય બીજા કોઈ પણ પદાર્થની મારે જરૂર છે, આવી કલ્પના તે જ પરાધીનતા છે, મોહ છે, તે જ સંસારનું મૂળ છે. આ મૂળના કારણે શુભાશુભ ભાવોમાં જીવ વર્તી રહ્યો છે.

(૧) એ ઉપરથી નક્કી થાય છે કે આત્મા વર્તમાન અપેક્ષાએ શુદ્ધ નથી, વર્તમાનમાં શુદ્ધતા હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ પણ વર્તમાનમાં દુઃખ છે, પર્યાય ભ્રમ નથી. એક સમય પૂરતો સંસાર છે.

(૨) શુભાશુભ ભાવો પોતે સ્વતંત્રપણે કરે છે, પણ કોઈએ તે કરાવ્યા નથી. તેથી તે ભાવો કર્મના ઉદયને લીધે થયા, તે વાત ખોટી છે.

(૩) તે શુભાશુભભાવો સ્વલક્ષે હોઈ શકે નહિ પણ પર લક્ષે થાય છે માટે પર પદાર્થો છે, એમ માને,

(૪) તે પર પદાર્થો ઉપરથી લક્ષ ઉઠાવી સ્વલક્ષ કરે તો શાંતિ મળે તેમ છે. આમ પર્યાયને પલટનશીલ માને ને બન્ને અવસ્થામાં પોતે કાયમ રહેનારો છે, એમ માને.

આમ વસ્તુ છે, વિકાર છે, વિકારમાં પોતાની ભૂલ છે, તે પલટન થઈ શકે છે ને સ્વ તરફ વળવાની રુચિ કરે તો શાંતિ થાય છે એમ વ્યવહારે નક્કી કરે તો પર પદાર્થથી ભેદવિજ્ઞાન કરવાનો પ્રસંગ રહે છે, આથી વિપરીત માને તો ભેદવિજ્ઞાન કરવાનો પ્રસંગ રહેતો નથી.

## "જીવ ભેદવિજ્ઞાનના બળથી શુદ્ધ આત્મ સ્વભાવમાં સ્થિર રહે છે."

જીવ અનાદિ કાળથી શુભાશુભમાં રોકાયેલો છે, તે જીવ વધારે દ્રઢ ભેદ વિજ્ઞાનના અવલંબનથી આત્માને આત્મા જ વડે અત્યંત રોકીને, શુદ્ધ દર્શન જ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત કરીને = શરીર, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પર છે ને આત્મામાં થતો વિકાર તે મલિન ભાવ છે, આત્માનું ખરું સ્વરૂપ નથી, આત્મા જ્ઞાન સ્વરૂપ છે એમ પરથી ને વિકારથી આત્માને જુદો જાણવો, તે ભેદવિજ્ઞાન છે. અહીં ભેદવિજ્ઞાનના અવલંબનથી કહ્યું છે પણ દેવ-ગુરુ-શાસ્ત્રના કે શુભભાવના અવલંબનથી કહ્યું નથી. ભેદ વિજ્ઞાનથી આત્માને, આત્મા વડે પુણ્યપાપના ભાવોથી રોકે છે, એમ કહ્યું છે. પુણ્ય પાપના ભાવ થયા છે, પછી આત્મા તે ભાવોને રોકે છે, એમ નથી, પણ આત્મા સ્વ-તરફ ઢળે છે એટલે પુણ્ય પાપ ભાવો થતા જ નથી, તેને

પુણ્ય-પાપથી રોક્યો એમ કહેવામાં આવે છે. વળી પોતાનો જાણવા—દેખવાનો સ્વભાવ, જે શુદ્ધ છે, તેમાં પોતાના આત્માને સ્થિર કરે છે. તે ધર્મી જીવ વિચારે છે કે અહો, મારો આત્મા શુદ્ધ નિર્મળાનંદ છે. શરીર, પૈસા વગેરે પર ચીજ છે, તે તો વીખરાઈ જશે. તેમાં મારું સુખ નથી ને રાગ-દ્વેષ ઉપાધિભાવ છે, મારો સ્વભાવ ભાવ નથી. લૌકિકમાં પર ચીજના સ્વામી થવું તે ચોરી ગણાય છે. શરીર ને વિકાર, પર ચીજ છે. તેના સ્વામી થવું, ધર્મીજીવને શોભે નહિ, મારો તો જાણવા દેખવાનો સ્વભાવ છે, એમ સમજી તેમાં સારી રીતે સ્થિર થાય છે.

## "જે આત્માનાં શ્રદ્ધા જ્ઞાનથી સર્વ સંગથી રહિત થાય છે"

તે ધર્મી જીવ શુદ્ધ દર્શન જ્ઞાનરૂપે પોતાના આત્મામાં સ્થિર થાય છે એટલે પરદ્રવ્યની ઇચ્છા થતી નથી. પરપદાર્થો તેમ જ શુભાશુભ ભાવો બન્ને પર દ્રવ્ય છે. અસ્થિરતાના રાગદ્વેષની વાત નથી. પરથી લાભ-નુકશાન માની જે રાગદ્વેષ થતાં હતાં તે સહજ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનથી થતાં નથી. દેવ, ગુરુની કૃપાથી મને ધર્મ થશે, એવો મોહ કરતો નથી. કેટલાક લોકો અવ્યક્ત ઈશ્વરી શક્તિને માને છે ને તેનો આશીર્વાદ મળે તો કલ્યાણ થાય, તેમ માને છે. પોતાનો શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ છે, તે જ અવ્યક્ત શક્તિનો ભંડાર દરેક પાસે છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન, કરવાથી તે પ્રગટ થાય છે. વ્યવહારના કોઈ કારણથી તે પ્રગટ થતો નથી. કોઈ પણ પરદ્રવ્થી કે વિકારી ભાવથી મને લાભ છે, એવી માન્યતા છૂટી ને સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કર્યાં એટલે તે સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાથી વિરામ પામ્યો છે ને સર્વ સંગથી રહિત થયો છે.

## "તે જીવ પોતાના આત્માને ધ્યાવે છે ને જ્ઞાન ચેતનારૂપ રહે છે."

તે જીવ નિરંતર સ્વભાવના શ્રદ્ધા જ્ઞાનમાંથી ડગતો નથી. અજ્ઞાની જીવને પરદ્રવ્ય અને શુભાશુભ ભાવોનું માહાત્મ્ય આવે છે, તેથી તેમાં રુચિ રાખે છે. સંસારમાં જેને જેની રુચિ હોય, તેનું તે માહાત્મ્ય કરે છે. જ્ઞાનીને તો સ્વભાવનું માહાત્મ્ય આવ્યું છે. કોઈનો સંગ કરું ને લાભ મેળવી લઉં એવી દ્રષ્ટિ છૂટી ગઈ છે. 'અકંપ' શબ્દ તે જ્ઞાનીની દ્રઢતા બતાવે છે ને કર્મ = દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મને સ્પર્શ્યા વિના એટલે કે એનું અવલંબન લીધા વિના પોતાના આત્માને આત્મા વડે જ ધ્યાવે છે. અજ્ઞાનદશામાં પણ આત્મા શરીર તથા કર્મને અડતો નહતો પણ પુણ્યપાપના ભાવોને મારા માનતો એટલે પુણ્યપાપને સ્પર્શતો તેથી પર પદાર્થની પણ રુચિ હતી જ. હવે પર

પદાર્થોની તેમજ પુણ્યપાપના ભાવોની રુચિ છૂટી ગઈ એટલે કર્મ-નોકર્મનો સ્પર્શ કર્યા વિના, એમ કહેવામાં આવ્યું છે. આવી રીતે પોતાના આત્માને જ ધ્યાવે છે, તેથી પોતાનામાં સહજ જ્ઞાતાદ્રષ્ટાપણું હોવાથી જ્ઞાન ચેતનારૂપ રહે છે, પણ પરનું કરવારૂપ કે વિકારી ભાવોનું સ્વામીપણું કરતો નથી. જ્ઞાની પરમાં લાભનુકશાન માની અટકતો નથી, માત્ર જાણનાર જ રહે છે. આમ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવરૂપે રહેવું તે સમ્યક્દર્શન છે, તે જ પ્રથમ ધર્મ છે.

# પ્રસાદ નં.-૨૦૩

**<u>સમયસાર ગાથા ૧૮૭—૧૮૯</u>**

(વૈશાખ વદ ૩, બુધવાર, ૨૦૦૭)

## "જે જીવ જ્ઞાનચેતનારૂપ રહે છે, તે શુદ્ધાત્માનો અનુભવ કરે છે ને કેવળજ્ઞાન પામે છે"

સંવર કેમ થાય ? વિકારની ઉત્પત્તિ ન થાય ને શાંતિની ઉત્પત્તિ કેમ થાય તેની રીત કહે છે. અનાદિથી પુણ્ય-પાપમાં લાભ માનવાની બુદ્ધિ છે, તે છોડીને હું ચૈતન્ય જ્ઞાનસ્વભાવી છું એવાં શ્રદ્ધા-જ્ઞાન કરે તે સમ્યગ્દર્શન-જ્ઞાન છે અથવા સંવર છે. તે જીવ પોતે જાણનાર-દેખનાર છે એવા એકલા આત્માને અનુભવે છે. અનંત પર દ્રવ્યથી તથા શુભાશુભ ભાવોથી તદ્દન જુદો ચૈતન્ય ચમત્કાર માત્ર આત્માને ધ્યાવે છે. દુનિયામાં ચમત્કાર ગણાય તે કાંઈ ચમત્કાર નથી. એવી વસ્તુ તો પુણ્યના યોગે મળી રહે છે. દેવો આવે એ પણ ચમત્કાર નથી. ઘણા જીવોને વિલાયત વગેરે પરદેશોમાં જઈ પરદેશોનો ને પરદેશી માણસોનો ચમત્કાર લાગે છે. અરે ભાઈ, જે આત્માને તથા પરલોકને માનનારા નથી ને દારૂ માંસ ખાનારા છે, તેનામાં અંજાઈ ચમત્કાર લાગે છે. તો તારી દ્રષ્ટિ પરસંયોગો ઉપર પડી છે. પણ તારા આત્માનો મહિમા તને આવ્યો નથી માટે એક વાર તો તારો મહિમા લાવ. જે જીવ અનંતા ભવોમાં રખડતો હતો, અશાંતિને અનુભવતો હતો તે જીવ સાચી દ્રષ્ટિ કરે અને પર પદાર્થો મારા નથી, વિકાર મારું સ્વરૂપ નથી, હું શુદ્ધ દર્શનજ્ઞાનમય છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી સ્થિર થતો ટૂંક સમયમાં સમસ્ત વિકારનો નાશ કરે ને પરમ આનંદદશાને પામે માટે શુદ્ધ આત્મા એ જ ચૈતન્ય ચમત્કારમાત્ર છે. આમ જેને સાચાં શ્રદ્ધા-જ્ઞાન થયાં છે, તે જીવને બાહ્યમાં અનંતા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો આવે તોપણ તેને ગણતો નથી. રાગદ્વેષ તે પર તરફના વલણવાળો ભાવ છે, તે મારો સ્વભાવ નથી. સહજ ચેતયિતાપણું હોવાને લીધે સ્વમાં એકત્વને પામે તે મારું સ્વરૂપ છે, વિકારમાં એકાગ્રતા પામે તે મારું સ્વરૂપ નથી. આવી રીતે શુદ્ધદશાને પામતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થાય છે. પરદ્રવ્યને છોડવું પડતું નથી પણ શુદ્ધતાની પ્રાપ્તિ થતા પરદ્રવ્યપણાને ઓળંગી જાય છે. આમ સ્થિરતા કરતાં કરતાં પરમ આનંદદશાને અનુભવે છે, તેને સંસાર રહેતો નથી, કેવળદશા તથા મોક્ષદશાને પામે છે. આ સંવરની રીત છે.

દયાદાન કરતાં કરતાં મોક્ષે જાય છે, એ રીત જ નથી. શુદ્ધ આત્માને લક્ષે જ ધર્મની શરૂઆત થાય ને કેવળદશાને પામે.

ભાવાર્થ :—ચૈતન્યચમત્કાર આત્માને છોડી પર વસ્તુ તરફનો વલણ ભાવ તે ભ્રાંતિ છે. તે સંસારનું મૂળ છે. જે જીવને જ્ઞાયક સ્વભાવનું ભાન થાય છે, તે એકત્વબુદ્ધિના રાગદ્વેષ કરતો નથી ને આત્માને ચળવા દેતો નથી. પોતાના દર્શન-જ્ઞાન સ્વભાવમાં સ્થિરતા કરે છે ને સમસ્ત બાહ્ય પરિગ્રહ એટલે કે વસ્ત્ર, કુટુંબ, પૈસા આદિ તથા અભ્યંતર પરિગ્રહ-વિકારથી રહિત થઈ, કર્મ અને નોકર્મથી જુદા પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈને આત્માના ધ્યાનમાં રહે છે. તે જીવ આત્માનું ધ્યાન કરવાથી દર્શન-જ્ઞાનમય થયો છે અને પરદ્રવ્યના સંગથી જુદો થયો હોવાથી અલ્પ કાળમાં જ સર્વે કર્મોથી મુક્ત થાય છે. આ સંવર પ્રગટાવવાની રીત છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૧૨૮

અર્થ :—જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે, તેમને નિયમથી (ચોક્કસ) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે, શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિ થતાં, અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને, અક્ષય કર્મમોક્ષ થાય છે. (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છુટકારો થાય છે.)

## જ્ઞાન ને જ્ઞેયોમાં ઠીકાઠીકપણું નથી પણ અજ્ઞાની પરનો મહિમા લાવી સંસારમાં રખડે છે

જે જીવો ભેદજ્ઞાનની શક્તિ વડે પોતાના સ્વરૂપમાં લીન રહે છે, તેને નિયમથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે ને જે જીવ પોતાનો મહિમા ચૂકી પરનો મહિમા કરે છે, તે અજ્ઞાની છે. પૈસામાં, કેરીમાં, પરમાં સુખ માન્યું છે, તે વસ્તુના કટકા કરી કદી સુખ જોયું છે ? તે તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા પદાર્થો છે, તેમાં સુખ નથી. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તે જાણે છે કે કેરી મીઠી છે ને કાળી જીરી કડવી છે પણ તેમાં સુખ છે અથવા દુઃખ છે એમ ક્યાંથી આવ્યું ? જીવે કલ્પના કરી છે. આ પદાર્થો સારા છે ને આ પદાર્થો સારા નથી, એમ શું જ્ઞેયો બતાવે છે ? વળી શું જ્ઞાન એમ કહે છે કે આ સારા ને આ ખરાબ ? ના. જ્ઞાન પણ એમ કહેતું નથી ને જ્ઞેયો પણ ઠીકાઠીકપણું બતાવતા નથી, પણ જીવ ચૈતન્યચમત્કાર છોડી

પરનું માહાત્મ્ય કરે છે, પૈસા, મકાન, કુટુંબનો મહિમા લાવે છે ને કદાચિત્ અશુભ રાગ ઘટાડી દેવગુરુશાસ્ત્રનો ને શુભ રાગનો મહિમા લાવે ને ચૈતન્યનો મહિમા ચૂકે તો તે પણ સંસાર અર્થે છે. સોજા ચડી ગયેલો માણસ જાડો દેખાય પણ નીરોગી ગણાતો નથી, એમ પુણ્ય સોજા સમાન છે. તેથી બહારથી અજ્ઞાનીને લાગે કે ધર્મ કરે છે પણ તેનાથી આત્માની નીરોગતા આવતી નથી પણ સંસારમાં રખડવું થાય છે.

## "મુક્તિ માટે સર્વજ્ઞનો ઉપદેશ આ અર્ધશ્લોકથી નિરુપિત છે"

માટે જીવોએ પર પદાર્થોનો તેમ જ પુણ્યના ભાવોનો મહિમા છોડી ચૈતન્ય સ્વભાવનો મહિમા લાવવો જોઈએ. તત્ત્વજ્ઞાન તરંગિણીમાં કહ્યું છે :—

चिद्रूपः केवलः शुद्ध आनंदात्मेत्महं स्मरे ।
मुक्त्यै सर्वज्ञोपदेशः श्लोकार्द्धेन निरूपितः

(અધ્યાય ૩, શ્લોક ૨૨)

અર્થ :—આ ચિદ્રૂપ અન્ય દ્રવ્યોના સંસર્ગથી રહિત કેવલ છે, શુદ્ધ છે અને આનંદસ્વરૂપ છે–એમ હું સ્મરણ કરું છું. મુક્તિ માટે સર્વજ્ઞનો ઉપદેશ આ અર્ધશ્લોકથી નિરૂપિત છે.

હું અન્ય દ્રવ્યોના સંગથી રહિત છું, પુણ્યપાપથી રહિત કેવલ શુદ્ધ છું, આનંદમય ચૈન્યસ્વરૂપ મારું છે, બીજું કોઈ મારું નથી, શુદ્ધ જ્ઞાન જ મારું શરીર છે. એમાં જેને પોતાના શુદ્ધ સ્વરૂપનો મહિમા આવે છે, તેને પર પદાર્થનો અને પુણ્ય-પાપનો મહિમા છૂટી જાય છે. ભગવાનની વાણીમાં પણ એમ જ આવેલ છે કે–"દેવ-ગુરુ-શાસ્ત્ર ને વાણીનો મહિમા છોડી, તારો મહિમા કર. એકલો જ્ઞાનસ્વરૂપ છે"—એમ ભાવના અંતર ભાવવાથી સમ્યગ્દર્શન થાય છે ને એમાં જ સ્થિરતા કરવાથી મુક્તિ છે. જુઓ, મુક્તિ માટે સર્વજ્ઞનો ઉપદેશ આ અર્ધશ્લોકથી નિરૂપિત છે.

## "જ્ઞાન જ મારું અંગ છે એમ મહિમા લાવનાર પર પદાર્થો ને પર ભાવોથી ઉદાસ થાય છે"

જે કોઈ જીવે જ્ઞાન એ જ મારું અંગ છે એમ સ્વીકારેલ છે, તેને કોઈ બીજા અંગત માણસો જગતમાં રહેતા નથી. દીકરો કમાય તેની

અનુકૂળતાનો રાગ ને કોઈ મૃત્યુ પામે તો પ્રતિકૂળતાનો ખેદ કરતો નથી. અજ્ઞાની બૈરા માને કે પતિ મરી જવાથી દુઃખણી થઈ ગઈ, તે સંયોગીબુદ્ધિ છે. કોઈ કોઈનું સ્વામી નથી. પોતાના ચૈતન્ય ધણીને ભૂલીને વિકારને મારો માને તે જ વિધુર છે. જે જ્ઞાની છે, તે વિકારનો સ્વામી થતો નથી, તેને વિકાર રંડાઈ ગયો છે. આ પ્રમાણે જ્ઞાનીને શુદ્ધતત્ત્વની પ્રાપ્તિ થતાં તે સમસ્ત પરદ્રવ્યોથી અચલિતપણે દૂર વર્તે છે એટલે કે તે તરફનું લક્ષ તેને છૂટી જાય છે ને પોતે અવિનાશી સુખને પામે છે. આ ભેદવિજ્ઞાનનું ફળ છે. આવા જીવે પ્રથમ નક્કી કરેલું હોવું જોઈએ કે પ્રથમ ભેદવિજ્ઞાન ન હતું પણ ભ્રાંતિ હતી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, તેમણે ભેદવિજ્ઞાનનો રસ્તો બતાવ્યો. પોતે પોતાની ભૂલ સમજ્યો, તેનો પલટો ખાધો ને અવિકારી દશા ઉત્પન્ન થઈ, પોતે કાયમ રહ્યો. આમ મિથ્યાદર્શનનો વ્યય, સમ્યગ્જ્ઞાનનો ઉત્પાદ અને પોતે આત્માપણે કાયમ રહ્યો. આમ રાગ અને પર પદાર્થથી ભિન્ન બતાવનારા તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ બતાવનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને, એથી વિરુદ્ધ કહેનારને માને નહિ. વિકારમાં શરીર, કર્મ વગેરે પરપદાર્થો નિમિત્ત હતા, વગેરે જેમ છે, તેમ યથાર્થજ્ઞાન કરવું પડશે. તે જીવ ભેદવિજ્ઞાન પામીને કેવળદશા પામે છે.

## "મોક્ષદશાનું મૂળ ભેદવિજ્ઞાન છે."

પોપટ ઊંચે ચડીને આંબાની કેરીઓને તુરત પહોંચીને ચાંચ મારીને ખાય ને કીડી છે, તે ધીમે ધીમે થડ ઉપર ચડીને કેરીઓ ખાશે પણ ઝાડ કેરીનું હોવું જોઈએ તેમ કોઈ જીવ સ્વરૂપનું ભાન કરી, મુનિપણું પ્રગટ કરી, ઉગ્ર પુરુષાર્થ વડે સ્વરૂપમાં લીનતા કરી બહુ અલ્પકાળમાં કેવળજ્ઞાન—દર્શન ને અક્ષય આનંદને પામે છે ને કોઈ જીવ ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા કરી હળવે હળવે મોક્ષદશાને પામે છે. કીડી આંબાને બદલે આકોલિયાંના ઝાડે ચડી જાય તો તેને કેરી ખાવા મળે નહિ તેમ કેવળજ્ઞાન પ્રગટ કરતાં ભલે વાર લાગે પણ રીત તો ચૈતન્ય શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનની હોવી જોઈએ. તેને બદલે પુણ્યથી ને શરીરની ક્રિયાથી ધર્મ માને તો કદી શાંતિ થશે નહિ. માટે ભેદવિજ્ઞાન કે જે કેવળજ્ઞાનનું મૂળ છે, તે પ્રથમ કરવું જોઈએ. પંચપરમેષ્ઠી પણ એમ જ કહે છે કે અમારા ઉપરનું લક્ષ છોડ ને તારા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ ઉપર લક્ષ કર. ભેદવિજ્ઞાન કે જે મોક્ષદશાનું મૂળ છે, તેને જે પકડે છે, તેને કદાચિત્ વાર લાગે, તોપણ તે મોક્ષદશાને અવશ્ય પામે છે.

## "જેનો મહિમા ભગવાનની વાણીમાં પણ પૂરો ન આવ્યો તેવો મહિમાવંત દરેક આત્મા છે."

હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે ? તેનો ઉત્તર કહે છે :–

જુઓ, શિષ્ય જિજ્ઞાસુ છે. આગલી ગાથામાં સંવરની રીત પૂછી હતી, હવે ક્રમ પૂછે છે. તેવા જિજ્ઞાસુને ગુરુ ઉત્તર આપે છે. જેને આત્માનું માહાત્મ્ય આવતું નથી તેને કર્મનું અને ઉપકારનું માહાત્મ્ય આવ્યા વગર રહે નહિ. અહીં તો લાયક શિષ્યને શ્રીગુરુ કહે છે કે કર્મ ને વિકારનું માહાત્મ્ય છોડી તારું માહાત્મ્ય ગા.

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો.**

આત્માનો મહિમા કેવળી ભગવાન પણ પૂરો ગાઈ શક્યા નથી. છતાં પણ દિવ્યધ્વનિ દ્વારા ગાઈ રહ્યા છે. ભૂતમાં પણ એ જ ગાણાં ગાતા ને ભવિષ્યમાં પણ એ જ ગાશે કે આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. તે એક ફીટીને બે થતો નથી. આમ જ્ઞાનીની વાણી દ્વારા જે આવેલ છે, તે લાયક શિષ્ય ધ્યાનમાં લ્યે છે ને પૂછે છે કે તે શુદ્ધાત્માને પામવાનો ક્રમ શું છે ? તેવા શિષ્યને જવાબ આપે છે :–

### ગાથા ૧૯૦—૧૯૨

**રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાન ને,**
**–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.**
**હેતુ અભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને. ૧૯૧.**
**કર્મો તણાય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને.૧૯૨.**

અર્થ :–તેમના (પૂર્વે કહેલા રાગદ્વેષમોહરૂપ આસ્રવોના) હેતુઓ સર્વદર્શીઓએ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતભાવ અને યોગ–એ (ચાર) અધ્યવસાન કહ્યા છે. જ્ઞાનીને હેતુઓના અભાવે નિયમથી આસ્રવનો નિરોધ થાય છે. આસ્રવભાવ વિના કર્મનો પણ નિરોધ થાય છે, વળી કર્મના અભાવથી નોકર્મોનો પણ નિરોધ થાય છે, અને નોકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.

## "પર પદાર્થો તથા પરભાવો સાથે એકત્વબુદ્ધિ જ સંસારનું મૂળ છે."

શિષ્યે તો સંવરનો ક્રમ પૂછ્યો છે પણ અનાદિકાળથી સંવર કેમ થતો નથી અથવા સંસારનું કારણ શું છે, તે પ્રથમ બતાવે છે. તે બતાવીને પછી સંસારના અભાવનું કારણ અથવા સંવરનો ક્રમ બતાવશે. પ્રથમ અજ્ઞાનીની વાત લીધી છે. મુદ્દાની વાત એ છે કે અનાદિકાળથી જીવને આત્મા અને કર્મના એકપણાનો અભિપ્રાય જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ–અજ્ઞાન–અવિરતિ–યોગસ્વરૂપ અધ્યવસાયો વિદ્યમાન છે. આ આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે, તેની રુચિ છોડી પરમાં સુખ, પુણ્ય ને ઉપકારમાં ધર્મ માનવો તે જ ભ્રાંતિ છે, તે જ સંસારનું મૂળ છે.

જીવો બહારના પ્રસંગોના નિમિત્તે કદાચિત્ વૈરાગ્ય લાવે પણ તે ખરો વૈરાગ્ય નથી. પુણ્ય-પાપનો તથા બાહ્યક્રિયાનો મહિમા છોડ્યા વિના ને સ્વરૂપનો મહિમા આવ્યા વિના ધર્મ કદી થાય નહિ ને તે વિના સાચો વૈરાગ્ય હોઈ શકે નહિ. ચિદાનંદ સ્વભાવની રુચિ છોડી નિમિત્ત ને પુણ્યની રુચિ તે સ્વ–પરની એકત્વવાળો અધ્યવસાય છે. વર્તમાનમાં જે શુભરાગ થાય છે, તેથી વર્તમાનમાં મને અનુકૂળતા છે ને ભવિષ્યમાં પણ અનુકૂળતા રહેશે, વર્તમાનમાં પુણ્યનાં ફળો મળે છે ને ભવિષ્યમાં સ્વર્ગાદિમાં જઈ ભગવાનની વાણી સાંભળવા જઈશું. આમ જેને સંયોગોને સંયોગી ભાવોમાં એકત્વબુદ્ધિ વર્તે છે, તેને અધ્યવસાય વર્તે છે. તેને ઊંધી શ્રદ્ધા, ઊંધુ જ્ઞાન, અશુભ ભાવોમાં પ્રવૃત્તિરૂપ અવિરતિભાવ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે. અજ્ઞાની જીવો મરણ વખતે સાકરનું પાણી પાય છે. તે તેમાંથી શાંતિ આવશે એમ માને છે, પણ શાંતિ બહારમાં નથી. શરીરમાં જે થવાનું હશે તે થશે. અંદર ચૈતન્ય નિધાન પડ્યું છે, તેમાં શાંતિ ભરી છે. તેના સામું જો, તો શાંતિ મળે તેમ છે. પણ અનાદિકાળથી પરમાં શાંતિ માનનાર, ચૈતન્ય સામું જોતો નથી. પરમાં સુખ માને છે એ જ મિથ્યાત્વ છે, એ જ સંસારનું કારણ છે.

# પ્રસાદ નં.-૨૦૪

## <u>સમયસાર ગાથા ૧૯૦—૧૯૨</u>

(વૈશાખ વદ ૪, ગુરુવાર, ૨૦૦૭)

અહીં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે હે ભગવન્ ! સંવરનો ક્રમ શુ છે ? એટલે જે ગ્રાહક થઈને આવે છે, તેને માલ અપાય છે. શિષ્ય પાત્ર થઈને આવ્યો છે. અનાદિથી પર્યાયમાં અધર્મ થઈ રહ્યો છે, તેમાંથી ખસવું છે. એટલે કે અંતર્મુખ થવું છે, તે સંવર એટલે ધર્મનો ક્રમ શું છે, તે પૂછે છે, તેને ઉત્તર આપે છે. પ્રથમ અનાદિથી અધર્મ કેમ થઈ રહ્યો છે, તે કહે છે.

### <u>આત્મા અને કર્મના એકપણાનો અભિપ્રાય તે મિથ્યાત્વાદિનું મૂળ છે</u>

અજ્ઞાની અનાદિથી માને છે કે કર્મને લીધે હું રખડી રહ્યો છું ને કર્મ ખસે તો લાભ થાય એમ આત્માનું અને કર્મનું એકપણું કરે છે, પણ સ્વની રુચિ કરતો નથી. તે આત્મા અને કર્મને જુદા માનતો નથી. સ્વભાવ સન્મુખતા છૂટી છે, તેને પરચીજની એકતામાં બુદ્ધિ અટકી છે. ઇંદ્રિયો છે તો જ્ઞાન થાય, કર્મ છે તો રાગ થાય, અનુકૂળતાના સંયોગો હોય તો સુખ થાય અને પ્રતિકૂલતાના સંયોગોથી દુઃખ થાય, એમ આત્માની રુચિ છોડીને પરની એકતાબુદ્ધિ અનાદિથી અજ્ઞાની કરે છે અને તે એકપણાનો ભાવ મિથ્યાત્વ–અજ્ઞાન–અવિરતિ–યોગસ્વરૂપ–અધ્યવસાનનું મૂળ છે.

<u>ઇંદ્રિયથી જ્ઞાન થાય, એ માન્યતામાં પરની એકત્વબુદ્ધિનો અને આત્માના જ્ઞાનગુણના અભાવનો પ્રસંગ આવે છે. તેથી દ્રવ્યનો પણ નાશ થાય છે.</u> અહીં કોઈ પ્રશ્ન કરે કે આત્મામાં જે જ્ઞાન થાય છે, તે પરને લઈને થાય છે. તો તેનો ઉત્તર એ છે કે આત્મા ત્રિકાળ છે અને જ્ઞાનગુણ ત્રિકાળ છે. તેની વર્તમાન અવસ્થા પરને લઈને માનવામાં આવે તો વર્તમાન અવસ્થા વગરની તે વસ્તુ થઈ, અને તેમ થતાં વસ્તુનો અભાવ થાય છે. વર્તમાન પર્યાય, નિમિત્તથી થાય તેમ જે માને છે, તેને પર તરફના એકત્વનો અધ્યવસાય થયા વગર રહે નહિ.

આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે તો પરને લઈને થતો નથી પણ વિકાર જેટલો જ હું છું એમ અંશબુદ્ધિના સ્વીકારમાં, આત્માના ત્રિકાળી શુદ્ધ સ્વભાવનો સ્વીકાર રહેતો નથી અને પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે. આત્મા જાણનાર–દેખનાર છે, તેની જેને રુચિ નથી, તેણે પર્યાયની રુચિ સ્વીકારી છે. વિકાર પરને લઈને છે એમ માનનારને સંયોગની એકત્વબુદ્ધિ

થયા વગર રહે નહિ. કુંડળ, કડાં વગેરે સોનાની અવસ્થા છે. જેની કુંડળ ઉપર દ્રષ્ટિ છે, તે સોનાને સ્વીકારતો નથી. તે કુંડળાદિનો આધાર સોનીને માને છે. જેણે અંશને સ્વીકાર્યો પણ અંશીને સ્વીકાર્યો નહિ, તે સંયોગને સ્વીકારે છે પણ સ્વભાવને સ્વીકારતો નથી. તે પર્યાયમાં પરની એકત્વબુદ્ધિ કરે છે. ત્રિકાળી સ્વભાવમાં તે બુદ્ધિ નથી. સ્વભાવબુદ્ધિ થતાં પરની એકત્વબુદ્ધિ રહેતી નથી.

## "પરની એકત્વબુદ્ધિમાં મિથ્યાત્વાદિ અધ્યવસાનો વિદ્યમાન છે."

આત્મા સિવાય પર પદાર્થથી જેણે લાભ માન્યો તેને તે ચીજથી જુદા થવાની બુદ્ધિ થાય નહિ તેથી તેને મિથ્યાત્વ, અજ્ઞાન, અચારિત્રાદિ ચાલુ છે. તે મિથ્યાત્વાદિ અધ્યવસાનો રાગદ્વેષમોહ સ્વરૂપ નવા વિકારનાં કારણો છે. જેને પોતાનું માને તેને રાખવા માગે છે. પોતાનું કાયમનું સ્વરૂપ છે, તે હું છું એમ ન માને, ત્યાંસુધી પરની ભાવના છૂટે નહિ.

## "મિથ્યાત્વાદિ અધ્યવસાનો આસ્રવોનું કારણ થાય છે અને આસ્રવો નવાં કર્મોનું કારણ છે."

આસ્રવભાવો કર્મનું કારણ થાય છે. ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ છું તેની એકતાને ચૂક્યો એટલે પરની એકતા થઈ, તે કર્મનું કારણ છે. આ આત્મપદાર્થ છે એનો સ્વભાવ સ્વયંસિદ્ધ છે, એમ ન માનતાં સંયોગમાં સુખ મનાય, તેને પરની એકત્વબુદ્ધિના રાગદ્વેષ થયા કરે છે. આખી જિંદગી ગદ્ધા મજૂરી કર્યા કરે પણ ભડના દીકરાને પરથી છૂટવું પાલવતું નથી. આવો સંસાર છે. છોકરાં કે સગાંવહાલાં પણ કહે કે છેવટ સુધી મૂક્યું નહિ. અમે તો બાપાને ઘણું કહેતા હતાં પણ છોડ્યું નહિ. આખી જિંદગી પરની પડ માની પણ આત્માની વાત સાંભળી નહિ. જેનાથી લાભ માને તેનાથી પૃથક્ થવાનો પ્રયાસ કરે નહિ. આ મૂળમાં ભૂલ છે. એટલે ચારિત્રનું મૂળ જે સમકિત છે, તેની આ ભૂલ કહેવાય છે. કર્મ સારાં બંધાયાં હોત તો સ્વર્ગમાં જઈએ ને ત્યાંથી ભગવાન પાસે જઈશું, એવી માન્યતા તે કર્મનું કારણ છે. તે અધર્મભાવ નવાં કર્મનું કારણ છે અને જ્યાં જડકર્મ બંધાયું ત્યાં નોકર્મ એટલે શરીર મળ્યા વગર રહે નહિ. ખરેખર આખા સંસારનું મૂળ કારણ તો પરની સાથેની એકત્વબુદ્ધિ છે. આસ્રવભાવથી નવાં કર્મ બંધાય, કર્મથી

શરીર મળે અને શરીરમાં સુખ માની ચોરાશીના અવતારનું પરિભ્રમણ કરે છે. એ રીતે પરિભ્રમણનું કારણ સ્વપરની એકતા છે.

## "આત્મા પર સાથેના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોને જ આત્મા માને છે."

અનાદિનો અજ્ઞાની આત્મા સદા આ આત્મા અને કર્મના એકપણાના અધ્યાસથી આત્મામાં થતી વિકારી અવસ્થાની અંશબુદ્ધિ સ્વીકારે છે. તે જ પરની એકતાબુદ્ધિ છે. દયા-દાનાદિના ભાવોને સ્વીકાર્યા, તેની દ્રષ્ટિ સંયોગો ઉપર જ જાય છે. આત્મા માત્ર વિશેષ જેટલો જ નથી પણ સામાન્ય સહિત વિશેષવાળો છે. વર્તમાન પર્યાયને સંયોગ સાથે જોડતો અને સ્વભાવ સાથે તોડતો જીવ, પર સાથે એકત્વ કરે છે. તે તેની એકતાબુદ્ધિ સંસાર પરિભ્રમણનું કારણ છે–મૂળ છે.

અજ્ઞાની જીવ આત્મા અને કર્મને એક માને છે અને કહે છે કે કર્મ અત્યારે જુદાં નથી. સિદ્ધ થાય ત્યારે તે જુદા પડે, પણ તે વાત બરાબર નથી. આત્માને અને કર્મને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. તે ખરેખર કર્મ અને આત્માનું પૃથક્પણું જણાવે છે, પણ બન્નેની એકતાને જણાવતા નથી. અજ્ઞાની તેની સાથે એકતા કરે છે. અજ્ઞાની, આત્માને ભ્રાંતિવાળો, અજ્ઞાનવાળો, આસક્તિવાળો વગેરે માને છે, તેથી તે રાગદ્વેષ અને મોહને ભાવે છે.

અજ્ઞાની માને છે કે સુખ બહારથી થાય, પૈસાથી થાય, શરીરથી થાય, લાડવા વગેરેથી થાય, એમ અજ્ઞાની પરમાં એકતાબુદ્ધિ કરે છે. જ્ઞાન આત્માથી થાય અને આનંદ પરથી થાય, એમ કદી બને નહિ. આ જ અજ્ઞાનીની ભ્રમણા છે. જડકર્મો જે સૂક્ષ્મ છે, તે પણ આત્માથી ભિન્ન છે તો પછી સ્થૂળ શરીરાદિ પર પદાર્થો તો ત્રણેકાળે આત્માથી ભિન્ન જ છે. શરીર નબળું પડે અને શરીર છૂટવાનો વખત આવે ત્યારે આત્માને કોણ શરણ થાય છે ? કોઈ પર, શરણ થતું નથી. માટે નક્કી થાય છે કે પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. પરની સાથે સંબંધ માને તો તેને રાખવા માગે અને એની જ ભાવના કરે. બાપના રાગથી દીકરો બચતો હોય તો દીકરાને મરવા દે નહિ. અજ્ઞાનભાવથી પોતાનો માને છે. તેથી ભાવના કર્યા કરે છે. તેથી તે રાગદ્વેષ માટેની ભાવના કરે છે.

## જ્ઞાની આત્મામાં એકાગ્ર થવાની અને કેવળજ્ઞાન લેવાની ભાવના ભાવે છે. અજ્ઞાની સંસારની એકત્વબુદ્ધિમાં સંસારની વૃદ્ધિની ભાવના ભાવે છે.

અહીં આ ગાથાની વિશેષતા એ છે કે કર્મ સાથેની એકત્વબુદ્ધિથી કર્મ થાય છે, પણ ધર્મ થતો નથી અને કર્મથી શરીરની પ્રાપ્તિ થાય છે પણ કર્મથી ધર્મ થતો નથી અને શરીરથી સંસાર વધે છે. પણ શરીરથી ચૈતન્યની દ્રષ્ટિ થતી નથી. આ રીતે કર્મ અને શરીરાદિ સંસારનું નિમિત્ત થાય છે પણ ધર્મનું નિમિત્ત થતાં નથી. અજ્ઞાની શરીરમાં એકત્વબુદ્ધિ કરીને સંસાર આ રીતે ઉત્પન્ન કરે છે. દેહ છૂટવાનો વખત આવે ત્યારે અજ્ઞાનીને કોઈ કહે કે ‘હવે તો આત્માની ભાવના ભાવ.’ પણ શું ભાવે ? આત્માનો કદી વિચાર કર્યો હોય તો ભાવના ભાવેને ? પણ તેને કર્મની અને શરીરની ભાવના હોવાથી નવું કર્મ બંધાય છે અને શરીરની પ્રાપ્તિ થાય છે. આત્મા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગાદિ અધ્યવસાન રહિત ત્રિકાળી જ્ઞાતા સ્વરૂપ છે, તેની ભાવના પરની એકત્વબુદ્ધિમાં હોતી નથી. તે ભ્રાંતિવાળો જીવ મરતી વખતે પૈસાની વ્યવસ્થા આવી રીતે કરજો, વ્યવહાર આમ સાચવજો વગેરે પરની વ્યવસ્થાની ભાવના કરે છે. તેને આત્માની ભાવના હોતી નથી. જેની રુચિ હોય તેને લંબાવવાની, ટકાવવાની, રક્ષા કરવાની ભાવના થયા વગર રહે નહિ, તે કદી તેનાથી છૂટે નહિ.

જ્ઞાનીને ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મા છું અને કર્મ, શરીરાદિ હું નથી એમ પરથી ભેદજ્ઞાન ભાવી, પરથી છૂટા થવાની ભાવનાનું લંબાણ થાય છે, તે તેને ટકાવે છે અને તેની જ રક્ષા કરે છે, તેથી આત્માની શાંતિ પ્રાપ્ત કરે છે.

# પ્રસાદ નં. ૨૦૫

## સમયસાર ગાથા ૧૯૦—૧૯૨

(વૈશાખ વદ ૫, શુક્રવાર, ૨૦૦૭)

શિષ્યે પ્રશ્ન કર્યો કે હે ભગવન્ ! આત્મામાં શાંતિ થાય, તેનો ક્રમ શું છે? તેના ઉત્તરમાં પહેલાં તો સંસાર જણાવ્યો કે અનાદિથી આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, તેને ભૂલીને પુણ્ય-પાપમાં જોડાય છે અને તેમાં એકપણું માને છે, તેથી સંસાર ઊભો થાય છે. આત્માથી ભિન્ન સૂક્ષ્મ કર્મ એક ચીજ છે. આત્માનો આશ્રય છોડી જે કર્મનો આશ્રય લે છે, તેને મિથ્યાત્વાદિ ભાવો ઉત્પન્ન થાય છે. તે રાગ-દ્વેષ-મોહનું કારણ છે. તે રાગ-દ્વેષ-મોહ આસ્રવભાવ એટલે મલિનભાવ છે. તેના કારણે નવાં કર્મ આવરણોનો સંબંધ થાય છે અને તેથી શરીર મળે છે. તેમાં એકપણું માનીને પંચપરાવર્તનરૂપ સંસારનું પરિભ્રમણ કરે છે.

### “નિમિત્ત છે જ નહિ એમ માનતાં વિકાર આત્માનો સ્વભાવ થાય છે”

આત્મા સ્વયં સ્વની રુચિ છોડીને પરની રુચિ કરે છે, તેમાં નિમિત્તકર્મ છે. કર્મ એકત્વબુદ્ધિ કરાવતું નથી પણ પોતે આત્મા જાણનાર–દેખનાર છે, તેની રુચિ ન કરે ત્યારે કર્મ ઉપર લક્ષ જાય છે. જો કર્મ વસ્તુ જ ન હોય તો વિકાર આત્માનો સ્વભાવ ઠરે, પણ એમ બનતું જ નથી. આત્મામાં સંસાર પરિભ્રમણ કેમ થાય છે, તે કહે છે. કર્મ અને આત્માને એક માનતાં મિથ્યાત્વાદિનો વેપાર થાય છે અને તેનાથી રાગ-દ્વેષ-મોહ આત્માનો સ્વભાવ છે એમ માને છે. તેથી નવાં કર્મ બંધાય છે અને શરીર મળે છે, તેથી સંસારનું પરિભ્રમણ મટતું નથી.

### “આત્મા અને કર્મના ભેદજ્ઞાન વડે ચૈતન્ય ચમત્કારમાત્ર આત્માને અનુભવે છે”

પરંતુ તે પરિભ્રમણ કરતો આત્મા એટલે કે આત્મા અને કર્મનું એકપણું માનનાર આત્મા, જ્યારે એમ માને કે “મને બીજી કોઈ ચીજનો સંગ જ નથી, એ પર ચીજ મારામાં પ્રવેશ કરતી નથી અને એનામાં મેં પ્રવેશ કર્યો જ નથી.” એમ ભેદવિજ્ઞાન કરે છે. એટલે કે આત્મા સન્મુખ રુચિ કરે છે, ત્યારે તે આત્મા શુદ્ધ ચૈતન્ય ચમત્કારમાત્ર આત્માને અનુભવે છે. હું કોઈ પરચીજથી લોભાઉં કે અટકું એવો નથી. હું ચૈતન્ય જાણનાર–દેખનાર

છું, શરીર વાણી મન આદિ મારાથી પર છે, તેના તરફના વલણવાળો ભાવ પણ હું નથી. આ ધર્મની રીત છે.

## “વર્તમાન અશાંતિ હોવા છતાં તેમાં શાંતિ માને તેને આત્માની અંતરશાંતિની વાત રુચે નહિ.”

બહારમાં–પૈસામાં, મકાનમાં, કુટુંબમાં, વેપારધંધામાં શાંતિ માનતો હોય તેને અંતર આત્મ શાંતિ રુચતિ નથી. આત્મામાં વર્તમાન અશાંતિ છે એમ ભાસે અને પરના કારણે મને શાંતિ નથી. પર તે હું નહિ પણ પરના લક્ષે થતો વિકારીભાવ થાય તેટલો હું નહિ. હું તો ચૈતન્યચમત્કારમાત્ર છું એમ ભેદજ્ઞાન કરે, તેને શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. ચૈતન્ય ચમત્કારમાં ઇંદ્રિયભોગ સડેલાં તરણાં જેવા લાગે છે. મારા ચૈતન્ય સિવાય મને કોઈપણ પર ચીજથી લાભ નથી, એમ માન્યા વગર આત્માનો અનુભવ થાય નહિ.

અનાદિનો અજ્ઞાની ઓશિયાળાપણું કરી રહ્યો છે પર ચીજ વગર ચાલે નહિ એમ માને છે પણ અહીં તો કહે છે કે ચૈતન્યચમત્કારમાત્ર છું એમ અંતરમાં ભાસે તેને અંતર્મુહૂર્તમાં શાંતિ થાય છે. અનંતકાળમાં અનંતવખત દેવ પણ થયો, એમાં જે શાંતિ ન મળી તે શાંતિ પરથી ભિન્ન આત્માને માનતાં અનુભવે છે. આ સમ્યક્દર્શનની વાત છે કે પહેલાં નક્કી તો કરે કે મારાથી જુદી પરચીજથી મને શાંતિ મળે નહિ. તો તેની ભાવના છોડે અને સ્વમાં મારી શાંતિ છે એમ માને તો સ્વની ભાવના કરે. ઇંદ્રપદ હો કે શેઠાઈ હો, મોસંબીના ઠંડા પાણી હો કે કુવારો હો, પણ તેનાથી શાંતિ મળી શકતી નથી. અજ્ઞાની કર્મનો સંગ્રહ કરે છે. જ્ઞાની ચૈતન્ય ચમત્કાર સિવાય કોઈ પણ દ્રવ્યમાં, કાળમાં કે ક્ષેત્રમાં સુખ કલ્પતો નથી. જેણે પરથી સુખ માન્યું તેને પરથી જુદા પાડવાનો અવકાશ રહેતો નથી. આવું કર્મ બાંધું તો ઠીક, એમ માનનારને કર્મથી જુદા પડવાનું રહેતું નથી.

અજ્ઞાનીએ અનાદિથી સંગમાં સુખ માન્યું છે પણ તેથી શાંતિ મળી નહિ. તે સંગથી રહિતપણામાં શાંતિ અનુભવાય છે. અનંત અવતારમાં શાંતિ સંતોષ થયો નહિ, હજીરામાં (મકાનમાં), શરીરમાં સુખ માન્યું, પૈસા મળ્યા તેમાં બાદશાહી માની, પર પદાર્થથી લાભ માન્યો, પણ તેનાથી પૃથક્ હું છું એમ જાણ્યું ત્યારે અશાંતિ થતી નથી અને કર્મ તરફની મલિનતા થતી નથી તેથી મિથ્યાત્વાદિ પણ થતા નથી. પરમાં સુખ હશે તેવી ભ્રાંતિ કે અજ્ઞાન થતું નથી, મિથ્યાચારિત્ર પણ થતું નથી. અને એ મિથ્યાત્વ સહિતનું કંપન

હોતું નથી. તે અધ્યવસાન આસ્રવભાવનાં કારણ હતાં તે જ્ઞાનીને હોતાં નથી.

ચૈતન્યચમત્કારમાત્ર છું એવા ભાનમાં મિથ્યાત્વાદિ અધ્યવસાન હોતા નથી. આ સમ્યગ્દર્શનરૂપી પ્રથમ ધર્મની શરૂઆતની વાત છે. સંવરનો ક્રમ કહે છે. અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહ જે આસ્રવભાવ છે, તેનો અભાવ થાય છે. આસ્રવભાવના અભાવથી કર્મનો અભાવ થાય છે. (અહીં ક્રમ લીધો છે પણ ખરેખર તો એમાં સમયભેદ પડતો નથી.) કર્મનો અભાવ થતાં શરીર મળતું નથી અને શરીર–નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. શરીરના નિમિત્તે પંચપરાવર્તનરૂપ સંસારમાં રખડવાનું થતું હતું, તે હવે થતું નથી.

આ રીતે આત્માની શાંતિ પ્રગટ કરવાનો ક્રમ કહ્યો.

## "અનુકૂળ સામગ્રીની પંરપરાના ક્રમમાં આત્માની શાંતિ નથી."

અહીં સંવર એટલે આત્માનું સુખ અને શાંતિના ક્રમમાટે, પૈસા મળે અને તેનાથી મકાન મળે અને પછી છોકરાં થાય, તેનાં લગ્ન થાય વગેરે અનુકૂળ સામગ્રી મળે તો શાંતિ થાય, એમ કહ્યું નથી. એ તો પર સામગ્રી છે. તેને મેળવવાની ભાવના છે, તે તો અશાંતિનો ક્રમ છે. તેનાથી ભિન્ન એવો ચૈતન્ય ચમત્કારમાત્ર આત્મા છું, એમ માને તો શાંતિના ક્રમની શરૂઆત થાય છે. આત્મા સિવાય કાંઈપણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ કે ભવથી સુખ માન્યું તો તેનાથી જુદા પડવાનો પ્રસંગ રહેશે નહિ. પરની એકત્વબુદ્ધિથી પરમાં રોકાશે ને તેનાથી અશાંતિ થશે. પણ તેનાથી ભિન્ન હું છું એવા ભેદજ્ઞાન વડે શાંતિ થાય છે.

**ભાવાર્થ :—**ઊંડે ઊંડે કર્મની મીઠાશ છે અને તેના ફળમાં લાભ થશે એમ જેનો અભિપ્રાય છે, તે કર્મને તથા આત્માને એક માને છે. જેને ભેદ જ્ઞાન નથી, તેને સાચો વૈરાગ્ય હોતો નથી. આત્મા રાગરહિત, પુણ્યપાપરહિત, પરદ્રવ્ય રહિત, શુદ્ધચૈતન્યચમત્કારમાત્ર છે, એમ ભેદજ્ઞાન કરવું તે સાચો વૈરાગ્ય છે. જેને પરદ્રવ્યની મીઠાશ છે, તેને ભેદવિજ્ઞાન થતું નથી અને ત્યાં સુધી પરમાં ભ્રાંતિ છે અને પરમાં જ્ઞાન અટક્યું છે, તેને મિથ્યાચારિત્ર અને મિથ્યાયોગ પણ છે. તે અધ્યવસાનથી પરમાં ઇષ્ટ–અનિષ્ટબુદ્ધિ કરી પરની સાવધાનીના ભાવ કર્યા કરે છે અને તે રાગદ્વેષ

મોહથી કર્મ બાંધી નવું શરીર ધારણ કરી, અનંત સંસાર પરિભ્રમણ કરે છે. તેને શરીરની એકત્વબુદ્ધિ છે. તેથી સંસારનું પરિભ્રમણ મટતું નથી.

પ્રથમ આ આત્મવસ્તુ–પરચીજથી ભિન્ન છે, એમ નક્કી તો કર. રાગ અને પુણ્ય મારી ચીજ નથી, એમ ભેદજ્ઞાનનો અંતરબોધ થાય છે, તેને શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે અને મિથ્યાત્વાદિ અધ્યવસાનો તેને થતા નથી. અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે. આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી. કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે સંવરરૂપી ધર્મનો અનુક્રમ જાણવો.

સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે. તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય હવે કહે છે :—

## કળશ ૧૨૯

આ સાક્ષાત્ સંવર ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે. આત્મશાંતિ અને વીતરાગદશા ચૈતન્યસ્વભાવના આશ્રયે થાય છે. વિકારની ઉત્પત્તિ નહિ થતાં અનાકુળ શાંતિની ઉત્પત્તિ થાય છે, તે સાક્ષાત્ સંવર છે. બધા આત્માઓ થઈને એક માને તેને પરથી જુદા પડવાનો પ્રસંગ રહેતો નથી, પણ આત્માની શાંતિ ભેદજ્ઞાનથી જ થાય છે. આ રીતે પરથી પૃથક્પણાની ભાવના કરવી તે શાંતિનો અને વીતરાગદશાનો એક જ ઉપાય છે. માટે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે. એ સિવાય બીજું કાંઈ કરવાયોગ્ય નથી.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :—

## કરુણા હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુગમકી

એનો અર્થ એવો છે કે હે નાથ ! તારા કેવળજ્ઞાનમાં મારો અલ્પ સંસાર ભાસ્યો છે, એવું જ મને પણ ભાસ્યું એટલે તારી કરુણા થઈ, એમ કહેવામાં આવે છે. કરુણાના દરિયા છો એટલે તારા કેવળજ્ઞાનમાં મારા ભાવો ભાસ્યા છે અને તેનો વિશ્વાસ મને આવ્યો એટલે તારી કરુણા થઈ તેમ કહેવાય છે.

# પ્રસાદ નં. ૨૦૬

## સમયસાર કળશ ૧૨૯

(વૈશાખ વદ ૬, શનિવાર, ૨૦૦૭)

**ભાવાર્થ :—**આત્મામાં ધર્મ કેમ થાય ? તે કહે છે. આત્મામાં અંતરસન્મુખ થતાં ધર્મ થાય છે. જીવને જ્યારે ભેદજ્ઞાન થાય છે એટલે કે મારા સિવાય પરચીજથી મને લાભ—નુકશાન નથી. કર્મ બીજી એક ચીજ છે. આત્મા જાણવા—દેખવાનું અવલંબન ન લે, તો પર એવાં કર્મ ઉપર અવલંબન થાય છે અને જ્યારે કર્મ અને આત્માને ભિન્ન જાણે છે અને કોઈ સંયોગથી એકમેક થયો નથી, એમ માને છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે.

પરથી જુદાપણાનો ભાવ થતાં, સ્વમાં એકતાનો ભાવ થયો કે હું જાણનાર છું. તેના આશ્રયે વિકાર અને દુઃખ થાય નહિ. પરથી ભેદ કર્યો એટલે કર્મ જ હું નહિ, હું તો આત્મા છું. પુણ્યપાપથી પૂર્વે કર્મ બંધાયું હતું તે હું નહિ અને પૂર્વે વિકાર હતો તે તો ગયો. તે માન્યતામાં જ્ઞાતાનો જ અનુભવ રહી જાય છે અને તેથી નવાં કર્મની ઉત્પત્તિ થતી નથી. આ રીતે ક્રમે ક્રમે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. માટે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.

હવે ભેદવિજ્ઞાન ક્યાંસુધી ભાવવું, તે કાવ્યદ્વારા કહે છે.

## કળશ ૧૩૦

**"આ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાથી ત્યાંસુધી ભાવવું કે જ્યાંસુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય."**

પહેલાં તો નક્કી થવું જોઈએ કે અનાદિથી આત્મા સંસારમાં રખડી રહ્યો છે, તેમાં લાભ કે શાંતિ નથી. જેનાથી લાભ માને તેનાથી જુદા પડવાનો ભાવ થાય નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે પરપદાર્થ કે નિમિત્તમાં રોકાઈને પરાલંબી ભાવ કરે છે. તે પરાલંબી ભાવથી લાભ માને તો તેનાથી પણ છૂટો પડે નહિ. પ્રતિકૂળતાના સંયોગોને છોડીને અનુકૂળતાના સંયોગો મેળવીને સુખી થાઉં, તે માન્યતામાં પરથી છૂટવાની બુદ્ધિ થાય નહિ.

હવે ભેદવિજ્ઞાનની વાત કરે છે. ભેદવિજ્ઞાન એટલે અંતરમાં પરથી જુદો પડવાની દશા. પરનો સંબંધ નહિ તેમ જ વિકાર અને અપૂર્ણતાની અંશબુદ્ધિ નહિ. હું તો માત્ર જ્ઞાતા છું, એવું ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાથી

ભાવવું, સ્વમાં એકત્વ કરવું તે આત્માનું કામ છે, પરમાં અટકવું તે આત્માનું કામ નથી, એમ આત્માની એકતાની ધારા તૂટવી જોઈએ નહિ.

બદામમાંથી તેલ કાઢવું હોય ત્યારે બેચાર લસરકા મારે અને વચમાં થાક ખાય તો તેલ નીકળે નહિ અને ચોસઠ પહોરી પીપર કરવી હોય ત્યારે તેને એકધારી ઘૂંટે નહિ તો ચોસઠપહોરી પીપર થાય નહિ. તેવી રીતે આત્માની વાત એકધારી, વેપાર આદિનાં કાર્યોથી છૂટી, ખંડ પડ્યા વગર જો ગ્રહણ ન કરે, તો તેને ભેદજ્ઞાન થાય નહિ. બેચાર દિવસ સાંભળે અને વળી પાછો વેપારધંધામાં લાગી જાય તો તેને જ્ઞાન થાય નહિ. જે ચીજ મારી નહિ તેની ક્રિયા મારાથી થાય નહિ અને પરથી મને લાભ થાય નહિ એવો નિર્ણય કરે, તો પરથી છૂટ્યા વગર રહે નહિ. આવો વિચાર અખંડધારાએ કરે તો આત્માનો અનુભવ થાય. પૂર્ણદશા ન થાય ત્યાંસુધી ભેદજ્ઞાન ભાવવાનું રહે છે. પૂર્ણદશા થયા પછી ભેદજ્ઞાન ભાવવાનું રહેતું નથી.

હું છું અને સંયોગો પણ છે એમ બે ચીજો છે—એમ પ્રથમ નક્કી કરી પોતાને જુદો માને તો ભેદજ્ઞાન થઈ શકે છે. ધારા ન તૂટે એવી રીતે ભેદજ્ઞાન ત્યાં સુધી ભાવવું કે જ્યાંસુધી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય. પહેલાં સમ્યક્જ્ઞાન ન થાય ત્યાંસુધી ભાવે અને પછી પૂર્ણદશા ન થાય ત્યાંસુધી ભાવે—તેમ બે પ્રકારથી ભાવવાની વાત લીધી છે.

પર્વતમાં એકવાર વીજળી પડે અને બે ભાગ થઈ જાય તે પછી રેણ દીધે ભેગા થાય નહિ, તેવી રીતે એકવાર ભેદવિજ્ઞાનરૂપી વીજળી દ્વારા આત્મા તથા કર્માદિ પર પદાર્થો પૃથક્ છે એમ જાણ્યું પછી એકતાબુદ્ધિ કદી થાય નહિ. આનું નામ સમ્યક્જ્ઞાન કહો, સામાયિક, સંવર, ધર્મ કે કલ્યાણનો માર્ગ કહો, તે એક જ છે. ભેદજ્ઞાન સિવાય સામાયિકાદિ કરે, તે એકડા વગરનાં મીંડાં છે. અજ્ઞાની મુદત મારે છે કે શાસ્ત્રમાં છ મહિનામાં ભેદજ્ઞાન થવાનું કહ્યું છે, પણ એ રીતે મુદત મારે. પણ એકધારાએ ભેદજ્ઞાનનો અભ્યાસ ન કરે તો આત્માનો અનુભવ થાય નહિ. તેના પ્રમાણમાં પુરુષાર્થ કરવો જોઈએ.

આત્મા જાણક સૂર્ય છે, જાણનાર-દેખનાર છે. તે કર્મ-શરીરાદિમાં અટક્યો છે. તેનાથી જુદો પડ્યો, તે ભેદજ્ઞાન છે. તે ત્યાંસુધી ભાવવું કે જ્યાંસુધી પૂર્ણદશા ન થાય. વેપારી વેપારમાં હોંસ કરે છે અને કાળ જોતો નથી, તકલીફ જોતો નથી. તે મમતાની અતૂટધારાથી પૂણીમાં પૂણી સાંધ્યાં જ કરે છે. તે પણ ધારાને તૂટવા દેતો નથી. અજ્ઞાની પરમાં એકતા કરે છે

પણ હું જ્ઞાનસૂર્ય છું અને કર્મ તે હું નથી, એમ જે નક્કી કરે, તેને ભેદજ્ઞાન અવશ્ય પ્રગટ થાય.

ભાવાર્થ :—અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું (૧) મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યક્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય. (૨) ચૈતન્યનો સ્વભાવ સહજ જાણવા—દેખવાનો છે, તેમાં એકત્વ થઈને પૂર્ણ ન થાય, ત્યાંસુધી જ્ઞાનને જ્ઞાનમા ઠરવાનો પ્રયાસ કરવો. પ્રથમ ભેદજ્ઞાન કરીને, વસ્તુ રાગમિશ્રિત નથી, એમ પ્રથમ નક્કી કરીને રુચિ વિકારરૂપે ન પરિણમે અને પરમાત્મદશા થાય તે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય.

બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરે, ત્યાંસુધી ભેદજ્ઞાન ભાવવું. ચૈતન્યસ્વરૂપની એકતામાં પરની એકતાબુદ્ધિ થતી નથી. સમ્યગ્દર્શન તે ધર્મની ક્રિયા છે. તે પુણ્યથી કે જડથી થાય નહિ. જગતને આ ક્રિયા ખ્યાલમાં આવતી નથી. ચૈતન્ય હોવાવાળો પદાર્થ છે. તેનું અંતરમાં માહાત્મ્ય કરવું તે ખરી ક્રિયા છે. તે ન કરે તો પરનું માહાત્મ્ય કરે તે અજ્ઞાનની ક્રિયા છે. જેનાથી ભેદ કરવા માગું છું તે મારી ચીજ નથી—તેમ જ્ઞાનની ભાવના ભાવવી. આ પરથી જુદા પડવાની ક્રિયામાં ધર્મની બધી ક્રિયા આવી ગઈ. જ્ઞાનની ક્રિયા થઈ અને વિકારની ક્રિયાનો નાશ થયો, તે જ્ઞાનને જ્ઞાનમાં ઠરવાની ભાવના કરવી.

ફરીને ભેદવિજ્ઞાનનો મહિમા કરે છે :—

## કળશ ૧૩૧

**અર્થ :** જે કોઈ સિદ્ધ થયા છે, તે ભેદજ્ઞાનથી થયા છે. જે કોઈ બંધાયા છે, તે તેના જ એટલે કે ભેદવિજ્ઞાનના જ અભાવથી બંધાયા છે. ભૂતકાળમાં જે કોઈ પરમાત્મા થયા છે, વર્તમાનકાળે થાય છે અને ભવિષ્યમાં થશે તે બધા ભેદવિજ્ઞાનથી જ થયા છે. "એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ." આ નિશ્ચયનો ગ્રંથ છે, માટે આમ કહ્યું છે અને વ્યવહારના ગ્રંથમાં કોઈ બીજો ઉપાય બતાવ્યો છે એમ નથી. આ એક જ ઉપાય છે જે અનંતા સિદ્ધ થયા છે. તે પરથી ભેદ પાડીને મુક્તિ પામ્યા છે. તે પાછા પરથી એક થઈ જાય તો પરથી જુદા પાડવાનું પ્રયોજન રહેતું નથી. માટે પાછા એકત્વબુદ્ધિ કરતા નથી.

શાસ્ત્રનું લક્ષ રાખીને સિદ્ધ થયા—એમ નથી. ગુરુ જે પર છે, તે નિમિત્ત મેળવીને વીતરાગ થયા નથી, પણ નિમિત્ત અને પરથી જુદો છું એવું ભેદજ્ઞાન કરીને મુક્ત થયા છે. અનુકૂળ નિમિત્ત, શરીર, ભાષા, સ્થાન, ગિરિગુફા વગેરે હોય તો મુક્તિ પમાય એમ જે માને છે, તે પરથી જુદા પડતા નથી તેથી તે બધા બંધાય છે.

**ભાવાર્થ :** અનાદિકાળથી માંડીને જ્યાંસુધી જીવને ભેદજ્ઞાન નથી ત્યાંસુધી તે કર્મથી બંધાયા જ કરે છે એટલે કે સંસારમાં રખડ્યા કરે છે. વિકારીદશા અનાદિથી છે, તેનાથી તેમ જ દેવ-ગુરુ-શાસ્ત્રથી જે ભેદ પાડતો નથી, તે કર્મથી બંધાયા કરે છે.

ચોથો આરો, મહાવિદેહ ક્ષેત્ર અને સંઘયણ સારું હોય તો મુક્તિ થાય એમ માનનાર સંસારમાં બંધાય છે. જેનાથી લાભ-નુકશાન માને તેનાથી છૂટવાનો પ્રયત્ન કરે નહિ. આ રીતે પરના ભેદવિજ્ઞાન વિના જીવ સંસારમાં બંધાય છે.

જીવ પરથી જુદાપણાની વિધિથી મુક્તિ પામે છે. પરમાર્થે જીવ પરથી છૂટો જ છે, પણ પરાલંબી માન્યતા કરે છે, તે મિથ્યાત્વ છે. ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે એમ કહેનારા તો તેને મળ્યા છે પરંતુ પોતે કહેનારાથી પણ છૂટો ન પડે, તો કહેનારનું માન્યું નથી. જેટલા પરમાત્મદશાને પામ્યા છે, તે પરથી છૂટા પડીને થયા છે. તેમ આચાર્યદેવ કહે છે. એટલે અમારો અભિપ્રાય અમારા સન્મુખ તમને રાખવાનો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને પરખવાની આ કસોટી છે. ગુરુ કહે છે કે અમારાથી છૂટો પડીશ તો મુક્તિ થશે. બીજી ચીજ છે ખરી પણ તેનાથી જુદો પડ, એમ કહે છે, તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એનાથી વિરુદ્ધ જે કહે તે બધા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. ગુરુ કહે છે કે અમારાથી તને લાભ નથી પણ તારાથી તને લાભ છે—એમ અનેકાંત કહે છે. અજ્ઞાની કુદેવ કહે છે કે "તારાં બધાં પાપ મારા ચરણે મૂક." જ્ઞાની તેનાથી વિરુદ્ધ કહે છે કે "અમારું પણ લક્ષ છોડીને તારું શરણ ગ્રહ, તો તારું કલ્યાણ થશે."

જે કોઈ રખડ્યા તે પરથી જુદાપણાની બુદ્ધિ વગર રખડ્યા. જેણે ભેદજ્ઞાન કર્યું નથી, તે પરથી લાભ થાય એમ માની રહ્યા છે અને મનાવી રહ્યા છે. એ રીતે ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની અનાદિથી રખડી રહ્યો છે. કાળ, ક્ષેત્ર કે કર્મને કારણે રખડ્યો નથી પણ ભેદજ્ઞાનના અભાવથી રખડ્યો છે. આટલા ઉપવાસ ન કર્યા કે આટલા વ્રત, દયા, દાન, ભક્તિ ન કર્યાં માટે રખડ્યો, એમ કહ્યું નથી પણ ભેદજ્ઞાન ન કર્યું માટે રખડ્યો, એમ કહ્યું

છે. વિકાર અને કર્માદિ પર છે, તેને જ્ઞાની પર તરીકે સ્થાપે છે કેમકે તેનાથી હું ભિન્ન છું. અજ્ઞાની બેમાં એકપણું કરે છે. તે વિકાર અને કર્મને માનતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર આ પ્રમાણે ભેદજ્ઞાન કરવાનું કહે છે, તેમ ન માને તો તે દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો નથી, પણ સ્વચ્છંદને માને છે.

પરથી જુદાપણાની જેને બુદ્ધિ થઈ, તેને ભવ હોય નહિ. કેવળજ્ઞાની પણ એમ જ કહે છે. આથી જેને ભેદજ્ઞાન થયું તેની મુક્તિ થાય છે એમ નક્કી થયું અને સંસારનું મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ છે. આત્મા ને પરની એકત્વબુદ્ધિ તે સંસારનું કારણ છે.

અજ્ઞાની ક્ષેત્રની એકત્વબુદ્ધિથી માને છે કે જ્યાંથી ભગવાન મોક્ષે ગયા, તે ક્ષેત્રના પરમાણુ વડે પવિત્રતા થાય છે અને તે વાતાવરણથી બાદશાહી વિચારો ખીલે છે. તે વાત ખોટી છે. વળી અજ્ઞાની માને છે કે ''ઓમ અર્હમ્''ના જાપ જપવાથી લાભ થાય છે. તે બધા પરની એકત્વબુદ્ધિવાળા ભેદવિજ્ઞાનના અભાવથી સંસારમાં બંધાય છે. મોક્ષનું કારણ ભેદવિજ્ઞાન છે. તેના વગર કોઈની મુક્તિ ત્રણકાળમાં થતી નથી. પરથી ભેદવિજ્ઞાન કરવું, તેનાથી જ લાભ છે. આ મૂળ સિદ્ધાંત આ કળશમાં આચાર્ય ભગવાને કહી દીધો છે.

# પ્રસાદ નં.-૨૦૭

## સમયસાર કળશ ૧૩૧

(વૈશાખ વદ ૭, રવિવાર, ૨૦૦૭)

જે કોઈ આત્માની શાંતિ પામ્યા છે, તે પરથી જુદાપણાનું ભાન કરીને પામ્યા છે, જે કોઈ અનંતકાળથી મુક્ત થયા છે, તે પરથી જુદાપણાનું ભાન કરીને મુક્ત થયા છે અને અનાદિથી જે કોઈ જીવો સંસારમાં રખડે છે અને દુઃખી થઈ રહ્યા છે, તે બધા પરથી જુદાપણાના ભાન વગર દુઃખી થયા છે અને રખડ્યા છે. ભેદજ્ઞાન સિવાય શાંતિનો બીજો કોઈ ઉપાય નથી. માટે તે પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો.

જે વસ્તુ હોય તે અંતર તત્ત્વથી વિકારી ન હોય અને દુઃખી ન હોય અને અવસ્થામાં વિકાર અને દુઃખ ન હોય તો દુઃખ ટાળીને સુખ કરવાનું રહેતું નથી. આત્માની ત્રિકાળ શક્તિમાં સુખ ન હોય તો બહારથી આવે નહિ અને વર્તમાનમાં સુખ પ્રગટ હોય, તો મુક્તિ અને સુખ માટે પ્રયત્ન કરવાનો રહે નહિ. જો વર્તમાનમાં પ્રગટ આનંદ હોય તો બીજી ચીજની જરૂર શી ? સ્ત્રી જોઈએ, કુટુંબ સારું જોઈએ, પૈસા જોઈએ, શરીર સારું જોઈએ, છોકરાં, દાગીના, દાક્તર, દવા વગેરે જોઈએ, તેનો અંત આવે નહિ. જો પર ચીજને લઈને સુખ હોય તો તેની હાજરીમાં દુઃખ થવું જોઈએ નહિ પણ તેમ બનતું નથી. આત્મા જાણનાર–દેખનાર છે, તેને પરના આશ્રયની જરૂર પડે તો તે પરાધીન થઈ જાય ને પરાધીનને સ્વપ્ને પણ સુખ હોય નહિ.

આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે, તે દુઃખી હોય નહિ. સ્વભાવ પરથી ભિન્ન છે, તેના ભાન વગર કોઈને શાંતિ કે સુખ થતું નથી. પૈસા હોય તો સુખ થાય, તે કલ્પના છે. પૈસાની જરૂર પડે તે ભિખારીવેડા છે. પોતાને ચૂકીને બહારમાં ડોકિયાં કરે તે પણ ભિખારીવેડા છે. અંતરમાં અવલોકવું તે જ અંતર શાંતિનો ઉપાય છે. આત્મા રાગમાં રોકાય તો સુખી થાય કે તેનાથી જુદો પડે તો સુખી થાય ? भेदविज्ञानतः सिद्धाः તે પરથી જુદો પડે તો સુખી થાય. અનાદિકાળથી જીવને આત્માનો મહિમા જ આવ્યો નથી.

જે કોઈ સિદ્ધિને પામ્યા તે બધા પરથી ભિન્ન છું, શરીર નહિ, વિકાર નહિ, સંકલ્પ—વિકલ્પાદિથી રહિત આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, તે જ હું છું એમ ભેદવિજ્ઞાન વડે સિદ્ધિને પામ્યા છે. બાદ કરતાં કરતાં જે રહી જાય તે હું છું. “અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.” આત્માનું જ્ઞાન અને સુખ રહી જાય છે, તે બાદ થઈ શકતું નથી માટે તે જીવનું સ્વરૂપ છે.

અહીં આમ પણ જાણવું કે—વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો અને વેદાન્તીઓ કે જેઓ વસ્તને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે, તેમનો ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ છે એમ કહેવાથી નિષેધ થયો. અદ્વૈતવાદીઓ એક જ વસ્તુને માને છે અને વસ્તુ ક્ષેત્રથી મર્યાદાવાળી હોય તે અવિનાશી હોય નહિ, એમ પણ માને છે પરંતુ તે વાત ખોટી છે. તેને કહે છે કે ક્ષેત્ર મર્યાદિત હોય, તેની સાથે સંબંધ નથી પણ ભાવે અમર્યાદિત છે, તે અવિનાશી હોય છે, ભાવે અપરિમિત અને અનંત છે, તેનો નાશ થઈ શકે નહિ. પરમાણુ ક્ષેત્રથી નાનો હોવા છતાં તેના સ્વભાવે અપરિમિત છે. તેની સ્વતંત્રતા કોઈ લૂંટી શકે એમ નથી. તેને કોઈ પર બદલાવી શકે નહિ. તેવી રીતે કેવળજ્ઞાનીનો આત્મા એક સમયમાં અનંત પદાર્થોને જાણે છે. તે ક્ષેત્રે પરિમિત હોવા છતાં ભાવે અપરિમિત છે. માટે આ તેમની દલીલ ખોટી છે.

વળી ભેદવિજ્ઞાનથી સિદ્ધિ થાય છે, એમ કહેતાં જગતમાં બીજી વસ્તુ છે, તે પણ સાબિત થાય છે. આ જગતમાં બધા આત્માઓની સત્તા એક નથી. જાતે એક હોવા છતાં સત્તાએ અનેક છે. સત્તાએ એક હોય તો એમાં ભેદવિજ્ઞાન સંભવતું નથી. કોનાથી પાછું ફરવું ? બે વસ્તુ જ માનતા નથી ત્યાં પરથી જુદા પડવાનું રહ્યું જ ક્યાં ? ભેદજ્ઞાન શાનું ? બેને એક માને તેને પરથી પોતાને જુદું પાડવાનું જ્ઞાન થતું નથી.

## “પરથી લાભ માને તેને ભેદવિજ્ઞાન શેનું ? તે અદ્વૈતવાદી જ છે.”

શરીરથી, વાણીથી કે પરપદાર્થથી લાભ માને તો તેનાથી જુદું પડવાનું બની શકે નહિ કેમકે તે પણ અદ્વૈતવાદીના જેવી જ માન્યતા થઈ. તેને સમ્યગ્દર્શન કે મુક્તિ થતી નથી. જેમ એક જ આત્મા છે, બીજી કોઈ ચીજ નથી, એમ માનનારને ભેદવિજ્ઞાન થતું નથી તેમ જૈન સંપ્રદાયમાં રહીને પણ પરથી લાભ માને તેને પણ અદ્વૈતવાદીની જેમ ભેદવિજ્ઞાન થતું નથી. આત્મા છે, તે બીજાને લઈને હોય નહિ અને બીજાને લઈને હોય તો પદાર્થ પૃથક્ રહેતો નથી. છે, તે પોતાને લઈને જ હોય છે. પોતાને લઈને ન હોય તો તેનું વર્તમાન પણ રહેતું નથી અને તેમ થતાં વસ્તુનું ‘છે’ પણું રહેતું નથી.

## "આત્મા છે. પરપદાર્થ છે અને વિકાર પણ છે એમ પૃથક્ પૃથક્ બધાને માને તો ભેદવિજ્ઞાનનો પ્રસંગ બને."

વસ્તુનો નિયમ ત્રણકાળમાં એક જ હોય છે. ચરણાનુયોગના અને વ્યવહારના શાસ્ત્રમાં બીજી રીતે હોય છે—એમ નથી. ચૈતન્ય સત્તા જાગ્રત છે અને એનાથી વિપરીત અજાગ્રત જડ પદાર્થો પણ છે અને તેના સંબંધે આત્માની પર્યાયમાં વિકાર છે. વિકાર પોતે કરે તો પર પદાર્થો નિમિત્ત છે પણ તે વિકાર કરાવતા નથી. એમ માને તો પરથી અને વિકારથી ભિન્ન થવાનું ભેદવિજ્ઞાન થાય અને સંયોગો છે, એમ પણ ક્યારે કહેવાય ? કે બે પદાર્થો પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે કામ કરતા હોય, તો સંયોગ કહેવાય. આ રીતે સંયોગ માનવામાં આવે તો પરથી ભેદવિજ્ઞાન બની શકે છે. સંયોગ કહેતાં પૃથક્તા બતાવે છે, પણ પરાધીનતા બતાવતું નથી. પૈસાથી હું ભિન્ન છું, તેની મમતાથી ભિન્ન છું વિકારીપર્યાયથી ભિન્ન છું. વિકારથી ધર્મ થાય નહિ, એમ પૃથક્તા માને તો ભેદવિજ્ઞાન થઈ મુક્તિનો પ્રસંગ આવે.

જેટલા આત્માની શાંતિ પામ્યા તે પરથી પોતાને પૃથક્ કરીને પામ્યા છે અને જે સંસારમાં રઝળ્યા તે વિકાર અને પરથી એકત્વ માનીને રઝળ્યા છે. પુણ્ય-પાપની અવસ્થા ક્ષણિક છે. પૂર્વની અવસ્થા અને વર્તમાનની અવસ્થા ભિન્ન ભિન્ન છે. જેને ભેદજ્ઞાન થયું છે, તે પોતાને પરથી, વિકારથી, પૂર્વપર્યાયથી ભિન્ન માને છે, તેને આત્મશાંતિ થાય છે અને મુક્તિની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન જેને પ્રગટ્યાં છે, તેણે શ્રદ્ધા અને જ્ઞાન અપેક્ષાએ પરથી પૃથક્તા કરી છે, પણ ચારિત્ર અપેક્ષાએ પૃથક્તા થઈ નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવ જાણે છે. ભેદજ્ઞાની જાણે છે કે જ્ઞાનગુણની પર્યાય અને ચારિત્રગુણની પર્યાય પૃથક્ પૃથક્ છે અને ચારિત્રગુણની પૂર્વ પર્યાયથી બીજી પર્યાય પણ પૃથક્ છે. એમ ભેદજ્ઞાનથી મુક્તિ થાય છે.

એક ગુણ બીજા ગુણરૂપે નહિ, એક પર્યાય બીજી પર્યાયરૂપે નહિ, એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે નહિ, દ્રવ્ય પર્યાયરૂપે નહિ, પર્યાય દ્રવ્યરૂપે નહિ, ગુણ પર્યાયરૂપે નહિ, પર્યાય ગુણરૂપે નહિ—એમ દ્રવ્ય-ગુણ-પર્યાયની પૃથક્તા કરતાં—ભેદવિજ્ઞાનનો અભ્યાસ કરવાથી આત્માનું કલ્યાણ થાય. એક ગુણથી બીજા ગુણનો ભેદ છે, તે સૂક્ષ્મતા બતાવે છે. ગુણથી ભેદ છે એમ બતાવતાં વસ્તુથી અભેદતા થાય છે અને પર્યાયથી ભિન્ન બતાવતાં પણ પર્યાયનો આધાર દ્રવ્ય છે, તેમાં અભેદતા થાય છે. એક સમયની પર્યાય પૂરતું દ્રવ્ય નથી અને પર્યાયની ભિન્નતા કહેતાં, તે સર્વથા દ્રવ્યથી ભિન્ન

નથી એમ અનેકાંતનું સ્વરૂપ આ ભેદવિજ્ઞાનમાં થાય છે. પૃથક્તા જાણ્યા વિના અનેકાંત પણ થતું નથી.

પરથી ભિન્નપણાનો ભાવ ખ્યાલમાં ન આવે ત્યાંસુધી ત્રિકાળી અખંડ દ્રવ્યનો સ્વભાવ ખ્યાલમાં આવે નહિ. તેમ જ ચૈતન્યના તથા વિકારના અને પરના ભાવનું ભિન્નપણું ભાસ્યા વિના ભેદજ્ઞાન થાય નહિ અને ભેદજ્ઞાન વગર સિદ્ધિ થાય નહિ.

વિકાર, વિકારથી છે અને નિમિત્તથી નથી, નિર્વિકાર નિર્વિકારથી છે અને વિકારથી નથી, પર્યાય પર્યાયથી છે અને પૂર્વપર્યાયથી નથી ગુણ ગુણથી છે અને અન્ય ગુણથી નથી, દ્રવ્ય દ્રવ્યથી છે અને પરથી નથી, તેમ ભેદજ્ઞાન કરે. દરેક આત્મા ભિન્ન ભિન્ન છે. પરમાણુ ભિન્ન ભિન્ન છે. આ રીતે સ્યાદ્વાદ સ્વીકારનારને બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે.

પાણીનો પ્રવાહ જરા પેસે તો આગળ જગ્યા કરે, તેમ પહેલાં અંતરમા રુચે અને વીર્ય ઊછળે, તે આત્માનું પાણી જગ્યા કર્યા વગર રહે નહિ. આ સંવરનો અધિકાર છે. તેમાં આચાર્ય ભગવાને સરસ વાત કરી છે કે વિકાર એટલે આસ્રવનો અભાવ ભેદવિજ્ઞાનથી જ થાય છે. સંવર એટલે નવા વિકારનો અભાવ થવો ને શુદ્ધિનું ઉત્પન્ન થવું. પરથી ભિન્નતા માનવાથી વિકાર અટકે છે ને શુદ્ધિ થાય છે. આચાર્ય ભગવાન કહે છે કે હે જીવો, જે કોઈ આત્માની શાંતિને પામ્યા છે, તે બધા પરથી ભિન્નતા કરીને પામ્યા છે.

હવે સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું છે, તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે.

આવી ભેદજ્ઞાનની વાત સરળ અને રુચિવાળા જીવોને સાંભળવા મળે છે, તેનો ઉલ્લાસ ઝબકી ઊઠે છે. આ વાત સહેલી છે પણ આગ્રહથી કઠણ માની છે. માર્ગ આ જ છે, એનો ખ્યાલ આવે તો એમાં ઘૂંટાયા જ કરે. બીજો માર્ગ નથી એમ નક્કી થવું જોઈએ.

જગતમાં કહેવત છે કે નાણું મળશે પણ ટાણું મળશે નહિ તેમ અહીં કહે છે કે આવું ધર્મનું ટાણું મળશે નહિ. અજ્ઞાની લોભી જીવ ધર્મના ટાણાં મળે છે ત્યારે માને છે કે નાણું મળશે નહિ, ટાણું તો મળ્યું છે પણ વાપરતો નથી. પણ આવું જ્ઞાન—દર્શન પ્રગટ કરવાનું ટાણું વારંવાર મળતું નથી. આત્માને ચૂકીને બાહ્યદ્રષ્ટિવાળા જીવો પરની જાહોજલાલી એટલે લગ્નાદિ પ્રસંગમાં લાખો રૂપિયાના ખર્ચા કરે અને બહારથી લાજ આબરૂ મેળવે, પણ તે કાંઈ મરણ વખતે તેના આત્માને શાંતિ આપતી નથી. એક ભેદવિજ્ઞાન જ શાંતિનું કારણ થાય છે.

# પ્રસાદ નં.-૨૦૮

## સમયસાર કળશ ૧૩૨

(વૈશાખ વદ ૮ સોમવાર, ૨૦૦૭)

હવે સંવર અધિકાર પૂર્ણ કરતાં કહે છે કે આત્મામાં સંવરરૂપ ધર્મ થતાં વિકારનું અટકવું થયું અને નિર્વિકાર દશા પૂર્ણ થતાં જ્ઞાન સંપૂર્ણ થાય તે કેવું હોય તેના મહિમાનું કાવ્ય કહે છે.

## કળશ—૧૩૨

**અર્થ :—**ભેદવિજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી પ્રથમ ધર્મ થાય છે, તે કહે છે. આત્મા ચૈતન્ય સ્વભાવી સૂર્ય છે એને પરથી, સંયોગથી, નિમિત્તથી, કર્મોથી જુદો અને પુણ્ય-પાપની અવસ્થાથી પણ જુદો પાડીને ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો, પરથી અભેદ કરવું તે ખોટું છે, પણ પરથી ભેદ કરી સ્વમાં અભેદ કરવું તે સાચું જ્ઞાન છે. પરથી જુદો ન માને, તે પરને અને પોતાને એક માને છે. તેને અદ્વૈત કહો, પરથી અભેદ કહો કે ભેદજ્ઞાનનો અભાવ કહો તે એક જ છે, હું બધે વ્યાપક છું, જ્યાં જાઉં ત્યાં બધાનાં કામ કરું, વિકારનું લક્ષ કરીને પણ કામ કરું, તેણે આત્માને વિકારમાં ફેલાયેલો માન્યો એટલે કે વિકારથી અભેદ માન્યો, હું ચૈતન્ય જ્ઞાતા છું, વિકાર હું નહિ, પર પણ નહિ એમ પૃથક્પણાનો વિચાર પ્રથમ આવે છે, તે પણ વિકલ્પ છે, તે હજુ રાગમિશ્રિત વિચાર છે. વિધિ—નિષેધનો વિકલ્પ પણ આત્મામાં નથી. તેવા રાગથી પણ પૃથક્ એવા આત્માનું ભેદજ્ઞાન કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

પરથી જુદાપણું થતાં પર લક્ષે થતી અશુદ્ધતા ન રહી, જ્ઞાયક સ્વભાવ તરફ ઢળ્યો એટલે વિકારની પર્યાય નાશ પામી ગઈ, તેનો નાશ કરવો પડતો નથી. નિમિત્તથી તથા વિકલ્પથી રહિત આત્માનો અભ્યાસ કરે તો સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. અંતર તરફ વળતાં પરની રુચિ અને આસક્તિનો વિલય થાય છે. જેટલો સ્વભાવ તરફ ઢળ્યો એટલો બધા તરફનો રાગ નાશ પામે છે. પોતાની ચીજ ઉપર વધારે રાગ થાય અને પરચીજ ઉપર ઓછો રાગ થાય, એમ જ્ઞાનીને થતું નથી. પણ બધા પદાર્થો ઉપરથી રાગ ખસી જાય છે. જેટલો સ્વભાવમાં ઢળ્યો એટલો રાગ નાશ પામે છે.

અમુક ઉપર ઓછો રાગ અને અમુક ઉપર વધારે રાગ, એવા પ્રકાર જ્ઞાનીને હોતા નથી, બીજાના શરીર ઉપર ઓછો અને પોતાના શરીર ઉપર વધારે રાગ એમ જ્ઞાનીને હોતું નથી, જેટલો પરથી પૃથક્ થયો નથી તેટલો બધા પ્રત્યે રાગ, પોતાની નબળાઈને કારણે વર્તે છે અને જેટલો પરથી પૃથક્ થયો છે, તેટલો બધા પ્રત્યે રાગનો નાશ થયો છે.

અજ્ઞાની માને છે કે તીર્થંકર ભગવાનની હાજરીથી ભક્તિનો રાગ થાય છે અને દુશ્મનની હાજરીથી દ્વેષ થાય છે, પણ એમ છે નહિ પરપદાર્થની વ્યવસ્થા મારી હાજરીથી થાય છે. એવી જેની માન્યતા છે, તેને એ પદાર્થથી પૃથક્ છું એવી રુચિ રહી નથી.

અહીં તો કહે છે કે પરથી પૃથક્પણાના અભ્યાસથી શુદ્ધ આત્મ તત્ત્વની એક પ્રાપ્તિ થાય છે. પરથી પૃથક્પણામાં કઈ વાત બાકી રહી જાય છે ? કોઈ પણ પરપદાર્થ બાકી રહેતો નથી અને ગમે તે ક્ષેત્રે કે કાળે પણ પરથી પૃથક્પણામાં આત્મ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે.

કોઈ પણ ઠેકાણે લાળ લાંતરે પણ પરથી સંબંધ માન્યો, તેને પરથી છૂટવું નથી. દુકાનની વ્યવસ્થા બરાબર રહે છે. અમુક વ્યાજ આવે છે માટે આપણને વાંધો નથી, એવી માન્યતામાં પૃથક્પણાનો અભ્યાસ નથી. ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસમાં પરથી જુદાપણું હોવાથી પર સામું જોવાનું રહેતું નથી. દરેક જીવે શાંતિ માટે આ જ પ્રથમ કરવા જેવું છે. રાંક હોય કે રાજા હોય, સ્વર્ગનો દેવ હોય કે નારકી હોય, દરેકને ભેદવિજ્ઞાનનો અભ્યાસ કરવો કાર્યકારી છે.

## પરની વ્યવસ્થા બરાબર થઈ રહી છે. હવે નિવૃત્તિ લેવામાં વાંધો નથી એમ માનનાર ભેદવિજ્ઞાન પ્રગટ કરવાનો અભ્યાસ કરતો નથી.

શાસ્ત્રના ભણતરમાં પણ આટલું ભણી લઉં એવી માન્યતામાં પણ પરથી પૃથક્પણું રહેતું નથી. જેણે સંયોગથી પૃથક્તા યથાર્થ માની છે, તેને પરથી પરાઙ્મુખતા કર્યા વગર સ્વની સન્મુખતા થાય નહિ. મારો આત્મા વિકારાદિથી ભિન્ન છે એવા અભ્યાસમાં મંદ કષાય તો હોય જ છે અને આનાથી પૃથક્ થાઉં એવો વિકલ્પ પ્રથમ હતો તે વિકલ્પ પણ યથાર્થ ભેદવિજ્ઞાન વખતે રહેતો નથી. તેને પર સાથેની એકત્વબુદ્ધિનો નાશ થાય છે. જેટલો સ્વભાવમાં ઢળ્યો એટલો બધા પ્રકારના રાગનો નાશ થયો છે. જ્ઞાનીને પરનો છોકરો મરે ત્યારે રાગ થતો નથી અને ઘરનો છોકરો મરે

ત્યારે રાગ થતો દેખાય છે. તે છોકરાના કારણે નહિ પણ જેટલો પરથી પૃથક્ પોતે થયો નથી તેટલો રાગ પોતાની નબળાઈને લીધે હોય છે, છતાં જ્ઞાની તેનો સ્વામી નથી, પણ જ્ઞાતા છે.

રાગના સમૂહનો વિલય કરવાથી કર્મનો સંવર થયો, નવાં કર્મો આવતાં અટકી ગયા એટલે નવા કર્મો આવવાના હતાં અને અટકી ગયા એમ નથી, પણ આવવાના હતા જ નહિ–તેને અટકી ગયાં એમ કહ્યું છે. આમ સંવર થવાથી જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું ભેદજ્ઞાન ઉદય પામ્યું એટલે કે નિર્મળ દશા થઈ અને જ્ઞાન પ્રગટ થયું. તે જ્ઞાન કેવું છે ? તે કહે છે.

(૧) જે જ્ઞાન પરમ સંતોષ ધારણ કરે છે, પરમ અતીન્દ્રિય આનંદને ધારણ કરે છે. ભેદજ્ઞાનથી જે જ્ઞાનદશા પ્રગટ થઈ, તે સહજ આનંદદશાને ધારણ કરે છે. તૃપ્તિ થઈ ગઈ કે અહો ! આ જ્ઞાન અતીન્દ્રિય સ્વરૂપ છે. જ્ઞાનમાં જે આકુળતા હતી તે આકુળતાથી પૃથક્ થતાં અનાકુળ આનંદ પ્રગટ થયો. જ્ઞાન સંતોષાઈ ગયું. હવે કોઈ ચીજની જરૂરિયાત રહી નહિં બધું પૂરું થઈ ગયું. પૂરું જમ્યા પછી કાંઈ વધુ જમવાની જરૂરિયાત રહેતી નથી તેમ હું ચૈતન્ય છું તે જ્ઞાનદશામાં આનંદથી તૃપ્ત થઈ ગયો, હવે કાંઈ બાકી રહ્યું નહિ.

હવે પુણ્ય પાપમાં પણ સંતોષ રહ્યો નહિ.

(૨) જેનો પ્રકાશ નિર્મળ છે એટલે કે રાગાદિને લીધે મલિનતા હતી તે હવે નથી. આ સાધકજીવની વાત છે. તે ભેદજ્ઞાનથી આત્માની શાંતિની પ્રાપ્તિ કરે છે. તે પ્રગટ કરતાં કરતાં મલિનતાનો નાશ કરીને નિર્મળ કેવળજ્ઞાન થયું તેને પરમાં એકત્વ થતું નથી. વ્રત, તપ, દાનાદિના વિકલ્પમાં જ મલિનતા—અશુદ્ધતા હતી. તે નિર્મળતા થતાં રહી નહિ.

(૩) અમ્લાન છે અર્થાત્ ક્ષાયોપશમિકજ્ઞાનની માફક કરમાયેલું નિર્બળ નથી. સર્વ લોકાલોકને જાણનારું છે. પૃથક્ કરતાં કરતાં જે જ્ઞાન પૂર્ણ પ્રગટ થયું તે ઓછા જ્ઞાનની પેઠે નિર્બળતાવાળું નથી. પૂર્ણજ્ઞાન થયું તે લોકાલોકને જાણે છે, તેવા બળવાળું છે. પરથી ભેદ થયો એટલે સ્વમાં એકાકાર થયો. વિકલ્પનો અભાવ કરીને સ્વમાં અભેદ થયો, તે ભેદજ્ઞાનના બળથી આત્માની પ્રાપ્તિ થઈ, તે વાત કહે છે.

(૪) ભેદજ્ઞાનથી પ્રગટ થયેલું જ્ઞાન તે એક છે. ક્ષયોપશમના ભેદથી અનેક પ્રકારનું થતું, તે નથી. જ્યાંસુધી પૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધી

અધૂરાજ્ઞાનમાં અનેકતા થાય છે. તે પૃથક્ કરતાં કરતાં પૂર્ણ જ્ઞાન થયું તેમાં અનેકતા રહેતી નથી. અનેકપ્રકાર હોતાં નથી એક જ પ્રકાર હોય છે.

(૫) જેનો ઉદ્યોત શાશ્વત છે અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે. પરલક્ષી જે ઉઘાડ છે, તે ચાલ્યો જાય છે પણ કેવળજ્ઞાન તો શાશ્વત છે, તે કદી નાશ પામતું નથી. જીવનમુક્તદશા થઈ તે તો પ્રકાશ શાશ્વત છે, ફરીને અવતાર ધારણ કરવાના હોય નહિ. એકવાર માખણમાંથી ઘી થાય, તે ફરી પાછું માખણ થાય નહિ. વિકારથી પર એવા આત્માની પૃથક્તા થઈને કેવલજ્ઞાન થયું. ચણાનું બી બળી ગયું પછી ઊગે નહિ તેમ રાગ વિકારનો નાશ થઈ કેવળજ્ઞાન પ્રકાશ પ્રગટ્યો, તે નાશ પામે નહિ.

આ રીતે સંવર રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો કેમ કે સંવર પણ એક ભેષ છે એટલે કે પર્યાય છે. જેમ સંસારદશા વેષ છે, તેમ સંવર પણ વેષ છે. કેવળજ્ઞાનરૂપી શાશ્વતપદ પ્રગટ થતાં તેનો નાશ થાય છે. રંગભૂમિમાં આત્મામાં પરથી ભિન્નપણારૂપી સંવર તે સ્વાંગ હતો, તે કેવલજ્ઞાન થતાં રહેતો નથી.

ભાવાર્થ :—રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો, તેને જ્ઞાને જાણી લીધો. તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો. ।।૧૯૦—૧૯૨।।

**ભેદજ્ઞાન કલા પ્રગટૈ તબ શુદ્ધ સ્વભાવ લહૈ અપનાહી**
**રાગદ્વેષ વિમોહ સબહી ગલિ જાય ઈમૈ જુઠ કર્મ રુહાઈ**
**ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તૌષ ધરૈ પરમાત્મ માંહી,**
**યો મુનિરાજ ભલી વિધિ ધારત કેવલપાયસુખી શિવ જાહી.**

પરથી જુદાપણું અને સ્વથી એકત્વરૂપી ભેદજ્ઞાનની કળા પ્રગટે ત્યારે પોતાના શુદ્ધ સ્વભાવને પામે એટલે રાગદ્વેષ ભ્રાંતિ ઉત્પન્ન થતી નથી. રાગદ્વેષના કારણે નવા કર્મો આવતા, તે અટકી ગયાં અને ચૈતન્ય સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય છે. તેમાં જ્ઞાન અને શાંતિનો અનુભવ થાય છે. આ રીતે ધર્માત્મા મુનિ મહારાજ ભલી રીતિથી આત્માને ધારણ કરતાં કેવળજ્ઞાનરૂપી સુખદશાને પામે છે. આ સિવાય પૂર્ણ સુખ અને જ્ઞાન પ્રાપ્ત કરવાની બીજી રીત નથી. અહીં જડકર્મને જુઠ કહ્યાં છે કેમ કે તે આત્મામાં છે જ નહિ અને રાગ-દ્વેષ-મોહ આત્માની પર્યાયમાં થતાં હતા, તે ગળી જાય છે એમ કહ્યું છે.

આમ આ સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકાની પંડિત જયચંદ્રજી કૃત ભાષા વચનિકામાં પાંચમો સંવર અધિકાર પૂર્ણ થયો.

# ૬. નિર્જરા અધિકાર

**રાગાદિકના રોધથી નવો બંધ હણી સંત,**
**પૂર્વ ઉદયમાં સમ રહે નમું નિર્જરા વંત,**

પુણ્ય-પાપની દશાને હણે, તેને સંવર કહ્યો એટલે નવાં કર્મ બંધાતા નથી અને તેમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એટલે જૂના કર્મના ઉદયમાં રાગાદિ થાય છે, તેનું જ્ઞાન કરે છે. તેવા નિર્જરાના ભાવને હું નમસ્કાર કરું છું.

પ્રથમ ટીકાકાર આચાર્ય મહારાજ કહે છે કે :—‘‘હવે નિર્જરા પ્રવેશ કરે છે.’’ અહીં તત્ત્વોનું નૃત્ય છે, તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે, તેમ અહીં રંગ ભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.

હવે સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યક્જ્ઞાન છે, તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ—નિર્મળજ્ઞાન જ્યોતિને જ પ્રગટ કરે છે.

## કળશ—૧૩૩

જુઓ, આ કળશમાં આચાર્ય ભગવાન કેવી રીતે મંગળ કરે છે. ધર્મની શરૂઆત સંવરથી થાય છે. નિર્જરાથી થતી નથી. પુણ્ય-પાપની ભ્રાંતિ થતી નથી, તે સંવર છે. તે ધર્મનુ પહેલું પગથિયું છે. પછી એમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે, તે નિર્જરા છે. સંવર થયા વગર નિર્જરા થાય નહિ. જેવી રીતે મલિન પાણી તળાવમાં આવતું હોય તો તે પાણી ચોખ્ખું થાય નહિ, મલિન જળ અટકે તો પાણી ચોખ્ખુ થાય અને મેલ નીકળી જાય. તેમ આત્મામાં રાગ-દ્વેષ-મોહરૂપ મલિનતા આવે ત્યાંસુધી મલિનતા ખસે નહિ. ચૈતન્ય સૂર્ય આત્મા પરને એક માને ત્યાંસુધી નવાં કર્મ આવે છે. તેને કોઈપણ જાતનો ધર્મ થતો નથી, તેમ જૂનાકર્મનો પણ અભાવ થતો નથી. ‘‘ગજસ્નાનવત્’’ અજ્ઞાની મિથ્યાત્વના કાદવમાં આળોટે છે, તેને શુદ્ધતા થતી નથી.

સમ્યક્દ્રષ્ટિ જીવ માને છે કે મારા આનંદ માટે મારે મારા આત્માનો જ આધાર છે. પરનો આધાર નથી. એમ પરમ સંવર થવાથી રાગાદિ આસ્રવને રોકે છે એટલે કે ચૈતન્યમાં એકાગ્ર થતાં રાગાદિનું મલિનપણું થતું જ નથી, તેને રોકે છે એમ કહ્યું છે. શાસ્ત્રમાં તો લખાણ છે કે રાગાદિને રોકે છે. તે પ્રમાણે અર્થ કરે તો વિકાર થયો, એને કેવી રીતે રોકવો ? માટે એનો

ભાવ પ્રમાણે અર્થ હોય છે. શબ્દાર્થ પ્રમાણે ભાવાર્થ હોતો નથી. ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થયો એટલે રાગ થતો નથી તેથી તેને રોક્યો કહેવાય છે.

સંવર પોતાની કાર્યધુરાને, ધારણ કરે છે. હું તો ચૈતન્ય છું એવા સ્વલક્ષના કાર્યને ધારી રાખેલ છે, તે નવા કર્મોને અત્યંત દૂરથી જ રોકતો ઊભો છે એટલે સંવરની ઉત્પત્તિમાં નવા કર્મો થતાં જ નથી તેને દૂરથી રોકતો ઊભો છે એમ કહેવામાં આવ્યું છે.

# પ્રસાદ નં. ૨૦૯

## સમયસાર કળશ ૧૩૩

(વૈશાખ વદ ૯ મંગળવાર, ૨૦૦૭)

નિર્જરા અધિકારની શરૂઆત કરે છે; તેમાં સર્વ સ્વાંગને જાણનારું સમ્યક્જ્ઞાન છે, તેને મંગળરૂપ જાણીને આચાર્ય ભગવાન મંગળ અર્થે પ્રથમ તેને જ નિર્મળ જ્ઞાનજ્યોતિને જ પ્રગટ કરે છે.

પરમ સંવર, રાગાદિ આસ્રવોને રોકવાથી પોતાની કાર્ય—ધુરાને ધારણ કરીને એટલે કે પોતાના કાર્યને બરાબર સંભાળીને સમસ્ત આગામી કર્મને અત્યંતપણે દુરથી જ રોકતો ઉભો છે. આત્મામાં સુખ અને શાંતિ છે, તેને ચૂકીને અનાદિકાળથી પરમાં શાંતિ ને સુખ છે, એમ માની મલિન પરિણામ કરતો હતો, તે સંસારભાવ હતો. મારું સુખ મારામાં છે, પરમાં નથી એમ અંતરમાં સમ્યક્દર્શનરૂપી ભાવ કર્યો તેને સંવર કહે છે. પોતાથી પોતાનાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ પ્રગટે એમ ન માનતાં પરથી તેનો વિકાસ થાય તે ભાવને અધર્મ અને અજ્ઞાન કહે છે, તે દ્રષ્ટિ બદલાણી કે મારામાં મારો આનંદ છે. પુણ્ય-પાપમાં નથી. મારો વિકાસ મારાથી થાય છે, પરથી નહિ, મારું આત્મ-વીર્ય મારાથી વધે છે, શરીરથી નહિ, એમ માને છે ત્યારે સંવરરૂપી ધર્મ થાય છે. નવાં કર્મો આવતાં અટક્યાં, એટલે નવાં કર્મો બંધાતા નથી. આ રીતે સંવરમાં સ્વભાવથી જ શાંતિ છે, એ કાર્યને તે બરાબર ધારી રાખે છે.

અને જે સંવર થયા પહેલાં બંધાયેલું કર્મ છે, તેને બાળવાને હવે નિર્જરા ફેલાય છે. સંવરપૂર્વક જ્યારે શુદ્ધિની વૃદ્ધિ થાય છે ત્યારે જૂનાં કર્મો ખરી જાય છે, નિર્જરારૂપી અગ્નિ ફેલાય છે કે જેથી જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ થકી ફરીને રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી. સદા અમૂર્છિત રહે છે. ચૈતન્યસૂર્યનો વિકાસ થાય છે. સ્વભાવમાં એકાગ્ર થતાં રાગમાં પર્યાય મૂર્છાતી નથી, સદા અમૂર્છિત રહે છે. પરમ સંવર વિકારરૂપી બારણું અટકાવીને બેઠો, હું જ્ઞાન, શાંતિ વીર્યની મૂર્તિ છું; એવા સ્વભાવના ભાનમાં અશુદ્ધતા અટકી જાય છે; એટલે નવાં કર્મો આવતાં નથી જૂના કર્મનો નાશ અને શુદ્ધિની વૃદ્ધિને નિર્જરા કહે છે.

ભાવાર્થ :—સંવર થયા પછી નવાં કર્મ તો બંધાતા નથી. જે પૂર્વે બંધાયા હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી

જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી. સદા પ્રકાશરૂપ જ રહે છે.

## હવે નિર્જરાનું સ્વરૂપ કહે છે.

સમયસાર ગાથા ૧૯૩

**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે,**
**જે જે કરે સુદ્રષ્ટિ તે સૌ નિર્જરા કારણ બને. ૧૯૩**

**અન્વયાર્થ :**—સમ્યક્દ્રષ્ટિ જીવ જે ઇન્દ્રિયો વડે અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ કરે છે, તે સર્વ નિર્જરાનું નિમિત્ત છે.

આત્મા ચિદાનંદ જ્ઞાતા છે. તેની શાંતિ માટે પરચીજની જરૂર નથી કેમ કે તે પર ચીજ મારામાં નથી એમ સમ્યક્જ્ઞાન થતાં જ્ઞાનીને નિર્જરા થાય છે, તે સમ્યક્દ્રષ્ટિ જીવ ચૈતન્ય તથા અચેતન દ્રવ્યોનો ઇંદ્રિયો વડે ભોગવટો કરે છે, તેમ અહીં કહ્યું છે. ખરેખર જ્ઞાની કે અજ્ઞાની ચેતન કે અચેતન પર વસ્તુનો ભોગવટો કરી શકે નહિ પણ જ્ઞાની પાસે સ્ત્રી, કુટુંબ, અબજો રૂપિયાના વૈભવ દાગીના, મકાન વગેરે હોય, તેથી તેને ભોગવટો હોય એમ અજ્ઞાની માને છે, તેથી તેની ભાષામાં કહ્યું કે ચેતન તથા અચેતનનો ભોગવટો જ્ઞાની કરે છે પણ ખરેખર તો જ્ઞાનીની દ્રષ્ટિ ફરી ગઈ છે. તે સમજે છે કે મારી જ્ઞાતા દ્રષ્ટા શક્તિનો વિકાસ મારા અવલંબને થાય છે. સંયોગ આવી પડ્યો છે, તેનો તે ધણી થતો નથી. તેથી જ્ઞાની તેને ભોગવતો નથી.

કોઈ જ્ઞાની બહુ પુણ્યવંત હોય ને હીરાના થાળમાં જમતો હોય, હજારો સ્ત્રીઓના વૃંદમાં દેખાતો હોય, છતાં તેના ઉપર તેને પ્રીતિ હોતી નથી. મડદાને ચંદનના લાકડે બાળે કે ખાડામાં દાટે તો તેને હરખ કે શોક થતો નથી તેમ જ્ઞાની પરપદાર્થને કારણે હરખ—શોક માનતો નથી.

જ્ઞાની સમજે છે કે આત્મ ભગવાન અનંતગુણનો પિંડ છે. તેમાં પરમાત્મ શક્તિ પડી છે. અજ્ઞાની ભાળે છે કે ઇંદ્રિયો વડે પરપદાર્થને ભોગવે છે કેમ કે તેને સંયોગ ઉપર દ્રષ્ટિ પડી છે. જ્ઞાનીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે. જેમ મડદાંની ઠાઠડીને શણગારવામાં આવી હોય તો મડદાં ને તેનું સુખ નથી તેમ જ્ઞાની શરીરને શણગારવામાં સુખ માનતો નથી તેથી જ્ઞાનીને ભોગવટો દેખાય છતાં તે પૂર્વકર્મની નિર્જરા કરે છે.

જ્ઞાનીને અશાતાનો ઉદય હોય અને શરીરમાં ગળત કોઢ થાય, કોઈ બીજો વ્યાધિ હોય તે પણ ઇંદ્રિયનો ભોગવટો છે. શરીર સડી જાય, ચાકરી

કરનાર કોઈ ન હોય, આવા પ્રતિકૂળ સંયોગો હોય, તે પણ ભોગ કહેવાય છે. તેમાં પણ જ્ઞાનીને નિર્જરા થાય છે. ચક્રવર્તીને એક એવો ઘોડો હોય છે કે જેની હજારદેવ સેવા કરે છે. તે ઉપર ચક્રવર્તી બેસે છે. તે વખતે તેને હરખ હોતો નથી. સ્મશાનના લાકડામાં અને ઘોડે બેસવામાં ફેર માનતો નથી. તે પર સંયોગ છે, એમાં આત્માની શાંતિ નથી. નબળાઈના કારણે અલ્પ રાગદ્વેષ થાય છે પણ તેમાં એકત્વ બુદ્ધિ જ્ઞાનીને થતી નથી તેથી કર્મની નિર્જરા થાય છે. અહીં જ્ઞાની એટલે અવિરતિ સમ્યક્‌દ્રષ્ટિની વાત છે, મુનિની વાત નથી. તે સમ્યક્‌દ્રષ્ટિ આ રીતે પાંચ ઇંદ્રિયોથી પરનો ભોગવટો કરે છે પણ ત્યાં તેને નિર્જરા થાય છે એટલે કે જ્ઞાનીને જૂનાં કર્મો સંયોગોનું નિમિત્ત થઈને અભાવરૂપ થઈ જાય છે. તેને નવો બંધ થતો નથી.

## જ્ઞાની સંયોગોમાં દેખાતો હોવા છતાં નિર્જરા કરે છે, અજ્ઞાની બાહ્યથી ત્યાગી હોય છતાં કર્મોને બાંધે છે

જ્ઞાનીને પૂર્વ કર્મના કારણે વર્તમાન સંયોગી પ્રતિકૂળતા હોવા છતાં તેના ઉપર તે દ્વેષ કરતો નથી કેમ કે તેમાં એકત્વ બુદ્ધિ નથી. અલ્પદોષ હોવા છતાં કર્મોની નિર્જરા થાય છે. જ્ઞાનીને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે અને અજ્ઞાનીને સંયોગ ઉપર દ્રષ્ટિ છે, તેથી તે સંયોગો ઘટાડવામાં વીર્ય ફોરવે છે. જ્ઞાની જાણે છે કે સંયોગો ઘટાડવા ઘટે નહિ. માટે સંયોગના કારણે બંધ થતો નથી. મિથ્યાદ્રષ્ટિ સંયોગમાં દેખાતો ન હોય પણ મિથ્યા માન્યતાને લીધે તેને મિથ્યાત્વનો બંધ થાય છે.

જ્ઞાની પાંચ ઇન્દ્રિયના વિષયમાં ઊભો દેખાતો હોય પણ તે ઇન્દ્રિયને સ્પર્શતો નથી. આગળ આવી ગયું છે કે એક પરમાણું બીજા પરમાણુને સ્પર્શતો નથી, એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી. પણ અહીં તો અજ્ઞાનીની સંયોગ ઉપર દ્રષ્ટિ છે, તે સંયોગને ભોગવે છે એમ માને છે. માટે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે છે એમ કહ્યું છે છતાં તે નિર્જરા કરે છે અને મિથ્યાદ્રષ્ટિ ને બાહ્ય સંયોગો નહિ હોવા છતાં ભોગી કહ્યો છે. જ્ઞાનીને પર દ્રવ્યનો ભોગવટો નથી. અલ્પ રાગદ્વેષ છે, તેનું બંધન છે. છતાં તેની દ્રષ્ટિની અપેક્ષાએ નિર્જરા થાય છે એમ કહ્યું છે.

જ્ઞાનીને સમ્યક્પ્રકારે ભાન હોવા છતાં શરીરમાં કદાચિત્‌ રોગ આવે, પાણી ન મળે, વૈયાવૃત્ય કરનાર કોઈ ન મળે, રહેવાને મકાન ન હોય એવા પ્રતિકૂળ સંયોગોને પણ ઇંદ્રિયોનો ભોગ કહેવાય છે. તે વખતે પણ જ્ઞાનીને

જૂનાં કર્મો ખરતાં જાય છે. નરકમાં જ્ઞાનીને બહારમાં અશાતાના ઘણાં સંયોગો હોય છે, છતાં તેને નિર્જરા થાય છે. નવું કર્મ આવતું નથી અને જુના કર્મો ખરતાં જાય છે, અજ્ઞાની જંગલમાં સુકાઈ જાય, ઉપવાસ કરે, વ્રતાદિની ક્રિયા કરે પણ સંયોગ અને રાગ ઉપર તેની દ્રષ્ટિ હોવાથી બાહ્ય ત્યાગી હોવા છતાં તેને કર્મ બંધાય છે, નિર્જરા થતી નથી.

**ટીકા** :—વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે, અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે. આત્મા સિવાય પરપદાર્થ તરફ જેને ઉદાસીન ભાવ વર્તે છે, તે વિરાગી છે. સંસારમાં કોઈ આઠ વરસની બાલિકા હોય, તેને આવું ભાન થાય અને પછી કદાચ પરણે તો પણ એ સંયોગોમાં ચૈતન્ય તત્ત્વને ભૂલે નહિ. કેમ કે તેને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે, પર ઉપર જ્ઞાનીને દ્રષ્ટિ હોતી નથી. અજ્ઞાની બાહ્ય ત્યાગી હોવા છતાં તેની પર ઉપર દ્રષ્ટિ પડી છે માટે તેને નિર્જરા થતી નથી.

જ્ઞાનીને પરપદાર્થ ઉપર પ્રેમ નથી, સ્વભાવનો પ્રેમ ચૂકીને તે ઇન્દ્રિયના સુખને સ્વપ્ને પણ ઇચ્છે નહિ, તે સડેલાં તરણાં જેવા જ્ઞાનીને લાગે છે. બહારમાં હજારો સ્ત્રીઓ હોય કે એકલો હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, રોગી હોય કે નીરોગી હોય, શરીર રૂપાળું હોય કે કાળું હોય, ગમે તેવા સંયોગો હોય તો પણ તેનાથી પોતાને ભિન્ન માને છે, તેનાથી મને સુખ કે દુઃખ નથી—એવી દ્રષ્ટિ જ્ઞાનીને કદીપણ ખસતી નથી તેથી તે બધા સંયોગો જ્ઞાનીને જૂના કર્મો ખરવામાં નિમિત્ત છે. જ્ઞાનીને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અજ્ઞાનીને સંયોગોમાં રાગદ્વેષ વર્તે છે એટલે તેમાં રુચિ હોવાના કારણે તે ચેતન–અચેતનના સંયોગો તેને બંધનું કારણ થાય છે. હું ચૈતન્ય કોણ છું તેની અજ્ઞાનીને ખબર નથી. પરના ત્યાગથી આત્મામાં નિવૃત્તિ થશે તેવી દ્રષ્ટિ હોવાથી તેને નવાં આવરણો થાય છે. જ્ઞાનીને ચેતન કે અચેતન પદાર્થોનો ભોગ અજ્ઞાની જેવા હોવા છતાં રાગાદિના સદ્ભાવનો અભાવ હોવાના કારણે એટલે કે અસ્થિરતાનો રાગ હોય છે પણ રુચિપૂર્વકનો રાગ હોતો નથી તેથી જ્ઞાનીને બંધનનું કારણ થતું નથી પણ નિર્જરાનું કારણ થાય છે. જ્ઞાનીને પૂર્વ પ્રારબ્ધના કારણે અજ્ઞાનીના જેવા જ સંયોગો હોવા છતાં અજ્ઞાની નવાં કર્મથી બંધાય છે અને જ્ઞાનીને કર્મોની નિર્જરા થાય છે.

અજ્ઞાનીને પરના ગ્રહણ-ત્યાગનો અભિપ્રાય હોવાથી તેને ભોગી કહ્યો છે પછી ભલે તે બહારમાં સંયોગ રહિત દેખાતો હોય અને પરનાં ગ્રહણ—ત્યાગ મારામાં નથી એવી જ્ઞાનીની માન્યતા હોવાથી, સંયોગો હોવા છતાં તેને નિર્જરા થાય છે. જ્ઞાનીને જૂનાં કર્મો ખરી જાય છે, જ્ઞાનીને જરા

રાગદ્વેષના પરિણામ થાય છે પણ તેની અહીં ગૌણતા છે. વાસુદેવનું મડદું છ મહિના સુધી બળદેવે ફેરવ્યું હતું, તે આસક્તિનો રાગ હતો છતાં તેમાં પૂર્વ કર્મો નિર્જરે છે કેમ કે સ્વભાવ દ્રષ્ટિ ચૂકીને તે રાગ થયો નથી. સ્વભાવદ્રષ્ટિનું આ મહાત્મ્ય છે. આ સ્વભાવદ્રષ્ટિ ચૂકીને જે કાંઈ કરવામાં આવે તેથી આત્માને કિંચિત્ માત્ર પણ લાભ નથી.

# પ્રસાદ નં. -૨૧૦

## સમયસાર ગાથા ૧૯૩

(વૈશાખ વદ ૧૦, ૨૦૦૭)

## સમ્યગ્દ્રષ્ટિને ભોગ નિર્જરાનું કારણ છે

જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે. તે સમ્યગ્દ્રષ્ટિની વાત છે. તેને દ્રવ્યનિર્જરા કેવી રીતે હોય છે, તેની આ ગાથા છે.

**ભાવાર્થ :**—હું ચૈતન્ય જ્ઞાતા છું એવી અંતરદ્રષ્ટિથી વિકાસ થાય છે, એવી માન્યતા સમ્યગ્દ્રષ્ટિને હોય છે. તેને રાગદ્વેષમોહ રહ્યો નથી. તેથી વિરાગી કહ્યો છે. સમ્યગ્દ્રષ્ટિને બધા પ્રત્યે વૈરાગ્ય છે. પરના કારણે મને સુખ નથી. મારું સુખ આનંદકંદ ચૈતન્યઘનમાં છે. ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દ્રષ્ટિ જીવને લોકના બધા પદાર્થો પ્રત્યે વૈરાગ્ય છે. ઇંદ્રિયનો ભોગ હોય તો પણ તેના તરફ રુચિ નથી.

પૂર્વના પ્રારબ્ધને લીધે અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો હોય, તેનો ભોગવટો, જ્ઞાની કે અજ્ઞાની કરી શકતો નથી. અજ્ઞાની સંયોગ વખતે મિથ્યાભ્રાંતિ ઉત્પન્ન કરે છે કે હું સંયોગને ભોગવું છું અને એનાથી મને સુખ—દુઃખ થાય છે. જ્ઞાની માને છે કે આત્મા ઇંદ્રિયોને સ્પર્શતો નથી. પર પદાર્થોને આત્મા ભોગવતો નથી. પણ અજ્ઞાનીને લાગે છે કે જ્ઞાની સંયોગને ભોગવે છે. તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે ધર્મી જીવ ઇંદ્રિયો વડે ભોગ ભોગવે છે. પણ ખરેખર તો તેને તે વખતે પણ નિર્જરા થાય છે.

## સમ્યગ્દ્રષ્ટિને ઇંદ્રિયો વડે ભોગ દેખાતો હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.

જ્ઞાનીને ચેતન—અચેતન પદાર્થો તરફ લક્ષ જતાં તેની અંતર્મુખ દ્રષ્ટિ ખસતી નથી. આ સંયોગો તે હું નહિ એમ તે માને છે. મસાણમાં મડદાને ચંદનના લાકડે બાળે તો તેને રાગ થતો નથી અને ખાડામાં નાખે તો દ્વેષ થતો નથી, એમ જ્ઞાનીને પ્રારબ્ધથી મળેલા ચેતન કે અચેતન પદાર્થોનો ભોગ હોવા છતાં તેને એકત્વબુદ્ધિનો રાગ નહિ હોવાથી જૂનાં કર્મો નિર્જરી જાય છે.

કોઈ સમ્યગ્દ્રષ્ટિ બળદ કે ગાય હોય એને ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન છે. તે ખેતરમાં લીલામોલ ચરતો હોય, તે વખતે પણ તેને જૂનાં કર્મો ટળે છે—નિર્જરા થાય છે કેમ કે તેને ચૈતન્યદ્રષ્ટિનું જોર છે. રાગને ગૌણ કરીને ચૈતન્યદ્રષ્ટિના વિષયમાં તે પડ્યો છે, તેથી તેને જૂનાં કર્મો બળે છે અને

નવાં કર્મ બંધાતા નથી. અજ્ઞાની ત્યાગી થઈને સામાયિક, પોષધ પ્રતિક્રમણ આદિની ક્રિયામાં બેઠો હોય, પણ તે ક્રિયા મારાથી થાય છે અને તે ધર્મનું કારણ છે એવી દ્રષ્ટિ હોવાને કારણે તે નવાં કર્મો બાંધે છે, તેને જરાપણ નિર્જરા નથી.

## "જ્ઞાની જાણે છે કે ભોગની સામગ્રી પરદ્રવ્ય છે મારે અને તેને કાંઈ નાતો નથી."

જ્ઞાનીને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. ભોગની લાગણી થાય છે, તેની ગૌણતા છે. ચક્રવર્તી છ ખંડના રાજ્યમાં પડ્યો હોય, હીરાના થાળમાં શાક ખાતો હોય, તેને ત્યાં હજારો મણ લીલાં શાક થતાં હોય, પણ તે માને છે કે હું તો ચૈતન્ય જ્ઞાતા છું. હું પર પદાર્થને ભોગવતો નથી. અજ્ઞાની સંયોગોને સ્વીકારે છે અને જ્ઞાની સ્વભાવને સ્વીકારે છે. તે દ્રષ્ટિ ફેરે ફેર છે. સામગ્રી અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, પણ જ્ઞાની માને છે કે તે મારાથી ભિન્ન છે અને અજ્ઞાની સામગ્રીથી હરખ અને શોક કરે છે. જ્ઞાની માને છે કે મારે ને પરદ્રવ્યને કાંઈ નાતો નથી. અજ્ઞાની પરદ્રવ્ય સાથે નાતો માને છે. પર પદાર્થથી લાભ-નુકશાન માને છે. જ્ઞાની પર પદાર્થથી લાભ-નુકશાન માનતા નથી. અજ્ઞાની પુણ્યની સામગ્રીમાં, સ્વરૂપ સત્તાની શાંતિને ચૂકી જાય છે, જ્ઞાની ચૂકતો નથી.

## "ભોગની સામગ્રીનો સંયોગ—વિયોગ પૂર્વકર્મના ઉદયના કારણે થાય છે એમ જ્ઞાની માને છે."

જ્ઞાની માને છે કે આ ભોગની સામગ્રી પૂર્વ પ્રારબ્ધના કારણે મળી છે, તેનાથી હું ભિન્ન છું તે સામગ્રીથી મને સુખદુઃખ નથી પણ જ્યાંસુધી ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે અને પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી, ત્યાંસુધી ભોગ ઉપભોગ સામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે છે. જ્ઞાનીને ભાન છે, પણ પર્યાયમાં બળહીન છે. રાગ થાય છે, તે પરને લઈને થતો નથી. પણ તે સ્વભાવનું કાર્ય નથી, એમ બતાવવા ચારિત્રમોહના ઉદયના કારણે થાય છે એમ કહ્યું છે. પણ ખરેખર તો પુરુષાર્થ જેવો જોઈએ તેવો ઉગ્ર નથી તેથી રાગમાં જોડાય છે. ભોગઉપભોગની સામગ્રીને આત્મા મેળવી શકતો નથી, છતાં અલ્પ રાગ છે, તેના કારણે સામગ્રી ઉપર લક્ષ જાય છે. દાળ, ભાત, શાક આદિ પદાર્થોનો ભોગ કહેવાય છે અને સ્ત્રી, વસ્ત્રાદિનો ઉપભોગ કહેવાય છે, તે સામગ્રીઓ

વડે જ્ઞાની વિષયરૂપ ઇલાજ કરે છે એમ કહ્યું છે. છતાં દ્રષ્ટિ તો ત્રિકાળ સ્વભાવ ઉપર જ છે.

જેમ રોગી, રોગની પીડાને સહન કરી શકતો નથી ત્યારે તે ઔષધિ આદિ વડે ઇલાજ કરે છે પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી તેમ જ્ઞાની હરખ-શોક આદિના ભાવોને તેમ જ સામગ્રીને ભલી જાણતો નથી. ત્રિકાળ સ્વભાવ ઉપર તેની દ્રષ્ટિ છે, તેથી રાગને રોગ જાણે છે, તેથી ઇલાજ કરતો દેખાય છે. શરીરમાં રોગ થાય ત્યારે નબળાઈથી થતા અલ્પ દ્વેષને લઈને બૂમ પાડતો પણ દેખાય, છતાં તેના પ્રત્યે જ્ઞાનીને રુચિ નથી. એ મારી ચીજ નથી. હું તો ચિદાનંદ છું. હરખ-શોક દેખાય છતાં એ તો રોગનાં ગૂમડાં છે. તે ચૈતન્યની જાતના નથી—એમ જાણીને રોગીની જેમ તેને ભલા જાણતો નથી. અજ્ઞાની પુણ્ય-પાપ અને સામગ્રીને ભલી જાણે છે. કુટુંબ, સ્ત્રી, પૈસો, મકાનાદિને ભલા જાણે છે. જ્ઞાની જાણે છે કે પુણ્ય અને પુણ્યના ફળ, તે હું નહિ. મારા અંતર-બાગમાં પુણ્ય અને છોકરાં નથી. તેથી જ્ઞાનીને નિર્જરા થાય છે. જ્ઞાનીને અલ્પ રાગ છે, તે કાંઈ નિર્જરાનો હેતુ નથી. જો તે નિર્જરાનો હેતુ હોય તો વધારે રાગ કરે તો વધારે નિર્જરા થવી જોઈએ, પણ એમ બનતું નથી. અહીં તો દ્રષ્ટિના જોરમાં સ્વભાવનું વર્ણન કરતાં તેને એકત્વબુદ્ધિનો રાગ હોતો નથી એટલે નિર્જરા કહી છે.

## સમ્યગ્દ્રષ્ટિ ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે, તેના પ્રત્યે તેને રાગ-દ્વેષ-મોહ નથી.

જ્ઞાનીને જરા મલિન પરિણામ થાય એટલે જરા રાગદ્વેષની લાગણી થઈ આવે છતાં દ્રષ્ટિના જોરમાં તેને ગણે નહિ. જેમ ખેતરના મોલમાં તરણાં ઊગે છે, તે નિંદણ કરવા માટે છે; તેમ જ્ઞાની માને છે કે મારા આત્મ-ખેતરમાં શાંતિના મોલ પાકે છે, તેમાં જરા રાગના પરિણામ થાય છે, તે કાઢી નાખવા જેવા છે. તે મોલની જેમ રાખવા માટે નથી. એટલે જ્ઞાનીને જે રાગદ્વેષ થાય છે, તેને તે માત્ર જાણી લે છે. સમ્યગ્દ્રષ્ટિનું માહાત્મ્ય શું છે? તે કહે છે. અજ્ઞાનીને કિંમત આવતી નથી. દયા, દાન, ભક્તિ આદિમાં વ્યવહારે તો ધર્મ છે ને ? એમ કહીને અજ્ઞાની આત્માના માહાત્મ્યને ચૂકી જાય છે. પણ નિશ્ચય સ્વભાવ પ્રગટ થયા વિના સાચો વ્યવહાર પણ હોય નહિ, તેની અજ્ઞાનીને ખબર નથી.

જ્ઞાની જગતના બધા તમાસાનો તમાસગીર છે. સંસારમાં રહ્યા છતાં આવી દ્રષ્ટિ થઈ શકે છે. જેમ નાટક સીનેમા જોવા જાય અને ત્યાં રાજારાણી

વગેરે સ્વાંગ આવે, તો જોનાર એમ માને નહિ કે હું રાજા છું. તે માત્ર જાણી લે છે કે આ રાજા છે, આ રાણી છે અને તે માત્ર સ્વાંગ છે. ઇંદ્રના ઇંદ્રાસન બતાવે છે કે કોઈને મરતાં પણ બતાવે. ત્યાં જોનાર, આ મારા ઘરમાં થાય છે, એમ માનતો નથી. માત્ર જાણી લે છે, મારે ને એને કાંઈ લેવા દેવા નથી. એમ જ્ઞાની આ જગતમાં સંયોગોનો ગમે તેવો ફેરફાર થાય તો તેનો તમાસગીર છે. છોકરો હોય, પૈસા હોય અથવા તો છોકરાં જાય કે પૈસા જાય પણ તેનો તમાસગીર છે.

ચક્રવર્તીની પટરાણી પણ સમ્યગ્દ્રષ્ટિ હોય છે. શરીરના અંગો ઘણા સુંદર હોય છે પણ તે શરીરના કારણે સુખ છે, તેમ માનતા નથી. ૯૬,૦૦૦ રાણીઓમાં તે પટરાણી છે. છતાં તે પુણ્યના યોગમાં જાણનાર રહે છે. અહીં તો અજ્ઞાનીને જરા બહારમાં પુણ્ય અને શાતાનો ઉદય હોય તો ફૂલ્યો ફાલ્યો ફરે છે. જ્ઞાનીને અલ્પ રાગ થાય છે, તે કાઢી નાખવા માટે હોય છે. એમ જાણીને જ્ઞાતાપણાને લીધે ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી લે છે. તેના પ્રત્યે રાગ-દ્વેષ-મોહ નથી. સ્વરૂપમાં સાવધાની છે. આ રીતે રાગ-દ્વેષ-મોહ વિના જ પૂર્વના પ્રારબ્ધના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી. જ્ઞાની વિભાવ અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ માને છે. તે વિવેકને લીધે, તેને રાગાદિ થતા નથી તેથી નવાં કર્મો આવતાં નથી અને આસ્રવ વિના આગામી બંધ પણ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ લઈને ખરી જ જાય છે. કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ.

રામચંદ્રજી જેવા જ્ઞાની, સીતાજી ખોવાયાં છે ત્યારે રાગ હોવાના કારણે ડુંગરને, પક્ષીને, ઝાડને પૂછે છે કે સીતા ક્યાં છે ? પણ અંતરમાં આત્મદ્રષ્ટિને ચૂકતા નથી. બળદેવ હતા, શલાકા પુરુષ હતા, જરા રાગ આવ્યો છે, તેના અને બોલવાની ક્રિયા જડની છે, તેના, તમાસગીર છે. આત્માને ભૂલતા નથી. બળદેવ છ મહિના સુધી વાસુદેવનું મડદું ઉપાડીને ફરે છે અને કહે છે કે મારો ભાઈ મરે નહિ. અજ્ઞાનીને લાગે છે કે છ મહિના સુધી મડદાની ખબર પડી નહિ, પણ અહીં તો જ્ઞાનીને એવો અલ્પરાગ થયો છે, તેના પણ તેઓ જાણનાર છે.

સીતાજી પેટમાં બે જીવ સહિત હતા. લવ ને કુશ હતા. રામચંદ્રજીએ રથવાળાને હુકમ કર્યો કે જંગલમાં મુકી આવો. જંગલમાં સીતાજી સારથીને કહે છે કે રામચંદ્રજીને કહેજે કે લોક ખાતર મને તો છોડી, પણ ધર્મને છોડે નહિ. આંખમાંથી આંસુની ધારા વહે છે પણ આત્માનું ભાન છે. તે આંસુની

ધારા જડની ક્રિયા છે અને અલ્પ દ્વેષભાવ થયો છે, તેનો હું જાણનાર છું એમ અંતરદ્રષ્ટિને ભૂલતા નથી. ટાણાં આવ્યા, અગ્નિમાં પરીક્ષા લીધી. સીતાજી તો મહાસતી હતા. તેમને રામચંદ્રજી સિવાય બીજે દ્રષ્ટિ થઈ ન હતી. પૂર્વનાં પુણ્ય હતાં એટલે અગ્નિમાં કમળ થઈ ગયું. વૈરાગ્ય આવ્યો કે અહો રામચંદ્રજી જેવાએ પરીક્ષા લીધી—એમ વૈરાગ્ય લાવી દીક્ષા લઈ, અર્જિકા થયા. ટાણાં આવ્યાં ત્યારે રાગ ઘટાડી દીધો છે. અંતરની ઓળખાણ વગર આવો પુરુષાર્થ હોય નહિ.

અંજના સતી જંગલમાં પણ હું ચૈતન્યમૂર્તિ છું એવા આત્માને ભૂલ્યા નથી. સાસુએ આળ મૂકી જંગલમાં મૂક્યા પણ ચૈતન્યનું શરણ છે, તેને ચૂક્યા નથી. એમ ધર્મી અંતર સ્વરૂપના શરણે જાણનાર રહે છે. તેને પરમાં પ્રીતિ-અપ્રીતિ થતી નથી. મિથ્યાદ્રષ્ટિને પર ઉપર દ્રષ્ટિ છે. સાધુ થાય, પણ સંસારનું રખડવું મટે નહિ. બહારની ક્રિયાકાંડથી પત્તો ખાય એમ નથી. તેણે આખા આત્માને મૂકી દીધો છે એનું ભાન નથી.

જ્ઞાનીને કર્મ આસ્રવતું નથી, નવું કર્મ આવતું નથી. આગામી બંધ નથી, પરમાણુ પૂર્વનાં આવ્યા તે છૂટતા જાય છે, તે દ્રવ્યનિર્જરા છે. કેરી ડીંટડેથી ખરે તે પાછી ચોંટે નહિ, એમ કર્મ સત્તામાંથી ઉદયમાં આવે તે ખરી જાય છે. તે પાછા ઉદયમાં આવે નહિ. ગરમ ધાબળો પાણીમાં પલાળીને ઊંચો રાખ્યો હોય તો પાણી ઝરી જાય છે, તેમ આત્માને અનાદિથી અજ્ઞાનમાં બોળી રાખ્યો હતો પણ સ્વભાવદ્રષ્ટિએ જાણનાર—દેખનાર છું એમ આત્માને અધિક જાણીને ઊંચો કર્યો, તેને રાગદ્વેષ થતા નથી તેથી જૂનાં કર્મો ખરી જાય છે.

અજ્ઞાનીને બહારની પદવી મળે તો ખુશી થાય છે. એનું માહાત્મ્ય આવે છે પણ આત્માની પદવી સિદ્ધ જેવી છે. તેને તે જાણતો નથી. લૌકિક બધી પદવી મૂઢતાની પદવી છે. જ્ઞાની તે પદવીને પોતાની માનતા નથી. તે તો સિદ્ધની પદવીને પોતાની માને છે. આત્માને બહારની પદવીની ઉપમા નથી—એમ જ્ઞાની માને છે. આ રીતે જ્ઞાનીને નવો બંધ થતો નથી. દિવસના લાખો રૂપિયા કમાતો હોય, તેમાં કદાચ બે આનાનું વ્યાજ ભરવું પડતું હોય, તે ગણાય નહિ. તેમ જ્ઞાનીને સ્વભાવની રુચિ છે, તેમાં નબળાઈથી અલ્પ રાગ થાય, તે ગણાતા નથી. આમ ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી જ્ઞાનીને કેવળ નિર્જરા જ થાય છે. માટે સમ્યગ્દ્રષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવે છે. પૂર્વકર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું, તે દ્રવ્ય નિર્જરા છે. ॥૧૯૩॥

# પ્રસાદ નં. ૨૧૧

## <u>સમયસાર ગાથા ૧૯૪</u>

(વૈશાખ વદ ૧૧, ગુરુવાર, ૨૦૦૭)

હવે ભાવ નિર્જરાનું સ્વરૂપ કહે છે.

આત્મા છે, તેનું મૂળસ્વરૂપ તો શાંતિ અને સુખમય છે. તેની વર્તમાન હાલતમાં પુણ્ય-પાપ રૂપી વિકાર દેખાય છે, તે મલિનભાવ છે. તે મલિનતા રહિત શુદ્ધ જ્ઞાતાદ્રષ્ટા નિત્ય ધ્રુવ એકરૂપ મારો સ્વભાવ છે, એમ ભાન થતાં અવસ્થામાં નિર્મળતાના અંશો પ્રગટ થાય છે અને મલિનતાના અંશોનો નાશ થાય છે. તે ભાવ નિર્જરા છે. વર્તમાન સુખ અને શાંતિ હોય તો સુખ પ્રગટ કરવા માગે નહિ, પણ સુખ લેવા માગે છે તો વર્તમાનમાં સુખ નથી એમ સાબિત થાય છે. સુખ તો મારા સ્વભાવમાં છે, પરમાં નથી એવા ભાનથી આત્મામાં શાંતિ પ્રગટ થાય છે અને દુઃખનો નાશ થાય છે.

### <u>ગાથા ૧૯૪</u>

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય, સુખ વા દુઃખ થાય છે,**
**એ ઉદિત સુખ દુઃખ ભોગવે, પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.**

**<u>અન્વયાર્થ :</u>**—વસ્તુ ભોગવવામાં આવતાં, સુખ અથવા દુઃખ નિયમથી ઉત્પન્ન થાય છે. ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા તે સુખદુઃખને વેદે છે—અનુભવે છે, પછી તે સુખ દુઃખના ભાવ નિર્જરી જાય છે.

આ વિષય એટલો બધો ઝીણો છે કે શાંતિથી સાંભળે અને વિચારે તો સમજાય એવો છે. પૂર્વના પ્રારબ્ધને લઈને વર્તમાનમાં અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં જ્ઞાનીને (પણ) આત્માનું ભાન હોવા છતાં પણ નબળાઈના કારણે જરા સુખદુઃખની લાગણી થઈ આવે છે. તેથી પરદ્રવ્યને ભોગવવામાં આવતાં જ્ઞાનીને સુખદુઃખ નિયમથી થાય છે એમ કહ્યું છે, પણ ખરેખર જ્ઞાની પરદ્રવ્યને ભોગવતો નથી. ધર્મી જીવ એમ માને છે કે મારું સુખ મારામાં છે, પરમાં નથી. હું સુખથી ખાલી નથી, પણ સુખથી પૂર્ણ ભરેલો છું. જ્ઞાતા દ્રષ્ટા સાક્ષીપણે રહેવામાં સુખ છે. એમ જાણવા છતાં સંયોગ વખતે જરા હરખ—શોકના પરિણામ જ્ઞાનીને થાય છે.

અજ્ઞાની તો પરપદાર્થની સત્તામાં આત્માનું સુખદુઃખ માનીને અનુકૂળ—પ્રતિકૂળ સંયોગોમાં તન્મય થઈ જાય છે, તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે. અજ્ઞાની વિકારનું વેદન કરી રહ્યો છે અને જ્ઞાની સમજે છે

કે સંયોગો તે હું નહિ, વર્તમાન નબળાઈથી હરખ શોકના પરિણામ થાય એટલો પણ હું નહિ, મારું કાયમનું સ્વરૂપ અવિકારી છે, એવી દ્રષ્ટિમાં સુખદુઃખની કલ્પના થાય છે, તે ખ્યાલમાં આવે છે પણ ચૈતન્યનું ભાન હોવાથી તેનો સ્વામી થતો નથી, તેથી તેને ક્ષણે ક્ષણે અશુદ્ધતાનો નાશ થતો જાય છે.

## "જ્ઞાનીને સુખદુઃખના પરિણામ થવા છતાં તે નિર્જરા કરે છે, અજ્ઞાની બંધાય છે."

આત્મા વસ્તુ છે કે નહિ ? જો છે તો તે અનાદિઅનંત ધ્રુવ છે. તેને પરપદાર્થની જરૂર પડે એમ બને નહિ. પરની જરૂર પડે એ ઓશિયાળી અને ભિખારી વૃત્તિ છે. પોતાના અંતર સ્વરૂપમાં આનંદ છે, તેને અજ્ઞાની માનતો નથી તેથી સુખદુઃખના વેદનમાં એકત્વબુદ્ધિ કરી રહ્યો છે. તેથી પહેલા સમયની મલિનતા બદલતા છતાં નવું બંધન થાય છે. જ્ઞાનીને આત્માના ભાનમાં—અધિકપણાના જોરમાં હરખ શોકની દશા પહેલે સમયે થઈ, એવી બીજે સમયે થતી નથી. એટલે કે તે મલિનતાનો ક્ષણે ક્ષણે નાશ થતો જાય છે.

આ ગાથામાં ભાવ નિર્જરાની વાત છે. ગાથા ૧૯૩માં પૂર્વનું જડકર્મ ક્ષણે ક્ષણે નિર્જરે છે, એમ કહ્યું હતું. અહીં આત્માની અશુદ્ધતાનો નાશ થતો જાય છે, તે વાત કરે છે, ચૈતન્યમાં શાંતિનો વિકાસ થાય, તેમ માન્યતા થતાં અલ્પ હરખ શોક થાય, તેનો સમયે સમયે નાશ થતો જાય છે.

ટીકા :—જેમ ગાયના આઉમાં દૂધ હોય તે ભીંસ દઈને બહાર કાઢે તેમ ગાથામાં જે કહ્યું છે, તે ટીકા દ્વારા સ્પષ્ટ કરે છે. રહસ્યને ખોલી સ્પષ્ટ સમજાવવું તેને ટીકા કહે છે.

"પરદ્રવ્યને ભોગવવામાં આવતાં" એમ પાઠ છે. તેનો અર્થ એમ છે કે ખરેખર આત્મા પરદ્રવ્યને એટલે કે સ્ત્રી, વસ્ત્ર, પૈસા, લાડવા, ગાદલાં વગેરે કોઈને ભોગવતો નથી. કેમ કે આત્મા સ્વપણે છે અને પરપણે નથી, એટલે કે સ્ત્રી, શરીર, પૈસા વગેરે પણે નથી. જેવી રીતે એક આંગળીમાં બીજી આંગળીનો અભાવ છે, આંગળી સ્વથી ભાવ સ્વરૂપ છે અને બીજી આંગળીથી અભાવ સ્વરૂપ છે, તે એક બીજામાં પ્રવેશ કરે નહિ, તેમ ચૈતન્ય આત્મા સ્ત્રી, લાડવા, શરીરાદિમાં પ્રવેશ કરે નહિ અને પરપદાર્થમાં ચૈતન્ય પ્રવેશ કરે નહિ તેથી પરપદાર્થને આત્મા ભોગવી શકતો નથી. પણ અનાદિથી અજ્ઞાનદશામાં પરપદાર્થને લક્ષમાં લઈને તેને ભોગવું છું એમ

અજ્ઞાની માની રહ્યો છે, તેથી "પર પદાર્થને ભોગવવામાં આવતાં" એમ કહ્યું છે.

આ રીતે પરપદાર્થને ભોગવતાં તેના નિમિત્તે સુખદુઃખ રૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે, અર્થાત્ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની ચૈતન્ય સત્તાને ચૂકીને સંયોગમાં સુખદુઃખ માને છે, સ્વભાવનું ભાન થતાં તે ભ્રમણા ટળી કે પરવસ્તુના કારણે સુખદુઃખ ન હોય, પણ નિર્બળતાના કારણે હરખ શોક થાય છે. સાધકદશામાં નિયમથી હરખશોકના પરિણામ થાય છે. જ્ઞાની પરથી સુખદુઃખ માનતો નથી પણ સંયોગ આવ્યો અને હજુ સર્વથા વેદન છૂટ્યું નથી, અજ્ઞાનીને તેનો વિવેક નથી પણ ધર્મીજીવ તો એને કહીએ કે ચૈતન્ય જાણનાર–દેખનારની સાથે વણાયેલો આનંદ તે હું જ છું, જરા રાગદ્વેષના પરિણામ થાય છે, તે મારો સ્વભાવ નથી એમ જાણે છે. તેથી ક્ષણે ક્ષણે મલિનતા ટળતી જાય છે ને શુદ્ધિની વૃદ્ધિ થાય છે.

## "જ્ઞાની અજ્ઞાની બન્નેને સંયોગોમાં શાતા અશાતાનું વેદન નિયમથી હોય છે"

જેમ શરીરમાં ઝાડો ને પેશાબ ભર્યા હોય, તેને રાખવાનો ભાવ નહિ હોવા છતાં પાયખાને પહોચતાં સુધી તે શરીરમાં રહે છે, તેમ જ્ઞાનીને હરખશોકના પરિણામ થાય છે, તે સાધકદશામાં પૂર્ણ વિકાસ નથી તેથી થાય છે. પણ તેને રાખવાનો તે કામી નથી. તે પરિણામો શાતા–અશાતારૂપ બે પ્રકારના હોય છે. જ્યારે તે સુખરૂપ અને દુઃખરૂપ ભાવ વેદાય છે ત્યારે મિથ્યાદ્રષ્ટિને રાગાદિભાવના સદ્‌ભાવથી બંધનું નિમિત્ત થઈને તે ભાવ નિર્જરવા છતાં ખરેખર નહિ નિર્જરતો થકો જ બંધ થાય છે. અજ્ઞાનીને સ્વભાવનું ભાન નહિ હોવાથી, તે બીજાથી શાંતિ માને છે. જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોતી નથી. જરા મલિનપણું જ્ઞાનીને થાય છે, કેમકે પૂર્ણ દશા થઈ નથી. એટલે શાતા-અશાતાના ઉદયમાં જરા સુખદુઃખ થાય છે—પર્યાયમાં અનુભવાય છે. સંયોગો વખતે જ્ઞાની અજ્ઞાની બન્નેને સુખદુઃખ થાય છે પણ તે વખતે અજ્ઞાની ચૈતન્ય સ્વભાવને ભૂલીને એકમેક થઈ જાય છે, તેથી તેને નવો બંધ થાય છે. એટલે જૂની અશુદ્ધતા નાશ થવા છતાં નવા બંધમાં નિમિત્ત થવાથી, નવા બંધનું કારણ થાય છે અને જ્ઞાનીને નિર્જરા થાય છે.

અજ્ઞાની પરમાં એકમેક થઈ જાય છે. પચાસ વર્ષે પુત્રનો જન્મ થયો એટલે ખુશી થાય છે. એમાં તાર આવ્યો કે દીકરી રાંડી, ત્યાં શોકની કલ્પના ઊભી કરે છે, પણ તે કાયમની ચીજ નથી એમ જાણતો નથી. વીસ વરસનો દીકરો મરે, ત્યારે શોક થાય અને બે વરસે બીજો દીકરો પરણે, ત્યારે ધામધૂમથી લગ્ન કરે, કલ્પના ફેરવ્યા કરે છે. તે કાયમનું સ્વરૂપ નથી છતાં તેમાં અજ્ઞાની રુચિ કર્યા કરે છે. હરખ વખતે હરખરૂપ માને છે અને શોક વખતે શોકરૂપ માને છે. સંયોગથી સુખદુઃખ માને છે, તેથી નવો બંધ કરે છે. જોકે પહેલાની અવસ્થા બદલી જાય છે છતાં રુચિ હોવાથી નવી અવસ્થા હરખ શોકની વધારે છે, તેથી બંધાય છે. અહીં રજકણના બંધની વાત નથી. વર્તમાન હરખશોક થયો, તેમાં આખું સ્વરૂપ માન્યું છે. તેથી જૂની અવસ્થાનો વ્યય થવાં છતાં તે નવા બંધમાં અજ્ઞાનીને નિમિત્ત થાય છે, નવી અવસ્થામાં પરમાં રૂચિ ન કરે તો જૂની અવસ્થાને ખરેખર નિર્જરા કહેવાય પણ અજ્ઞાની તો પરમાં નવી રુચિ કર્યા જ કરે છે, તેથી તેને જૂની અવસ્થા પલટતી હોવા છતાં તે નવા બંધમાં નિમિત્ત થઈને છૂટે છે એટલે ખરેખર નિર્જરા થતી નથી.

## “જૂની અવસ્થા અજ્ઞાનીને બંધમાં નિમિત્ત થાય છે અને જ્ઞાનીને નિર્જરામાં નિમિત્ત થાય છે.”

પરંતુ સમ્યક્દ્રષ્ટિને રાગાદિ ભાવોના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ કેવળ જ નિર્જરતો હોવાથી ખરેખર નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે. ધર્મી જીવ તો જાણે છે કે હું ચૈતન્ય આનંદઘન છું. મારી દશામાં હરખશોકના પરિણામ થાય તે હું નહિ. વિકારના સ્વામીપણાના અભાવથી તેને નવું બંધન થતું નથી અને જૂના વિકારનો અભાવ થતો હોવાથી એટલે બદલતો હોવાથી, તેને નિર્જરા થાય છે. નબળાઈના કારણે હરખશોક થતો હતો પણ દ્રષ્ટિના જોરને લીધે તેમાં એકત્વબુદ્ધિ નથી, તેથી તે વિકાર બંધનું નિમિત્ત થયા વગર, છૂટી જાય છે, એટલે નિર્જરા થાય છે.

કેવળજ્ઞાનીને તો બિલકુલ હરખશોક હોતા જ નથી. અહીં તો સાધકદશાની વાત છે. સમ્યક્દ્રષ્ટિને હરખશોક થવા છતાં તેની રુચિ નથી તેથી બંધન થતું નથી. એટલે અશુદ્ધતા ટળી જાય છે. દ્રષ્ટિ યથાર્થ થયા વગર આ વાત સમજાય એમ નથી.

ગાથા–૧૯૩માં દ્રવ્ય નિર્જરા અને ગાથા ૧૯૪માં ભાવ નિર્જરા—એમ બે ગાથામાં બે વાત સિદ્ધ કરી છે. જ્ઞાનીને દ્રવ્ય કર્મ તથા અશુદ્ધતા ટળતી જાય છે અને અજ્ઞાનીને નવાં કર્મ બંધાય છે અને મલિનતા થતી જાય છે અને નિર્જરા થતી નથી અને જ્ઞાનીને નિર્જરા થાય છે.

# પ્રસાદ નં. ૨૧૨

## સમયસાર ગાથા ૧૯૪

(વૈશાખ વદ ૧૨ શુક્રવાર, ૨૦૦૭)

આ ભાવ નિર્જરાની ગાથા છે. એટલે શું ? આત્મા નિત્ય ધ્રુવ જ્ઞાન અને શાંતિરૂપ પદાર્થ છે. તેની અવસ્થામાં જે વિકાર થાય છે, તે જ્ઞાનીને ઝરી જાય છે અને અજ્ઞાનીને નવા બંધનમાં નિમિત્ત થાય છે. જ્ઞાનીને અખંડ આત્મદ્રષ્ટિ હોવાથી અંશબુદ્ધિ થતી નથી. હું ચિદાનંદ આનંદકંદ છું એવા ભાનમાં પૂર્વકર્મના ઉદયે જ્ઞાનીને જે હરખશોક થાય છે, તે ઉદય આવે તે ક્ષણે વેદન હોય છે પણ બીજે સમયે તે ખરે છે.

વિકાર હોવા છતાં બીજે સમયે ખરી જાય છે—ઝરી જાય છે. જ્ઞાની કે અજ્ઞાની બન્નેને આ રીતે પહેલા સમયનો વિકાર ખરી જવા છતાં કોને બંધનું નિમિત્ત થાય છે અને કોને નિર્જરા થાય છે, તે કહે છે.

ખરેખર કોઈ પરદ્રવ્યને ભોગવતું નથી, પણ અજ્ઞાનીને હું જ્ઞાતા છું એવું વલણ નથી તેથી તે એમ માને છે કે હું પરદ્રવ્યને ભોગવું છું. જે સમયે વિકાર થાય છે, તે સમયે અજ્ઞાની તેને વેદે છે—ભોગવે છે અને બીજે સમયે વિકારનું સ્વામીપણું ચાલુ રાખે છે. તેથી પહેલા સમયનો વિકાર ખરવા છતાં તે નવાં બંધનમાં નિમિત્ત થાય છે. પૂર્વની અવસ્થા, નવી અવસ્થાને નિમિત્ત થાય છે. નિમિત્ત કહો કે વ્યવહાર કહો, તે એક જ છે. તે વિકાર ખરી જવા છતાં અજ્ઞાનીને ખર્યો કહેવાતો નથી.

ગાથા સૂક્ષ્મ છે. આત્મા નિત્ય છે. તેની અવસ્થા સમયે સમયે પલટે છે. શરીરાદિ પર ચીજ છે, તેની અહીં વાત નથી. આત્મા ત્રિકાળ અને તેની વર્તમાન પર્યાય—બેની વાત છે. જેને ત્રિકાળી ધ્રુવ સ્વભાવની રુચિ નથી, તેને વર્તમાન અનિત્ય પર્યાયની રુચિ છે. તેથી તેને નવા બંધનમાં જૂની પર્યાય નિમિત્ત થાય છે. સમ્યક્દ્રષ્ટિને ત્રિકાળની રુચિ છે પણ વર્તમાનની રુચિ નથી. તે જાણે છે કે જ્ઞાન મારું રૂપ છે. વિકાર મારું રૂપ નથી. તેથી વર્તમાન હરખ-શોક જેટલો હું નથી. એવા ભાનના કારણે ભાવબંધન થયા વગર કેવળ નિર્જરતો હોવાથી નિર્જરા જ થાય છે.

બાહ્યમાં ઉપવાસાદિ કરે તો નિર્જરા થાય, એમ અજ્ઞાની માને છે. પણ તે નિર્જરાનું સ્વરૂપ નથી. નિર્જરા તો આત્મામાં થાય છે. કેવળ ચૈતન્યનો જ આદર હોય, તેને તપશ્ચર્યા કહેવાય. જ્ઞાનીને આત્માનું ભાન છે, એટલે

વિકાર ઘણો ઓછો થાય છે. છતાં કર્મના ઉદયમાં વિકાર નિયમથી થાય છે એમ કહ્યું છે. કેમકે સાધકદશા હોવાથી કર્મના ઉદય વખતે હરખશોકના ભાવ થાય છે અને જ્ઞાની તેને વેદે છે, પણ તે બીજે સમયે ખરી જાય છે. અજ્ઞાની પણ કર્મના ઉદયે હરખશોકના ભાવ થાય છે, તેને વેદે છે પણ તેને નિર્જરતો નથી. જ્ઞાનીને વેદન છે પણ નિર્જરે છે, તેમ કહ્યું છે. જ્ઞાનીને વિકાર ઓછો થાય છે, તેમ અહીં કહ્યું નથી, પણ અહીં તો ઉદયમાં આવે છે, તે ખરી જ જાય છે અને અજ્ઞાનીને ખરતો નથી પણ બંધનનું નિમિત્ત થાય છે, તેમ વાત લીધી છે.

ભાવાર્થ :—પરદ્રવ્યને ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે. મિથ્યાદ્રષ્ટિને રાગાદિકને લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે, તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદ્રષ્ટિને ભોગવતાં બંધ જ થાય છે. સમ્યગ્દ્રષ્ટિને રાગાદિક નહિ હોવાથી એટલે વર્તમાન હરખશોકના ભાવમાં રુચિ નહિ હોવાથી, આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે, તેથી તેને નિર્જર્યો કહી શકાય છે, માટે સમ્યગ્દ્રષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે. આ રીતે સમ્યક્દ્રષ્ટિને ભાવનિર્જરા થાય છે.

અજ્ઞાની ઉપવાસ કરીને બેઠો હોય તો તેને બંધન થાય છે અને જ્ઞાની ખાવાના સંયોગોમાં દેખાતો હોય તે વખતે પણ તેને નિર્જરા થાય છે. રાજા અને તેનો રાજકુમાર બંને એક થાળીમાં ખાતા હોય, તેમાં એક જ્ઞાની હોય અને એક અજ્ઞાની હોય. અજ્ઞાની માને છે કે પરવસ્તુને ભોગવું છું, તે વસ્તુથી મને સુખ થાય છે એવી બુદ્ધિ હોવાથી તેને બંધન છે. જ્ઞાનીને તેનો આદર નથી તેથી નિર્જરા થાય છે. દ્રષ્ટિ ફેરે ફેર છે. અજ્ઞાનીને શુભભાવ હોય અને જ્ઞાનીને કદાચ અશુભભાવ હોય તો પણ જ્ઞાનીને નિર્જરા થાય છે અને અજ્ઞાનીને બંધન છે.

આત્મા ત્રિકાળ શુદ્ધ જ્ઞાતા છે, તેનો આદર અને ક્ષણિક વિકારનો અનાદર, તે જ સાચી તપશ્ચર્યા અને નિર્જરા છે. અનંતગુણનો પિંડ આત્મા છે, તેનો અનાદર અને દયા, દાન, ભક્તિ આદિ વિકારી અવસ્થાનો આદર થાય તેમાં આત્માનું ખૂન થાય છે, તેની અજ્ઞાનીને ખબર નથી. અહીં તો દ્રવ્યબુદ્ધિવાળાને નિર્જરા અને પર્યાયબુદ્ધિવાળાને સંસાર–તે વાત છે. બાકી બધી વાત ગૌણ છે.

હુતાસણીના તહેવારમાં કોઈ શરીર ઉપર રાખ ચોપડે અને મશ્કરી કરે તો ડાહ્યો માણસ હોય તે સમજી જાય કે આ મેલ શરીર સાથે એકમેક

થયો નથી. હું હમણાં ધોઈ નાખીશ—એમ જાણે છે, એટલે કષાય કરતો નથી. મૂઢને શરીરે કાદવ ચોપડેલ હોય, ત્યારે તે એમ માને છે કે મારું શરીર બગાડી નાખ્યું તેથી કષાય કરે છે. તેમ જ્ઞાનીને વર્તમાન પર્યાયમાં અલ્પ હરખ-શોકના પરિણામ થાય છે. તે જાણે છે કે મારો સ્વભાવ શુદ્ધ જ્ઞાતાસ્વરૂપ છે, એમાં તે વિકાર પેસી ગયો નથી. મારું ચૈતન્ય શરીર બગડ્યું જ નથી તેથી તે મૂંઝાતો નથી. તે કારણે તેને નિર્જરા થાય છે. આવા સૂક્ષ્મ આત્મસ્વભાવના ભાન વિના અજ્ઞાની તપ કરે તો તે બાળતપ છે. તેને ભગવાન તપ કહેતાં નથી. આ રીતે મિથ્યાદ્રષ્ટિને બંધન થાય છે અને સમ્યગ્દ્રષ્ટિને નિર્જરા થાય છે.

હવે આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :—

## કળશ ૧૩૪

**અર્થ** :—ખરેખર તે આશ્ચર્યકારક સામર્થ્ય જ્ઞાનનું જ છે અથવા વિરાગનું જ છે કે કોઈ (સમ્યગ્દ્રષ્ટિ જીવ) કર્મને ભોગવતાં છતાં કર્મોથી બંધાતો નથી. (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે) અજ્ઞાની ભડકે છે કે જ્ઞાની ખાવા બેઠો હોય તો પણ તેને નિર્જરા થાય અને અજ્ઞાની બાર મહિના ઉપવાસ કરે છતાં તેને બંધ થાય. આ કેવી આશ્ચર્યની વાત ! ખરેખર આત્માનું જ્ઞાન થયું છે, તેનું આ સામર્થ્ય છે.

## "સમ્યગ્દ્રષ્ટિ કર્મને ભોગવતો છતાં કર્મથી બંધાતો નથી. તે જ્ઞાનનું સામર્થ્ય છે."

હું ચૈતન્યસ્વરૂપ છું, એવા જ્ઞાનના અસ્તિભાવમાં અનંતાનુબંધી કષાયનો અભાવ થયો, તે નાસ્તિની વાત કરી, તેને વિરાગનું સામર્થ્ય કહ્યું છે. વિરાગતાની દશા પ્રગટ થાય છે. ખરેખર વસ્તુ ત્રિકાળધ્રુવ છે, તેવું જ્ઞાન થાય છે, તેનું સામર્થ્ય એવું છે કે વિકારનો અભાવ જ્ઞાનીને હોય છે. જ્ઞાતાસ્વભાવની પ્રતીતિ થઈ છે એવા સમ્યગ્દ્રષ્ટિ જીવને રાગનો રાગ હોતો નથી, માટે વિરાગી કહ્યો છે. ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ શ્રેણિક રાજાને ઝેર ખાવાનો ભાવ થવા છતાં તે ખરી જાય છે. નવા બંધનું કારણ થતું નથી. સંસાર કાપતો જાય છે. અજ્ઞાનીને આ વાત સાંભળતાં આશ્ચર્ય લાગે છે.

જ્ઞાની ખાય, પીએ, ભોગવે, ગાદીતકીયા મખમલના હોય, તેના ઉપર બેઠો હોય તો પણ તે અશુદ્ધતાનો નાશ કરે છે અને અજ્ઞાનીને ચૈતન્યની

દ્રષ્ટિની ખબર નથી અને બાહ્ય વૈરાગ્યમાં ધર્મ માન્યો છે, તેથી બંધન કરે છે. તે અજ્ઞાનીને આશ્ચર્ય ઉપજાવે છે પણ જ્ઞાની તેને યથાર્થ જાણે છે.

## “સમ્યગ્દ્રષ્ટિ કર્મને ભોગવતો છતાં અશુદ્ધતાનો નાશ કરે છે કેમ કે તેને વિરાગપણું છે.”

અજ્ઞાની માને છે કે અશુદ્ધ આહારથી પરિણામ બગડે છે અને શુદ્ધ આહારથી પરિણામ સુધરે છે. ‘આહાર તેવો ઓડકાર’–એમ માનીને શુદ્ધ આહાર લે છે અને નિર્જરા થઈ એમ માને છે. તે ખરેખર કર્મથી બંધાય છે. અસંગ પદાર્થને પરસંગથી બંધન થતું નથી. અજ્ઞાની પર સંગથી નિર્જરા અને બંધ માને છે. આત્માની સમજણ સિવાય બીજા કોઈ ઉપાયથી નિર્જરા થતી નથી.

સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી જે આહાર કરે છે, તેનો એક કોળિયો ૯૬ કરોડ પાયદળ ખાય તો પચાવી શકે નહિ. તેવા બત્રીસ કોળિયા દરરોજ ચક્રવર્તી ખાય છે, છતાં તેને ક્ષણેક્ષણે નિર્જરા થઈ રહી છે. કેમ કે તે માને છે કે આ પરમાણુની પર્યાય છે. તેને હું ખાઈ શકતો નથી અને હું પચાવું પણ નહિ. જરા રાગ થાય છે, તેનો જાણનાર રહે છે, તેથી તેને નિર્જરા થાય છે. દ્રવ્યલિંગી મુનિ બાર મહિનાના પારણે દાળિયાના ફોતરાં ખાય પણ સંસાર વધારે છે.

હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે :—

## ગાથા ૧૯૫

**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદજન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે, પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.**

**અન્વયાર્થ** :—જેમ વૈદ્યપુરુષ વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતાં મરણ પામતો નથી, તેમ જ્ઞાની પુદ્‌ગલકર્મના ઉદયને ભોગવે છે તોપણ બંધાતો નથી.

આ સત્ય વાત આચાર્ય ભગવાને ગુપ્ત રાખી નથી. ઢંઢેરો પીટીને બહાર મૂકી છે. સત્યવાતથી કોઈનો બગાડ થાય નહિ. જેણે સત્યવાતથી બગડવાનું માન્યું, તેણે સત્યશ્રવણનો નિષેધ કર્યો છે. તે જીવ સત્યનો નકાર કરતો હોવાથી કાન વિનાનો થઈ નિગોદમાં ચાલ્યો જવાનો, ભલે સીધો

કદાચ ન જાય છતાં સત્ નો વિરોધ કરે છે એટલે એકાદ ભવ કરીને પણ નિગોદમાં જશે અને વ્યવહાર પુણ્ય અને નિમિત્તથી ધર્મ થાય એમ જે માને છે, તે પણ તત્ત્વનો વિરોધી છે, તેથી તે પણ નિગોદમાં જશે. તે અનંત સંસાર વધારે છે.

# પ્રસાદ નં. ૨૧૩

## સમયસાર ગાથા ૧૯૫

(વૈશાખ વદ ૧૩ શનિવાર, ૨૦૦૭)

**ટીકા :**—જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ, તેને ભોગવતો છતાં પણ અમોઘ એટલે રામબાણ વિદ્યાના સામર્થ્યવડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, મરતો નથી. તેમ અનાદિનો અજ્ઞાની આત્મા સ્વને ચુકીને રાગાદિના ભાવો કરે છે, તેથી નવા આવરણથી બંધાય છે. જેમ વિષ બીજાઓને મરણનું કારણ છે, તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મનો ઉદય બંધનું કારણ છે અને વૈદ્ય સોમલ આદિને મારીને ખાય છે તો તે મરતો નથી, તેમ જ્ઞાની જાણે છે કે હું ચૈતન્ય આનંદકંદ છું. મારા દ્રષ્ટાસ્વભાવમાં બધા પદાર્થો દ્રશ્ય છે. પરપદાર્થ અનુકૂળ કે પ્રતિકૂળ છે જ નહિ. અનુકૂળતામાં ઈષ્ટતા અને પ્રતિકૂળતામાં અનિષ્ટતાની કલ્પના, તે શાંતિનું મરણ છે. જ્ઞાનીને અલ્પ રાગાદિ થવાં છતાં મારું સુખ મારામાં છે, પણ પરપદાર્થમાં નથી. પરપદાર્થ મારી શાંતિ માટે અકિંચિત્કર છે, એમ તે માને છે, તેથી જ્ઞાની બંધાતો નથી.

## જ્ઞાની અમોઘ જ્ઞાનના સામર્થ્ય વડે કર્મથી બંધાતો નથી

અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ જે પુદ્‌ગલકર્મનો ઉદય, તેને જ્ઞાની ભોગવતો છતાં પણ અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં, કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી બંધાતો નથી. પરપદાર્થના આશ્રયે તો કલ્પના થાય છે, તે અજ્ઞાનીને ખ્યાલમાં આવતું નથી. જ્ઞાની જાણે છે કે હું જ્ઞાનાનંદ છું, ભોગ—ઉપભોગને અજ્ઞાનીની દ્રષ્ટિએ ભોગવતો દેખાય, હરખશોકની લાગણી થાય છતાં હું અનાદિ શાંત સ્વભાવવાળો છું–એવી દ્રષ્ટિમાં જ્ઞાનીને ખરેખર ભોગનો પ્રેમ નથી. તેથી તે બંધાતો નથી. માટે આત્માની રુચિ કરવી અને પર પદાર્થની રુચિ છોડવી.

એક લુવાણો હતો. તેની જીભમાં પદમ હતું. તેથી તેને સર્પ કરડે તો પણ ઝેર ચડતું નહિ. એક વખત તેને આકરો સર્પ કરડાવવાનું નક્કી કરવામાં આવ્યું. સર્પને જોઈને તેણે કહ્યું કે સર્પ ઘણો ઝેરી છે. તે કરડે ને કદાચ નાડી ધીમી થઈ જાય તો પણ ગભરાશો નહિ. થોડો વખત અસાધ્ય

થઈશ, પણ મરીશ નહિ. તે જાણતો હતો કે મારી જીભે પદમ છે, તેથી સર્પની સાથે ખેલવા છતાં તે ડરતો નથી અને મરતો પણ નથી. તેને ઝેર ચડતું નથી. એમ જ્ઞાનીને સમ્યગ્દર્શનરૂપી પદમ છે. આત્મામાં શાંતિ અને સુખ છે, એવી સત્તાને પરથી જુદાપણે અનુભવતો, પરપદાર્થના સંયોગમાં હોવા છતાં અને હરખશોકની અલ્પ લાગણી થવા છતાં, તેની શાંતિનો નાશ થતો નથી. અજ્ઞાની શાંતિનું ખૂન કરીને નવાં કર્મને બાંધે છે.

જ્ઞાની લાડવા, દાળ, ભાત આદિને ભોગવતો દેખાય, મોટર ગાડીઘોડામાં ફરતો દેખાય, છતાં પોતાનો આત્મા શુદ્ધ જ્ઞાતા શાંતિમય છે, તેને ભૂલતો નથી. જેમ છ સાત વર્ષની છોકરી હોય અને ઘણાં માણસોના ટોળામાં તેની માથી વિખૂટી પડી હોય તેને કોઈ પૂછે કે તું કોણ છો? તો કહે છે કે મારી મા. તારે ક્યાં જવું છે ? તો કહે છે કે મારી મા. તેના ખ્યાલમાં ‘‘મારી મા, મારી મા’’ એ જ છે. તેમ ધર્મી જીવ માને છે કે હું અનાદિથી ચૈતન્ય સ્વરૂપથી ખોવાયેલો છું. મે મારી ચૈતન્ય નિરાળી શક્તિને સંભાળી નહિ. ચિદાનંદ આત્માનું ભાન થયું એટલે પછી તે બહારમાં નિર્ધન હો કે ધનવાન હો. મરણ વખત હો, કુટુંબના સંયોગમાં હો કે એકલો હો, પણ હું તો આત્મા છું એમ તે કદી ભૂલે નહિ. તે આત્મા સિવાય બીજું કાંઈ દેખતો નથી.

જ્ઞાની સંયોગને ભોગવતો છતાં અમોઘ જ્ઞાનના સામર્થ્ય વડે બંધાતો નથી. જ્ઞાનશક્તિમાં વિકાર એક અંશ પણ પેઠો નથી એમ જાણતો, રાગ-દ્વેષ હોવા છતાં, ચૈતન્યના ભાનમાં તેને તેની રુચિ નથી, તેથી બંધાતો નથી. આત્માનું ભાન હોવાથી નવી મલિનતા થતી નથી ને જૂની અશુદ્ધતા ટળી જાય છે–તે જ નિર્જરા છે. જ્ઞાનીને અમોઘ જ્ઞાનના સામર્થ્ય વડે પર પદાર્થમાં પ્રીતિ રહી નથી. કર્મના ઉદયની શક્તિ કામ કરી શકતી નથી. અજ્ઞાનીને પર ચીજની મોટપે મોટપ ભાસે છે, તેથી ચૈતન્યની મોટપ તેને ભાસતી નથી. જેને ચૈતન્યની મોટપ લાગે તેને બહારમાં આબરૂની મોટપ લાગે નહિ અને બહારમાં કદાચ હીણપ થાય તો પણ ચૈતન્યની મોટપને ભૂલે નહિ, તે જ્ઞાની છે. આત્માના ભાન વિના મંદકષાય કરે તો પુણ્ય થાય પણ આત્માને કાંઈ લાભ થાય નહિ. જ્ઞાનીને જ્ઞાનસામર્થ્યના કારણે કર્મની શક્તિ રોકાઈ ગઈ છે. એટલે વિકારનું ઝેર જ્ઞાનીને ચડતું નથી.

અહીં બે પ્રકારથી નિર્જરાનું સ્વરૂપ કહ્યું. એક તો પૂર્વ પ્રારબ્ધ એટલે કર્મનું ખરી જવું અને બીજું અશુદ્ધતા ટળી જવી. તેમાં કારણ એક જ મૂક્યું કે અમોઘ જ્ઞાનની શક્તિથી તે નાશ થાય છે. પણ કોઈ વ્યવહાર, વ્રત, તપ,

દાન, ભક્તિ આદિના સામર્થ્ય વડે નાશ થાય, એમ કહ્યું નથી. બીજા શાસ્ત્રમાં એક જ્ઞાન સિવાય બીજા કોઈ કારણથી નિર્જરા કહી હોય તો તે નિમિત્તનાં કથન છે એમ સમજવું. પણ સિદ્ધાંત તો આ એક જ ઉપાય છે, તે છે. બીજો કોઈ ઉપાય નથી.

જ્ઞાની સાતમી નરકમાં હોય, તો પણ તેને નિર્જરા થાય છે અને શ્રેણિકરાજાએ જ્યારે ઝેર ખાધું તે વખતે નિર્બળતાનો દ્વેષભાવ હોવા છતાં તેને નિર્જરા છે કેમ કે નબળાઈની લાગણી થઈ છે, તેનો સ્વામી જ્ઞાની થતો નથી. જ્ઞાનના સામર્થ્યમાં કર્મની શક્તિ રોકાઈ ગઈ છે અને અજ્ઞાની દયા, દાન, ભક્તિ આદિની ક્રિયામાં બેઠો હોય ત્યાંપણ પુણ્યનો આદર હોવાને લીધે નવાં કર્મને બાંધે છે. અજ્ઞાની પરની ક્રિયાનો ધણી થાય છે. શ્રેણિકરાજા જાણે છે કે મેં ઝેર ખાધું જ નથી, હું ઝેર ખાવાની ક્રિયા કરી શકું નહિ—એવા ભાનમાં તેને અશુદ્ધતા ટળતી જાય છે. દ્રવ્યલિંગી અશુદ્ધતા વધારતો હોવાથી નવો બંધ કરે છે. અજ્ઞાનીને આ વાત સાંભળતાં પણ ધ્રુજારી થાય છે. તેને આ વાત રુચતિ નથી.

<u>ભાવાર્થ :</u>—જેમ વૈદ્ય, મંત્ર, તંત્ર, ઔષધિ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે, તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી, તેમ જ્ઞાનીને જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે કર્મોદયનો બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે અને તેથી તે કર્મના ઉદયને ભોગવવા છતાં જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી. અહીં તો દ્રષ્ટાંત કહ્યું છે, તે સિદ્ધાંત નથી. દ્રષ્ટાંત દ્વારા સિદ્ધાંત સિદ્ધ કરવો છે. દ્રષ્ટાંત સિદ્ધ કરવો નથી. જેમ વૈદ્ય, મંત્રાદિના સામર્થ્યથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી તેમ જ્ઞાની, જ્ઞાનના સામર્થ્ય વડે, ભોગ ભોગવતો છતાં, કર્મથી બંધાતો નથી, તેમ કહેવું છે.

મુનિદશામાં પણ પૂર્વ પ્રારબ્ધના કારણે શરીરમાં રોગ હોય છે સનતકુમાર ચક્રવર્તીને મુનિદશામાં શરીરમાં રોગ—ગળત કોઢ થયો હતો. પોતાને ઋદ્ધિ પણ હતી. છતાં મુનિ જાણતા હતા કે આત્માને તે શાંતિનું કારણ નથી. એમ જ્ઞાનના સામર્થ્ય વડે કર્મની શક્તિનો અભાવ કરે છે. અજ્ઞાનીની દ્રષ્ટિ પુણ્ય અને કર્મ ઉપર હોવાથી બંધન થતાં તેની શક્તિનો અભાવ કરે છે એમ કહેવાય છે. જ્ઞાનીને બંધન કરતું નથી તેથી નિર્જરાનું નિમિત્ત થાય છે એમ કહેવાય છે. આ સમ્યક્જ્ઞાનનું સામર્થ્ય છે—એમ અસ્તિથી વાત કરી છે. હવે નાસ્તિથી વાત કરે છે અર્થાત્ વૈરાગ્યનું સામર્થ્ય કહે છે.

## ગાથા ૧૯૬

**જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી**
**દ્રવ્યોપભોગ વિષે અરત, જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

**અર્થ :**—જેમ કોઈ પુરુષ મદિરાને અરતિભાવે (અપ્રીતિથી) પીતો થકો મત્ત થતો નથી, તેવી જ રીતે જ્ઞાની પણ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે અરત (અર્થાત્ વૈરાગ્યભાવે) વર્તતો થકો (કર્મોથી) બંધાતો નથી.

ગાથા ૧૯૫માં અસ્તિભાવથી એટલે જ્ઞાનના સામર્થ્ય વડે બંધ થતો નથી એમ કહ્યું હતું. અહીં ગાથા ૧૯૬માં કહે છે કે સ્વભાવનું ભાન થતાં નાસ્તિભાવ એવો વીતરાગભાવ થાય છે. તે વૈરાગ્યભાવથી કર્મોનો બંધ થતો નથી, એમ કહે છે. જ્ઞાની ભરત ચક્રવર્તી સંસારમાં રહ્યા છતાં વૈરાગી હતા. તેઓ જાણતાં હતાં કે અમારાં ચૈતન્યજીવન આવાં ન હોય. જેમ મડદાંને હરખ—શોક થતો નથી તેમ જ્ઞાનીને પર પદાર્થના સંયોગ—વિયોગમાં હરખ—શોક થતો નથી.

જામનગરમાં એક માણસ એવો હતો કે હંમેશા સવારસાંજ ચૂરમાના લાડવા સિવાય બીજું કાંઈ ખાતો જ નહિ. એક વખત તેનો જુવાન દીકરો મરી ગયો. તેથી તે રૂદન કરે. સગાંવહાલાં આવ્યાં અને કહ્યું કે તમારો ખોરાક જ લાડવાનો છે, બીજો નથી. માટે લાડવા ખાઓ છો એમ ન માનો. આ રીતે ચૂરમાના લાડવા આંખમાં આંસુની ધારા હોવા છતાં ખાય છે. તેને લાડવા ઉપર પ્રેમ નથી. તે જાણે છે કે બીજો કોઈ ઉપાય નથી. તે સમજે છે કે દીકરાના મરણ વખતે લાડવા ખાવા તે કુટેવ છે, ધિક્કાર છે ! તેને પ્રેમ હોતો નથી અને અરતિભાવે દારૂ પીતાં માણસને નશો ચડતો નથી, તેમ જ્ઞાની ભોગમાં દેખાતો હોવા છતાં વૈરાગ્યભાવ હોવાથી બંધાતો નથી. સોળ વર્ષની વિધવા બાઈ જ્યારે રાંડી હોય ત્યારે તેને ખૂણામાં લૂગડાં સારાં અને ઊંચાં દાગીના પહેરાવે છે. તેમાં તેને પ્રેમ હોતો નથી. લોકના રિવાજથી પહેરે. પણ તેને પ્રેમ હોતો નથી, તેને તો અણગમાનાં રૂદન હોય છે. એમ જ્ઞાનીને બહારમાં સ્ત્રી, કુટુંબ, પૈસા, મકાન વગેરેની અનુકૂળ સામગ્રી ખડકાણી હોય અને કદાચ પ્રતિકૂળતાના ગંજ પણ હોય, તો તેને આત્માનો પ્રેમ હોવાના કારણે તે અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોમાં સુખદુઃખની રુચિપૂર્વક કલ્પના થતી નથી, તેની પ્રીતિ થતી નથી તેથી જ્ઞાની બંધાતો નથી.

**ટીકા :**—જેમ કોઈ પુરુષ મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે–એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ તીવ્ર અરતિભાવના

સામર્થ્યને લીધે મત્ત થતો નથી, તેમ જ્ઞાની પણ રાગાદિભાવોના અભાવથી સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે–એવો વર્તતો થકો, વિષયોને ભોગવતો છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે કર્મોથી બંધાતો નથી.

જેમ કોઈ પુરુષ કે જેને મદિરા પ્રત્યે તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે, તેને મદિરા પીવા છતાં નશો ચડતો નથી. તેમ જ્ઞાનીને દેહ છોડે અને ઇંદ્રપદ મળે, તોપણ તે માને છે કે આ અમારું પદ નહિ. અમારી ચૈતન્યદ્રષ્ટિ અધૂરી રહી ગઈ એટલે આ ભવ થયો. તુરત ભગવાનને યાદ કરે છે. અહો ભગવાન ક્યાં ? આવી દશામાં વૈરાગ્યને લઈને સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે વૈરાગ્ય વર્તે છે. જો કે ભોગની બધી સામગ્રીને એક સાથે ભોગવી શકતો નથી. છતાં આત્માના અખંડ સ્વભાવનો આશ્રય થયો છે, તેને બધાં પરદ્રવ્યો પ્રત્યેના ભોગમાં વૈરાગ્યભાવ પ્રગટ થયો છે, તે પરદ્રવ્યમાં ખંડ પાડતો નથી. જેને એક પર પદાર્થ ઉપર પ્રીતિ નથી તેને બધા પર દ્રવ્યો પ્રત્યે પ્રીતિ નથી. બીજી રીતે એટલે કે હઠ કરીને વૈરાગ્ય કરવા માગે, તો સાચો વૈરાગ્ય પ્રગટે નહિ. જેને ઊંડે ઊંડે અનુકૂળ સંયોગોમાં પ્રીતિ વર્તે છે, તેને પ્રતિકૂળ સંયોગોમાં દ્વેષ થયા વગર રહે નહિ. જ્ઞાનીને બધાં પરદ્રવ્યો પ્રત્યે પ્રીતિ રહી નથી, એટલે વિષયોને ભોગવતો છતાં વૈરાગ્ય ભાવના સામર્થ્યને લઈને કર્મોથી બંધાતો નથી.

ભાવાર્થ :—એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતાં પણ કર્મોથી બંધાતો નથી.

# પ્રસાદ નં. ૨૧૪

## સમયસાર કળશ ૧૩૫

(વૈશાખ વદ ૧૪ રવિવાર, ૨૦૦૭)

આ નિર્જરા અધિકાર છે. આત્માની પર્યાયમાં જે મલિનતા થાય છે, તેનું ટળવું અને કર્મનો અભાવ થવો તેને નિર્જરા કહે છે.

હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છે :—

## કળશ—૧૩૫

**અર્થ :**—કારણ કે આ જ્ઞાની પુરુષ વિષયોને સેવતો છતાં પણ, જ્ઞાન વૈભવના અને વીતરાગતાના બળથી, વિષય સેવનના નિજફળને એટલે રંજિત પરિણામને ભોગવતો નથી, તેથી આ પુરુષ સેવક છતાં અસેવક છે. એટલે કે વિષયોને સેવતાં છતાં સેવતો નથી.

અજ્ઞાની સંયોગી દ્રષ્ટિવાળો જુએ છે કે આ વિષયોને ભોગવે છે. એ અપેક્ષાએ જ્ઞાની વિષયોને ભોગવે છે, એમ કહ્યું છે. ખરેખર તો જ્ઞાની જાણે છે કે આ પર પદાર્થ છે, તેનો મારામાં અભાવ છે. તે પરપદાર્થને ભોગવતો દેખાય છે, છતાં તેને ધર્મ થાય છે. અજ્ઞાની તપ કરે છતાં તેને ધર્મ થાય નહિ. આ વાત ધીરેથી સાંભળવી જોઈએ. જ્ઞાનીને સ્વભાવનો આદર છે, તેથી તેના તરફનું વલણ હોવાથી તે સ્વભાવને જ પ્રાપ્ત કરે છે. જ્ઞાનીને જ્ઞાન વૈભવ પ્રગટ થયો છે, તે કારણે તે જાણે છે કે અહો મારું સુખ તો મારા ચૈતન્ય ધામમાં છે. મારા સુખ માટે વિકલ્પ ઉઠાવવો, તે મને શ્રેયસ્કર નથી. શુદ્ધ ચૈતન્યના આદરમાં પરવૈભવની રુચિ અને આદર જ્ઞાનીને થતા નથી.

અહીં તો કહે છે કે ચૈતન્યનો વૈભવ બહારમાં નથી જેને બહારના વૈભવની રુચિ છે, તેને અંતર ચૈતન્ય ઋદ્ધિનો મહિમા આવતો નથી. અંતર્મુહૂર્ત એકાગ્ર થતાં શાંતિ અને સુખ પૂર્ણ પ્રગટ થાય, એવી ઋદ્ધિ તો અંતર આત્મામાં છે, બહારમાં નથી, ચોથા ગુણ સ્થાનવાળા કોઈ જ્ઞાનીને એવા ભોગો હોય કે સાધારણ જનતાને તે વૈભવની વાત સાંભળતાં ભરોસો ન આવે. એવા વૈભવો હોવા છતાં જ્ઞાનીને એની રુચિ નથી. સ્વભાવની એકાગ્રતા કરતો, વીતરાગનું બળ ફોરવતો, વિષયના રાગને ઉત્પન્ન કરતો નથી, માટે રાગને ભોગવતો નથી એમ કહે છે.

અજ્ઞાની પર સંયોગોમાં વૈભવ માને છે. મકાન, દાગીના, પૈસાનો વૈભવ તો ધૂળના ઢગલા છે. તે આત્માનો વૈભવ નથી. આત્માનો વૈભવ તો જ્ઞાન છે, એમ જ્ઞાની માને છે. જ્ઞાનીને શરીર ઉપર લાખોના દાગીના હોય, પરંતુ જ્ઞાની માને છે કે તેનો શરીર સાથે સંયોગ છે. આત્માને તે દાગીના અડ્યા જ નથી. શીખંડ પૂરી ખાય કે વીંછી કરડે, તે બન્ને જડનો વૈભવ છે. શરીરમાં રોગવાળી દશા હોય કે નિરોગ દશા હોય, નિર્ધનતા હો કે સધનતા હો, અનુકૂળ સ્ત્રી હો કે કદાચ પ્રતિકૂળ સ્ત્રી હોય, જ્ઞાની જાણે છે કે તે મારો વૈભવ નથી. આત્મા ચૈતન્ય સિદ્ધપદની ખાણ છે. સંસારમાં હોવા છતાં આત્માને તે જ્ઞાન વૈભવવાળો માને છે. અજ્ઞાની ચૈતન્યને ભૂલીને પરમાં વૈભવ માને છે. જ્ઞાની સમજે છે કે આત્મા સિવાય પર એકપણ ચીજને સારી માની, તો ચૈતન્યનું ખૂન થાય છે. આ રીતે સમ્યક્‌દર્શન-જ્ઞાનના અભ્યાસથી કલ્યાણ થાય તેમ છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આ રીતે જ્ઞાની ભોગને ભોગવતો છતાં રાગ નહિ હોવાના કારણે ખરેખર પરને ભોગવતો નથી.

<u>ભાવાર્થ :</u>—જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઇંદ્રિયના વિષયોને સેવતો હોવા છતાં, તેને સેવનારો કહી શકાતો નથી કારણ કે વિષય સેવનનું ફળ જે રંજિત પરિણામ, તેને જ્ઞાની ભોગવતો નથી. સ્વર્ગમાં સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર અને ઇન્દ્રાણી સમ્યગ્દ્રષ્ટિ હોય છે. બત્રીસ લાખ વિમાનમાં અસંખ્ય દેવો હોય છે, તેનો સ્વામી ઇન્દ્ર છે. તે ઇન્દ્ર જ્યારે ઇન્દ્રાસનમાં બેઠો હોય ત્યારે ઇન્દ્રાણી આવે તો તેને લલચાવી શકે નહિ. ઇન્દ્રને પોતાના જ્ઞાનના વૈભવ પાસે ઇન્દ્રાણીનો આદર નથી અને ઇન્દ્રાણી પણ જ્ઞાની છે, તેને પણ પોતાના જ્ઞાન વૈભવ પાસે ઇન્દ્રનો આદર નથી. બે સાગરની સ્થિતિ તે ઇન્દ્રની હોય છે ને દેવલોકના જેટલા ઇન્દ્ર અને ઇન્દ્રાણી થાય, તે બધા જ્ઞાની જ હોય છે. તેઓ સ્વર્ગના વૈભવને સડેલા તરણા જેવા માને છે.

રોગી રોગને ટાળવા માટે કરિયાતું પીએ, પણ તેને મીઠાશથી પીતો નથી. સાકરની જેમ તેને મોઢામાં ઓગાળતો નથી. તેમ જ્ઞાનીને વિષયોમાં જે વૃત્તિ દેખાય છે, તેને કડવા કરિયાતા સમાન માને છે. જે હરખશોકના પરિણામ થાય છે, તે કડવા કરિયાતા જેવા છે. જ્ઞાનીને તેની મીઠાશ આવતી નથી. વિષયમાં રુચિ સહિતનો રાગ થતો નથી. તેથી જ્ઞાની રાગના ભાવને પામતો નથી. અજ્ઞાનીને તો ઘરમાં કોઈ એક સારી ચીજ આવે તો તેમાં એકમેક થઈ જાય છે. તેને ચૈતન્ય-વૈભવનો મહિમા નથી. જ્ઞાની તો

પોતાના ચૈતન્ય વૈભવમાંથી કેટલી કળા ખીલી અને હવે કેટલી બાકી રહી –તેની રુચિમાં બહારના વૈભવની રુચિ કરતો નથી.

હવે આ જ વાતને પ્રગટ દ્રષ્ટાંતથી બતાવે છે :—

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ, પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.**

**અન્વયાર્થ :**—કોઈ તો વિષયોને સેવતો, છતાં નથી સેવતો અને કોઈ નહિ સેવતો, છતાં સેવનારો છે. જેમ કોઈ પુરુષને પ્રકરણની ચેષ્ટા (કોઈ કાર્યસંબંધી ક્રિયા) વર્તે છે–તો પણ તે પ્રાકરણિક (કાર્ય કરનારો) નથી. જેમ કોઈ માણસને લગ્નનું કામ સોંપ્યું હોય ને તે કરતો દેખાતો હોય, પણ મનમાં સમજે છે કે મારે કાંઈ લેવાદેવા નથી. તેમ જ્ઞાની વિષય સેવનમાં દેખાતો હોવા છતાં તેનો સ્વામી થતો નથી, એટલે તેને સેવતો નથી.

**ટીકા :**—જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણ એટલે કાર્યની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં કાર્ય કરવાનું સ્વામીપણું નહિ હોવાથી, તે કામનો કરનારો નથી અને બીજો પુરુષ કાર્યની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં કાર્યનું સ્વામીપણું હોવાથી કામનો કરનારો છે. કોઈ માણસ મકાનના કોન્ટ્રાક્ટનું કામ કરતો હોય તો તેને કોન્ટ્રાક્ટ પુરતી જવાબદારી છે. મકાનનું પછી શું થાય, તેનો ધણી તે થતો નથી. તે કામ કરવા છતાં તેનો સ્વામી થતો નથી. તેથી તે કામનો કરનારો કહેવાતો નથી તેમ જ્ઞાનીને અલ્પ રાગદ્વેષ થવા છતાં તેના સ્વામીપણાના અભાવના કારણે તે કાર્ય કરતો નથી, એમ કહેવાય છે.

સમ્યક્દ્રષ્ટિ જીવ પૂર્વ સંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં રાગાદિ ભાવોના અભાવને લીધે, વિષય સેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી, અસેવક જ છે અર્થાત્ સેવનારો નથી. અહીં એક સિદ્ધાંત નક્કી થાય છે કે વર્તમાન સામગ્રી જે મળે છે, તે પૂર્વ પ્રારબ્ધના કારણે મળે છે. આત્માના વર્તમાન પુરુષાર્થનું તે ફળ નથી. પૂર્વ સંચિત કર્મોના ઉદયથી પ્રાપ્ત એવા વિષયમાં જ્ઞાની ઊભેલો દેખાય એટલે કે તેને સેવતો દેખાય, પણ તે માને છે કે તે અમે નહિ. વિકારમાં રુચિ નહિ હોવાથી તેના સેવનનું સ્વામીપણું નથી તેથી તે અસેવક જ છે.

જ્ઞાની જગતની કોઈપણ ચીજનો કાર્યવાહક હું થઈ શકું એમ માનતો નથી. જ્યારે આત્મા પર પદાર્થને સ્પર્શતો જ નથી, તો આત્મા તે કેમ ભોગવે? ન જ ભોગવે. અનિત્ય એવા રાગદ્વેષ સાથે ક્ષણિક સંબંધ છે અને આત્મા સાથે ત્રિકાળી સંબંધ છે એમ તે જાણે છે. તેથી ક્ષણિક વિકારનો તે

ધણી થતો નથી. માટે જ્ઞાની ભોગને સેવતો નથી. અજ્ઞાની વિષયોને નહિ સેવતો હોવા છતાં, રાગાદિ ભાવોના સદ્‌ભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે એટલે સેવનારો છે. અજ્ઞાની સંસારના કામ નહિ કરતો હોવા છતાં એટલે કે નિવૃત્તિ લઈને બેઠો હોય, બહારથી ત્યાગી દેખાતો હોય પણ અંતરમાં પુણ્યથી લાભ થાય અને પરની ક્રિયા હું કરી શકું છું, મેં પર પદાર્થને છોડ્યા છે, એવા પરના સ્વામીપણાના અભિપ્રાયમાં તેને અંતરમાં ભોગ વસ્યો છે, તેણે ભોગને છોડ્યો નથી તેથી તે ભોગનો સેવનારો છે.

<u>ભાવાર્થ :</u>—કોઈ શેઠે પોતાની દુકાન ઉપર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપારવણજ ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ નોકર કરે છે. તો પણ તે વેપારી નથી. કારણ કે તે વેપારનો અને વેપારના લાભ નુકશાનનો સ્વામી નથી. તે તો માત્ર નોકર છે. શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે અને જે શેઠ છે, તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી. ઘેર બેસી રહે છે. તોપણ તે વેપારનો અને વેપારના લાભ—નુકશાનનો ધણી હોવાથી તે જ વેપારી છે. આ દ્રષ્ટાંત સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ પર ઘટાવી લેવું. મિથ્યાદ્રષ્ટિ વિષયોને નહિ સેવતો છતાં શેઠની જેમ લાભ—નુકશાનનો ધણી થાય છે. તેથી તેણે બહારથી નિવૃત્તિ લીધી હોય પણ ખરેખર તેણે ભોગ છોડ્યા નથી. તે ધંધા ઉપર બેઠો ન હોય છતાં તે ધંધાનો સેવનારો છે. અજ્ઞાની ને સંસારનો પ્રેમ છૂટ્યો નથી. તેણે બાહ્ય નિવૃત્તિ લેવા છતાં મમતાનું પોટલું રાખીને તે બેઠો છે.

મિથ્યાદ્રષ્ટિ ત્યાગી હોય, બહારમાં સ્ત્રી, કુટુંબ, મકાન, પૈસો ન હોય <u>પણ અંતરમાં પુણ્યની રુચિ છે, તેને ત્રણકાળના પુણ્યવંત વહાલા લાગ્યા છે અને તેના ફળ પણ ગમ્યા છે. તે બહારથી ત્યાગી હોવા છતાં વિષયનો સેવનારો છે.</u> શરીર નીરોગ હોય અને બહારમાં સગવડતા હોય તો ધર્મ થાય, એમ જે માને છે, તેને ભલે બહારમાં ત્યાગ હોય છતાં તેને અંતરમાં ભોગ વસ્યા છે. કેમ કે તે બહારના સંયોગથી શાંતિ માને છે. તે અંતર આત્માની શાંતિને માનતો નથી. તે બધા વૈભવને સેવનારો છે અને સમ્યક્‌દ્રષ્ટિ જીવ નોકરની જેમ બહારના સંયોગો હોવા છતાં સેવનારો નથી. શેઠની જેમ બધું કામ કરતો હોય છતાં અંતરંગમાં તેને ધણીપણું નથી એટલે લાભ—નુકશાન નોકરને નથી, પણ વેપારીને જ થાય છે. તેમ જ્ઞાનીને ધણીપણાનો અભાવ હોવાથી વિષયોને ભોગવતો છતાં, ભોગવતો નથી.

# પ્રસાદ નં. ૨૧૫

## સમયસાર કળશ ૧૩૬

(વૈશાખ વદ ૦)) સોમવાર, ૨૦૦૭)

આ અધિકાર નિર્જરાનો અધિકાર છે. ગાથા ૧૯૭માં શું આવ્યું છે, તે કહે છે.

કર્મોનો નાશ થવો અને અશુદ્ધતા ટળતાં શુદ્ધિની વૃદ્ધિ થવી, તે નિર્જરા છે. આત્મામાં વર્તમાન પુણ્યપાપાદિ દોષ છે, તે ક્ષણિક છે અને આત્મામાંથી નીકળી શકે છે. સિદ્ધમાં જે હોય તે ગુણ અને નીકળી જાય તે અવગુણ છે. અવગુણ ક્ષણિક છે અને ગુણ ત્રિકાળી ધ્રુવ છે. તેમ જાણ્યા વગર પર્યાયમાં દોષ છે, તે જાય નહિ.

નોકર વેપારનું કામ કરતો હોવા છતાં સ્વામીપણાના અભાવને કારણે તેને લાભ-નુકશાન નથી. શેઠ કામ કરતો નહિ હોવા છતાં, સ્વામીપણાના સદ્ભાવને કારણે તેને લાભ-નુકશાન છે. તેમ ધર્મી જીવ નોકરની જેમ વિષયોમાં જોડાવા છતાં તેનો સ્વામી થતો નથી. માટે વિષયોને ભોગવતો નથી. અજ્ઞાની મૂઢ એમ માને છે કે પરથી સુખ અને પર, ધર્મમાં મદદરૂપ થાય છે એમ પરથી ધર્મ મનાવે, તે ભલે ત્યાગી હોવા છતાં પણ ભોગી છે. તેને અંતરમાં પરનું ધણીપણું છૂટ્યું નથી.

જ્ઞાની જાણે છે કે પૈસો પર ચીજ છે. તેનાથી આત્મામાં ધર્મ થાય નહિ તેથી તેનો સ્વામી થતો નથી. અજ્ઞાની પૈસા ધર્મમાં મદદગાર થાય છે એમ માને છે, તે મૂઢ છે. તે પૈસાનો સ્વામી થાય છે. તે બહારથી ત્યાગી હોવા છતાં પાપી છે, અધર્મી છે.

**સમ્યગ્દ્રષ્ટિ જીવ કરે કુટુંબ પ્રતિપાળ,**
**અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખીલાવે બાળ.**

ધાવમાતા છોકરાને ખેલાવે, નવડાવે, ધોવડાવે, આખો દિવસ તેને પાળી પોષીને મોટો કરે છે. પણ અંતરમાં સમજે છે કે આ છોકરો મારો નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવ કુટુંબાદિના સંયોગમાં ઊભો હોય છતાં તે અંતરમાં સમજે છે કે આ હું નહિ. મને કુટુંબ હોય નહિ. હું તો જ્ઞાતા અખંડ આનંદકંદ છું. પુણ્યપાપનો ક્ષણિકભાવ થાય, તે પણ હું નથી. આમ તે પરદ્રવ્યનો સ્વામી થતો નથી, તેથી સંસારમાં હોવા છતાં સંસારને ભોગવતો નથી.

## ચાર અનુયોગ છે માટે સિદ્ધાંત ચાર પ્રકારના છે એમ નથી. સિદ્ધાંત તો દ્રવ્યાનુયોગ પ્રમાણે એક જ પ્રકારનો છે, બીજા અનુયોગમાં નિમિત્તથી કથન છે.

દ્રવ્યાનુયોગમાં બીજું કહે અને કથાનુયોગ વગેરેમાં બીજું કહે એમ નથી. બીજા અનુયોગમાં દ્રવ્યાનુયોગની વાત રાખીને કહેલ છે.

કથાનુયોગમાં જ્ઞાની અજ્ઞાનીને પુણ્ય-પાપનાં ફળ કેવાં હોય તેનું વર્ણન આવે, પુણ્યના ફળમાં જ્ઞાની રોકાતો નથી, પણ આત્માની સાધના માટે ત્યાગી થઈને દીક્ષા લે છે, તેવી વૈરાગ્ય-ભક્તિ આદિની વાત આવે. તેનો અર્થ એવો નથી કે ત્યાં ઉપાદાનને બદલે નિમિત્તથી આત્મામાં કામ થાય. ત્યાં તો નિમિત્તથી કથન કર્યું છે, પણ સિદ્ધાંત તો એક જ પ્રકારે હોય છે, જુદો જુદો હોતો નથી.

ચરણાનુયોગમાં પંચમહાવ્રતાદિ તથા રત્નત્રયાદિનું કથન આવે અને તેને પરંપરાએ મોક્ષનું કારણ કહે, એનો અર્થ એવો નથી કે શુભભાવથી ધર્મ થાય ત્યાં પણ સિદ્ધાંત તો એક જ પ્રકારે છે કે નિશ્ચયના અવલંબને જ ધર્મ થાય. વ્યવહારથી ધર્મ થાય એ તો કથનમાત્ર છે. સિદ્ધાંત એમ નથી. સિદ્ધાંત તો દ્રવ્યાનુયોગ પ્રમાણે એક જ પ્રકારે હોય, ત્રણકાળમાં પરમાર્થનો પંથ તે પ્રમાણે છે.

કરણાનુયોગમાં અનેક પ્રકારથી ગુણસ્થાનાદિનું વર્ણન કર્યું હોય. તેમાં પણ નિમિત્તનાં ઘણાં કથનો આવે. કર્મપ્રકૃતિના વર્ણનમાં જીવની આટલી પ્રકૃતિ હોય તેમ વર્ણન આવે. તે બધાં નિમિત્તનાં કથન છે. જીવને કર્મ પ્રકૃતિ હોય જ નહિ. સિદ્ધાંત ચૂકીને વાત હોય નહિ.

આ રીતે સિદ્ધાંત ફેર હોય નહિ. આ સિવાય અન્ય જે કોઈ પ્રકારનું લખાણ આવે, ત્યાં સમજવું કે તે નિમિત્તનું કથનમાત્ર છે. સિદ્ધાંત તેમ નથી.

ગૃહસ્થના ઘરના આંગણે ભંગી ફળિયું સાફ કરવા ગયો અને શેઠની દીકરીના દાગીના આવ્યા હોય, તે દાગીના જુએ એથી કરીને તે ધણી થતો નથી. નોકર રસોઈ કરવાવાળી હોય, તે ભલે ઘરમાં હોય અને બધા દાગીના જુએ—મૂકે પણ ખરી, છતાં તે દાગીનાની તે ધણી થતી નથી. એમ જ્ઞાની સંસારના ફળિયે આવીને ઊભો છે. તેને પરપદાર્થ અને પુણ્યાદિના ભાવો હોવા છતાં તેનો તે ધણી થતો નથી તેથી તે સેવતો છતાં અણસેવતો જ છે.

## કળશ ૧૩૬

સમ્યગ્દ્રષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે. नियतं શબ્દ પડ્યો છે. એટલે જ્ઞાનીને નિયમથી સાચું જ્ઞાન હોય છે અને પર પદાર્થનો રાગ હોતો નથી તે કાંઈ બહારની ચીજ નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ સ્વરૂપનું વર્ણન અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના યથાર્થ સ્વરૂપનો અભ્યાસ કરવા માટે, "આત્મા તે સ્વ છે અને આ રાગ વગેરે પર છે" એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે. આત્માને સ્વનું ગ્રહણ થતાં રાગનો ત્યાગ હોય જ છે. રાગનો ત્યાગ કરવો તે વ્યવહાર છે. રાગના ત્યાગની વિધિ કરવા જાય તો રાગનો ત્યાગ થઈ શકે નહિ. પણ સ્વમાં એકાગ્ર થતાં રાગ થાય નહિ, તે રાગનો ત્યાગ છે. પરપદાર્થનાં ગ્રહણ–ત્યાગ તો આત્મામાં છે જ નહિ.

પહેલાં ખ્યાલમાં આવવું જોઈએ કે શરીરાદિ તો પરચીજ છે. એના લક્ષે અનંતકાળ ગાળ્યો પરમાં સુખ માનીને અનંતકાળ રખડ્યો. હું આત્મા ધ્રુવ અનંત શક્તિવાળો છું અને વર્તમાન પર્યાયમાં દુઃખ છે, એમ નક્કી તો કર. જો પર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિનો વધારો કરવા માગું છું તો તે મારામાં ગુણ છે, એમાંથી આવશે કે બહારથી ? મારામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ છે, એવા અનંતા ગુણો એક એક આત્મદ્રવ્યમાં રહેલા છે. તે કદી વિખાઈને નાશ થતાં નથી, એવી દ્રવ્યની ત્રિકાળ શક્તિ છે. વર્તમાન પર્યાયમાં વધારો કરવો હોય તો આત્મામાં એ ગુણ ન હોય તો વધારો ક્યાંથી થશે ? માટે ખરેખર તેનું મૂળ તો ગુણ છે અને ગુણનું મૂળ આત્મા છે માટે આત્મા અનંત ગુણનો અખંડ ધ્રુવ પદાર્થ છે. તેના ઉપર દ્રષ્ટિ કરે તો પર્યાયમાં વધારો થાય. આમ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું પ્રથમ જ્ઞાન કરવું જોઈએ.

જેમ કોઈ ઓછી મૂડીવાળો હોય પણ ત્રણચાર દુકાનો ચાલતી હોય અને હંમેશની આવક ચાલુ હોય તો તે પૈસા ખરચતાં અચકાતો નથી. તેવી રીતે જ્ઞાની ધર્મીને ખબર છે કે મારી ચાલુ દુકાન છે એટલે ગુણોમાંથી ચાલુ આવક આવે છે. ભલેને વર્તમાન પર્યાય ઓછી ઊઘડેલી હોય પણ ધીકતો ધંધો છે, એમાંથી કેવળજ્ઞાનની પર્યાય ઊઘડશે. જેમ વેપારીને જુદી જુદી દુકાનો હોય છે, તેમ આત્મામાં ગુણની જુદી જુદી પેઢી છે. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, વીર્યાદિની જુદી જુદી પેઢીઓ છે. તેનો માલિક આત્મા છે. તેમાંથી કેવળજ્ઞાનરૂપી મૂડી ઉત્પન્ન થાય છે. સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યનો ધંધો જ્ઞાનીનો હોય છે. ભલે વર્તમાનમાં ઓછી વત્તી પર્યાય દેખાય પણ તે

બધું સરખું થઈ જશે. આ વિધિ કહેવાય છે. વસ્તુત્વનો અભ્યાસ કરવા માટે આવા ગુણ અને પર્યાય જેમાં વસેલા છે, તેનો અનુભવ કરવા માટે સ્વપરનું ભેદજ્ઞાન કરી, સ્વનું અવલંબન લેતાં રાગનો નાશ થાય છે.

અજ્ઞાની સંસારનો અભ્યાસ કરી રહ્યો છે. જ્ઞાની ગમે તેવા સંયોગોમાં ઊભો હોય, પણ વસ્તુત્વનો અભ્યાસ તેના અંતરમાંથી ખસતો નથી. અજ્ઞાની ધર્મના નામે બહારની ક્રિયામાં ધમાધમ કરે છે. તે બહારનો અભ્યાસ કરે છે પણ આત્માના ગુણનો અભ્યાસ કરતો નથી. અહીં વસ્તુત્વનો અભ્યાસ કરવાનું કહ્યું છે. નિમિત્તનો કે પુણ્યનો અભ્યાસ કરવાનું કહ્યું નથી. આ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયક છે, તે સ્વ છે અને વિકાર તે પર છે, તેમ વિકારથી જુદો પડી જ્ઞાની સ્વમાં સમાય છે. અજ્ઞાની વિકલ્પ અને પરમાં અટકે છે.

<u>જ્ઞાની વસ્તુત્વના અભ્યાસ વડે સ્વ-પરનો ભેદ જાણીને સ્વમાં રહેતાં સર્વ પ્રકારના રાગથી વિરમે છે</u>

સ્વ-પરનો ભેદ પરમાર્થે જાણીને, સ્વમાં રહે તે વસ્તુત્વનો સિદ્ધાંત છે. આમ જેને સમજણ નથી અને બહારથી કોઈ મળી જાય એમ માને છે, તેને ખરી શાંતિ મળતી નથી. અભ્યાસમાં સ્વનું ગ્રહણ અને પરનો ત્યાગ, તેની વિધિ ક્યારે થઈ કહેવાય કે સ્વ કોણ ? અને પર કોણ ? તેનું યથાર્થ જ્ઞાન કરે, તો પરનું લક્ષ છોડે અને સ્વનું લક્ષ કરે. તે વિધિ સાચી છે. સ્વ એટલે જ્ઞાયક અને પર એટલે વિકાર–તેના ત્યાગની વાત છે. અહીં પર પદાર્થના ત્યાગની તો વાત જ નથી કેમ કે પરનો તો સદા ત્યાગ જ છે. સ્વના ગ્રહણમાં પરનો ત્યાગ થઈ જાય છે.

અહો, આખું મોટું રણ હોય, ત્યાં એકલો પડ્યો હોય, તો તેનો પોકાર સાંભળનાર કોણ છે ? ત્યાં કોણ શરણ છે ? ત્યાં કોઈ પરનું શરણ નથી. પણ જો તેને કોને ગ્રહણ કરવું અને કોને છોડવું—એનું ભાન હોય તો ત્યાં પણ આત્મામાંથી શાંતિના શેરડા પડે. અજ્ઞાનીની દ્રષ્ટિ પાણી....પાણી..... ઉપર પડી છે, તેનું પર ઉપરથી લક્ષ છૂટતું નથી. સ્વનું ગ્રહણ અને પરનો ત્યાગ, ત્યાં તો પર તે વ્યવહાર છે, તેથી વ્યવહારનો ત્યાગ કરવાનું પ્રથમથી જ જ્ઞાન કરવું જોઈએ. જેના પ્રત્યે પ્રેમ હોય તેમાં તે ઢળે છે. જ્ઞાનીને સ્વનો પ્રેમ હોવાથી સ્વમાં રહે છે એટલે માત્ર ધારણા કરીને સંતુષ્ટ રહેતો નથી પણ રાગરહિત થઈને સ્વમાં ઢળે છે. રાગની એકત્વબુદ્ધિ રહિત થઈને વિરમે છે. આ રીતે સ્વભાવમાં જોડાણ થતાં રાગમાં જોડાણ થતું નથી. આ ખરેખર તપશ્ચર્યાની વિધિ છે. સ્વ-પરનું જ્ઞાન કરી, જેટલો સ્વમાં

રહે છે, તેટલી નિર્જરા થાય છે માટે સ્વ-પરનું જ્ઞાન પ્રથમ કરવું જોઈએ, એમ પણ આથી નક્કી થયું.

હવે પ્રથમ, સમ્યગ્દ્રષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે, તે કહે છે :—

## ગાથા ૧૯૮

**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહિ, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.**

**અર્થ :**—કર્મોના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે. તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું.

ધર્મી જીવ કઈ વિધિએ નિર્જરા કરે છે, તે કહે છે. ચૈતન્યમાંથી આનંદનો પાક આવે છે, તે એક પ્રકારનો છે અને કર્મોનો વિપાક (ફળ) અનેક પ્રકારનો છે. રાગદ્વેષાદિ લાગણી થાય છે–તે કર્મોનો વિપાક છે. તે ચૈતન્યસ્વભાવનો પાક નથી, એમ કહેવું છે પણ તે વિકારીભાવ, કર્મ કરાવે છે–એમ કહેવું નથી. કેરીમાં ડીંટડા પાસે તૂરાશ દેખાય છે–તે કેરીનો અસલ સ્વભાવ નથી. તેમ ચૈતન્યના ડીંટડે એટલે પર્યાયમાં પુણ્યપાપનો વિકાર દેખાય છે, તે ચૈતન્યનો સ્વભાવ નથી. કર્મ તરફના વલણનો ભાવ, તે કર્મનો છે. આત્માનો નથી. તેમ વિકારની અનેકતાથી છૂટો પડી, સ્વભાવની એકતા કરે તે હું છું, અનેકતા થાય તે હું નથી.

**ટીકા :**—જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે, તે મારા સ્વભાવો નથી. જેમ કેરીના કાળે થયેલો પાક મીઠો હોય છે, તેમ આત્મા ચૈતન્યના લક્ષે સ્વકાળે થયેલો પાક મીઠો અને અમૃતમય હોય છે. મુક્તિના પ્રયાણ અને નિર્જરાના રાહ આવા હોય છે. આચાર્ય ભગવાન કહે છે કે જિનવરો આમ કહે છે કે જેટલો પર તરફનો ભાવ થાય, તે ચૈતન્યનો સ્વભાવ નથી. તે કર્મનો વિપાક છે. પછી ભલે તે વ્યવહારરત્નત્રય હોય તોપણ તે કર્મનો વિપાક છે. કેમકે તેમાં રાગની અનેકતા છે ! તેમાં આત્માની એકતા નથી. માટે પરના લક્ષે ઉત્પન્ન થયેલા બધા ભાવો–તે મારો સ્વભાવ નથી. હું તો એક જ્ઞાયકભાવ છું. તેના આદરમાં વિકારનો આદર રહેતો નથી, એમ કહેવું છે.

# પ્રસાદ નં. ૨૧૬

## <u>સમયસાર ગાથા ૧૯૮</u>

(જેઠ સુદ ૧ મંગળવાર, ૨૦૦૭)

અહીં નિર્જરા અધિકારમાં આત્મામાં પવિત્રતા કેમ પ્રગટ થાય, તે કહે છે.

<u>ટીકા :</u>—જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો તે મારા સ્વભાવો નથી. બાર પ્રકારના તપના વિકલ્પની લાગણી થાય, તે કર્મનો પાક છે. તે પર તરફના વલણનો ભાવ છે. માટે મારો સ્વભાવ નથી. હું તો એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવ છું, સ્વસન્મુખ થવું તે મારો ભાવ છે. અહીં તો કહે છે કે આહાર લેવો કે છોડવો, તે તો આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. પણ "આજે મેં આહાર છોડ્યો"–તેવો ભાવ પણ હું નહિ, કેમ કે આહાર છૂટ્યાની લાગણી થવી, તે પુણ્ય રાગ છે, તે તપશ્ચર્યા કે નિર્જરા નથી. અંતર્મુખ દ્રષ્ટિમાં એકપણે રહેવું, તે નિર્જરા છે. પરસન્મુખતા જેટલી થાય–તે રાગ અને વિકલ્પ છે, તે નિર્જરા નથી. જેમાંથી શાંતિ મળે તેમાં એકાગ્ર થવું તે નિર્જરા છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દ્રષ્ટિ જીવ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયક સ્વભાવ જ જાણે છે. ॥૧૯૮॥

હવે સમ્યગ્દ્રષ્ટિ જીવ વિશેષપણે સ્વને અને પરને, આ પ્રમાણે જાણે છે એ કહે છે :—

## <u>ગાથા ૧૯૯</u>

**પુદ્ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહિ મુજ ભાવ, <u>નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯</u>.**

**<u>અર્થ :</u>**—રાગ પુદ્ગલકર્મ છે. એટલે કે આત્મા ચૈતન્ય સ્વભાવ સંપન્ન છે, એમ જે રાગ થાય છે, તે પુદ્ગલકર્મજન્ય ભાવ છે, તેથી તે પુદ્ગલ છે. આત્માનો ભાવ નથી. તેનો વિપાકરૂપ ઉદય આ છે. આ મારો ભાવ નથી. હું તો નિશ્ચયથી એક જ્ઞાયકભાવ છું.

આત્મા ચૈતન્ય જ્ઞાતા ધ્રુવ પદાર્થ છે. તેની વર્તમાન અવસ્થામાં જે પર તરફનું કાર્ય છે, તે જડનું કાર્ય છે. સ્વભાવમાં ટકવું તે આત્માનું કાર્ય છે. શુદ્ધ ચૈતન્ય સિદ્ધ સમાન દ્રવ્યસ્વભાવ છે. જે રાગ થાય તે પુદ્ગલજન્ય

ભાવ છે. તે ચૈતન્યની જાતનો નથી. કર્મ પાક્યું અને રાગ થયો છે કેમ કે સ્વભાવના પાકમાં રાગ થતો નથી. તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ પુદ્‌ગલ જડકર્મ છે. આત્માની વાત નથી. હું તો જાણનાર—દેખનાર છું એમાં બાર પ્રકારના તપના જે વિકલ્પ ઊઠે, તે આત્માની જાતના નથી, માટે તેને પુદ્‌ગલ કર્મના કહ્યા છે.

**ટીકા :**—ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે. તેના ઉદયથી ઉત્પન્ન થયેલો આ રાગ ભાવ છે. શરીરમાં વિષ્ટા અને પેશાબ હોય, તે કાઢી નાખવા જેવા છે. કેમ કે તે શરીરનો ભાગ નથી. લોહી અને હાડકાંરૂપે થાય તે જ શરીરનો ભાગ છે. વિષ્ટા અને પેશાબ તે કાઢી નાખવા જેવા છે, તેમ જ્ઞાની જાણે છે કે આત્મામાં જેટલો વિકારભાવ થાય, તેટલો બધો કાઢી નાખવા જેવો છે. જ્ઞાતા સન્મુખ થઈને થયેલો ભાવ, તે જ આત્માની જાત છે. રાગ આત્માની જાત નથી. સ્વને ચૂકીને જે પરિણામ થાય, તે દુઃખ છે – એમ ધર્મી જાણે છે.

## આત્મામાં થતો રાગ પુદ્‌ગલ કર્મજન્ય હોવાથી પુદ્‌ગલકર્મ છે. તે આત્માનો સ્વભાવ નથી.

આત્મા તો ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવરૂપ છે. જ્ઞાની જાણે છે કે હું તો ધ્રુવ શુદ્ધ આનંદકંદ છું. જડનો પાક થાય તો રાગ થાય છે. જો આત્મામાંથી રાગનો પાક થાય તો રાગ નાશ થાય નહિ. ચૈતન્ય સ્વભાવનું અંતર્મુખપણું છોડીને, આ આહારાદિ છોડ્યા, તેનું ઉત્થાન તે લાગણી છે. ઇંદ્રિયનું દમન કરવાનો ભાવ તે લાગણી છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય આદિનું ઉત્થાન તે રાગ છે. ધ્યાન, કાયોત્સર્ગની લાગણી થવી, તે પણ પુદ્‌ગલજન્ય રાગ છે. તે બાર પ્રકારની લાગણી આસ્રવભાવ છે. હું જ્ઞાયક સ્વભાવી છું. તેના સન્મુખ થવું, તે સંવર નિર્જરા છે. સ્વમાં એકાગ્ર થવું તે સ્વ અને આ કરું, તે કરું, તે રાગ પર છે એમ સ્વ-પરને જ્ઞાની જાણે છે.

**દ્વેષ :**—આત્મામાં આહાર નહિ લેવાનો ભાવ તે શુભદ્વેષ છે. પુણ્ય છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્મામાં પરના ગ્રહણ—ત્યાગનો ભાવ થવો તે લાગણી છે, તેનાથી જીવ સ્વસન્મુખ થઈ શકતો નથી. પર પ્રત્યે સાવધાની રાખવી તે મોહ છે. આત્મા સ્વભાવને ચૂકીને પરની સાવધાનીમાં રોકાય તે બધો વિકારભાવ જડકર્મજન્ય હોવાથી તે આત્માનો સ્વભાવ નથી. આત્મા તો ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ છે. તેની સન્મુખ રહેવું તેને જ્ઞાની નિર્જરા જાણે છે.

**<u>ક્રોધ :</u>**—અજ્ઞાની માને છે કે ધર્મને માટે ક્રોધ કરવો જોઈએ. એ ફરજ છે, તે વાત ખોટી છે. કેમ કે ક્રોધ પર લક્ષે થયેલો ભાવ છે. તે આત્માનો સ્વભાવ નથી. સ્વભાવ હોય તો ક્રોધરહિત આત્મા થઈ શકે નહિ. પોતાની નબળાઈથી ક્રોધનો ભાવ થાય, તેને જ્ઞાની પોતાનો માનતો નથી. **<u>માન</u>** પુદ્‌ગલકર્મ છે. તેના ઉદયના વિપાકથી આત્મામાં માનકષાયરૂપ પરિણામ થાય છે. આત્માની સન્મુખતામાં માનના ભાવ થતા નથી, તેથી તે મારા ભાવો નથી, એમ જ્ઞાની જાણે છે. **<u>માયા :</u>** આત્મામાં કપટના ભાવ થાય તે પણ પુદ્‌ગલકર્મજન્ય હોવાથી પોતાની પર્યાયમાં પોતાની ભૂલથી થવા છતાં પણ તે આત્માનો સ્વભાવ નથી—એમ જ્ઞાની જાણે છે. કેમ કે એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ તે જ હું છું. **<u>લોભ :</u>** આત્મામાં તૃષ્ણાનો કે લોભનો ભાવ થવો, તે પાપ ભાવ છે. તે કર્મના ઉદયમાં જોડાણ થવાથી થયેલો ભાવ છે. તે આત્માનો સ્વભાવ નથી. તેમ સંસારમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિ માને છે. અંતર્મુખની શાંતિને શોધવા એકાગ્ર થવું, તે નિર્જરા છે.

**<u>કર્મ :</u>**—આઠ પ્રકારનાં કર્મો તે જડ છે. તે આત્મામાં નથી. હું તો જ્ઞાયક ચૈતન્ય છું. પહેલાં તો આવી આત્મસ્વભાવની ઓળખાણ કરે તો માહાત્મ્ય આવે. જેમ લીંડીપીપરની તીખાશને માને છે, તેમ આત્મા જ્ઞાનવાન છે, જ્ઞાન તેનો સ્વભાવ છે. જેમ સાકરથી ગળપણ જુદું પડે નહિ તેમ જ્ઞાન જ્ઞાનવાનથી જુદું પડે નહિ. એમ પ્રથમ, પરથી જુદો પડીને નક્કી કરવું જોઈએ. પુણ્ય—પાપાદિ આત્માનો સ્વભાવ નથી. આત્મા તો જ્ઞાયક છે. **<u>નોકર્મ :</u>** સંયોગી પદાર્થો પ્રત્યક્ષ મારાથી જુદા છે. હું તો જ્ઞાયક છું એમ સ્વનું જ્ઞાન થતાં, પરનો નકાર થાય છે અને ચૈતન્ય ધ્રુવમાં એકાગ્રતા થાય છે.

**<u>મન</u>** તો જડ પુદ્‌ગલ પરમાણુનું બનેલું છે. તે આત્મામાં વિચાર કરવામાં નિમિત્ત છે. તે મારાથી પર છે. હું તો ચિદાનંદ જ્ઞાયક છું. <u>વચન</u> તે હું નથી. વાણી ભાષાવર્ગણામાંથી થઈ છે. હોઠથી પણ વાણી નીકળતી નથી કેમ કે વાણી ભાષા વર્ગણામાંથી થાય છે. તેથી તે મારી ચીજ નથી. હું તો જ્ઞાયક છું.

અજ્ઞાની માને છે કે 'હું આટલું બોલ્યો.' પણ વાણી આત્મામાંથી થાય નહિ. જેમ કે કોઈને મેસુબ કે મગજ બનાવવો હોય તો પ્રથમ જાણે છે કે મેસુબ માટે અમુક પ્રકારનો લોટ હોય, તો થાય અને મગજ અમુક પ્રકારના લોટમાંથી થાય. રોટલીનો લોટ હોય તો એમાંથી ઓરમું ન થાય, પણ ઘઉંના ફાડા હોય તો એનું ઓરમું થાય. આમ જાણવા છતાં અજ્ઞાની મૂઢ

એમ માને છે કે આ ઓરમું મારાથી થયું તો તે અજ્ઞાન છે. તેમ શરીરના સ્થૂળ પરમાણુ કે આત્મામાંથી, વાણી ન થાય. પણ ભાષાવર્ગણાના સૂક્ષ્મ પરમાણુની વાણી થાય છે. છતાં અજ્ઞાનીઓ માને છે કે આત્મા અને હોઠ હતા માટે વાણી નીકળી, તો તે અજ્ઞાન છે. પ્રથમ નક્કી કર્યા પ્રમાણે થાય છે. શાસ્ત્રમાં પણ લખાણ આવે છે કે ભાષા વર્ગણામાંથી વાણી થાય છે. જ્ઞાની સમજે છે કે વાણીનો હું કર્તા નથી, હું તો જ્ઞાયક છું.

**કાયા :** અજ્ઞાની માને છે કે શરીરમાંથી જેટલો કસ કઢાય એટલો કાઢી લેવો. ધર્મી માને છે કે હું કાયા છું જ નહિ. શરીરમાં રોટલા ન પડે અને કાયા જીર્ણ થાય, તેને અજ્ઞાની તપશ્ચર્યા માને છે. બહુ પરિષહ સહન કરે તો ઘણી નિર્જરા માને છે. જ્ઞાની માને છે કે હું શરીર જ નથી અને આહાર ન લઉં, એવો વિકલ્પ પણ કર્મજનિતભાવ છે. તે હું નથી. હું તો જ્ઞાયક છું. એમાં અંતર્લીન થવું, તે નિર્જરા છે.

**કાન :** જ્ઞાની માને છે કે કાન હું નથી. અજ્ઞાની કહે છે કે કાનથી શ્રવણ થાય અને સ્વાધ્યાય સાંભળે તો નિર્જરા થાય. પણ તે વાત ખોટી છે. સાંભળવાથી નિર્જરા થતી નથી. જ્ઞાની જાણે છે કે સાંભળવાથી મારો ધર્મ પ્રગટ થાય નહિ. સાંભળવા તરફની લાગણી, તે પણ હું નથી. તો પછી કાન તો પુદ્‌ગલ પરમાણુનો બનેલો છે, તે તો હું છું જ નહિ, હું તો જ્ઞાયક છું. મારા જ્ઞાનમાં પર કોઈ કારણ નથી–એમ નકાર થવો તે વ્યવહાર છે અને હું જ્ઞાયક છું તે નિશ્ચય છે. જ્ઞાન, જ્ઞાનથી થાય છે, શ્રવણથી થતું નથી.

**આંખ :—**જ્ઞાની જાણે છે કે આંખ તે મારી નથી, તે તો રજકણની છે. આત્મા તો ચૈતન્ય આંખવાળો છે. અજ્ઞાની માને છે કે પ્રતિમાને આંખથી દેખવાથી કર્મની ક્રોડું ખપે અને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામ કર્મ બાંધે. પહેલાં તો આંખ વડે દેખવાથી ભાવ થતો જ નથી. પણ પોતે જેવો ભાવ કરે તેવો થાય છે. અને બીજી વાત એ કે વધારે રસ ઊપજે તો બંધન થાય. કેમ કે તીર્થંકર નામકર્મનો બંધ પડે છે અને ઓછારસમાં નિર્જરા થાય–આ વાત પણ ખોટી છે. એક કારણમાં બે વિરુદ્ધ કાર્ય ન હોય. અહીં તો કહે છે કે આંખ તે હું નહિ હું તો જ્ઞાયક છું એમ માનવું તે નિર્જરા છે.

### આત્મા અને આંખ વચ્ચે અત્યંત અભાવરૂપી મોટી વ્રજની ભીંત પડી છે

આત્મા અને આંખ વચ્ચે અત્યંત અભાવરૂપી મોટી વજ્રની ભીંત પડી છે. આત્માનું અંતર્ચક્ષુ દ્વારા દર્શન કરવાથી પાપનો નાશ થાય છે, તે ખરેખર દેવનું દર્શન છે. આ દર્શન થયા પછી ચક્ષુ વડે કરેલ દેવદર્શન

પાપનો નાશ કરે છે, એમ વ્યવહારથી કહેવાય છે. આ રીતે આંખ આત્માની નથી. આત્મા તો જ્ઞાયક સ્વભાવી છે, તેવી પ્રતીતિ કરવી, તે નિર્જરા છે.

**નાક :** આત્માને નાક નથી. નાકથી આત્મા સુંઘતો નથી. નાક પુદ્‌ગલ છે. જેમ કોઈ માણસ સંસારમાં કોઈની ચીજ માગી લાવે, તો તેને પોતાની માને નહિ તેમ જ્ઞાની માને છે કે નાક મારી વસ્તુ નથી. તે જડની ચીજ છે. તેને પોતાની ચીજ માને નહિ. હું તો જ્ઞાનઘન પદાર્થ છું. નાકરૂપી પદાર્થ છે, તેનો મારામાં અભાવ છે. તેને લઈને મારું કામ થાય નહિ.

**જીભ :** અજ્ઞાની માને છે કે જીભ હોય તો ભગવાનનાં ગાણાં ગવાય. શાસ્ત્રમાં લખાણ આવે કે "રસનાનો લાવો લીધો રે"–તે વ્યવહારનાં કથન છે. આત્માને જીભ જ નથી. જીભ જડની ચીજ છે. તે આત્માની નથી. તો આત્મા જીભથી ગાણાં ગાય. એમ બને નહિ. જ્ઞાની જાણે છે કે હું તો ચૈતન્ય છું. જીભનો મારામાં અત્યંત અભાવ છે. તેથી જ્ઞાનીને નિર્જરા થાય છે.

**સ્પર્શ :** આત્મા સ્વ છે અને સ્પર્શ તે પર છે. આમ આત્માને અને સ્પર્શને ભિન્ન જાણી, સ્વમાં એકાગ્ર થાય તો ધર્મ થાય. એ રીતે સોળ બોલને વિશેષપણે જાણવા.

આ રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાન વૈરાગ્યસંપન્ન હોય છે એમ હવેની ગાથામાં કહે છે :—

## ગાથા ૨૦૦

**સુદ્રષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.**

**અર્થ :—**આ રીતે સમ્યગ્દ્રષ્ટિ, આત્માને (પોતાને) જ્ઞાયકસ્વભાવ જાણે છે અને તત્ત્વને અર્થાત્ યથાર્થસ્વરૂપને જાણતો થકો કર્મના વિપાકરૂપ ઉદયને છોડે છે.

પ્રથમ સ્વ અને પરનું જ્ઞાન કરે છે, પછી સ્વસન્મુખની એકાગ્રતા થાય છે ત્યારે રાગ થતો જ નથી. તેને રાગ છોડ્યો એમ કહેવાય છે. અજ્ઞાની પર્યાયમાં રાગ થાય છે, તેને જુએ છે. પણ અહીં તો જ્ઞાનીને પોતાના જ્ઞાયક સ્વભાવને જાણતાં સંવર—નિર્જરા થાય છે. જ્ઞાની માને છે કે મારા પાકમાં અશાંતિની ઉત્પત્તિ થતી નથી. એ જ ધર્મ છે અને તે જ તપશ્ચર્યા છે.

# પ્રસાદ નં. ૨૧૭

## સમયસાર ગાથા ૨૦૦

(જેઠ સુદ ૨, બુધવાર, ૨૦૦૭)

દ્રવ્યકર્મનું ટળવું કોને થાય? અને આત્માની અવસ્થામાં થતી મલિનતાનો નાશ કેમ થાય? તે નિર્જરાની વિધિ શું છે? તેનો અધિકાર ચાલે છે.

ટીકા :—આ રીતે સમ્યગ્દ્રષ્ટિ સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક એટલે ભેદજ્ઞાન કરીને ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવો જે આત્મા, તેને સારી રીતે જાણે છે.

## જ્ઞાની સામાન્યપણે અને વિશેષપણે સર્વ પરભાવોથી ભિન્ન આત્માને જાણે છે

સામાન્યપણે એટલે હું ચૈતન્ય જાણનાર—દેખનાર આનંદકંદ છું અને પુણ્ય—પાપાદિ પરભાવો છે, એવો વિવેક કરે છે. તેને ધર્મ થાય છે અને વિશેષપણે એટલે આત્મામાં ક્ષણે ક્ષણે રાગ થાય છે, તે બધો પરભાવ સ્વરૂપ છે. ઉપવાસ, ઉણોદરી વગેરે બાર પ્રકારના તપના ભાગ છે, તે બધા પરભાવ સ્વરૂપ વિકાર છે-તે હું નહિ. હું તો ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ નિત્ય ધ્રુવ છું, એમ પરથી વિવેક કર્યો, તે વૈરાગ્ય છે અને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ છું—એમ જાણવું તે જ્ઞાન છે. આ રીતે જ્ઞાની, જ્ઞાન-વૈરાગ્યશક્તિ સંપન્ન છે. આનું નામ નિર્જરા અને તપશ્ચર્યા છે. એકલા બાહ્ય ઉપવાસ કરીને મરી જાય પણ ધર્મ થાય નહિ. અજ્ઞાની ઉપવાસથી નિર્જરા માને છે, તેમાં તો તેને કાળની નિર્જરા થાય છે. રોટલા આદિને છોડું છું—એ તો છોડવાની લાગણી થઈ, તે રાગ છે, તે હું નથી. હું તો જ્ઞાયક છું—એવું ભાન કરે તો નિર્જરા થાય.

## જ્ઞાની આત્મતત્ત્વને જાણતો સમસ્ત પરભાવોને છોડે છે

એક જાણવા—દેખવાનો જેનો સ્વભાવ છે, તે આત્મતત્ત્વ છે. સ્વને ચૂકીને જેટલી લાગણી ઊઠે તે બધો વિકાર છે—પર છે. એક રજકણનાં ગ્રહણ—ત્યાગ મારામાં નથી અને લાગણી ઊઠે તે આત્મતત્ત્વ નથી. જાણનાર—દેખનાર છું એમ આત્મતત્ત્વને જાણે છે, તે નિર્જરા છે અને તપ છે. તપના બાર ભેદનો હું જાણનાર છું. તે ભેદનો વિકલ્પ ઊઠે, તે બધો બંધભાવ છે. શરીર અને પૈસા આદિ તો હું નહિ, એ તો બહારની વાત થઈ

પણ આત્મામાં જે લાગણી થાય, તે પણ હું નહિ. હું તો જ્ઞાયક છું એમ માને તો નિર્જરા થાય. બાકી આવું સમજ્યા વગર ઉપવાસ કરે તો લાંઘણ થાય. નિર્જરા થાય નહિ.

## સમ્યગ્દ્રષ્ટિ સ્વભાવના ગ્રહણથી અને પરભાવના ત્યાગથી પોતાના વસ્તુત્વને વિસ્તારે છે

આત્મા નિરુપાધિસ્વરૂપ છે અને આ લઉં ને આ મૂકું, તે બધો ઉપાધિભાવ છે. ટંકોત્કીર્ણ જ્ઞાયક તે હું છું એમ જ્ઞાની જાણે છે. ઇચ્છાના અભાવથી ઉત્પન્ન થતા પોતાના આનંદ અને શાંતિને તે વિસ્તારે છે—અનુભવે છે. જ્ઞાન અને આનંદ જે આત્માનો સ્વભાવ છે, તેને વધારતો જ્ઞાની મલિનતાના બંધને નાશ કરે છે એટલે સ્વભાવમાં એકાગ્ર થતાં વિભાવ જ્ઞાનીને થતો નથી. तच्चं वियाणंतो આત્મતત્ત્વને જાણતો જ્ઞાની આનંદ અને શાંતિને પ્રાપ્ત થાય છે. આનંદ અને શાંતિનું પ્રગટ થવું, તે વસ્તુત્વ છે. પુણ્ય-પાપની લાગણી થાય, તે વસ્તુત્વ નથી. આત્મામાં નિર્મળપણું, ચૈતન્યપણું, વૈરાગ્યપણું, આનંદપણું વગેરે વસ્તુનું વસ્તુપણું છે પણ દયા, દાન. વ્રતાદિના ભાવમાં ધર્મ માનવો, તે વસ્તુનું વસ્તુપણું નથી. આ રીતે ચૈતન્યસ્વભાવની ઓળખાણ કરી અંતરમાં એકાગ્ર થાય તો અજ્ઞાન ટળે.

દ્રવ્ય કદી પણ પર્યાય વગરનું હોય નહિ. આત્મામાં ધર્મની પર્યાય ન હોય ત્યારે અધર્મની પર્યાય હોય છે. જેને આ રીતે આત્માનું ભાન નથી, તેને ધર્મની પર્યાય પ્રગટ થતી નથી. તે જીવ વ્રત, તપ, ભક્તિ, પૂજાદિ કરતો હોવા છતાં તેને ધર્મની પર્યાય પ્રગટ થતી નથી. માટે તેને બધો અધર્મભાવ છે. કોઈ કહે કે ઉપવાસ કરવાથી ધર્મ ન થાય—એમ માનવાથી કોઈ ઉપવાસ કરશે નહિ. તેને કહે છે કે આત્માનું સાચું સ્વરૂપ સમજવું અને એમાં એકાગ્ર થવું એટલે આત્માની સમીપ વસવું, તે ઉપવાસ છે અને નિર્જરા છે. રોટલા ન ખાવા તે કાંઈ ઉપવાસ નથી. પાડોશીના ઘરમાંથી કાગડો માંસનો ટુકડો ફળિયામાં નાખે, તેને આર્ય માણસ પોતાનો માનતો નથી. તેમ જ્ઞાની શુભાશુભના પરિણામને પોતાના માનતો નથી.

<u>ભાવાર્થ :</u>—જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે અને કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે ત્યારે જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા—એ બન્ને અવશ્ય હોય જ છે. આ વાત પ્રગટ અનુભવગોચર છે. એ જ્ઞાન-વૈરાગ્ય જ સમ્યગ્દ્રષ્ટિનું ચિહ્ન છે. આત્મા તો જાણનાર—દેખનાર છે. શરીર, કુટુંબ, પૈસાનું જે થાય, તેનો જાણનાર છું

અને તે જ સુખમય છે. પુણ્ય-પાપની લાગણી થાય, તે દુઃખમય છે—એમ જાણી જે આત્માનું કલ્યાણ કરવા માગે છે, તે સ્વભાવમાં ઢળે છે. અને પરથી છૂટો થાય છે, તે અનુભવગોચર છે. જો ચારગતિ ભયની દાતાર છે એમ લાગે તો પરનું લક્ષ છોડી દે અને સ્વનું લક્ષ કરે. પરદ્રષ્ટિ છોડી સ્વદ્રષ્ટિ કરે એ જ્ઞાન-વૈરાગ્ય જ ધર્મી જીવનું લક્ષણ છે.

"જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે અને સમ્યગ્દ્રષ્ટિપણાનું અભિમાન કરે છે, તે સમ્યગ્દ્રષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે." એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે. જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિ કરતો નથી અને પુણ્ય-પાપ તથા નિમિત્ત તરફના ભાવનો અહંકાર કરે છે, તેને નિર્જરા થતી નથી પણ પાપ જ થાય છે, તે વાત કરે છે.

## કળશ ૧૩૭

અર્થ :—"આ હું પોતે સમ્યગ્દ્રષ્ટિ છું. મને કદી બંધ થતો નથી કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દ્રષ્ટિને બંધ કહ્યો નથી." એમ માનીને જેમનું મુખ ગર્વથી ઊંચું તથા રોમાંચિત થયું છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ પાપી છે. અજ્ઞાની એમ માને છે કે હું પોતે સમ્યગ્દ્રષ્ટિ છું. આત્માની ઓળખાણ તો નથી અને કહે છે કે મને બંધ થતો નથી, એમ શાસ્ત્રમાં કહ્યું છે. પણ અંતર અનુભવથી કહેતો નથી. અભિમાનમાં ચડી ગયો છે અને સ્વચ્છંદી થઈને ભોગની વાસનામાં મીઠાશ અનુભવે છે. તે શાસ્ત્રનું બહાનું લે છે પણ સ્વભાવનો આશ્રય લેતો નથી. વિષય ભોગ લઈને અમને બંધન નથી એમ ગર્વ કરે છે. ચૈતન્ય સ્વભાવની રુચિ થઈ નથી અને પુણ્યપાપની રુચિ ખસી નથી, તેને સમ્યગ્દર્શન હોય નહિ. અહીં કોઈ પોપાબાઈનું રાજ નથી. સાચા પુરુષાર્થ વગર સ્વચ્છંદે કલ્યાણ થાય એમ નથી.

એવા રાગી જીવો (પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષ અને મોહ ભાવવાળા જીવો) ભલે મહાવ્રતાદિનું આચરણ કરો તથા સમિતિની ઉત્કૃષ્ટતાનું અવલંબન કરો, તો પણ તેઓ પાપી (મિથ્યાદ્રષ્ટિ) જ છે. પરવસ્તુ હોય તો ઠીક ! પુણ્યની મદદ મળે તો સ્વભાવમાં ટકાય, એમ પરમાં પ્રેમ વર્તે છે, તે પંચમહાવ્રત પાળે, બાર પ્રકારની તપસ્યા કરે, લોચ કરે, પોતાના માટે કરેલો આહાર ન લે, વચન વિહારાદિમાં જતનાથી પ્રવર્તે, કોઈનું બૂરું ન કરે તો પણ તે મિથ્યાદ્રષ્ટિ પાપી છે.

## આત્માના ભાન વિના સ્વચ્છંદે વિષય ભોગ લે તો તે તથા કોઈ બાહ્ય વ્રતાદિ પાળે તો તે બન્ને મિથ્યાદ્રષ્ટિ પાપી જ છે

એક તો એવા જીવો છે કે સ્વભાવનો પ્રેમ થયો નથી અને વિષયનો પ્રેમ છૂટ્યો નથી છતાં "અમને સમ્યગ્દર્શન છે" એટલે અમને નિર્જરા થાય છે, એમ માને છે, તે મિથ્યાદ્રષ્ટિ પાપી છે અને બીજો દ્રવ્યલિંગી મુનિ, અઠ્ઠાવીસ મૂળગુણો પાળતો હોય, પાંચ સમિતિ પાળતો હોય છતાં આત્મા ચૈતન્ય જ્ઞાતા છે, એના ઉપર દ્રષ્ટિ નથી તેથી તે મિથ્યાદ્રષ્ટિ પાપી છે. અજ્ઞાનીને પુણ્ય-પાપનું અભિમાન થયું છે, તેને આત્માની દ્રષ્ટિ નથી. તેથી તે પુણ્ય પરિણામ કરતો હોય અથવા વિષય સેવતો હોય તો તે બન્ને મિથ્યાદ્રષ્ટિ પાપી છે. બન્નેને સંસાર છે.

## જેને આત્મા અને અનાત્માનું જ્ઞાન નથી તે સમ્યક્ત્વ રહિત મિથ્યાદ્રષ્ટિ છે

આત્મા તો જ્ઞાયક સ્વભાવ છે અને વ્રત, તપાદિ તો પુણ્યનો ભાવ છે, તે બન્નેની ખબર નથી એટલે આત્મા, અનાત્માનું ભાન નથી તેથી તે સમ્યક્ત્વ રહિત જ છે. ચરણાનુયોગના કથનમાં એમ આવે કે જેને આત્માનું ભાન નથી અને વ્રતતપાદિ કરે તો પુણ્યભાવ થાય એમ કહે પણ અહીં તો તેવા પુણ્યને પણ પાપ કહ્યું છે.

ભાવાર્થ :—પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ "હું સમ્યગ્દ્રષ્ટિ છું. મને બંધ થતો નથી" એમ માને છે, તેને સમ્યક્ત્વ કેવું ? જેને પરવસ્તુનો પ્રેમ છે, ઘણા શિષ્યોને દીક્ષા આપીએ તો ગણધર થઈએ અને પૈસાથી ધર્મની પ્રભાવના થાય, એવાને પુણ્ય-પાપ તથા શરીરનો પ્રેમ વર્તે છે. શરીર સારું હોય તો ધર્મ થાય. મારા શરીરથી કોઈ જીવ ન મરે તો કલ્યાણ થાય એમ માનનાર મૂઢ છે. પોતાના ભાવથી દોષ છે. શરીરથી દોષ નથી એમ તેને ખબર નથી. તેને શરીરનો પ્રેમ વર્તે છે. પરથી લાભ થશે એમ માનનારને સમ્યક્ત્વ કેવું ? આ મારાં પુસ્તક વગેરે છે, તે ધર્મનાં ઉપકરણો છે, આહારપાણી દેનારા હોય તો ચારિત્ર નભે, એમ માનનારા મૂઢ છે. તેને ચૈતન્યજ્ઞાતા આત્મા છે, તેના પ્રત્યે રુચિ નહિ હોવાના કારણે પરદ્રવ્ય પ્રત્યે રાગ છે, તેથી તે પાપી છે. સંભળાવનારા સારા હોય તો ધર્મની પર્યાય વધે એમ માનનારને પરદ્રવ્ય પ્રત્યે પ્રેમ છે. અંતરનો પ્રેમ નથી. તેને પરની સાથે એકત્વબુદ્ધિ છે. તેને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન હોતાં નથી.

વ્રત, સમિતિ પાળે પણ સ્વ-પરનું જ્ઞાન જેને નથી, તે પાપી જ છે. કેમ કે પંચમહાવ્રતનો ભાવ પણ આસ્રવ છે, તેનું જેને ભાન નથી, તેને ધર્મ કેવો ? પુણ્યને ધર્મ માને તે મિથ્યાદ્રષ્ટિ છે, પાપી છે. કેમ કે સ્વ—પરનું જ્ઞાન નથી. જેમ બગડેલાં દૂધ કરતાં મીઠી છાશ સારી છે કેમકે બગડેલું દૂધ કામ લાગતું નથી અને મીઠી છાશ રોટલા સાથે ખવાય છે. તેમ દ્રવ્યલિંગી મુનિ મિથ્યાદ્રષ્ટિ છે, તેના કરતાં સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક સારા છે. મિથ્યાદ્રષ્ટિ જાવજીવ સુધી કાયાથી બ્રહ્મચર્ય પાળે તો પણ પાપી છે અને સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી ૯૬,૦૦૦ રાણીના ભોગમાં હોવા છતાં ધર્મી છે. અજ્ઞાની બ્રહ્મચર્યમાં શરીરની ક્રિયા અમુક પ્રકારની ન થઈ અને બ્રહ્મચર્યનો ભાવ થયો માટે ધર્મ થયો, એમ માને છે, તે મૂઢ છે, પાપી છે, તેને ધર્મની ખબર નથી. દેહનું બ્રહ્મચર્ય પાળીને આત્માનું બ્રહ્મચર્ય થયું માને છે. તેને સ્વ—પરનું જ્ઞાન નથી તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે ને તે જ મોટું પાપ છે.

# પ્રસાદ નં. ૨૧૮

**સમયસાર કળશ ૧૩૭**

(જેઠ સુદ ૩, ગુરુવાર, ૨૦૦૭)

## પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં હું સમ્યગ્દ્રષ્ટિ છું એમ માને છે તેને સમ્યક્ત્વ હોતું નથી.

પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં એટલે કે હું પરદ્રવ્યને કરી શકું છું, શરીરથી પરજીવની રક્ષા કરી શકું છું, તેને પરદ્રવ્ય પ્રત્યે રાગ છે, તેને આત્માનું ભાન નથી. તે જીવ "હું સમ્યગ્દ્રષ્ટિ છું. મને બંધ થતો નથી" —એમ માને છે, તેને સમ્યક્ત્વ કેવું ? તે વ્રત-સમિતિ પાળે તો પણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે. તેને યથાર્થ પુણ્યની પણ ખબર નથી અને પોતાને બંધ થતો નથી એમ જાણીને સ્વચ્છંદી થઈને પ્રવર્તે છે. પરની ક્રિયા હું કરી શકતો નથી, વર્તમાનમાં નબળાઈને કારણે રાગ થાય છે, તેનો હું જાણનાર છું—તેવું જેને ભાન નથી, તેને સમ્યક્ત્વ કેવું? તે સ્વચ્છંદે પ્રવર્તનાર હોવાથી મિથ્યાદ્રષ્ટિ પાપી છે.

જ્ઞાનીને પણ જ્યાંસુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાંસુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે અને જ્યાંસુધી રાગ રહે છે ત્યાંસુધી સમ્યગ્દ્રષ્ટિ તો પોતાની નિંદા–ગર્હા કરતો જ રહે છે. જ્યાંસુધી વીતરાગતાનો પુરુષાર્થ ન થાય ત્યાંસુધી રાગ હોય છે પણ તે વિકાર છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિને પંચ મહાવ્રતના પરિણામ થાય તેની મુનિ નિંદા–ગર્હા કરે છે કે તે તો પુણ્યાસ્રવ છે. તે મારું સ્વરૂપ નથી. હું જ્ઞાની છું એમ કહેવા માત્રથી જ રાગથી છૂટાતું નથી અથવા તો એકલા સમ્યગ્દર્શનથી મોક્ષ થતો નથી પણ જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ ચારિત્રથી બંધ કપાય છે. માટે રાગ હોવા છતાં બંધ થતો નથી, એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદ્રષ્ટિ જ છે.

અહીં કોઈ પૂછે છે કે વ્રત-સમિતિ તો શુભકાર્ય છે તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો ? એટલે કે બ્રહ્મચર્ય પાળે, બારબાર મહિના સુધી રોટલા ન ખાય—આવો મંદ કષાય હોવા છતાં તેને પાપી કેમ કહ્યો ? તેનું સમાધાન :—

સિદ્ધાંતમાં પાપ તો મિથ્યાત્વને જ કહ્યું છે. જ્યાંસુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.

બાહ્ય વ્રત તપ પાળવાથી આત્માનું કલ્યાણ થઈ જશે એવી માન્યતા તે ભ્રમ છે. કેમ કે ચિદાનંદ શુદ્ધસ્વભાવના આશ્રયે ધર્મ થાય છે, તેને બદલે પરપદાર્થના ત્યાગથી કલ્યાણ માને છે. પરપદાર્થનો ત્યાગ તો અનાદિથી જ આત્માને છે અને ત્યાગનો વિકલ્પ તે પુણ્ય આસ્રવ છે. તેને ધર્મ માનીને અજ્ઞાની પાપ સેવી રહ્યો છે.

શુભ અને અશુભ બન્ને ભાવો પરમાર્થે પાપ જ છે. કેમ કે આત્માના કલ્યાણમાં એકેય મદદરૂપ થતા નથી. વ્રતના વિકલ્પથી ચૈતન્યમાં લાભ થાય તેમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. શુભાશુભભાવ બન્ને આસ્રવ છે. તે સંવરનું કારણ હોઈ શકે નહિ. દયાદાનવ્રત કરતાં કરતાં સમ્યગ્દર્શન અને ધર્મ થશે, એમ માનનાર પાપી છે. કેમ કે આત્માના દ્રવ્યસ્વભાવમાં પુણ્ય-પાપ બન્ને નથી. તે બન્ને લાગણી આસ્રવ હોવાથી અધર્મ છે. ચૈતન્યમૂર્તિ આત્માનો સ્વભાવ તો નિર્વિકાર—નિર્દોષ—શુદ્ધ છે. તેને પુણ્ય-પાપ હણનાર છે એટલે કે તે ભાવ આત્માની નિર્વિકાર શાંતિને લૂંટીને ઉત્પન્ન થાય છે. છતાં તેનાથી લાભ માનવો, તે મહાપાપ છે.

વળી વ્યવહારનયની પ્રધાનતામાં વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે એટલે કે આત્માનું ભાન હોય તો—નિશ્ચયનય પ્રગટ થયો હોય તો–તેના શુભભાવને વ્યવહારનયથી કથંચિત્ પુણ્ય કહેલ છે. અશુભભાવ છૂટ્યો છે એ અપેક્ષાએ તેને પુણ્ય ગણવામાં આવેલ છે, પણ રાગથી રાગરહિત થવાય છે એમ માનનારને તે પુણ્યભાવ પણ પાપ જ છે. આ રીતે કહેવામાં સ્યાદ્વાદમાં વિરોધ આવતો નથી. પણ આનો અર્થ એવો નથી કે વ્યવહારથી નિશ્ચય પ્રગટ થાય.

વળી કોઈ પૂછે છે કે પરદ્રવ્યમાં રાગ રહે ત્યાંસુધી જીવને મિથ્યાદ્રષ્ટિ કહ્યો, તે વાતમાં અમે સમજ્યા નહિ એટલે કે પરદ્રવ્યમાં રાગ રહે તે મુનિ તો નહિ, સમ્યગ્દ્રષ્ટિ પણ નહિ. પરંતુ મિથ્યાદ્રષ્ટિ પાપી છે એમ કહ્યું તેમાં અમે સમજ્યા નહિ કેમ કે સમ્યદ્રષ્ટિ શ્રાવકને આત્માનું ભાન હોવા છતાં અશુભ અને શુભરાગ પણ હોય છે અને છઠ્ઠે ગુણસ્થાને મુનિને પણ બુદ્ધિપૂર્વક રાગ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ સમજે છે કે રાગ તો મોટી વ્યાધિ છે છતાં તેને નબળાઈના કારણે રાગ તો હોય છે, તો તેને સમ્યક્ત્વ કેવી રીતે છે ? ભગવાન સંસારમાં હતા ત્યારે સમ્યગ્દ્રષ્ટિ હતા અને તેમને રાગ પણ હતો–તેનું કેમ ? તેનું સમાધાન :—અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે.

## પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વ-પરનું જ્ઞાન-શ્રદ્ધાન નથી

મિથ્યાદ્રષ્ટિ પરની ક્રિયા હું કરી શકું છું અને પુણ્યથી ધર્મ થાય એમ માને છે. એવી રુચિના રાગને અહીં રાગ કહ્યો છે. આત્મા છે તો શરીર ચાલે, આત્મા બોલવા માગે તો બોલાય, એમ જે માને છે, તે પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ કરે છે. નવકાર ગણીએ, જાત્રા કરીએ, ઉપવાસ કરીએ તો તેનાથી આત્માનું કલ્યાણ થશે. તેને પરદ્રવ્યમાં પ્રીતિ છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ મને તારનાર છે, એમ જે માને છે, તેને તીર્થંકર પ્રત્યે રાગ છે. પણ તે પોતાથી ભિન્ન છે એમ તે માનતો નથી. જંગલમાં રહેતો હોય, મૌન રાખતો હોય, છ છ મહિનાના ઉપવાસ કરતો હોય પણ અરહંત મને તારશે અને પ્રતિમાથી મારું કલ્યાણ થશે, તે પરદ્રવ્યનો પોતામાં અભાવ છે. છતાં તેનાથી લાભ માને છે, તે ભ્રમણા છે. તે પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ કરે છે અને પરદ્રવ્ય પ્રતિકૂળ હોય તો ધર્મ ન થાય. સંઘયણ સારું હોય તો મોક્ષ થાય, તે મિથ્યાભ્રાંતિ પૂર્વક રાગ કરે છે, તેને સ્વ-પરનું શ્રદ્ધાન નથી.

સાતમી નરકનો નારકી પણ સમ્યગ્દર્શન પામી શકે છે. તેને સંયોગો નડતા નથી. સંયોગો સારા હોય તો સમ્યગ્દર્શન થાય એમ જે માને છે, તેને અનંતાનુબંધી કષાયનો રાગ છે એમ ભગવાને કહ્યું છે. જેને પુણ્યમાં પ્રેમ અને પાપમાં અપ્રેમ છે અને પુણ્ય-પાપ આત્માને લાભ કરશે તેમ જે માને છે, તે મિથ્યાત્વસહિતનો અનંતાનુબંધીનો રાગ છે. કર્મના નિમિત્તે થતો આત્મામાં શુભભાવ તેની જેને રુચિ વર્તે છે, તેને આત્માની રુચિ નથી. તેને સ્વ-પરનું શ્રદ્ધાન નથી, ભેદજ્ઞાન નથી એટલે કે ચોથું ગુણસ્થાન નથી.

ચૈતન્યશક્તિના અવલંબને ધર્મ થાય. પરના અવલંબને ધર્મ થાય નહિ એમ જે માને નહિ, તેને અનંતાનુબંધી કષાય કહ્યો છે. મુનિપણું લઈને નિર્દોષ આહાર લે, પંચમહાવ્રત પાળે છતાં હું પરજીવની દયા પાળી શકું છું. એમ જે માને, તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે કેમ કે પરજીવ તો આ આત્માથી ભિન્ન છે. તે તેનાં ઉત્પાદ, વ્યય, અને ધ્રુવથી ટકી રહેલો છે છતાં મારાથી તેનો ઉત્પાદ થશે, એમ જે માને છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. શરીરસંબંધી જતનાથી પ્રવર્તવું એટલે શરીરની ક્રિયા પરદ્રવ્યની ક્રિયા છે, આત્માની ક્રિયા નથી છતાં આત્માથી તે થાય એમ માનવું, તેને ભેદજ્ઞાન નથી.

પરદ્રવ્યની જતનાથી શુભભાવ થયો અને તેનાથી મોક્ષ માને છે, તેને પણ ભેદજ્ઞાન નથી કેમકે શુભભાવ તે ઉપાધિભાવ છે, તેનાથી નિરુપાધિ સ્વભાવ પ્રગટે એમ તે માને છે. શુભભાવ તે બંધભાવ છે. તેનાથી અબંધ

સ્વભાવ પ્રગટે એમ બને નહિ. શુદ્ધભાવ મુક્તિનું કારણ છે અને શુભભાવ બંધનું કારણ છે. પરજીવની અને તેના શરીરની પર્યાય અને આ આત્માને અત્યંત અભાવ છે, તે અત્યંત અભાવરૂપી વજ્રની ભીંત હોવા છતાં તેનાથી લાભ થાય એમ જે માને છે, તેને અનંતાનુબંધી કષાયનો રાગ છે.

પરજીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતાં પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે. ત્યાંસુધી તેને સ્વ-પરનું જ્ઞાન થયું નથી એમ જાણવું. કારણ કે બંધ મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા. શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું માટે તે મિથ્યાદ્રષ્ટિ છે.

પરજીવોનો ઘાત થવો, તે આત્માના હાથની વાત નથી. અજ્ઞાની માને છે કે મેં પર જીવનો પર્યાય કર્યો. તે જીવની અવસ્થા તેના કારણે સમયે સમયે થઈ રહી છે અને શરીરનું અયત્નાચારપણે પ્રવર્તવું, તે પરદ્રવ્યની ક્રિયા છે. તે આત્મા કરી શકતો નથી. જેમ જગતને ઈશ્વરે કર્યું તેમ અજ્ઞાની શરીરની ક્રિયા હું કરી શકું છું એમ માને છે, તે બન્ને એક જ માન્યતાવાળા છે, કર્તાબુદ્ધિવાળા મિથ્યાદ્રષ્ટિ છે. પર જીવોનો ઘાત થવો તે પરની ક્રિયા છે. તે મારાથી થઈ એમ માન્યું અને તે કારણે મને બંધ થયો, તે અજ્ઞાન છે કેમ કે પરદ્રવ્યની ક્રિયાથી આત્મામાં બંધ થાય નહિ અને તે જીવના ઘાતના નિમિત્તે થતો અશુભભાવ જ માત્ર બંધનું કારણ છે એમ અજ્ઞાની માને છે. પરંતુ શુભભાવ પણ બંધન છે, તેમ તે માનતો નથી માટે મિથ્યાદ્રષ્ટિ છે.

આવી વસ્તુસ્થિતિ છે, તેને યથાર્થ જાણે અને માને તે જૈન છે. જૈન કોઈ સંપ્રદાય નથી, તે તો વસ્તુનો સ્વભાવ છે. તેના આશ્રયે ધર્મ થાય. પરદ્રવ્યની હિંસા કે દયા, શરીરની યત્ના કે અયત્ના–તે પરદ્રવ્યની ક્રિયા છે. તે આત્માની ક્રિયા નથી છતાં તે મારાથી થાય અને તેનાથી લાભ-નુકશાન થાય, એમ માને તે મિથ્યાદ્રષ્ટિ પાપી છે.

જેને સ્વ-પરનું જ્ઞાન નથી, તે પરદ્રવ્યને બંધનું કારણ માને છે અને એકલા અશુભભાવને જ બંધનું કારણ માને છે. શુભભાવને બંધનું કારણ નહિ માનતાં તેને મોક્ષનું કારણ માને છે. પણ ખરેખર અશુદ્ધ ભાવથી એટલે શુભાશુભભાવથી બંધ થાય છે અને શુદ્ધ ભાવથી મોક્ષ થાય છે. પર ચીજથી બંધન નથી. આત્માના જ્ઞાનની કે રાગની તાકાત નથી કે તે પરદ્રવ્યને છોડી શકે કે ગ્રહી શકે કેમકે આત્મામાં પરચીજનો અત્યંત અભાવ છે. આત્મા

તો ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિવાળો છે. આત્મામાં આંગળી નથી કે તે પરદ્રવ્યને છોડે કે પકડે. અજ્ઞાની પરવસ્તુના ત્યાગે કલ્યાણ માને છે, તે મૂઢતા છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે આત્માની નિર્દોષ પર્યાય છે. તે શુદ્ધ આત્મ દ્રવ્યના અવલંબને પ્રગટે છે. એકવાર શાંતિથી ધીરો થઈને સાંભળે તો સમજાય એવી વાત છે. બે ને બે ચાર જેવી ચોખ્ખી વાત છે. અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો પણ ભેદજ્ઞાન કર્યું નહિ. પર્યાયબુદ્ધિમાં અટક્યો પણ દ્રવ્યબુદ્ધિ કરી નહિ, તેથી સંસારમાં રખડ્યો.

# પ્રસાદ નં.-૨૧૯

## સમયસાર કળશ ૧૩૭

(જેઠ સુદ ૪, શુક્રવાર, ૨૦૦૭)

જ્યાં સુધી પરદ્રવ્ય પ્રત્યે રાગ રહે છે ત્યાંસુધી અધર્મદ્રષ્ટિ છે. આત્મા જાણનાર-દેખનાર આનંદસ્વભાવમય છે. તેના કરતાં સ્ત્રી, કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર ઉપર વધારે રાગ થાય, તે મિથ્યાદ્રષ્ટિ છે.

અહીં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે ધર્મી જીવને રાગદ્વેષ પણ હોય છે. રાજપાટ, લડાઈ આદિમાં તે ઉભેલો દેખાય છે. તેને સ્ત્રી પણ હોય છે, તો તે સમ્યગ્દ્રષ્ટિ છે કે નહિ ? ગુરુએ એમ કહ્યું હતું કે ધર્મીને પરપદાર્થ પ્રત્યે રાગ હોય નહિ. તો તેમાં શંકા પડે છે. કેમ કે સમ્યગ્દ્રષ્ટિને રાગ તો હોય છે. તો તે ધર્મ છે કે નહિ ? તેનું સમાધાન :—

અહીં ઊંધી માન્યતાવાળો ઊંધી શ્રદ્ધાસહિત જે રાગ કરે છે, તે રાગને ગણવામાં આવ્યો છે. ધર્મીને નબળાઈના કારણે રાગ થાય છે, તેની અહીં વાત નથી. જેને પોતાના આત્મા સિવાય પરદ્રવ્યમાં પ્રીતિ-અપ્રીતિનો ભાવ થાય, તેને ભેદજ્ઞાન નથી. સ્ત્રી, કુટુંબાદિ તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ પ્રત્યે આત્મબુદ્ધિપૂર્વક અર્થાત્ આત્માને લાભદાયક છે એમ માનીને પ્રીતિ કરે છે અને દુશ્મન, સર્પાદિ તથા નિર્ધનતા, મૃત્યુ વગેરે પ્રત્યે આત્મબુદ્ધિપૂર્વક આ મને નુકશાનકારક છે એમ માનીને અપ્રીતિ કરે છે, તેને સ્વ-પરનું જ્ઞાન-શ્રદ્ધાન નથી.

શરીરની અવસ્થા આત્માની પ્રેરણાપૂર્વક થાય છે—એમ માને છે, તેને શરીર પ્રત્યે આત્મબુદ્ધિપૂર્વક પ્રેમ વર્તેછે. ભગવાનની વાણી સાંભળવાથી ધર્મ થાય અને કોઈએ ખરાબ વાણી કહી માટે દ્વેષ થયો, એમ માનનારને વાણી પ્રત્યે એટલે પર દ્રવ્ય પ્રત્યે આત્મબુદ્ધિ પૂર્વક પ્રીતિ અપ્રીતિ વર્તે છે. તે ધર્મી જીવ નથી. દુશ્મન નુકશાન કરે અને સારા દીકરા હોય તો 'દી' વાળે એમ મૂઢ અજ્ઞાની માને છે. તેને ભેદજ્ઞાન નથી. તેને ધર્મ હોતો નથી પણ અધર્મ થાય છે.

ભાષા મીઠી બોલીએ તો બીજાને પ્રેમ થાય અને ખરાબ બોલીએ તો બીજાને દ્વેષ થાય. શરીર નીરોગ હોય તો ધર્મ થાય અને રોગ હોય તો ધર્મ ન થાય એમ માને છે, તેને પર દ્રવ્ય પ્રત્યે પ્રીતિ-અપ્રીતિનો ભાવ છે. તે ભગવાન આત્મા જ્ઞાનાનંદ છે, તેને છોડીને પર દ્રવ્યને પોતાનાં માને છે

અને પરદ્રવ્યથી લાભ-નુકશાન માનવું તે પાખંડદ્રષ્ટિ છે. તેને સ્વ-પરની જુદાઈનું જ્ઞાન નથી, તે અધર્મદ્રષ્ટિવાળો છે.

પોતે જુવાન ૨૦ વર્ષનો હોય અને શરીરમાં ટી.બી. થાય તેથી શરીર જીર્ણ થતું જાય તો તેના ઉપર દ્વેષ કરે અને બીજા ૫૦ વર્ષની ઉંમરના હોય અને શરીર નીરોગી લાલચોળ હોય તો તેને લાભનું કારણ માને છે. તેને પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ-અપ્રીતિના ભાવ છે. ઉનાળામાં મોસંબીના ઠંડાપાણી અને બદામનો આઈસ્ક્રીમ ખાય તો અજ્ઞાની માને છે કે આ ચીજ મને ઠીક પડે છે, તેને સ્વ-પરનુ ભેદજ્ઞાન નથી. પર વસ્તુમાં ઠીક-અઠીક માનવું તે આત્મામાં રોગવર્ધકપણું છે. પરવસ્તુ તો પરમાં છે. આત્મામાં પેઠી નથી. પરદ્રવ્યના કારણે આત્મામાં પ્રીતિ-અપ્રીતિનો ભાવ થતો નથી, તેની અજ્ઞાનીને ખબર નથી કેમ કે તેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી.

પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ-અપ્રીતિના ભાવની વાત થઈ. હવે કહે છે કે પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ કરે છે, તેને સ્વ-પરનું જ્ઞાન શ્રદ્ધાન નથી. પરદ્રવ્યથી થતા ભાવો એટલે પર લક્ષે આત્મામાં પુણ્ય—પાપાદિના ભાવો થાય છે, તેમાં પ્રેમભાવ કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

હિંસાનો ભાવ, જૂઠાનો ભાવ, ચોરીનો ભાવ, અબ્રહ્મચર્યનો ભાવ અને પરિગ્રહાદિની મમતાનો ભાવ પ્રત્યક્ષ દુઃખદાયક છે. એને સુખદાયક માને તેને પરભાવમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિનો ભાવ છે. તે અશુભભાવને ઠીક માને છે, તેથી મિથ્યાદ્રષ્ટિ છે. આ આત્મા ચૌદ બ્રહ્માંડમાં એકલું તત્ત્વ છે. તે બધાથી નિરાળું છે, તેને કોઈ પરદ્રવ્ય સાથે સંબંધ નથી છતાં પરદ્રવ્ય અનુકૂળ હોય તો ઠીક પડે એમ માની પ્રીતિ કરે છે અને પ્રતિકૂળ સંયોગોમાં અઠીકપણું માનીને અપ્રીતિ કરે છે. તે ભલે સામાયિક, પોષા, પ્રતિક્રમણાદિ કરતો હોય તો પણ તેને ધર્મ થતો નથી.

જીવ મુનિપણું ધારણ કરીને પંચમહાવ્રતના શુભભાવ કરે અને સમિતિ પાળે એટલે કે જોઈને ચાલવાનો, વિચારીને બોલવાનો વગેરે શુભભાવ કરે તો પણ જ્યાંસુધી તે એમ માને કે હું પરજીવની રક્ષા કરી શકું છું ત્યાંસુધી તેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી. જગતના બધા પદાર્થો જીવ અને પુદ્ગલો તે તેના કારણે રહે છે—નભે છે. છતાં મારા કારણે તેની રક્ષા થાય, તેમ માનવું તે મૂઢતા છે. જે પરવસ્તુ છે, તેની ક્રિયા તેનાથી થઈ છે, તેને બદલે મારાથી થઈ એમ જે માને છે, તે મૂઢદ્રષ્ટિ છે.

અજ્ઞાની ભલે પર જીવને મારવાના ભાવો ન કરતો હોય અને કદાચ એના નિમિત્તે પર જીવ બચતો દેખાતો હોય છતાં તે એમ માને છે કે આ

જીવની રક્ષા મારાથી થઈ, તો તે જીવ મૂઢ છે. તે અજીવને જીવ માને છે. શરીર સંબંધી જતનાથી જીવની રક્ષા કરી એમ અજ્ઞાની માને છે. શરીર તો પુદ્‌ગલ પરમાણુના સ્કંધરૂપી પદાર્થ છે. તે આત્મા નથી. આત્મા તો ચૈતન્ય અરૂપી ધ્રુવ પદાર્થ છે. તેની ક્રિયા અને શરીરની ક્રિયા ભિન્ન છે—સ્વતંત્ર છે, તેને બદલે મેં ઉપયોગ રાખ્યો માટે શરીરની ક્રિયાથી પર જીવને બચાવ્યો એમ માનનાર જડ-ચેતનને એક માને છે. અહીં તો કહે છે કે મુનિપણું લઈને પણ આવું માને તો મિથ્યાદ્રષ્ટિ છે, તો પછી ગૃહસ્થ આવું માનતું હોય તો તેની તો વાત જ શી કરવી ? તે તો મૂઢ છે જ. કોઈપણ ચીજ લેવી અને મૂકવી તે આત્માના ઉપયોગથી—જતનાથી હું કરી શકું છું, એમ પર દ્રવ્યની પર્યાય મારાથી થાય છે અને તે ક્રિયાથી મુક્તિ થઈ જશે, એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ, મૂઢ છે, અધર્મી છે.

દિગંબર મુનિ થઈને પણ આ શરીરથી, પરજીવની રક્ષા થઈ શકે છે અને શરીરથી કોઈ જીવ હણ્યો નથી માટે મને ધર્મ થશે, એમ માને તો તે મૂઢ છે તથા પરદ્રવ્યના નિમિત્તે થતો ભાવ એટલે કર્મના નિમિત્તે થતો શુભભાવ તેનાથી પોતાનો મોક્ષ થશે એમ માને છે, તેને મિથ્યાદ્રષ્ટિપણા સહિતનો રાગ છે, તેને ધર્મની ઓળખાણ નથી.

પાણીના પૂરમાં માણસ ડૂબકી મારે અને ઘણો ઊંડો જાય, માથે હજારો મણ પાણી હોય છતાં તેનો બોજો માથા ઉપર લાગતો નથી. પણ તેમાંથી હાંડો ભરીને પાણી માથા ઉપર મૂકે તો બોજો લાગે છે, તેમ જગતના પદાર્થો એના કારણે પ્રવર્તી રહ્યા છે, તે જગતનું પૂર ચાલ્યું જ જાય છે. એમાંથી અમુક પદાર્થો જુદા પાડીને, આ મારા કારણે પ્રવર્તી રહ્યા છે, તેમ અજ્ઞાની માને છે. છોકરા, દુકાનના નોકરો વગેરે મારા તાબા પ્રમાણે પ્રવર્તવા જોઈએ, એવો બોજો માથે લઈને અજ્ઞાની ફરે છે. તે મિથ્યાદ્રષ્ટિ જીવ ઊંધી માન્યતાનો બોજો માથે લઈને ફરે છે, તે મૂઢ છે.

મેં ધ્યાન ન રાખ્યું. શરીરની જતના ન રાખી માટે જીવ મરી ગયો. ધ્યાન ન રાખ્યું માટે હાથમાંથી ગ્લાસ પડી ગયો—તે બધી માન્યતા ખોટી છે. આ રીતે પરદ્રવ્યની ક્રિયાથી આત્મામાં બંધ માને છે, તેને પરદ્રવ્યની ક્રિયાથી આત્માની ક્રિયા ભિન્ન છે, તેની ખબર નથી. શરીરના કારણે આત્મામાં પાપ માન્યું—તે વાત સાચી નથી તેને સ્વ-પરની જુદાઈની ખબર નથી. પૈસો વધારે હોય માટે ઘણું બંધન થાય—એમ નથી અને વધારે પૈસો હોય તો વધારે સુખનું કારણ અને ભયનું કારણ થાય—એમ પણ નથી. પણ અજ્ઞાની તેને સુખ અને ભયનું કારણ માને છે. પરદ્રવ્યના કારણે ભય નથી.

આ વાતની અજ્ઞાનીને ખબર નથી. બંધન તો શુભ અને અશુભ ભાવથી છે, તેને બદલે અજ્ઞાની પર પદાર્થથી બંધન માને છે, તે ભ્રમ છે.

વળી અજ્ઞાની પરદ્રવ્યના નિમિત્તે થતા આત્માના અશુભ ભાવને જ બંધનું કારણ માને છે. તો માત્ર અશુભ ભાવ જ બંધનું કારણ છે—એમ નથી. શુભભાવ પણ બંધનું કારણ છે. છતાં અજ્ઞાની શુભભાવને મોક્ષનું કારણ માને છે, તે ભૂલ છે.

શરીરમાં સ્વચ્છતા ન હોય તો આત્મામાં શુભભાવ ન થાય, એ વાત ખોટી છે. શરીર સ્વચ્છ રાખીએ તો વિચાર સારા આવે, તે મૂઢની માન્યતા છે. તે જડથી આત્મામાં શુભાશુભ થાય એમ માને છે. દેહની સ્થિતિ છે, મંદવાડ લાંબો ચાલે અને ઝાડા પણ થઈ જાય. શરીર સ્વચ્છ ન હોય તો કાંઈ ભગવાનનું સ્મરણ ન થઈ શકે, એમ નથી. અજ્ઞાની માને છે કે તે કારણે અશુભભાવ થાય છે અને માત્ર અશુભભાવ જ બંધનું કારણ છે, એમ તે માને છે. પણ ખરેખર અશુદ્ધભાવ એટલે શુભાશુભ ભાવ બંધનું કારણ છે અને શુદ્ધભાવ મોક્ષનું કારણ છે. શરીરની ક્રિયાના કારણે બંધ-મોક્ષ નથી. તે તો શુભાશુભ ભાવમાં નિમિત્તમાત્ર છે. પણ અજ્ઞાની જીવ આથી વિપરીતપણે માન્યતા કરે છે માટે મિથ્યાદ્રષ્ટિ છે, તેને સમ્યક્ત્વ હોતું નથી.

# પ્રસાદ નં. ૨૨૦

## સમયસાર કળશ ૧૩૭

(જેઠ સુદ ૫, શનિવાર, ૨૦૦૭)

અહીં નિર્જરાનું સ્વરૂપ બતાવે છે. મલિનતાનો નાશ થવો, શુદ્ધતાની વૃદ્ધિ થવી અને કર્મનું ટળી જવું તેને નિર્જરા કહે છે. એ નિર્જરા સમ્યગ્દ્રષ્ટિને હોય છે. કેમ કે તેની રુચિ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ઉપર છે. નિર્વિકલ્પ આત્માની પ્રતીતિ થઈ, તેને સંસારમાં હોવા છતાં અને નબળાઈનો રાગ હોવા છતાં પણ નિર્જરા થાય છે. બંધન થતું નથી. આવું સાંભળીને અજ્ઞાની સ્વચ્છંદ સેવે છે, તેની વાત કરે છે, તેના બે પ્રકાર છે :—

(૧) એક રુચિપૂર્વક વિષયભોગ ભોગવે અને કહે કે શાસ્ત્રમાં લખ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિને બંધ થતો નથી માટે અમને પણ બંધ નથી, તો તે મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાની ભોગને રોગસમ ગણે છે, તેને ભોગમાં મીઠાશ હોતી નથી. <u>જ્ઞાનીને સંસારના ભોગ કુરસ-અરસ-વિરસ લાગે છે.</u> જેમ કોઈને આંગળીએ કોઢ થયો હોય તો તેને તેમાં પ્રેમ હોય નહિ તેમ જ્ઞાનીને ભોગ રોગસમ લાગે છે. તેને સારા માને નહિ. ચૈતન્ય દ્રષ્ટિવંત જ્ઞાનીને ભોગ નિર્જરાનું કારણ કહ્યું છે. અજ્ઞાનીને ચૈતન્ય ઉપર દ્રષ્ટિ નથી તેથી તેને ભોગ બંધનું કારણ થાય છે.

(૨) બીજો પ્રકાર એ છે કે જીવ મુનિપણું લઈને પંચમહાવ્રતાદિ પાળતો હોય પણ પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું છું, શરીર સંબંધી જતનાથી કલ્યાણ થાય. અજતનાથી બંધન થાય. પરની રક્ષાથી ધર્મ થાય, પૈસો ખસી જાય તો મમતા ઘટે, શાંત બેઠો હોય ત્યારે કોઈ ખરાબ શબ્દો કહે તો અશાંતિનું કારણ થાય એમ અનેક પ્રકારથી પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થાય છે. અને પરના કારણે આત્મામાં દોષ થાય છે એમ જે અજ્ઞાની માને છે, તેને નિર્જરા થતી નથી કેમ કે તે મિથ્યાદ્રષ્ટિ પરચીજને લઈને આત્મામાં ગુણ-દોષ થાય એમ માને છે, તે વિપરીત માન્યતા છે.

પરવસ્તુના કારણે ભલું—બૂરું માનવું તે મિથ્યાત્વ છે. સર્પના કરડવાથી આત્મામાં ભય થાય એમ નથી. પોતાને આત્મસ્વભાવની ખબર નથી એટલે સ્વને ભૂલીને ભયની લાગણી થઈ છે, તે મિથ્યાત્વ સહિતનો ભાવ છે. કોઈપણ માણસે આખી જિંદગી મજુરી કરીને લાખ દોઢલાખ રૂપિયા વેપાર કરીને ભેગા કર્યા હોય. પછી અવસ્થા થાય અને શરીર કામ કરી શકે એમ ન હોય, તે વખતે ભાઈઓ કહે કે આ રૂપિયામાંથી ભાગ વેંચી

દો, તો તેને ત્રાસ થાય છે. તે ત્રાસ પોતાને રળવાની શક્તિ ન રહી માટે નથી તેમ જ ભાઈઓએ કહ્યું માટે નથી અને પૈસાના કારણે પણ નથી. પોતે કલ્પના ઊભી કરી છે, તે કારણે ત્રાસ છે. પરદ્રવ્યના કારણે ત્રાસ થાય એમ માને તો તે અધર્મી છે, ધર્મી નથી. આ રીતે જ્યાંસુધી જીવ પર દ્રવ્યથી જ ભલું-બૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાંસુધી તે સમ્યગ્દ્રષ્ટિ નથી પણ મિથ્યાદ્રષ્ટિ છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ તો જ્યાંસુધી પોતાને ચારિત્રમોહ સંબંધી રાગાદિક રહે છે, ત્યાંસુધી તે રાગાદિક વિષે અને રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્ય સંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે. તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે—આ કર્મનું જોર છે. તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે.

બાહુબળજીને ભરત ચક્રવર્તીનો કાગળ મળ્યો કે તમો મને મળવા આવો. બાહુબળજીને કાગળ વાંચીને કષાય થયો. તે કામદેવ પુરુષ હતા, જ્ઞાની હતા. તે સમજતા હતા કે ભરત મને મળવા બોલાવતા નથી પણ તે ચક્રવર્તી છે અને મને નમાવવા માગે છે. ચક્ર જ્યાંસુધી બધાને તાબે ન કરે ત્યાંસુધી આયુધશાળામાં પ્રવેશ કરતું નથી. બાહુબળજીએ સમાચાર કહેવડાવ્યા કે હું આવીશ નહિ. તે સમાચારથી ભરત ચક્રવર્તીને પણ દ્વેષ થયો. હુકમ કર્યો કે લડાઈની તૈયારી કરો. બન્ને જ્ઞાની હતા, આત્માનું ભાન હતું. તે સમજતા હતા કે બાહુબળજીને કારણે આ દ્વેષભાવ થયો નથી. આ રીતે જ્ઞાનીઓને લડાઈનો ભાવ પણ હોય, છતાં આત્મા ચૈતન્યમૂર્તિ છે, તે ભાન ખસતું નથી. વિષયભોગમાં હોય, હરખ-શોકના પરિણામ પણ હોય, છતાં સમજે છે કે આ રાગાદિના પરિણામ અને તેના નિમિત્તે બહારની ક્રિયા પણ દેખાય, તે હું નહિ. અમે તો આત્મા છીએ, પરના કર્તા નથી. તેથી સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી, એમ કહ્યું છે.

સમ્યગ્દ્રષ્ટિ તે પ્રવૃત્તિમાં એમ સમજે છે કે આ કર્મનું જોર છે. તેનાથી નિવૃત્ત થયે જ છૂટકો છે. “કર્મનું જોર છે” એનો અર્થ એવો નથી કે કર્મને કારણે રાગાદિના પરિણામ થાય છે, પણ સ્વભાવનું જોર નથી એટલે નબળાઈના કારણે થતા રાગને, કર્મના જોરના કારણે થાય છે એમ આરોપ કરવામાં આવ્યો છે. તે રાગના પરિણામને રોગવત્ જાણે છે. ભરત ચક્રવર્તીને ખબર પડી કે અષ્ટાપદ પર્વત ઉપર ભગવાન ઋષભદેવ મોક્ષે પધારવાના છે. રાગને લઈને ચક્રવર્તી બધાની સાથે ત્યાં જાય છે અને મહોત્સવ કરે છે. પણ સમજે છે કે આ રાગ થયો છે, તે રોગ છે. તે રોગ પોતાના કારણે થયો છે એમ માને છે અને ચૈતન્યનું ભાન છે કે હું તો

શાંતિનું ધામ છું, એનો કુવારો નબળો છે એટલે આ રાગ થયો છે. જડકર્મે કરાવ્યો નથી.

એક બાજુ કર્મ અને બીજી બાજુ આત્મા, એમ બે ચીજ છે. સ્વલક્ષનું જોર નથી તો પર તરફ લક્ષ જાય છે એટલે કર્મનું જોર છે, એમ કહે છે. રાગદ્વેષથી દૂર થવું તે મારું કામ છે, એમ જ્ઞાની માને છે. રાગદ્વેષમાં રહેવું તે મારું કામ નથી. અંતર્મુખ જોતાં તો શાંતિ અને જ્ઞાન છે. રાગાદિના પરિણામ દુઃખદાયક છે, તેને સુખદાયક જ્ઞાની માને નહિ. જેમ ઊલટી થઈ હોય તો તેને કોઈ ભલી માને નહિ. શરીરમાં સવળી નાડને બદલે અવળી નાડ થઈ જાય તો કોઈને મોઢેથી વિષ્ટા નીકળે છે. ને તે વિષ્ટા મોઢામાંથી કાઢતાં થોડી વાર લાગે, તેથી કાંઈ વિષ્ટાનો સ્વાદ લેવાનો તેને પ્રેમ છે, એમ નથી. તે વિષ્ટાનો સ્વાદ લેતો નથી. એમ જ્ઞાનીને સ્વરૂપ તરફની નાડનું વલણ છૂટીને અલ્પ રાગદ્વેષાદિ થાય તો તેનો સ્વાદ જ્ઞાની લેતો નથી. તેની મીઠાશ લાગતી નથી. રાગદ્વેષ દેખાય, છતાં તેની રુચિ જ્ઞાનીને નથી.

સમ્યગ્દ્રષ્ટિ રાજા હોય અને એના રાજ ઉપર કોઈ બીજો રાજા ચડી આવે, તો ક્રોધ પણ કરે અને હુકમ કરે કે ચતુરંગી સેના તૈયાર કરો. દ્વેષ થયો છે, તેનો નાશ કરવાનો કામી છે છતાં દ્વેષ છૂટતો નથી. એટલે એ ભાવ થયો છે. તે સમજે છે કે પોતામાં ઠરતાં આ દ્વેષનો નાશ થાય છે. પણ પરનું લક્ષ કરીને, ક્રોધ કરીને કે લડાઈ કરીને આ દ્વેષનો અભાવ થાય, એમ તે માનતો નથી. જ્ઞાનીને રાગદ્વેષ થાય છે, તેનો ઇલાજ કરે છે એટલે જે પ્રકારનો રાગ કે દ્વેષ થયો હોય, તે પ્રકારનાં નિમિત્તો તરફ તેનું લક્ષ જાય છે. તેને ઇલાજ કરે છે એમ કહેવાય છે. તેવા લક્ષમાં પણ જ્ઞાનીને તે પ્રત્યે રુચિ હોતી નથી.

જેને રોગ માને તેના તરફ પ્રીતિ કેવી ? અનુકૂળ સંયોગો હો કે પ્રતિકૂળ હો, તે બન્નેમાં જ્ઞાનીને પ્રીતિ-અપ્રીતિ થતી નથી. ગમે તે વખતે પણ મુદ્દાની વાતમાં ભૂલ થવા દેતો નથી. તેને અસ્થિરતાના પરિણામ થાય છે, તે મટાડવાનો કામી છે. તે રાગદ્વેષનો અભાવ જ્ઞાનના પરિણમનથી જ થાય છે. બીજો કોઈ ઉપાય નથી, આમ ધર્મી માને છે. અજ્ઞાનીને તેની ખબર નથી.

જ્ઞાની રાગને રોગવત્ જાણે છે. પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઇલાજ કરવારૂપે પ્રવર્તે છે, તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી. કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો ?તે તેને મટાડવાનો ઉપાય

કરે છે અને તેમ મટવું પણ પોતાના જ જ્ઞાન પરિણામરૂપ પરિણમનથી માને છે. રાગદ્વેષને નાશ કરવાનો ઉપાય તે પ્રકારનાં નિમિત્તો તરફ લક્ષ જવું, તે નથી પણ પોતાનું જ્ઞાન પરિણમન જ છે. એક વખત મસ્તરામને કઢી ખાવાનું મન થયું. તે વૃત્તિ તોડવા માટે તેણે સથવારાને ત્યાં રીંગણાની કઢી પાટિયો ભરીને બનાવરાવી અને કઢી ખાધી.....ખૂબ ખાધી.....ગળા સુધી આવી અને ઊલટી થઈ ત્યારે દ્વેષ કરીને બોલ્યો કે લે કૂતરા, ખા કઢી. તો કઢીની વૃત્તિને તોડવાનો આ ઉપાય નથી, પણ જ્ઞાનપરિણમનથી તે પ્રકારના વિકલ્પને તોડી નાખવો, તે ઉપાય છે. તેની અજ્ઞાનીને ખબર નથી. નિમિત્તો મેળવીને વૃત્તિ તોડવા માગે છે તો એમ તૂટે નહિ. જ્ઞાનીને નબળાઈના કારણે વૃત્તિ ઊઠે છે, તો પર તરફનું લક્ષ જાય છે, તેને ઈલાજ કરે છે એમ કહ્યું છે.

કોઈ એમ માને કે આપણને વિષયની વૃત્તિ થઈ છે તો ખૂબ વિષય લઈએ, તો તે વૃત્તિ તૂટશે. તો તે ઉપાય નથી. જ્ઞાની સમજે છે કે આત્માના જ્ઞાનથી જ તે વૃત્તિ તૂટશે. બે પાંચ વર્ષ વધારે વેપાર કરવાથી વેપારની વૃત્તિ છૂટી જશે, તે કાંઈ ઉપાય નથી. પણ અંતરમાં એકાગ્રતા થતાં એ વૃત્તિ ટળે છે એમ જ્ઞાની માને છે. આ રીતે ધર્મીને રાગ હોવા છતાં, રાગ નથી તેમ કહ્યું છે. આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદ્રષ્ટિથી જાણવું કે પરદ્રવ્યથી રાગ થયો નથી અને રાગ છે એની જ્ઞાનીને રુચિ નથી. અહીં મિથ્યાત્વ સહિતનો રાગ જ્ઞાનીને નથી એટલે પર દ્રવ્યથી ભલું-બૂરું માનીને થયેલો રાગ જ્ઞાનીને નથી. રાગનો રાગ નથી, એવો રાગ જ્ઞાનીને નથી તેથી સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય છે. સ્વભાવનું ભાન અને અંશે રાગદ્વેષના અભાવપૂર્વકની સ્થિરતા જરૂર હોય છે. જરા રાગના પરિણામ થાય છે, તેને અહીં ગૌણ ગણ્યા છે.

## મિથ્યાત્વસહિત રાગ સમ્યગ્દ્રષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વસહિત રાગ હોયતે સમ્યગ્દ્રષ્ટિ નથી

કોઈ રાજકુમાર જ્ઞાની હોય, લડાઈમાં ઊભો હોય ને બાણ ફેંકતો હોય છતાં જાણતો હોય છે કે આ તો રોગ છે. સ્વરૂપમાં ઢળવાથી આ દ્વેષભાવ નાશ થાય તેમ છે. તે ચૈતન્યમાં ઊભો છે પણ લડાઈમાં કે રાગદ્વેષમાં ઊભો નથી. જેને જેમાં રુચિ હોય તેનો પ્રેમ હોય છે અને તે ઘૂંટી રહ્યો હોય છે. જે સ્ત્રીને પરપુરુષનો પ્રેમ હોય છે, તે પોતાનો ધણી હોવા છતાં અને તેની પાસે

હોવા છતાં પણ પરપુરુષના પ્રેમને ઘૂંટી રહી છે. તેમ જ્ઞાની સંયોગમાં ઊભો છતાં આત્માને ઘૂંટી રહ્યો છે. અજ્ઞાનીને બહારથી સંયોગ છૂટ્યો હોવા છતાં અંતરથી સંયોગનો પ્રેમ છૂટતો નથી. કોઈ બાઈ ઘેર બાળકને સુવાડીને, બહાર તાળું મારીને પાણી ભરવા ગઈ હોય, રસ્તામાં બીજા સાથે વાતો કરતી હોય, પણ તેનું લક્ષ બાળકમાં હોય છે. તેમ ધર્મી બહારનાં સંસારનાં કામોમાં પ્રવર્તતો દેખાય, પણ આત્મા ઉપરનો પ્રેમ ખસતો નથી. જ્ઞાનીને રાગ ગણવામાં આવ્યો નથી અને અજ્ઞાનીનો ત્યાગ ગણવામાં આવ્યો નથી. આ રીતે સમ્યગ્દ્રષ્ટિને એકત્વબુદ્ધિનો રાગ હોતો નથી. એકત્વબુદ્ધિપૂર્વકનો રાગ હોય, તે સમ્યગ્દ્રષ્ટિ નથી. આવા તફાવતને જ્ઞાની જ જાણે છે. જ્ઞાની અજ્ઞાનીના અભિપ્રાયના આંતરાને સમ્યગ્દ્રષ્ટિ જ જાણે છે. મિથ્યાદ્રષ્ટિને ખબર પડતી નથી.

## મિથ્યાદ્રષ્ટિ નિશ્ચયને સમજ્યા વગર વ્યવહારનો વિવેક ચૂકે છે, તેથી તેનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ થતો નથી

આ રીતે મિથ્યાદ્રષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ નથી અને પ્રવેશ કરે તો વિપરીત સમજે છે. વ્યવહારને છોડી ભ્રષ્ટ થાય છે. કાં તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વગર વ્યવહારથી જ ધર્મ માને છે. તેથી તે પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે. અજ્ઞાની અધ્યાત્મશાસ્ત્ર વાંચી એમ માને છે કે દેવ-ગુરુ-શાસ્ત્રાદિને ભક્તિભાવ તે તો શુભભાવ છે અને તે બંધનું કારણ છે એટલે જ્ઞાનીને તે હોય જ નહિ, પણ એમ હોતું નથી. જો તે ભાવ ન જ હોય તો કેવળી હોય અથવા તો મિથ્યાદ્રષ્ટિને એવો ભાવ હોય નહિ. તેની અજ્ઞાનીને ખબર નથી. સમ્યગ્દ્રષ્ટિ સમજે છે કે એનાથી ધર્મ બિલકુલ નથી પણ પૂર્ણદશા ન થાય, ત્યાંસુધી તે ભાવ આવ્યા વગર રહે નહિ. અજ્ઞાની શુભભાવને છોડી દે છે અને સ્વચ્છંદી થાય છે.

આત્માના ત્રિકાળ સ્વભાવની વાત સાંભળીને, પર્યાયને જ માને અગર તો સમજ્યા વગર, પર્યાયમાં જ ધર્મ માની બેસે, તે મૂઢ છે. શાસ્ત્રમાં લખાણ આવે કે ચૌદ ગુણસ્થાન પણ આત્મસ્વભાવમાં નથી. આ વાંચીને આત્માની પર્યાયની ભૂમિકાનો વિવેક ન કરે, તે મૂઢ છે અને વ્યવહારમાં કુદેવાદિ પ્રત્યેનો અશુભભાવ છોડીને સુદેવાદિ પ્રત્યેનો શુભભાવ થાય છે, એનો વિવેક ન કરે, તો તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. તે અધ્યાત્મશાસ્ત્રને સમજ્યો નથી.

# પ્રસાદ નં. ૨૨૧

## <u>સમયસાર કળશ ૧૩૭</u>

(જેઠ સુદ ૬ રવિવાર, ૨૦૦૭)

મિથ્યાદ્રષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ નથી કેમ કે તે આત્માને સમજ્યા વગર શુભભાવને છોડી અશુભમાં પ્રવર્તે છે. કાં તો શુભભાવથી મોક્ષ થાય, એમ માની એકલા વ્યવહારમાં પ્રવર્તે છે, તેને સમ્યક્ત્વ હોતું નથી.

## <u>વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદ ન્યાયથી સત્યાર્થ સમજી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે</u>

આત્મા સ્વભાવથી ત્રણકાળમાં વિકારને અડ્યો નથી અને પર્યાયમાં અનાદિથી નિગોદનો ભાવ અનંતવાર કર્યો છે. આત્મા સ્વભાવદ્રષ્ટિએ સિદ્ધ પરમાત્મા જેવો છે અને પર્યાયમાં જુઓ તો ઘણા ભંગ અને ભેદવાળો દેખાય છે. મિથ્યાદ્રષ્ટિ ત્યાગીની અવસ્થામાં હોય, કોઈ જ્ઞાની, નારકી કે ઢોરની અવસ્થામાં પણ હોય. આવા અનેકાંતને યથાર્થપણે સમજીને વિરલ પુરુષો સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

આત્માની પર્યાયમાં વિકાર છે અને સ્વભાવમાં વિકાર નથી. આત્મામાં વિકાર નથી, એમ માનવા છતાં પૂર્ણ વિકાર રહિત તુરત થતો નથી. વિકાર રહિત દ્રષ્ટિ થવા છતાં પર્યાયમાં વિકાર હોય છે. મુનિદશા પ્રગટ થાય ત્યારે સહજ નગ્નદશા શરીરની હોય છે. તીવ્ર રાગ ઘટે અને મંદ રાગ રહે છે, તેના અનેક પ્રકાર છે. સમ્યગ્દ્રષ્ટિ દીઠ જે જે પ્રકાર હોય, તે તે પ્રકારને ન સમજે તો વસ્તુદ્રષ્ટિથી ભ્રષ્ટ થાય છે અને નરક-નિગોદમાં ચાલ્યો જાય છે. ચૈતન્યની એવી લીલા છે કે <u>પ્રથમ પર્યાયમાં હીણીદશા હોય અને અંતર્મુહૂર્તમાં કેવળદશા પ્રગટ કરે.</u> ભલે અનંતકાળે સમ્યક્ત્વ પામ્યો હોય પણ સમ્યક્ત્વ પામ્યા પછી બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, તે સ્વભાવની લીલા છે.

## આત્મા દ્રવ્યે પ્રભુ છે અને પર્યાયે પામર છે એમ યથાર્થ સ્વરૂપને સમજવાથી સમ્યક્ત્વ થાય છે

શાસ્ત્રમાં મુનિપણાની વાત કરતાં કહે છે કે મુનિ તો આત્મજ્ઞાનપૂર્વક સૂત્રના જાણનાર હોય છે અને બીજી બાજુ એમ કહે કે શિવભૂતિ મુનિને मा रुष मा तुसं એટલા શબ્દો પણ યાદ રહેતા ન હતા. આવા મુનિ પણ હોય. આત્મતત્ત્વને જાણનાર, આવા પ્રકારથી મુંઝાય નહિ. આત્માને જાણનાર પરતત્ત્વને પણ યથાર્થ જાણે છે. એક મુનિ એવા હોય કે લાખો પૂર્વ સુધી ચારિત્ર પાળે અને પછી કેવળજ્ઞાન થાય અને એક મુનિ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે, એવો વસ્તુનો સ્વભાવ છે. ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ હોય અને બે ત્રણ ભવ કરે અને ક્ષયોપશમ સમ્યગ્દ્રષ્ટિ હોય અને પુરુષાર્થ વડે ક્ષાયિક પ્રાપ્ત કરી, તે જ ભવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. ક્ષણમાં સંસારનો નાશ કરે છે. જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવા છતાં અસ્થિરતાના કારણે રાગદ્વેષાદિ વર્તતા હોય છતાં જાણે છે કે દ્રવ્યે તો હું પ્રભુ છું અને પર્યાયે પામર છું. પ્રભુતાની પ્રતીત હોવા છતાં, પર્યાયમાં પૂર્ણતા ન હોય, પર્યાયમાં અલ્પજ્ઞતા ભાસે, છતાં શક્તિએ સર્વજ્ઞતાની પ્રતીત ખસે નહિ. તેનું નામ અનેકાંત છે. આવા યથાર્થ સ્યાદ્વાદને જ્ઞાની સમજે છે.

વસ્તુદ્રષ્ટિ તો નિમિત્ત, રાગ કે અંશનો સ્વીકાર કરે નહિ. ત્રિકાળી સ્વભાવનો જ સ્વીકાર કરે પણ તેની સાથે રહેલું જ્ઞાન બધાને જાણે. પુરુષાર્થ કરે તેટલો સ્વભાવ પ્રગટ થાય, એમ જ્ઞાન જાણે. આત્મા નિર્લેપ છે માટે તેની પર્યાય ગમે તેવી હોય-એમ માનીને કોઈ કહે કે મુનિપણામાં નગ્નપણું હોય અથવા ન પણ હોય, તો એમ નથી. મુનિપણાને અને નગ્નપણાને મેળ છે. અવસ્થાની એવી જ વ્યવસ્થા હોય છે કે જેટલો રાગ ટળે એટલું નિમિત્ત તરફનું લક્ષ છૂટે છે. દ્રષ્ટિ નિમિત્તને સ્વીકારતી નથી. માટે આવા નિમિત્તનો મેળ ન જ હોય, એમ નથી. આ રીતે સ્યાદ્વાદ ન્યાયથી સત્યાર્થ સમજીને કોઈ જીવ સમ્યક્ત્વી થાય છે. જેમ છે એમ જાણે તો અવશ્ય સમ્યગ્દર્શન થાય છે.

## આત્મા સ્વભાવે પૂરો છે અને પર્યાયમાં અધૂરો છે

પર્યાયમાં જુઓ તો ખાવાપીવાની વાસના દેખાય અને વસ્તુસ્વભાવ જુઓ તો પરિપૂર્ણ છે. સ્વભાવ ધ્રુવ, શુદ્ધ, અક્રમ, એકરૂપ છે. પર્યાયમાં જેટલો રાગ ઘટે, તેટલું નિમિત્તનું અવલંબન છૂટી જાય છે. દ્રવ્યમાં તો

અવલંબન નથી, પર્યાયમાં છે. સ્વભાવમાં વિકાર નથી. અવસ્થામાં વિકાર હોય તો પણ જ્ઞાની મૂંઝાય નહિ. આત્મશક્તિની લીલાનો ભરોસો છે. આવું સ્યાદ્વાદ ન્યાયથી યથાર્થ જાણે, તેને સમ્યક્ત્વ થાય છે. એ ઉપાય બતાવ્યો છે. વ્રત, તપ, ઉપવાસ, ભક્તિ આદિ કરે તો સમ્યક્ત્વ થાય, એમ કહ્યું નથી.

## ઘણા વર્ષોથી ક્રિયાકાંડ કરતો હોય પણ સ્યાદ્વાદની ખબર ન હોય ત્યાંસુધી તેને શાંતિ દેખાતી નથી

આ આત્માનો પૂર્ણ સ્વભાવ પ્રગટ થયા પછી પણ તેનો પલટવાનો સ્વભાવ છે. દ્રવ્યે નિત્ય છે, પર્યાયે અનિત્ય છે. એ રીતે નિત્ય છે, તે જ અનિત્ય છે. એક છે, તે જ અનેક છે. અભેદ છે, તે જ ભેદવાળો છે. તત્-રૂપ છે, તે જ અતત્-રૂપ છે, જ્ઞાનરૂપે છે, તે જ્ઞેયરૂપે નથી. આ રીતે બધા દ્રવ્યો પૃથક્ પૃથક્ છે, તે સાબિત થાય છે. એક, અનેક બન્ને અવિરોધપણે સાથે રહેલા છે. દ્રવ્ય અપેક્ષાએ અખંડ—અભેદ છે તથા ગુણપર્યાયે ભેદ પડે છે. એવો વસ્તુનો સ્વભાવ છે પણ જે અપેક્ષાએ અભેદ છે, એ જ અપેક્ષાએ ભેદવાળો નથી જે અપેક્ષાએ નિત્ય છે, એ જ અપેક્ષાએ અનિત્ય નથી. આ રીતે અનેકાંત સમજવું જોઈએ. આમાં નવતત્ત્વનું જ્ઞાન તથા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન પણ આવી જાય છે. કોઈ મુનિને શબ્દોનું જ્ઞાન ન હોવા છતાં ભાવભાસન હોય છે. આ રીતે મોક્ષમાર્ગ સાબિત થાય છે. બીજી કોઈ રીતે સાબિત થતો નથી.

## ગુરુને ત્યાગ–વૈરાગ્ય ઘણો હોય છતાં સ્થિરતા વધતી ન હોય અને શિષ્ય પુરુષાર્થ કરે તો કેવળ પ્રાપ્ત કરે છે

મુનિ હજારો વર્ષ ચારિત્ર પાળે છતાં વિશેષ નિર્મળતા અને સ્થિરતા ન વધે, તોપણ મૂંઝાય નહિ. સમજે કે મારો પુરુષાર્થ મંદ છે. શિષ્ય મુનિ થાય અને પુરુષાર્થ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તો છદ્મસ્થ ગુરુ તે શિષ્યને પગે લાગે. ઈર્ષા કરે નહિ, અનુમોદન કરે, સંમતિ આપે છે કે મારે પણ એ રસ્તો પુરુષાર્થ કરીને લેવાનો છે. અમે પણ એવા જ થઈશું. એટલે ઇર્ષા થતી નથી. આવી પર્યાયની વિચિત્રતા જોઈને જ્ઞાની મૂંઝાય નહિ. આવો અનેકાંતમાર્ગ છે. જે સમજે તે અવશ્ય સમ્યક્ત્વને પામે છે.

આત્મા પરવસ્તુને, લઈ કે મૂકી શકે નહિ–એવો સિદ્ધાંત છે. ત્યારે ચરણાનુયોગમાં આવે કે મુનિએ જોઈને ચાલવું. નીચે જીવડું હોય તો પગ ઊંચો રાખવો. આવું લખાણ જોઈને જ્ઞાની મૂંઝાતો નથી. સમજે છે કે ત્યાં પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકે છે, એમ કહેવાનો આશય નથી પણ પ્રમાદનો ભાવ છોડાવવા માટે નિમિત્તથી કથન કર્યું છે.

ગુરુ પાસે પગ ઉપર પગ ચડાવીને બેસવું નહિ કારણ કે તેમ બેસવાથી અવિનય થાય છે. આમ શાસ્ત્રમાં લખાણ આવે. તે વાંચીને વસ્તુદ્રષ્ટિવાળો એમ માને નહિ કે એમાં શું વાંધો ? બેસવાની ક્રિયા આત્મા કરી શકતો નથી, તો આ કેમ લખાણ આવ્યું ? દેહની ક્રિયા તો એના કારણે થાય છે–એ પ્રકારે ધિઠાઈ કરે નહિ, જ્ઞાની એમાં મૂંઝાય નહિ. સમજે કે તે નિમિત્તનું કથન છે. અવિનયનો ભાવ છોડાવવા માટે એવું કથન કરેલું હોય છે. જિનમંદિરમાં ૮૪ પ્રકારની આશાતના કરવી નહિ. અસ્વચ્છતા રાખવી નહિ. એમ વ્યવહારની વાત આવે અને બીજી બાજુ કહે કે ચૈતન્ય આત્મામાં વિકલ્પનો પણ અવકાશ નથી. ઉપદેશ આવે કે ધર્મને માટે પૈસા ન ખરચે તો તેને વિવેક નથી અને બીજી બાજુ કહે કે આત્મા પૈસા ખરચી શકે નહિ. તો આ બન્ને વાતમાં સ્યાદ્વાદ ન્યાયથી સમજે, પણ મૂંઝાય નહિ.

ઇંદ્રો ભગવાનની પૂજા ભક્તિ આદિ કરે છે. એનું વર્ણન આવે ત્યારે ચક્રવર્તી પણ એવી પૂજા કરી શકે નહિ–એમ લખ્યું હોય. સમ્યગ્દ્રષ્ટિ સમજે છે કે ભક્તિ-પૂજાનો રાગ છે, તે ધર્મ નથી. સ્યાદ્વાદદ્રષ્ટિથી સમજીલે. ત્રિલોકીનાથ તીર્થંકર પાસે જઈને ઇંદ્રો કહે કે અમો દાસના દાસ છીએ. સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે અભિમાન રાખે નહિ. દ્રવ્યસ્વભાવે પરિપૂર્ણ હોવા છતાં પર્યાયે પામરતા છે, તેને પણ ચૂકે નહિ. તે સ્યાદ્વાદ અનેકાંત છે. અનેકાંત સુદર્શનચક્ર છે. વસ્તુદ્રષ્ટિ રાખી પર્યાયમાં કેવા પ્રકાર હોય છે, તેને જણાવે છે. શ્રીમદ્ કહ્યું છે કે :—

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

આ રીતે જ્ઞાનીને વિવેક હોય છે. ઇંદ્રો ભગવાન પાસે નાચી ઊઠે છે. રાગ આવ્યો તે ઝાલ્યા રહે નહિ. ઇંદ્ર હજારો દેવોનો લાડો (સ્વામી) છે. તે ત્રિલોકનાથ પાસે નાચે છે અને કહે કે અમો દાસના દાસ છીએ.અંતરમાં સમજે છે કે એક ભવ પછી મોક્ષે જવું છે. પણ જ્યાં સુધી સ્વભાવનો પૂર્ણ આશ્રય નથી, ત્યાં સુધી એ પ્રકારનો રાગ હોય છે, તેને બરાબર સમજે છે. આવો સ્યાદ્વાદ અનેકાંતમાર્ગ છે. એમ સમજે તો સમ્યગ્દર્શન થાય. સત્ય

વસ્તુ સમજાય, તેને સ્વચ્છંદ રહે નહિ. સહેજે અવિવેકની પરિણતિ હોય નહિ, સાચો વિવેક પ્રગટ થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

હવે પૂછે છે કે રાગી જીવ કેમ સમ્યગ્દ્રષ્ટિ ન હોય ? તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૦૧—૨૦૨

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,**
**તે સર્વ આગમધર ભલે પણ, જાણતો નહિ આત્મને. ૨૦૧.**
**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદ્રષ્ટિ જે, જીવ—અજીવને નહિ જાણતો ? ૨૦૨.**

**અર્થ :**—ખરેખર જે જીવને પરમાણુમાત્ર—લેશમાત્ર પણ રાગાદિક વર્તે છે, તે જીવ ભલે સર્વ આગમ ભણેલો હોય, તો પણ આત્માને નથી જાણતો અને આત્માને નહિ જાણતો થકો તે, અનાત્માને (પરને) પણ નથી જાણતો; એ રીતે જે જીવ અને અજીવને નથી જાણતો, તે સમ્યગ્દ્રષ્ટિ કેમ હોઈ શકે ?

**ટીકા :**—જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોનો લેશમાત્ર પણ સદ્‌ભાવ છે, તે ભલે શ્રુતકેવળી જેવો હો, તો પણ જ્ઞાનમય ભાવોના અભાવને લીધે આત્માને જાણતો નથી.

## જેને અજ્ઞાન ખસ્યું નથી, તેને રાગાદિનો સદ્‌ભાવ છે, તે આત્માને જાણતો નથી.

વિષયમાં રુચિ છે, વ્યવહારથી લાભબુદ્ધિ છે, એવો રાગભાવ લેશમાત્ર હોવા છતાં તે અજ્ઞાન છે. પર્યાયમાં રાગ હોય અને નિમિત્ત પણ હોય, તે જુદી વાત છે પણ એનાથી લાભ માનવો, રાગને આદરણીય માનવો, તે અજ્ઞાનનો રાગ છે. ઇંદ્રો ભક્તિ કરે છે, પણ તે રાગને આદરણીય માનતા નથી.

શરીરમાં રોગ આવ્યો, માટે અસ્થિરતાનો ભાવ થાય છે, તે વાત ખોટી છે. એમ હોય તો પછી રોગ વખતે  નિર્વિકલ્પ થઈ શકાશે જ નહિ. માટે રોગ તે અસ્થિરતાનું કારણ નથી. બધા આગમનો અભ્યાસ કર્યો હોય પણ અજ્ઞાન સહિતનો રાગ વર્તતો હોય, તો તે આત્માને જાણતો નથી.

## વ્યવહાર અને નિમિત્તથી લાભ માને તે શ્રુતકેવળી જેવો હોવા છતાં આત્માને જાણતો નથી

પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ વર્તે છે, તેને ભલે બધા શાસ્ત્રનો અભ્યાસ હોય છતાં જ્ઞાયક એવા આત્માની રુચિ છૂટીને રાગનો રાગ વર્તે છે, તે આત્માને જાણતો નથી. તેને અજ્ઞાનમય ભાવોનો સદ્‌ભાવ હોવાને કારણે જ્ઞાનમય ભાવોનો અભાવ વર્તે છે.

ભગવાન નિમિત્તરૂપે મળ્યા એટલે અમો તર્યા, એમ માનતો હોય તો તે અજ્ઞાનમય ભાવ છે. ચૈતન્યમય સ્વભાવનો અભાવ છે. તે અજ્ઞાનમય પુણ્ય-પાપની રુચિવાળો છે. આત્મા જ્ઞાનમય છે એવા ભાવનો અભાવ છે, તેથી આત્માને જાણતો નથી. જ્ઞાનમય સ્વભાવને રાગ અને નિમિત્તથી બિલકુલ લાભ થાય નહિ. લાભ માને તો જ્ઞાનમય ભાવને જાણતો નથી. સ્યાદ્વાદમાં આ બન્ને વાત હોય છે. પર્યાયમાં પંચમહાવ્રતાદિના શુભભાવ હોય છે પણ તે ભાવ છે માટે છઠ્ઠું સાતમું ગુણસ્થાન ટકે છે, એમ નથી. જે જ્ઞાનમય આત્માને જાણતો નથી, તે અનાત્મા એવા રાગાદિને પણ જાણતો નથી. આત્માને જાણતો નથી, તે પુણ્ય-પાપ કે શરીરને પણ જાણતો નથી. એટલે કે કોઈને જાણતો નથી. આત્મા ચૈતન્યમૂર્તિ છે, તેને રાગથી લાભ થાય નહિ–એમ નથી જાણતો, તેને ધર્મદ્રષ્ટિ થઈ નથી એટલે અનાત્માને પણ તે જાણતો નથી.

# પ્રસાદ નં. ૨૨૨

## સમયસાર ગાથા ૨૦૧—૨૦૨

(જેઠ સુદ ૭, સોમવાર, ૨૦૦૭)

આત્મામાં જે શુભરાગ થાય છે, તે મલિન છે અને દુઃખદાયક છે, એમ ન માને તો નિરાકુળ સ્વભાવી આત્માનું ભાન નથી. તેથી તેણે રાગાદિરહિત સુખદાયક આત્માને જાણ્યો નહિ. દુઃખદાયક ભાવોને સુખદાયક માન્યા, તેને રાગાદિ અજ્ઞાનમય ભાવોનો સદ્ભાવ છે, તેને ભલે બધા શાસ્ત્રોનું જ્ઞાન હોય છતાં તે આત્માને જાણતો નથી અને જે આત્માને જાણતો નથી, તે રાગાદિ જે અનાત્મા છે–તેને પણ જાણતો નથી.

## "સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા–એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે"

ચૈતન્ય સ્વભાવી આત્મા શાંત-અનાકુળ છે. તેની જેને શ્રદ્ધા નથી તેને રાગ આકુળતામય છે, તેનું પણ જ્ઞાન નથી. સ્વભાવનું જ્ઞાન હોય, તો રાગથી ધર્મ થતો નથી એવું જ્ઞાન હોવું જોઈએ. રાગનું જ્ઞાન હોય તેને બન્નેનો નિશ્ચય હોવો જોઈએ. દેવ, ગુરુ, શાસ્ત્રનો રાગ, પંચમહાવ્રતાદિનો રાગ તે વ્યવહાર છે,–તેનાથી ધર્મ થશે, એમ માન્યું, તેણે રાગને ભલો જાણ્યો છે. બાર પ્રકારના તપની લાગણી થવી, તે પુણ્ય રાગ છે, તે ભલો જાણ્યો તેને નિર્જરા થતી નથી.

## "જે આત્મા અને રાગને જાણતો નથી તે જીવ-અજીવને જાણતો નથી"

આત્મા ચૈતન્ય જ્ઞાતા છે, તેને જાણતો નથી. તેમ તેની શક્તિને પણ જાણતો નથી, તે રાગાદિને જાણતો નથી અને રાગાદિને નહિ જાણતો, જીવ અને અજીવને પણ જાણતો નથી અને જીવ–અજીવને નહિ જાણતો હોવાથી તે સમ્યક્દ્રષ્ટિ નથી. તો પછી શ્રાવક અને મુનિપણું તો તેને હોય જ નહિ. માટે રાગી જીવ જ્ઞાનના અભાવને લીધે સમ્યક્દ્રષ્ટિ નથી. પુણ્યના પ્રેમીજીવને જ્ઞાનનો અભાવ છે, રાગવગરના આત્માના જ્ઞાનથી તે રહિત છે, તેથી તે સમ્યક્દ્રષ્ટિ નથી.

**ભાવાર્થ :**—અહીં રાગ શબ્દથી અજ્ઞાનમય રાગ દ્વેષ મોહ કહેવામાં આવ્યા છે. જ્ઞાનીને રાગ નથી એટલે અજ્ઞાનમય રાગ નથી, એમ સમજવું અને અજ્ઞાનમય કહેવાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી થયેલા રાગાદિ સમજવા. મિથ્યાત્વના નાશપૂર્વક આત્માના સ્વભાવની દ્રષ્ટિ થઈ પછી જ્ઞાનીને રાગ હોય છે, તે વાત અહીં લેવી નહિ. સ્વરૂપમાં ટકી શકતો નથી, તે તેનો દોષ છે. આસક્તિ, સ્વરૂપની રમણતાના અભાવે દોષ ઉપજાવે છે. પણ આત્માની ત્રિકાળીરુચિને બાધા થતી નથી. દયા, દાન, પૂજા આદિ તથા વેપારાદિનો ભાવ જ્ઞાનીને થાય છે, તે વિવેકવાળો જ્ઞાન સહિતનો હોય છે.

જ્ઞાની, રાગને કર્મોદયથી થયેલો રોગ જાણે છે, તે મારો સ્વભાવ નથી. મારી નબળાઈથી થયેલો હોવા છતાં કર્મના નિમિત્તે થતો તે રાગ છે. મારા સ્વભાવમાંથી તો શાંતદશા પ્રગટ થવી જોઈએ, પણ તે દશા નથી માટે તે કર્મના કારણે થયેલો ભાવ છે.

## "જ્ઞાની શુભરાગરૂપી રોગને મટાડવા ઇચ્છે છે તેને રાગ પ્રત્યે રાગ નથી"

જેમ રોગ ઉપાધિ છે, તેમ રાગ પણ ઉપાધિ છે. તેને જ્ઞાની ટાળવા માગે છે. અજ્ઞાની રાગને ભલો જાણે છે. ધર્મી રાગની લાળને ચલાવતો નથી. રાગ ભલો નહિ પણ ચૈતન્ય ભલો છે એવો વિવેક જ્ઞાનીને વર્તે છે. આ રીતે સમ્યક્દ્રષ્ટિને લેશમાત્ર રાગનો સદ્ભાવ નથી એમ કહ્યું છે. ધર્મીને જરાયે રાગ નથી. ચક્રવર્તી જ્ઞાની હોય તેને પણ અશુભ ભાવ હોય છે, પણ થોડો હોય અને શુભ ભાવ થાય તેને જરાય ભલો માને નહિ, તેના પ્રત્યે રાગ હોતો નથી.

એ પ્રમાણે ખરેખર જ્ઞાનીને રાગ નથી તેના ત્રણ કારણો આપ્યા છે.

(૧) જ્ઞાનીને અશુભ ભાવ થાય છે પણ તે ગૌણ હોય છે.

(૨) જ્ઞાનીને શુભભાવ હોવા છતાં તેને જરાય ભલો સમજતો નથી.

(૩) જ્ઞાનીને તે શુભાશુભ ભાવનું સ્વામિત્વ નથી.

આ રીતે જ્ઞાનીને લેશમાત્ર રાગ નથી. ઘરમાં સર્પ નીકળ્યો હોય તો તેને પોતાનો જાણીને ઘરમાં રાખે નહિ, પકડીને બહાર મૂકી આવે. એમ જ્ઞાની રાગને ભલો જાણે નહિ અને રાગનો સ્વામી પણ થતો નથી, તેથી જ્ઞાનીને રાગ નથી. આ ગાથામાંથી અજ્ઞાની સમજ્યા વગર ઊંધો અર્થ કાઢે કે જરાપણ રાગ હોય તો સમ્યગ્દ્રષ્ટિ ન કહેવાય એટલે કે સમ્યગ્દ્રષ્ટિ થયા

પછી રાગ હોય જ નહિ તો તે વાતને તે સમજ્યો નથી. ધર્મી હોય તે રાગ અને સંયોગમાં ઊભો હોય છતાં તેને સમ્યગ્દર્શનનો અભાવ થતો નથી. અજ્ઞાની કહે છે કે જ્ઞાની હોય તો દવા શું કરવા લે ? પાણી શું કરવા પીએ છે ? સુવે છે શું કરવા ? પણ જ્ઞાનીને રાગ લેશ માત્ર હોતો નથી તેના ત્રણ કારણો ઉપર કહ્યાં, તેને અજ્ઞાની સમજતો નથી.

જે કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહાર ચારિત્ર પણ પાળતો હોય, તો પણ એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થ સ્વરૂપ નથી જાણ્યું. કર્મોદય જનિત રાગને જ સારો માન્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે. આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી. અને જ્યાં સુધી જીવ અને અજીવ બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દ્રષ્ટિ કેવો ? માટે રાગીજીવ સમ્યગ્દ્રષ્ટિ હોઈ શકે નહિ.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્યદ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલા રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે.

## <u>કળશ ૧૩૮</u>

શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :–હે અંધપ્રાણીઓ ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે–ઊંઘે છે, તે પદ, અપદ છે. અહીં ''હે અંધ પ્રાણીઓ'' એમ કહ્યું છે, તે કરુણા છે. જેમ છોકરાને એનો બાપ કહે કે મારા ગાંડા, તને આ ન પાલવે. તેમ અહીં આચાર્યદેવ કહે છે કે હે અંધ પ્રાણીઓ, આત્માને ભૂલીને રાગને ભલો જાણો છો, તે અંધતા છે, રાગથી ધર્મ થાય નહિ. ભલે રાગ દશમા ગુણસ્થાન સુધી હોય છે, પણ રાગની રુચિ હોતી નથી. જેને રાગની રુચિ છે, તે છતી આંખે આંધળો છે. ચૈતન્ય જ્ઞાનધાતુ જ્ઞાનથી ટકી રહી છે, રાગથી ટકી રહી નથી.

હે અંધપ્રાણીઓ ! એમ કહેવામાં તિરસ્કાર નથી, દ્વેષપણું નથી. જ્ઞાનીને વિકલ્પ ઊઠે છે, તે કરુણાનો ભાવ છે. રાગનો અંશ છે. જ્ઞાની જાગતો પુરુષ છે. તે કહે છે કે હે અંધ પ્રાણીઓ ! અનાદિથી એકેન્દ્રિય પૃથ્વી, પાણી, વનસ્પતિ, કીડી, કાગડા, નરક મનુષ્યાદિના અનંતા ભવો કર્યા. શેઠિયો થયો. દેવ પણ અનંતવાર થયો. સંસારની આદિ નથી. કોઈ

સમયે સંસારમાં જાગ્રત દશા કરી નથી, સૂતેલા છે. ક્ષણે ક્ષણે-અવસ્થાએ અવસ્થાએ આ રાગી જીવો આત્માને ચૂકીને રાગના ભાવમાં ગાંડાની જેમ વર્તે છે. રાગમાં ધર્મ માનવો તે નવી વાત નથી. અનાદિથી એક પળ પણ ચૈતન્ય દ્રષ્ટિ કરી નથી. આ ખેતરમાં નુકશાન થાય છે, એમ માતેલો સાંઢ હોય તેને ખબર પડતી નથી, તેમ અજ્ઞાની સ્વભાવના અજાણ છે. આત્માના સ્વભાવનું ખૂન થાય છે, તેની તેને ખબર નથી. તે રાગમાં મસ્ત છે, તેથી રાગમાં ધર્મ માને છે, તે રાગ અને પુણ્યમાં સૂતેલા છે. તે અપદ-અપદ છે. તારું પદ નથી આ તમારું સ્થાન નથી, એમ સમજો.

વ્રત, દયા, દાનાદિના ભાવ તે અપદ છે, તે તારું સ્થાન નથી. વિકારમાં સૂતો છે, તે તારું પદ નથી. તે શુભ રાગનું સ્થાન છે, તે ઘોર નિંદ્રામાં સૂતો છે. અજ્ઞાની પુણ્યમાં ધર્મ માનીને બેઠો છે. તેને આચાર્ય ભગવાન કહે છે કે આ પદ તારું નથી. આ વાત સાંભળતાં અપાત્ર જીવો નકાર કરે છે કે અત્યારે આવી વાત ન હોય. તે તો જેમ લક્ષ્મી ચાંદલો કરવા આવે અને મોઢું ધોવા જાય, તેવું છે. પછી આવો અવસર અનંતકાળે મળશે નહિ, તેની અજ્ઞાનીને ખબર નથી. તે અપાત્ર જીવ છે. અહીં તો કહે છે કે પુણ્યપદ છે, તે અપદ છે-અપદ છે. એમ બે વાર કહે છે, તે કરુણાભાવ સૂચિત કરે છે.

પુણ્યપદ તમારું નથી. તમો આ તરફ આવો-આ તરફ આવો. એટલે કે પુણ્યની રુચિ છોડીને સ્વભાવ તરફ આવો. અહીં નિવાસ કરો, તમારું પદ આ છે-આ છે. અંધારે કોઈ માણસ ભૂલો પડ્યો હોય, આડે માર્ગે ચડી ગયો હોય, જેને માર્ગ હાથમાં આવે, તે બીજાને બુમ મારીને કહે કે આ તરફ આવો-આ તરફ આવો. તેમ અહીં આચાર્યદેવ માર્ગથી ભૂલા પડેલા જીવોને બૂમ મારીને કહે છે કે આ તરફ આવો. આ સ્થાન તમારું છે કે જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્ય ધાતુ નિજરસની અતિશયતાને લીધે, સ્થાયી ભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે, અવિનાશી છે.

## આત્મા ચૈતન્યધાતુ નિજરસથી સ્થિર છે, પુણ્યપાપથી સ્થિર નથી

આત્મા વસ્તુએ શુદ્ધ અને પર્યાયે પણ શુદ્ધ છે. તે નિરુપાધિ સ્વભાવથી ટકી રહેલ છે. નિજ રસની વિશેષતાને લીધે ટકેલ છે. દયા, દાનાદિના ભાવથી ટકેલ નથી, તેનામાં વિશેષતા નથી કે તે સ્થાયી ભાવને

પમાડે. આ ચૈતન્યધાતુ સ્થાયીપણાને પ્રાપ્ત છે. પુણ્યપરિણામ નાશવાન-અસ્થાયી છે. તે પુણ્ય આત્માનું સ્થાન નથી એમ સમજો. અહીં આચાર્ય ભગવાન જે જીવ સાંભળવા આવ્યો છે, તેને સંભળાવે છે. પુણ્યમાં ધર્મ માનીને બેઠો છે, તેને કહે છે કે તે તારું પદ નથી. આ તરફ પાછો વળ.

(૧) પુણ્યમાં ધર્મ માન્યો છે, તે તારું પદ નથી-તારું પદ નથી.

(૨) તારું પદ તો શુદ્ધ-શુદ્ધ ચૈતન્ય ધાતુ નિજરસ છે.

(૩) માટે આ તરફ આવો-આ તરફ આવો.

આ છ બોલથી સંબોધન કર્યું. જેમ છોકરા ઉપર પ્રેમ હોય તો વારંવાર ભલામણ કરે કે પરદેશમાં સાવચેતીથી રહેજે. રસ્તામાં સાચવીને જજે. તેમ અહીં આચાર્ય ભગવાન કહે છે કે પુણ્ય પરિણામની અતિશયતા નથી, તેનાં ગાણા ગાવા જેવા નથી.

અહીં શુદ્ધ શબ્દ બે વાર કહ્યો છે. તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્ય દ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.

અહીં નિર્જરા અધિકારમાં, નિર્જરા કરવા માટે પર સન્મુખતા છોડ અને સ્વસન્મુખતા કર—એમ આચાર્યદેવ સંબોધે છે. ધર્માત્મા મુનિને રાગ થાય છે અને કરુણા આવે છે ત્યારે આવું સંબોધન કરે છે. વાણી તો વાણીના કારણે થાય છે. જગતના જીવો ઊંધે રસ્તે ચડ્યા છે, તેને કહે છે કે પાછો ફર, પાછો ફર; ત્યાં તને શરણ મળશે નહિ.

**ભાવાર્થ :**-જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય. કોઈ રાજા હોય અને દારૂ પીને છોકરા પેશાબ કરે એવી જગ્યાએ સૂતો હોય અને કોઈ જગાડે કે તારી સૂવાની જગ્યા આ નથી. તારું સ્થાન તો સોનાનું સિંહાસન છે. તાંબુ કે કથીરના ભેળસેળ વગરનું અને અતિમજબૂત છે, તે હું તને બતાવું ત્યાં આવ ત્યાં શયન આદિ કરી આનંદિત થા. તેમ આ આત્મા અનાદિથી રાગાદિને ભલા જાણીને નિશ્ચિંત સૂતો છે, તેને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે. સાવધાન કરે છે કે આ પુણ્યપાપમાં ધર્મ માનવો, તે તારું પદ નથી. તું તો શુદ્ધ ચૈતન્ય ધાતુમય છો, તે તારું પદ છે, તેમાં આશ્રય કરીને સુખી થા.

# પ્રસાદ નં. ૨૨૩

## <u>સમયસાર કળશ ૧૩૮</u>

(જેઠ સુદ ૮ મંગળવાર, ૨૦૦૭)

આત્માનો ત્રિકાળી સ્વભાવ આકુળતા રહિત છે, એમ માન્યા વગર વર્તમાન પર્યાયમાં જે આકુળતા છે, તે ટળે નહિ. અંશે આકુળતા ટળે તે નિર્જરા છે અને પૂર્ણ આકુળતાનો અભાવ થવો, તે મોક્ષ છે.

**<u>ભાવાર્થ :</u>**-જેમ કોઈ રાજા દારૂ પીને રસ્તામાં પેશાબ કરવાની જગ્યાએ સૂતો હોય તો તેને કોઈ આવીને જગાડે અને સંબોધન કરે કે તારી સુવાની જગ્યા આ નથી. તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે. તાંબા કે કથીરના ભેળસેળ વગરની ચોખ્ખા સોનાની શુદ્ધ અને મજબૂત જગ્યા છે. માટે હું તને બોલાવું છું ત્યાં આવ. ત્યાં સુઈને આનંદિત થા. આ દ્રષ્ટાંત છે. હવે સિદ્ધાંત કહે છે.

## <u>અનાદિના અજ્ઞાની પુણ્યને ધર્મ માનીને નિશ્ચિંત થઈને ઘોર નિદ્રામાં સૂતા છે</u>

અજ્ઞાની પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને રાગાદિકને ભલા જાણી તેમને જ પોતાનો સ્વભાવ જાણી તેમાં જ નિશ્ચિંત સૂતા છે. દયાદાન કામક્રોધાદિ વિકાર છે તેને જ પોતાના જાણી સૂતા છે. પૈસાવાળાને પૂછે તો કહે કે અમો સુખી છીએ. તે સૂતા છે પેશાબ કરવાની જગ્યાએ અને માને છે છે કે અમો સુખી છીએ. અજ્ઞાની માને છે કે અમો જૈનધર્મના પ્રતાપે બહાર પૈસેટકે સુખી છીએ, તે તો મૂઢ છે. એની વાત તો અહીં નથી પણ અહીં તો રાગાદિને ભલો જાણી સૂતા છે, તે દારૂ પીને સૂતા છે. આ આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ છે, તેને ભૂલીને વિકારમાં સૂતા છે, તે સ્થિત થઈને સૂતા છે. તેને શ્રીગુરુ કહે છે કે “**<u>હે અંધ પ્રાણીઓ ! પુણ્યમાં ધર્મ માન્યો છે, તે તમારું પદ નથી, તમારું પદ તો શુદ્ધ ચૈતન્યમય ધાતુ છે.</u>**” બહારમાં અન્ય દ્રવ્યોના ભેળસેળ વિનાનું તેમજ અંતરંગ વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે, તે પદને પ્રાપ્ત થાઓ. શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો. તમે વિકારને ધર્મ માનો છો પણ તે તમારું સ્થાન નથી. પરમ નિર્મળ તમારું પદ છે. વિકારમાં આનંદ માનવો, તે તમારું પદ નથી. હે અંધ પ્રાણીઓ ! **<u>વ્રતાદિ ક્રિયામાં ધર્મ માનો છો તે તમારું પદ નથી.</u>**

વ્રતાદિના પરિણામ હોય ખરા, પણ એમાં જે કૃતકૃત્યતા મનાઈ જાય છે, તે વિકારમાં સૂતો છે. તમારું ધામ ચૈતન્યજ્ઞાનાનંદમય છે, તે પરમ સમાધિમય છે. શાંત નિર્વિકાર છે. જેમ સિંહાસન શુદ્ધ સોનાનું છે, તેમ પુણ્યપાપ વિનાનું તારું શુદ્ધસ્વરૂપ છે. કોઈ દ્રવ્ય સાથે કે વિકાર સાથે ભેળસેળ થયું નથી. નિત્ય ચૈતન્ય ધાતુ છે, એની રુચિ અને રટણ કરે તો કલ્યાણ થાય. તે પદને પ્રાપ્ત કરો. પુણ્યના કારણે બહારના સંયોગો મળ્યા હોય તો તેમાં બાદશાહી માને છે. પણ અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે પુણ્ય પરિણામમાં સૂતો છે, તે વિષ્ટામાં સૂતો છે. આવી ચોખ્ખી વાત કરી છે, તેને સમજીને આત્માનો આશ્રય કરે તો નિર્જરા થાય પણ વિકારનો આશ્રય કરે તો નિર્જરા થાય નહિ, સંસાર થાય અને દુઃખ રહે.

હવે પૂછે છે કે હે ગુરુદેવ ! તે પદ ક્યું છે ? તે તમે બતાવો. આવા જિજ્ઞાસુ શિષ્યને ઉત્તર આપે છે :–

## ગાથા ૨૦૩

**જીવમાં અપદ્‌ભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.**

**અર્થ :**–આત્મામાં અપદ્‌ભૂત દ્રવ્ય–ભાવોને છોડીને નિશ્ચિત, સ્થિર એક આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ભાવને કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે, તેને (હે ભવ્ય) જેવો છે, તેવો ગ્રહણ કર. (તે તારું પદ છે).

**ટીકા :**–ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય–ભાવો મધ્યે જે અતત્ સ્વભાવે અનુભવાતા, અનિયત, અવસ્થાવાળા, અનેક ક્ષણિક, વ્યભિચારી ભાવો છે. તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે અપદ્‌ભૂત છે.

આચાર્ય ભગવાને પહેલેથી જ બધા અત્માઓ ભગવાન છે, એમ વાત ઉપાડી છે. જે આત્માનો મહિમા સર્વજ્ઞની વાણીમાં પૂરો આવ્યો નથી, તેવા આત્માને સૂચન કરે છે. એક માણસ હતો. તેનું નામ ભગવાન હતું, પણ બુદ્ધિ વગરનો હતો. તેના કુટુંબીઓ તેને ભગુ પશુ જેવો છે, તેમ કહેતા હતા. એટલે તે ભગવાન હોવા છતાં જ્યાં જાય ત્યાં કહે કે “આ ભગુપશુ છે.” “ભગુ ગરીબ છે”, તેમ કહે. તેવી રીતે ભગવાન આત્મા છે. તેનું માહાત્મ્ય વાણીદ્વારા ન થાય એવું છે. સ્વરૂપલક્ષ્મીવાન, જ્ઞાનવાન, કીર્તિવાન, સૂર્યવાન, ચારિત્રવાન છે, તે પોતાને ભૂલીને ભગુપશુની જેમ પરમાં માહાત્મ્ય આપે છે. અજ્ઞાની કહે છે કે અમને ભગવાન ન કહો. અહીં આચાર્યદેવ આત્માને ભગવાન કહીને સંબોધે છે અને આ કહેતાં હયાતી

સૂચવે છે. તે આત્મા પાંચ પ્રકારથી અસ્થાયી ભાવો રહિત છે, તેથી તે પદ આત્માનું નથી.

(૧) આ આત્મા કે જેની કીર્તિ લોકમાં ન માય. વાણી દ્વારા ન કહેવાય એવા આત્મામાં દયાદાન આદિના ભાવો તથા શરીર, કર્મ વાણી, લક્ષ્મી તે બધા અતત્ ભાવે અનુભવાય છે. સ્વરૂપે નહિ અનુભવાતા, પરરૂપે અનુભવાય છે. પરપદાર્થો અને શુભાશુભભાવો જે તારામાં અતત્-ભાવે છે, તે તારી કોઈપણ માન્યતાએ તત્-ભાવે થશે નહિ. તીર્થંકર ભગવાન, સમેતશિખર, ગુરુ આદિ તારામાં અતત્-ભાવે છે.

(૨) પુણ્યપાપાદિ ભાવો તથા પર પદાર્થો **અનિયત અવસ્થાવાળા** છે. અચોક્કસ અવસ્થાવાળા છે. ધ્રુવ નથી. ઘડીમાં જુઓ તો દેવ અને ઘડીમાં જુઓ તો બોકડીની કૂખે બોકડો થાય એક વખત માણસ અને વળી પાછો ઢેઢગરોળી થાય. એ રીતે પુણ્ય ને પાપ અનિયત સ્વભાવવાળા છે. ઘડીમાં જુઓ તો સ્વાધ્યાય કરે અને વળી પાછો સંસારના ભાવો કરે. તે શુભાશુભ ભાવો અનિયત અવસ્થાવાળા હોવાથી, આત્મામાં તે નથી. પરલક્ષે થતાં ભાવો અનિયત છે. ઘડીમાં જુઓ તો એવો ભક્તિભાવ આવે કે જાણે એકાકાર અને વળી પાછો ઘડીમાં અશુભભાવ થાય. ઘડીમાં ખૂબ દાન દેવાનો ભાવ કરે ને વળી પાછો વિચારે કે અરે ! ઘણા પૈસા ખરચાઈ ગયા, પણ કાંઈ સારું કામ થયું નહિ. આમ અનિયત સ્વભાવવાળા હોવાથી તે આત્માનું પદ નથી.

(૩) પુણ્યપાપના ભાવો **અનેક** છે. આત્મા ભગવાન એક છે અને શરીર, વાણી અનેક છે. વળી આત્મામાં જે શુભાશુભ વિકલ્પો થાય, તે પણ અનેક પ્રકારના છે. તે તારું સ્વરૂપ નથી માટે એ તારું સ્થાન નથી. તે કાયમ તારામાં રહેતા નથી.

(૪) પુણ્યપાપના ભાવો **ક્ષણિક** છે. વીજળીના ચમકારા જેવા, સંધ્યાના રંગ જેવા છે. સાંજના વખતે જુઓ તો એવી સંધ્યા ખીલે જાણે બધાં મકાનો વગર રંગે રંગાઈ ગયાં હોય અને ઘડીમાં જુઓ તો ખલાસ થઈ જાય. તેમ પુણ્ય-પાપ, શરીર, વાણી, મન વગેરે ક્ષણિક છે, તે આત્મામાં સ્થાન પામતા નથી. તે અપદ છે.

(૫) આત્મામાં વ્યવહાર દયા, દાન, વ્રતાદિના ભાવો થાય તે **વ્યભિચારી** ભાવો છે. જેમ સંસારમાં સ્વઘર છોડીને પરઘેર જાય તો તેને વ્યભિચારી કહેવાય છે, એમ અહીં આત્માના સ્વભાવનું ઘર છોડીને પુણ્ય-પાપાદિના વિકારી ભાવોમાં જાય, તે વ્યભિચારી છે. વ્યવહારથી ધર્મ

માનવો તે વ્યભિચારી ભાવ છે. કોઈ કહે કે વ્યભિચારથી બ્રહ્મચર્ય પાળે, એ વાત જેમ ખોટી છે, તેમ રાગથી ધર્મ થાય એમ માને તો તે વાત પણ ખોટી છે. જ્ઞાયકસ્વભાવમાં તે શુભ લાગણીઓ વ્યભિચાર છે. તે શાંતિમાં મદદ કરનાર નથી. તે ભાવો નથી, એમ નથી. છે ખરા, પણ તે આત્માનું પદ નથી, એમ કહેવાય છે.

આ પાંચ ભેદથી પુણ્ય-પાપાદિના ભાવો અસ્થાયી છે. જેમ પીપળાના પાનની શેડ લાંબી હોય છે, તે લટકતી હલ્યા જ કરે છે, તે સ્થિર રહે નહિ તેવી રીતે પુણ્યપાપની શેડું અસ્થિર છે.

## પુણ્યપાપાદિ ભાવો અતત્સ્વભાવવાળા, અનિત્ય સ્વભાવવાળા, અનેક, ક્ષણિક અને વ્યભિચારી હોવાથી તે આત્માનું પદ નથી

આત્મામાં જેને સ્થિર થવું હોય તેને માટે તે અસ્થિર સ્વભાવવાળા પુણ્યપાપાદિ સ્થિર રહેવાનું રહેઠાણ નથી. નદીકાંઠે અથવા રેંકડીમાં દુકાન હોય, તે સ્થાયી હોય નહિ. તે કાયમ એક સ્થળે રહી શકે નહિ. તેમ જાત્રા, ભક્તિ, વ્રતાદિના ભાવો અસ્થાયી છે. સ્થાતા એવા આત્માનું તે સ્થાન નથી. રહેઠાણ કરીને રહેવું હોય તો રહેવા જેવું નથી. અપદ્ભૂત છે. આત્મામાં શુભભાવો અપદ્ભૂત છે. સમવસરણ થયાં અને પાછાં વિખરાઈ ગયાં, કેમ કે તે કાયમના રહેઠાણની ચીજ નથી. આવા પાંચ પ્રકારના અસ્થાયી ભાવોમાં પોતાનું સ્થાન માને, તો તે પર્યાયબુદ્ધિ છે, એમ કહ્યું. હવે સ્વભાવબુદ્ધિની વાત કરે છે.

## આત્મા તત્સ્વભાવે અનુભવાતો, નિયત સ્વભાવવાળો, એક, નિત્ય અવ્યભિચારી છે, તે જ સ્થાતાનું સ્થાન છે, તેથી પદ્ભૂત છે

આત્માનું નિરુપાધિ સ્વરૂપ તત્સ્વરૂપે અનુભવાય છે. ચૈતન્યમાત્ર જાણવાદેખવાના સ્વભાવે અનુભવાય છે. તે જ નિર્જરા છે. જ્ઞાયક આત્મા અને તેના લક્ષે ઉત્પન્ન થતી અવસ્થા, તે નિયત સ્વભાવવાળી છે. જેમ આવળે આંબો પાકે નહિ તેમ પુણ્યપાપાદિ ભાવે ધર્મ થાય નહિ. આત્મા નિયત સ્વભાવવાળો છે. તેના આશ્રયે ધર્મ અને નિર્જરા થાય છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. તેની સાથે એકતા કરતાં એકરૂપ થાય છે. શરણ તો આત્મા છે. બહારમાં નથી. જ્ઞાતાદ્રષ્ટા અભેદસ્વભાવ એક છે અને નિત્ય છે. તે નિર્જરાનું કારણ છે અને અવ્યભિચારી ભાવ પણ ચૈતન્યના લક્ષે થાય છે

કેમ કે એમાં કાંઈ ભેળસેળ નથી. એમાં પોતાને ન શોભે એવું નથી. આત્મા જ્ઞાયક છે, તેવી દશાનું આત્મામાં ઘોલન થાય-તે અવ્યભિચાર છે. આ સિવાય આત્માને બીજું રહેઠાણ રહેવા જેવું નથી. આ એક જ પોતે સ્થાયી છે.

ચૈતન્ય સ્વભાવ પોતે પોતાથી સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન છે એટલે કે રહેનારનું રહેવાયોગ્ય સાચું રહેઠાણ છે. રાગ વિકાર છે. તે અનેક છે, તે બધા રહેવાયોગ્ય નથી. સ્થાયી રહેવાનું રહેઠાણ નથી. અહો ! આચાર્યદેવે બહુ સરસ ગાથા લીધી છે. ગાથામાં તો અસ્તિથી વાત કરી છે કે તારું પદ તો એક આત્મા જ્ઞાન ચૈતન્ય છે. તેમાંથી ટીકામાં અમૃતચંદ્રાચાર્યે નાસ્તિથી કથન કર્યું છે. પુણ્યપાપાદિ સ્થાયી નથી માટે તે તારું રહેઠાણ નથી. અનાદિનો અજ્ઞાની પરપદાર્થમાં અખતરો કરે છે પણ એક વખત જો આત્માનો અખતરો કરે, તો વસ્તુ સમજાયા વગર રહે નહિ.

આત્મા ચૈતન્યમૂર્તિ એક જ અનુભવ કરવાયોગ્ય છે. તે અનુભવ પ્રત્યક્ષ છે. સાકરનો સ્વાદ આંધળાને કે દેખતાને સરખો પ્રત્યક્ષ હોય છે, તેમાં ફેર નથી. તેથી આ એક જ ધર્મીએ અનુભવવા યોગ્ય છે. આ જાતનો અનુભવ ન થાય ત્યાંસુધી આ વાત સાંભળવી, વિચારવી, અભ્યાસ કરવો અને આની જ હા પાડવી-એ જ ઉપાય છે. આ ચૈતન્ય સ્વભાવની હા પાડ્યા વગર એકાગ્ર શેમાં થશે ? આત્મા ધ્રુવ અને શાંત છે, તેના તરફ વલણ કરતાં ધર્મ થાય છે, તેની પ્રથમ હા પાડવી જોઈએ.

<u>ભાવાર્થ :</u>-પૂર્વે વર્ણાદિક ગુણસ્થાન પર્યંત જે જડ અને ચૈતન્યના પર્યાય કહ્યા હતા, તે બધા આત્મામાં અનિયત છે. આત્મા રહે ત્યાંસુધી તે રહેતા નથી. તે બધા અનેક, ક્ષણિક અને વ્યભિચારી ભાવો છે. આત્મા સ્થાયી છે અને તે ભાવો નિત્ય ટકતા નથી. સ્થિર સ્વભાવને સમજે, તે પુણ્ય-પાપાદિ ભાવોને અસ્થાયી જાણે છે. તેથી તે આત્માનું સ્થાન નથી. તેને પોતાના કરીને માનવા જેવા નથી. સંસારમાં કહે છે કે જે અસ્થિર માણસ હોય તેનો વિશ્વાસ કરવો નહિ કેમ કે તે ખરે પ્રસંગે દગો દે છે. તેમ વિકાર કે નિમિત્તાદિનો ભરોસો કરવા જેવો નથી કેમ કે તે અસ્થિર છે. તે મોક્ષમાર્ગમાં દગો દે એવા છે. તે ચૈતન્ય આનંદને ખાલી કરવાવાળા છે, તેથી તે આત્માનું પદ નથી. જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે, તે નિયત છે એક છે, નિત્ય છે અને અવ્યભિચારી છે. આત્મા સ્થાયી અને આ જ્ઞાન પણ સ્થાયી છે, તેથી તે આત્માનું પદ છે, તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.

# પ્રસાદ નં. ૨૨૪

## સમયસાર કળશ ૧૩૯

(જેઠ સુદ ૯ બુધવાર, ૨૦૦૭)

આ આત્મા છે, તેનું સ્વસંવેદન જ્ઞાન છે, તે નિયત છે. એક છે. નિત્ય છે. અવ્યભિચારી છે. તે સ્થાયી હોવાના કારણે આત્માનું ખરેખર તે જ પદ છે. માટે તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.

## કળશ ૧૩૯

તે એક જ પદ આસ્વાદવા યોગ્ય છે. ગુણગુણીના ભેદોમાં અનેકતાના વિકલ્પો થાય છે, તેનાથી ધર્મ થતો નથી. ચૈતન્ય જ્ઞાયક અનેક ગુણ પર્યાયોનો અભેદ પદાર્થ છે, તેની સન્મુખતા કરી આ એક જ આસ્વાદવા યોગ્ય છે. તેમાં આપદા નથી. બીજું કાંઈ કરવા જેવું નથી. વિકલ્પો થાય તે અનુભવવા યોગ્ય નથી. એક જ પદ, એક જ ચૈતન્યધામ અને એક જ બળને આસ્વાદવા જેવું છે.

શાસ્ત્રમાં પૂજા, ભક્તિ, વ્રતાદિની વાતો આવે, પણ તે બધાનો સાર આ એક જ ચૈતન્યપદને આસ્વાદવું તે છે. તે બધા રાગ ભાવો છે. તેનો અનુભવ કરવા જેવો નથી. સ્વભાવ તરફ ઢળતાં તે વિકલ્પો થતાં જ નથી. એટલે મોહ સાથે લડવાનું રહેતું નથી. ચૈતન્ય સ્વભાવમાં મોહ છે જ નહિ. મોહ તો મરેલો પડ્યો છે. રાગ થયો તેને શું મારવો ? આનંદનો અનુભવ થયો એટલે મોહ ઉત્પન્ન થતો નથી. નિમિત્તથી, પુણ્યથી કે ગુણ ગુણી ભેદના વિકલ્પથી મુક્તિનો ઉપાય થઈ શકે નહિ. ચૈતન્ય સામાન્ય એકરૂપ શુદ્ધ છે, તે પદનું અવલંબન લેતાં આનંદનો આસ્વાદ આવે છે, તે જ મોહનાશ કરવાનો ઉપાય છે. આત્મા મોહનું અસ્થાન છે એવો ભરોસો તો કર !

## “આત્માના પદ પાસે અન્ય બધા પદો અપદ છે”

આત્મ પદની આગળ અન્ય સર્વ પદો અપદ જ ભાસે છે. ઇન્દ્રનાં પદ સડેલાં તરણાં જેવાં લાગે છે રાજ્યપદ, અધિકારીપદ તે બધું અપદ છે. આત્મા સત્ છે, તે આનંદનો ભંડાર છે. તે ચૈતન્ય પદ આગળ તીર્થંકરપદ, ચક્રવર્તીપદ કે વાસુદેવપદ તે બધાં પદ, અપદ છે. તે પદો વિપત્તિવાળાં છે. આત્મા વિપત્તિનું સ્થાન નથી તેથી તેની આગળ બીજાં પદો અપદ છે.

ભાઈ, શાંત થા ! અને વિચાર કર કે આ પર પદાર્થો છે, તે આત્માથી ભિન્ન છે. પુણ્ય—પાપાદિ શાંતિનું સ્થાન નથી. શાંતિનું સ્થાન તો આત્મા છે. સ્વરૂપના અનુભવ પાસે બીજું બધું તુચ્છ લાગે છે. કોઈ કહે કે સંસારમાં, વેપારમાં, કુટુંબમાં રહીને આ કેમ બની શકે ? તેને કહે છે કે તે બધું તારાથી ભિન્ન ભાસે છે. તેણે તને પકડ્યો નથી તેથી આત્મામાં આવો અનુભવ થઈ શકે છે.

**ભાવાર્થ** :—એક જ્ઞાન જ આત્માનું પદ છે, તેમાં કોઈપણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદ સ્વરૂપ ભાસે છે. કારણ કે તેઓ આકુળતામય છે. આપત્તિવાળા છે. શ્રીમદે કહ્યું છે કે :—

**“ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.”**

સંસારમાં માણસ મૂંઝાય છે ત્યારે વિચારે છે કે હવે મારે ક્યાં જવું ? મારી વાત કોણ સાંભળે ? ધરતી માર્ગ આપે તો સમાઇ જઉં, એને કહે છે કે આત્મા જ્ઞાનાનંદ છે, તે ફાટે તો એમાંથી શાંતિ નીકળે એમ છે, એમાં આપદા નથી. બીજું કાંઈ શરણ નથી. એમ સમજે તો તે વખતે પણ શાંતિ થાય એમ છે. જગત માને છે કે પૈસાવાળા સુખી છે પણ પૈસાવાળા તો અજ્ઞાનથી મમતાના ઉકરડે બેઠા છે. તેને ખબર નથી કે આત્મા સિવાય બીજે શાંતિ નથી.

વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :

## કળશ—૧૪૦

**અર્થ** :—એક જ્ઞાયક સ્વભાવથી ભરેલા મહાસ્વાદને લે તો દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ આત્માના અનુભવના—સ્વાદના—પ્રભાવને આધીન થયો હોવાથી, નિજ વસ્તુવૃત્તિને જાણતો આ આત્મા, જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો, સામાન્ય માત્ર જ્ઞાનને અભ્યાસતો, સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે. એકરૂપે પ્રાપ્ત કરે છે.

અહો ! જેમ ગરીબને ગોળનો ગાંગડો મળ્યો હોય તો મોઢમાં આમથી તેમ ફેરવી તેનો સ્વાદ લે છે. એમ અહીં એક જ્ઞાયકભાવથી ભરેલાં આનંદનો અનુભવ લે છે. તેમાં બીજો સ્વાદ રુચતો નથી. પુણ્ય-પાપ, દયા, દાન કામ, ક્રોધાદિનો સ્વાદ આકુળતામય છે. આત્મા દ્વંદમય સ્વાદ લેવાને અસમર્થ છે એટલે કે આત્માના અનુભવમાં બીજો સ્વાદ હોતો જ નથી.

બીજા સ્વાદો એટલે વર્ણાદિ, રાગાદિ તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ આત્મામાં હોતો નથી. જ્ઞાનીને ક્ષયોપશમની પર્યાયનું લક્ષ હોતું નથી. આત્મા પર પદાર્થનો સ્વાદ લેતો નથી. ચૈતન્ય જ્ઞાયકમાં પુણ્ય અને ગુણ પર્યાયના ભેદો નથી. સ્વભાવનો અનુભવ હોય ત્યારે આ ત્રણ પ્રકારનો અનુભવ રહેતો નથી.

## સર્પ ચંદનના ઝાડે હોય પણ મોરલી વાગે તો તેના સ્વાદમાં ઝાડથી છૂટી જાય છે, તેમ આત્મા અંતર મોરલીના સ્વાદમાં વિકારભાવથી છૂટી જાય છે.

નિયમસારમાં કહ્યું છે કે નિશ્ચય પ્રતિક્રમણ, આવશ્યક, સંયમ અને તપાદિ તો સ્વરૂપના ધ્યાનથી થાય છે. પ્રતિક્રમણાદિના વિકલ્પ ઊઠે તે તો રાગ છે, તે ખરું પ્રતિક્રમણ કે સંયમ, તપ નથી. સ્વભાવમાં લપેટાઈ જાય તે જ ખરેખર તપ છે. સર્પને મોરલીનો સ્વાદ વહાલો લાગે છે, તે સ્વાદમાં ચંદનનો લપેટ છૂટી જાય છે. એવી રીતે ચૈતન્યની અંતર મોરલી એવી લાગે છે કે પુણ્ય પાપાદિના ભાવો છૂટી જાય છે. પરમાનંદથી ભરેલા તત્ત્વનો સ્વાદ લેતો, નિજવસ્તુવૃત્તિને જાણતો, સ્વરૂપ સાવધાની કરતો પોતાની પર્યાયને આસ્વાદે છે. પુણ્યપાપ તે વસ્તુની વૃત્તિ નથી. નિજવસ્તુ વૃત્તિ તો જેમાં આનંદ જ પડ્યો છે એવી વસ્તુની પરિણતિ છે. જ્ઞાની તેનો સ્વાદ લે છે. પંચ મહાવ્રતાદિ વસ્તુની પરિણતિ નથી. તે તો રાગ છે. જ્ઞાની તેનો સ્વાદ લેતો નથી.

## "આત્મા જ્ઞાનના વિશેષોને ગૌણ કરતો સામાન્ય માત્ર જ્ઞાનને અભ્યાસતો સકળ જ્ઞાનને એકરૂપ પ્રાપ્ત કરે છે."

વસ્તુ ત્રિકાળ આનંદથી ભરેલી છે, તેનો સ્વાદ બહારથી આવતો નથી અને તે બીજા સ્વાદને અનુભવતો નથી. તે મતિ શ્રુતાદિ જ્ઞાનની દશાને ગૌણ કરતો એકરૂપ સામાન્યને અનુભવે છે. આ રીતે પર્યાય પલટે છે અને ગુણો કાયમ રહે છે. એ બધી વાત સાબિત થાય છે. પણ અહીં તો કહે છે કે આત્મા વિકલ્પને પણ ગોતતો નથી. તે પછી નિમિત્તને ગોતવાની વાત તો ક્યાંય દૂર રહી. આત્મા જ્ઞાનમૂર્તિ છે. પર્યાયને ગૌણ કરતો, ત્રિકાળી સ્વભાવ સામાન્ય છે, તેનો અનુભવ કરતો, સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે. એકરૂપે પ્રાપ્ત કરે છે. અજ્ઞાની માને છે કે વ્યવહાર અને નિમિત્ત ઊડી જાય

છે, પણ આ રીતે તો નિમિત્ત અને વ્યવહાર જેમ છે, તેમ સ્થપાય છે. સ્વભાવ અભેદ થાય છે, તે ભેદનું લક્ષ કરતો નથી. આ જ તપશ્ચર્યા અને નિર્જરા છે. ધર્મ કહો કે યોગ કહો, તે પણ આ છે. આ સિવાય બીજો કોઈ માર્ગ નથી. બીજા માર્ગ સાથે મેળ ખાય એમ નથી.

**ભાવાર્થ :**—આ એક સ્વરૂપ જ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા લાગે છે.

નાટક સીનેમાનો શોખીન જ્યારે સીનેમા જોવા જાય છે ત્યારે બીજા બધા રસોને તે ભૂલી જાય છે. તેમ અહીં કહે છે કે આત્માના અનુભવના રસ આગળ બહારના માન, આબરૂ આદિના સ્વાદો ફિક્કા લાગે છે. વળી સ્વરૂપ જ્ઞાનને અનુભવતાં સર્વ ભેદ ભાવો મટી જાય છે. આત્માની અભેદતા થતાં ભેદભાવ ઉત્પન્ન થતાં જ નથી. જ્ઞાનના વિશેષો, જ્ઞેયના નિમિત્તે થાય છે એટલે કે જ્ઞાનમાં જ્ઞેયના લક્ષે ભેદો દેખાય છે. નિમિત્તના લક્ષે પર્યાયના ભેદની મુખ્યતા થાય છે. સ્વભાવના લક્ષે એ મુખ્યતા થતી નથી. સ્વરૂપ તરફ ઢળતાં એકતા થાય છે અનેકતા થતી નથી. અજ્ઞાની કહે છે કે આ વાત મીઠી લાગે છે પણ અપચો થાય એવી છે, એમ કહીને કાઢી નાખે છે. તેને આત્માની રુચિ નથી. જગતમાં લૌકિક સેવા આદિની વાતમાં મીઠાશ લઈને તેમાં ઢળે છે, તેને સંસાર ગમે છે. તેને પોતાના આત્માનું માહાત્મ્ય આવતું નથી.

અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કેવી રીતે આવે ?

એટલે કે પ્રશ્ન એમ છે કે આવરણમાં રહેલો જીવ, તેને નિરાવરણદશાનો અનુભવ કેમ થાય ? આ પ્રશ્નનો ઉત્તર, પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. એટલે કે કેવળજ્ઞાન વર્તમાન પ્રત્યક્ષ નથી પણ કેવળજ્ઞાનની તાકાત સ્વભાવમાં છે એવી પ્રતીતિ કરતાં, એ જ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. હું અપૂર્ણ છું એવો વિકલ્પ જ્યારે રહેતો નથી, તો પૂર્ણ નહિ હોવા છતાં પૂર્ણતાનો સ્વાદ પરોક્ષ અનુભવાય છે એમ કહ્યું છે.

હવે કર્મના ક્ષયોપશમના નિમિત્તે, જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે એવા અર્થની ગાથા કહે છે :—

## સમયસાર ગાથા ૨૦૪

**મતિ શ્રુત અવધિ મનઃ કેવળ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે, જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

**અન્વયાર્થ :—**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન, તે એક જ પદ છે કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે. તે આ પરમાર્થ છે (શુદ્ધનયના વિષયભૂત જ્ઞાન સામાન્ય જ આ પરમાર્થ છે) કે જે પામીને આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.

અહીં જ્ઞાનના ભેદ પણ કાઢી નાખે છે, નિમિત્ત અને રાગની તો વાત જ નથી પણ જ્ઞાન અસાધારણ પરમ સ્વભાવભાવ પારિણામિકભાવ છે, તે એક જ સ્વપરને જાણવાની તાકાતવાળો છે. તેમાં મતિજ્ઞાનાદિ પાંચ પ્રકારની જ્ઞાનદશાના ભેદોનો આશ્રય નથી. ચોસઠ પહોરી પીપર ઘૂંટતા ઘૂંટતા તેની તીખાશ વધતી જાય છે, તે પીપરની સાથે અભેદ થતી જાય છે, તેમ આત્મામાં મતિ શ્રુતાદિ દશાઓ થાય છે, તે જ્ઞાનનું એક જ પદ છે.

આ વાત નિર્જરા અધિકારમાં લેવાનું કારણ એ છે કે :—આત્મા ચૈતન્યમૂર્તિ છે, તેનું અવલંબન લેતાં આવા પાંચ પ્રકારના ભેદોના વિકલ્પ રહેતા નથી, તે નિર્જરા છે. આ નિર્જરા અજ્ઞાનીને હોતી નથી અને કેવળજ્ઞાનીને અંતરમાં ઢળવાનું રહ્યું નથી. સાધકદશામાં આ પાંચ પ્રકારના ભેદોને ગૌણ કરીને એક ચૈતન્યની મુખ્યતામાં પાંચ પ્રકાર રહેતા નથી. તે જ્ઞાન એક જ છે. તે જ્ઞાન સામાન્ય પદાર્થ છે. તે પામીને આત્મા નિર્વાણ એટલે મુક્તિને પામે છે.

અહીં કોઈ કહે છે કે આ કાળમાં મુક્તિ એટલે નિર્વાણ નથી. તો તેને કહે છે કે :—સ્વભાવ છે ત્યાં નિર્વાણ છે. જેમ રસ્તામાં થાક્યો હોય અને રાત્રે ધર્મશાળામાં વિસામો લે અને સવાર થતાં ચાલવા માંડે તેમ આ કાળમાં સ્વભાવનું ધ્યાન કરતાં થોડીવાર લાગે, તો અધૂરી અવસ્થામાં એકાદ ભવ સ્વર્ગમાં રહેવું પડે. તો ત્યાં પણ આત્મા જ છે અને સ્વભાવ પ્રગટ્યો માટે નિર્વાણ જ છે.

# પ્રસાદ નં. ૨૨૫

## સમયસાર ગાથા ૨૦૪

(જેઠ સુદ ૧૦, ગુરુવાર, ગુરુવાર)

આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છે, તેની પર્યાયમાં મલિનતા છે, તેનો નાશ થવો ને શુદ્ધતાની વૃદ્ધિ થવી તેને નિર્જરા કહે છે. તે નિર્જરા મોક્ષનો ઉપાય છે. આ ગાથા બહુ ઊંચી છે. મોક્ષનો ઉપાય એક જ્ઞાન જ છે. મોક્ષ તે આત્માની પરમ ઉત્કૃષ્ટ દશા છે. સંગ અને ઉપાધિ રહિતની દશા, તે મુક્તદશા છે, તેનો ઉપાય નિર્જરા છે. એમાં સંવર આવી જાય છે.

**ટીકા :—**આત્મા ખરેખર પરમ પદાર્થ છે અને તે આત્મા જ્ઞાન છે. જ્ઞાન સિવાય બીજા બધા ગુણોને જ્ઞાન સાથે અભેદ કરીને કહ્યું છે કે આત્મા જાણક સ્વભાવી વસ્તુ છે. વળી આત્મા એક જ પદાર્થ છે, એટલે બધા આત્માઓ થઈને એક પદાર્થ છે એમ નથી. પણ અનેક પ્રકારના પુણ્યપાપના ભાવ રહિત છે માટે એક છે. તેથી જ્ઞાન એક જ છે. આત્મા એક અને જ્ઞાન અનેક એમ નથી, પણ એક જ પદ છે એની યોગ્યતા, એનું સ્વરૂપ એનું ધામ અને એની લાયકાત, એક જ છે. તેથી જ્ઞાન પણ એક જ પદ છે.

## "જે આ જ્ઞાન નામનું એકપદ છે, તે પરમાર્થ સ્વરૂપ સાક્ષાત્ મોક્ષ—ઉપાય છે"

જે આ જ્ઞાન નામનો એક સ્વભાવ છે, તે એક જ, તે જ, એક જ બળ છે, એક જ લાયકાત છે. તે પરમાર્થ સ્વરૂપ સાક્ષાત્ મોક્ષનો ઉપાય છે. બાર પ્રકારના તપના વિકલ્પો તે મોક્ષનું સાક્ષાત્ કારણ નથી. આત્મા પરમ પદાર્થ એક જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. જેમ સોનું એક જ છે, તેમાં પીળાશ એક જ છે. બીજા ગુણો ગૌણ છે. તે પીળાશમાં ભેદ પડે, તે સોના અને પીળાશની એકતા બતાવે છે પણ અનેકતા બતાવતી નથી. તેમ આત્મામાં જ્ઞાનના ભેદો પડે છે, તે જ્ઞાનની એકતા એકઠી કરે છે પણ અનેકતા બતાવતા નથી.

## મતિ જ્ઞાનાદિ ભેદો આ એક જ્ઞાન પદને ભેદતા નથી પરંતુ તેઓ પણ આ જ એકપદને અભિનંદે છે

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન તે પાંચે પર્યાયો છે. તે પાંચે શુદ્ધ છે પણ તે પાંચમાંથી કોઈપણ એક પર્યાયનો આશ્રય લેવામાં આવે તો વિકલ્પ ઊઠે છે, તે આસ્રવ છે. સંવર કે નિર્જરા નથી. નિર્જરા તો તે મતિજ્ઞાનાદિ ભેદોમાં પણ એક જ્ઞાન જ અભેદ છે, તેનો આશ્રય કરે તો થાય છે. તેથી તે પાંચ પ્રકાર હોવા છતાં એકપદને ભેદતા નથી પણ તે એક પદને ટેકો આપે છે—અભિનંદે છે.

આત્મા છે, તે જ્ઞાન સ્વભાવી એક જ છે પહેલી પર્યાય કરતાં બીજી પર્યાયમાં વધારો થાય, તે એકતાને જણાવે છે. ભંગ અને ભેદને જણાવતો નથી. જ્ઞાતા ચૈતન્ય એક સ્વભાવી છે, તેમાં મતિજ્ઞાનાદિ ભેદો છે, તે સામાન્ય સ્વભાવને ટેકો આપતા જાય છે. આ તપસ્યા છે. લોકો બહારમાં તપસ્યા માને છે પણ આત્માનું પદ શોભે, તેને ખરી તપશ્ચર્યા કહેવામાં આવે છે. પર્યાયમાં હીનાધિકતાના ભેદો હોવા છતાં તે એકતાને જણાવે છે.

ચૈતન્ય નિરુપાધિ સ્વભાવ છે, તેમાં વિકાર અને નિમિત્તનો અભાવ છે. જ્ઞાનની ભેદતા પણ અભેદને બતાવે છે. જેમ સંસારમાં પાંચ લાખ રૂપિયાની મૂડી હોય અને તેમાં પચીસ હજારનો વધારો થાય તો તે મૂડીને એકઠી કરે છે, તેમ પર્યાય નવી નવી વધતી જાય છે, તે જ્ઞાનમાં એકતા કરે છે. આત્માની લક્ષ્મી જ્ઞાન છે. આત્મા જ્ઞાન કીર્તિવાળો છે. બહારની પદવીના પૂંછડા ઝાડે છે, તે આત્માની પદવી નથી. આત્માની પદવી તો જ્ઞાનમય છે, તેમાં એકાગ્ર થાય તો પુણ્યપાપની પદવી ને છોડે. અંતરનું અવલંબન લે તો નવી અવસ્થા થાય છે, તે પણ દ્રવ્યમાં અભેદ થાય છે.

આત્મા છે, તેનો જ્ઞાન સ્વભાવ છે, તેમાં પર્યાયની વૃદ્ધિ થાય છે, તે પરના આશ્રયે કે પર્યાયના આશ્રયે થતી નથી. આત્મા જ્ઞાન પદવીનો ધરનાર છે. વિકારની પદવીનો ધરનાર આત્મા નથી. બાહ્ય વ્રતાદિથી અજ્ઞાની અનાદિથી નિર્જરા માની રહ્યો છે, તે અજ્ઞાનનો રંગ છે. આત્માનો રંગ નથી. આત્મામાં એકાગ્ર થાય, તે ચારિત્ર અને તપ છે. તેથી જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે. પૈસાની તૃષ્ણા ઘટાડવી, તે મોક્ષનો ઉપાય નથી. લાખો રૂપિયા ખરચી જિનમંદિર બનાવવું. તે મોક્ષનો ઉપાય નથી. સ્વભાવમાં એકાગ્ર થાય તેને જ ભગવાન સાચી ભક્તિ કહે છે. તે દ્રષ્ટાંતથી સમજાવે છે.

જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય, વાદળાના વીખરાવાથી પ્રગટપણું પામે છે, તેના પ્રકાશની હીનાધિકતારૂપ ભેદો તેના સામાન્ય પ્રકાશ સ્વભાવને ભેદતા નથી. ખરેખર તો સૂર્યનું તેજ વધતાં વાદળાં વિખરાઈ જાય છે. તે પ્રકાશ, ભેદને બતાવતો નથી, પણ એકઠો થાય છે.

## "સૂર્યનો પ્રકાશ વધે છે, તે સૂર્યમાં એકતા બતાવે છે, તેમ જ્ઞાનના ભેદો જ્ઞાન સામાન્યને ભેદતા નથી પણ એકતા કરે છે."

સૂર્યના પ્રકાશની જેમ કર્મ પટળના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના ક્ષયોપશમ અનુસારે પ્રગટપણું પામે છે, તે જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો, તેના જ્ઞાન સ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા અભિનંદે છે. આત્માનું ભાન થતાં, જ્ઞાનનું પ્રકાશવું થાય છે, તે કર્મના ક્ષયોપશમ પ્રમાણે હોય છે. સમ્યક્દર્શન થતાં ધર્મી જેટલો જેટલો આત્મામાં એકાગ્રતાને પામે છે, તેટલી તેટલી આત્માની પર્યાય વધતી જાય છે. તે વખતે કર્મનો અભાવ થતો જાય છે, તે ચૈતન્યસ્વભાવ વૃદ્ધિને પામ્યો છે, તેની પ્રસિદ્ધિ કરે છે. સ્વભાવની વૃદ્ધિ પણ કર્મના અભાવની પ્રસિદ્ધિ કરે છે. એકબીજાની અસ્તિ જણાવે છે પણ એકબીજાના કારણે એકબીજામાં કાંઈ પરિણમન થાય છે, એમ તે બતાવતા નથી.

માટીમાં ઘડો થવા માંડ્યો–તે કુંભાર છે, તેની અસ્તિને જણાવે છે અને કુંભારની હાથ વગેરેની ક્રિયા, ઘડાની અસ્તિને જણાવે છે. કોઈ કોઈની ક્રિયાને કરતું નથી. તેમ આત્માના જ્ઞાન સૂર્યમાં કળા ખીલવા માંડી તે પ્રમાણે જડ કર્મની પર્યાય ઘટવા માંડી. તે ચૈતન્ય નિર્મળ પર્યાયને વધારતો જાય છે, તેમ પ્રસિદ્ધ કરે છે. જ્ઞાન સૂર્યનો પ્રકાશ વધે છે, તે કર્મનું ઘટવું પ્રસિદ્ધ કરે છે.

## પાણીને મંથન કરવાથી માખણ નીકળે નહિ તેમ પુણ્ય-પાપમાંથી સંવર—નિર્જરા થાય નહિ

પુણ્ય-પાપના મંથનમાંથી જ્ઞાન માખણ નીકળે નહિ. આચાર્ય ભગવાન કહે છે કે સ્વભાવ સન્મુખતા કરતાં જ્ઞાન સૂર્યની વૃદ્ધિ થાય છે. આત્મા અનાદિનો આધિ-વ્યાધિ અને ઉપાધિ કરી રહ્યો છે. તે વિનાનો આત્મા છે એવી સમાધિ અનાદિથી કરી નથી. આધિ = સંકલ્પ વિકલ્પમાં એકાગ્ર થવું તે, વ્યાધિ = શરીરના રોગમાં એકાગ્ર થવું તે, ઉપાધિ =

બહારના સંયોગો જે શરીરથી પણ દૂર છે, તેમાં એકાગ્ર થવું તે. તેનાથી રહિત આત્માની સમાધિ છે. તેને જાણ્યા વગર અનંતા ભવો કર્યા. હે નાથ ! ચાર ગતિનાં દુઃખો સહન થતાં નથી અને દુઃખો જોઈતાં પણ નથી—એમ ભવનો જેને ત્રાસ થયો હોય તેણે શરણ કોણ છે, તે જોવું જોઈએ. પણ અનાદિથી તેને જોતો નથી. સંયોગ તે દુઃખ નથી, રાગદ્વેષ મોહ તે જ દુઃખ છે. પ્રતિકૂળ સંયોગો હોય ત્યારે અજ્ઞાનીને દુઃખ, દુઃખ ને દુઃખ જ લાગે છે. જાણે ક્યાંય સુખ જ નથી એમ લાગે છે. આબરૂ જાય, કાનમાં કીડા પડે, મારી વાત કોઈ કરતું હશે ? એમ આકુળતા થાય, એવાં અનંતા ભવો કર્યા. ચૈતન્યનું ભાન કર્યા વગર એક ભવપણ ઓછો થાય એમ નથી. ચૈતન્યની સંભાળ કરે તો એકેય ભવ રહે નહિ. પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ વગેરે તથા ઇન્દ્રપદ પણ તારાં નથી. ચૈતન્યદ્રષ્ટિ કરવી, તે તારું પદ છે અને તે જ નિર્જરા છે.

## આ આત્મામાંથી મલાઈ કઢાય છે.

જ્ઞાન પદવીમાં એકાગ્ર થયો તે ચૈતન્યપદવીધર અતૂટ ધારાવાહી મોક્ષમાર્ગનો ધરનાર છે, તે અભેદ થાય છે. પુણ્ય-પાપ નહિ નહિ—એમ નકાર કરવા જતાં પણ રાગ ઉત્પન્ન થાય છે, પણ હું જ્ઞાન જ છું—એમાં એકાગ્ર થતાં તે જ્ઞાન સ્વભાવને તોડતું નથી પણ એકઠું કરે છે—અભિનંદે છે—ટેકો આપે છે. તે જ મોક્ષનો ઉપાય છે. કોઈ કહે કે શુદ્ધ આહાર લેવાથી ધર્મ થાય અને અશુદ્ધ આહાર લેવો ન જોઈએ. એવી પર વસ્તુનાં ગ્રહણ ત્યાગની તો આમાં કાંઈ વાત આવતી નથી. તો તેને કહે છે કે બહારની ચીજ આત્મામાં લઈ કે મૂકી શકતો નથી અને તે લેવા-મૂકવાના ભાવ તે વિકલ્પ છે, તે મોક્ષનો ઉપાય નથી. જ્ઞાનમાં એકાગ્ર થાય, તે મોક્ષનો ઉપાય છે. તેને આત્માની શુદ્ધિ ને નિર્જરા કહે છે.

ઘણા લોકોને તો આખી જિંદગી ચાલી જાય છે, પણ આવું સત્ય સાંભળવાનું પણ મળતું નથી. અહીં તો કહે છે કે ચૈતન્ય ભગવાન જ્ઞાન સૂર્ય છે, તેના વલણમાં શાંતદશા પ્રગટે છે. મતિજ્ઞાનાદિ ભેદો જ્ઞાનપ્રકાશની એકતાને જણાવે છે એટલે કે તેમાં જ્ઞાનપ્રકાશ અભેદ થાય છે, તે પ્રકાશની પિંડતાને જણાવે છે.

આ વાત વિચારવા જેવી છે. શ્રવણ કરીને તેનું વારંવાર ઘોલન કરવું જોઈએ. પોતે નક્કી કરે તો આ વાત અંદરમાં બેસે તેવી છે. આવી વાતને અગાઉ આઠ-આઠ વર્ષની બાલિકા પણ સમજતી હતી. અહીં તો સાઠ-સાઠ

વર્ષના વૃદ્ધોને પણ અઘરી પડે છે. ચક્રવર્તીના રાજકુમારો આ વાતને સમજતા હતા. તે પુણ્યશાળી હતા માટે સમજતા હતા એમ ન હતું પણ પુરુષાર્થથી સમજતા હતા.

અજ્ઞાની માને છે કે પૂર્વે કરીને આવ્યા હોય તો આ આત્માની વાત આવી સૂક્ષ્મ સમજાય, એમ કહીને સંસારની રુચિને ફેરવતો નથી. તે આડ મારે છે, પુણ્યવાનને આ વાત સમજાય એમ પણ નથી. ઘણા પુણ્યવાન તો ઉપાધિવાળા હોય છે.

પરના આશ્રયે જ્ઞાન પ્રગટતું નથી, તે પ્રગટ કરવા માટે આત્મા જ્ઞાન સૂર્યનો ટેકો લેવો જોઈએ.

## "આત્મસ્વભાવભૂત જ્ઞાનના અવલંબનથી નિજપદની પ્રાપ્તિ થાય છે."

આત્મસ્વભભાવભૂત ચૈતન્યપ્રકાશજ્ઞાન એકનું જ આલંબન કરવું, પુણ્ય-પાપાદિનું અવલંબન કરવું નહિ. જ્ઞાનના આલંબનથી નિજપદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે. એટલે મિથ્યાત્વનો નાશ થાય છે. ભક્તિથી, પુણ્યથી કે દેહથી ધર્મ થતો હશે? એવી ભ્રાંતિનો નાશ થાય છે. જ્ઞાન એકનું જ આલંબન કરવાનું કહ્યું છે. મૂર્તિનું, વ્યવહારનું, વ્યવહાર રત્નત્રયાદિનું આલંબન કરવાનું કહ્યું નથી. વ્યવહાર હો ભલે પણ તેનાથી આત્મભ્રાંતિનો નાશ થતો નથી.

જુઓ! ચૈતન્ય જ્ઞાતાનું એક જ્ઞાનપદ કાયમ રહેનારું છે. તેના અવલંબને ભ્રાંતિનો નાશ થાય છે અને નિજપદની પ્રાપ્તિ થાય છે. તે જ નિર્જરા છે એમ કહે છે. આમ અશુદ્ધતાનો નાશ થાય છે.

અજ્ઞાની પોકાર કરે છે કે આ નવી વાત કાઢી છે. તેણે આ વાત સાંભળી નથી તેથી તેને નવી લાગે છે. પણ આ વાત તો અનાદિની છે. જ્ઞાનનું આલંબન લેવું તે પર્યાય છે અને તેથી ભ્રાંતિનો નાશ થાય છે. નિજપદની પ્રાપ્તિ થાય છે એ ધર્મ અને નિર્જરા છે.

# પ્રસાદ નં. ૨૨૬

## સમયસાર ગાથા ૨૦૪

(જેઠ સુદ ૧૧, શુક્રવાર, ૨૦૦૭)

આ નિર્જરાનો અધિકાર છે, તે નિર્જરા કેમ થાય? તે કહે છે. આત્મા એક પરમ પદાર્થ છે, તો તેનો જ્ઞાનસ્વભાવ પણ એક છે. તેમાં જે હીનાધિક અવસ્થા થાય છે, તે જ્ઞાનની એકતાને જણાવે છે. હીણી પર્યાય ટળી અધિક પર્યાય થાય છે એવા ભેદો ગૌણ થયા છે. આવો શરૂઆતમાં જ્ઞાનનો નિર્ણય કરવો તે પણ નિર્જરા છે. કેમકે તેમાં એ જાતની અશુદ્ધતાની નિર્જરા થાય છે. સ્વભાવમાં એકાગ્ર થવાથી નિજપદની પ્રાપ્તિ થાય છે, તે કહે છે.

## ૧) આત્મસ્વભાવભૂત જ્ઞાન એકનું જ આલંબન લેવાથી નિજપદની પ્રાપ્તિ થાય છે.

આત્મસ્વભાવભૂત ચૈતન્યપ્રકાશ એકનું જ આલંબન કરવું, પુણ્યપાપાદિનું આલંબન કરવું નહિ. જ્ઞાનના આલંબનથી પોતાના સ્વભાવની પ્રાપ્તિ થાય છે. આત્મા છે, તે જ્ઞાનસ્વભાવી છે. તેના આલંબન સિવાય નિજપદની પ્રાપ્તિ થતી નથી. બીજા ગુણોને ગૌણ કરીને જ્ઞાન તે જ આત્મા છે, તેનું આલંબન કરવું. તેનાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનનું આલંબન લેવાથી નિજપદની પ્રાપ્તિ થાય છે. એવી પ્રતીતિ કરવી, તે નિજપદની પ્રાપ્તિ છે. મારું નિજપદ જાણવું તે છે. પુણ્ય-પાપ તે મારું નિજપદ નથી.

## ૨) જ્ઞાન એકના જ આલંબનથી ભ્રાંતિનો નાશ થાય છે.

તે અશુદ્ધતાની નિર્જરા અહીંથી શરૂ થાય છે. એક જ્ઞાન જ હું છું. એના આલંબનથી ભ્રાંતિનો નાશ થાય છે. એ સિવાય બીજા કોઈ કારણથી ભ્રાંતિનો નાશ થતો નથી. ક્રિયાકાંડ, વ્યવહારતપ વગેરેના અવલંબને ભ્રાંતિનો નાશ થાય એમ કહ્યું નથી. ભ્રાંતિ મારો સ્વભાવ હશે કે પર્યાયમાં થતી હશે? સંયોગોની પ્રાપ્તિ કરવાથી મને શાંતિ મળશે? કે છોડવાથી શાંતિ મળશે? એવી ભ્રાંતિ તે મિથ્યાદર્શન છે. જ્ઞાનનું અવલંબન લેતાં તેનો નાશ થાય છે. મારા જ્ઞાનમાં અનેક અવસ્થા થાય છે. તે એકતાને પામે છે એમ નક્કી કરવું તે જ્ઞાનનું અવલંબન જ છે, તેનાથી ભ્રાંતિનો નાશ થાય

છે. તે નિર્જરાનો પંથ છે અને તે શુદ્ધ પરમદશાનું કારણ છે. પૂર્ણતાનું કારણ સ્વભાવનું અવલંબન લેવું તે છે, તેનાથી ભ્રાંતિનો નાશ થાય છે.

## 3) જ્ઞાનનું એકનું જ અવલંબન લેતાં આત્માનો લાભ થાય છે.

આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આનંદ આદિ અનંત શક્તિઓનો પિંડ છે. જ્ઞાનનું અવલંબન લેતાં તે આત્માનો લાભ થાય છે. જગતના અજ્ઞાની મૂઢ જીવો પુણ્ય, પૈસો આદિ મળવાથી લાભ થયો માને છે પણ તે ખરેખર આત્માનો લાભ નથી. જ્ઞાન છે એનું તેજ લાયકાત, બળ છે. એવી અંતરમુખ દ્રષ્ટિ કરતાં આત્માનો લાભ થાય છે. અનંતગુણની ખાણનો લાભ જ્ઞાનના અવલંબને જ આત્માનો લાભ થાય છે એમ જાણવું અને માનવું તે સમ્યગ્દર્શન-જ્ઞાનના અવલંબનથી આત્માના આનંદની પ્રાપ્તિ થાય છે. એટલે અનંતગુણના પિંડ સ્વરૂપ અભેદ આત્માની પ્રાપ્તિ થાય છે. વસ્તુ પોતે નિશ્ચય છે. તેના આલંબનથી અનંતગુણોવાળા અભેદ આત્માની પ્રાપ્તિ થાય છે. એકગુણમાં અનેકગુણ વ્યાપક છે, તેનો લાભ થાય છે. પ્રથમ આત્મા તેની દ્રષ્ટિમાં ન હતો, તે પ્રતીતમાં આવ્યો, એટલે આત્માનો લાભ થયો એમ કહેવાય છે. વસ્તુ તો હતી, પણ નિમિત્ત અને પુણ્યમાં તેને શોધતો હતો. એટલે આત્મા ન હતો. તે અંતર અવલંબનથી પ્રાપ્ત થાય છે એમ કહ્યું. શ્રીમદ્ રાજચંદ્રે પણ 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે 'તે તો પ્રભુએ આપિયો' આખા આત્માનું ભાન થાય છે. તેથી જ્ઞાનના અવલંબને આત્માનો લાભ થાય છે.

## (૪) જ્ઞાનના અવલંબને અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે.

આત્મા જ્ઞાનદર્શનાદિ અનંતગુણોનો નિધિ છે, તેનું ભાન થયું તે જ્ઞાનનું અવલંબન છે. તેના અવલંબને આત્માનો લાભ થાય છે ત્યારે આત્માનો પરિહાર સિદ્ધ થાય છે. શુભાશુભ ભાવો તે અનાત્મા છે. તેનો પરિહાર થાય છે એટલે કે તે શુભાશુભભાવનો સંગ રહેતો નથી. વ્યવહારના અવલંબને અનાત્માનો પરિહાર થતો નથી. અહીં તો અનાત્મા એવા શુભાશુભભાવો પ્રથમ હતા, તેનો પરિહાર થાય છે એમ કહ્યું છે. એ રીતે વ્યવહારની વાત પણ આવી જાય છે, પણ વ્યવહારથી આત્માનો લાભ થાય છે કે પુણ્યપાપનો નાશ થાય છે, એમ નથી. જ્ઞાન એકનું જ અવલંબન લેવાથી, શુભાશુભ ભાવો અને તેનાં નિમિત્તોનો સંગ રહેતો નથી. આ રીતે

અશુદ્ધતાનો નાશ, કર્મનું ખરવું અને શુદ્ધિની ઉત્પત્તિ થવી–તે જ્ઞાનના અવલંબને જ થાય છે.

## (૫) જ્ઞાનનું અવલંબન લેવાથી કર્મ જોરાવર થઈ શકતું નથી

આમ થવાથી કર્મ જોરાવર થઈ શકતુ નથી, એટલે કે પ્રથમ જ્ઞાનનું અવલંબન લેતો ન હતો ત્યારે કર્મનું જોર છે, એમ માનતો હતો. તે માન્યતાનું જોર ગયું એટલે કર્મનું જોર ગયું, એમ કહેવાય છે. સ્વરૂપનું બળ પ્રતીતિમાં ન હતું ત્યારે બીજી ચીજનું એટલે કે કર્મનું જોર છે, એમ માનતો હતો. કર્મનું જોર છે એમ કહેવું, તે ઉપચાર છે.

ચૈતન્ય નિધિ જ્ઞાનનો સાગર અનંતકાળ જ્ઞાનને ભોગવે તો ખૂટે નહિ. બહારની ચીજ તો ખૂટી જાય છે પણ જ્ઞાનખજાનો કદી ખૂટે નહિ. કરોડો રૂપિયાની મૂડી હોય તોપણ ખૂટી જાય છે. જ્ઞાનની અવસ્થા સાદિ અનંતકાળ સુધી પરિણમન કરે પણ ખૂટે નહિ.

જ્ઞાનનું અંતર અવલંબન લેતાં કર્મનું જોર થતું નથી. જો સ્વભાવનું અવલંબન લેવામાં ન આવે તો કર્મનું જોર ભાસે છે. ખરેખર કર્મ જોરાવર છે નહિ, પણ પોતાનું જોર ન ભાસ્યું એટલે પરનું જોર માની બેઠો છે. પોતે અંતર વિચાર કરે નહિ, પુરુષાર્થ કરે નહિ અને યાદ રહે નહિ ત્યારે એને એમ લાગે છે કે જ્ઞાનાવરણીય કર્મનું જોર હશે. સવારની વાત સાંજે યાદ રહેતી નથી માટે કર્મનું જોર છે એમ અજ્ઞાની માને છે. પોતે પુરુષાર્થ કરે નહિ અને નાખે કર્મ ઉપર, તે ભ્રાંતિ છે. આત્મા જોરાવર ભાસે છે એટલે કર્મનું જોર થતું નથી. અજ્ઞાની પર ઉપર જોરનો આરોપ આપે છે. જ્ઞાનીને કર્મ જોરાવર લાગતું નથી એટલે કર્મ જોર કરતું નથી. આ રીતે જ્ઞાનનું અવલંબન લેતાં (૧) નિજપદની પ્રાપ્તિ થાય છે. (૨) ભ્રાંતિનો નાશ થાય છે. (૩) આત્માનો લાભ થાય છે. (૪) અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે— એમ થવાથી (૫) કર્મ જોરાવર થતું નથી.

## (૬) જ્ઞાનનું અવલંબન લેતાં રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થતા નથી

આત્મા ચૈતન્ય ધ્રુવ છે. તેના અવલંબને રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થતા નથી. રાગ-દ્વેષ-મોહને નાશ કરવા પડતા નથી. તે સ્વયં ઉત્પન્ન જ થતા નથી. અજ્ઞાની માને છે કે રાગ-દ્વેષ-મોહ પર વસ્તુથી થાય છે. માટે પર વસ્તુને છોડો, પણ તે રાગ-દ્વેષને છોડવાનો ઉપાય નથી. જેને સ્વભાવનું

ભાન નથી, તે મૂઢ માને છે કે બટાટાનો રાગ હોય તો બટાટા છોડો. વિષય ઉપર પ્રીતિ હોય તો કહે કે તેનું નામ લેતાં, તે ઉપર દ્વેષબુદ્ધિ કરો. સ્ત્રી દુઃખ દેવાવાળી છે, પૈસો પાપનું કારણ છે—એમ અનેક પ્રકારે પરવસ્તુને રાગદ્વેષમોહનું કારણ માની, તેને છોડે છે પણ તે સાચો ઉપાય નથી. હું જ્ઞાન-ચૈતન્ય છું, તેના અવલંબને રાગદ્વેષ મોહ થતા નથી એમ જાણવું અને પ્રતીત કરવી, તે રાગદ્વેષ મોહને છોડવાનો ઉપાય છે.

છોકરા ઉપર બહુ રાગ હોય અને તે છોડવો હોય, તો છોકરાને દેખીને આ મારો વેરી છે એમ માનવું—એમ દોષ જોવાથી પ્રીતિ તૂટશે, એમ અજ્ઞાની માને છે, પણ તે ઉપાય નથી. પર પદાર્થનો દોષ જોવાથી ભ્રાંતિ અને અજ્ઞાન થાય છે. અજ્ઞાની માને છે કે વેપાર આદિના અશુભભાવ છોડવા માટે જાત્રાપૂજા, ભક્તિ આદિ કરે, સંસારની વાત ભૂલવા માટે બીજી વાત યાદ કરો તો રાગદ્વેષ ટળે, તે માન્યતા પણ ખોટી છે. અહીં તો કહે છે કે જેટલો આત્મામાં ઠર્યો તેટલો રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થતો નથી.

## (૭) જ્ઞાનના અવલંબને રાગ-દ્વેષ-મોહ થતા નથી તેથી ફરી કર્મ આસ્રવતું નથી

શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાના આશ્રયે રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન નહિ થતા હોવાથી કર્મ આવતું અટકી ગયું. પર પદાર્થમાં દોષ અને લાભબુદ્ધિ કરવાથી, નવાં કર્મો આવતાં હતાં. ચૈતન્યના અવલંબને તે આવતાં નથી. આસ્રવની બાધા કર્યે, આસ્રવ અટકે નહિ. જ્ઞાનસ્વભાવમાં એકાકાર થતાં નવું કર્મ આવતું નથી. નિજ ચૈતન્યનિધિની પ્રીતિ જેને આવતી નથી, તેને બહારનું માહાત્મ્ય આવે છે. આત્મામાં રત્નો પડ્યાં છે. આનંદરત્ન, જ્ઞાનરત્ન, દર્શનરત્ન, ચારિત્રરત્ન, બળરત્ન આદિ અનંત રત્નોની ખાણ આત્મામાં ભરી પડી છે. એમાં જેટલો એકાગ્ર થાય તેટલો રાગદ્વેષ થતો નથી ને તેટલું કર્મ પણ આવતું નથી. એક જ્ઞાનના અવલંબને બધાં રત્નોની પ્રાપ્તિ થાય છે.

## (૮) જ્ઞાનના અવલંબને કર્મનો આસ્રવ થતો નથી તેથી ફરી કર્મ બંધાતું નથી.

હું જ્ઞાન છું, ચૈતન્ય નિધિ છું—એમ જ્ઞાનનો આશ્રય લેતાં, નવાં કર્મો આવતાં નથી. નવાં કર્મો આવતાં અટકી ગયાં તો હવે કર્મનો ફરી નવો બંધ

થતો નથી કેમ કે આસ્રવ વિના બંધ થતો નથી. આત્માના એકક્ષેત્રે કર્મનો બંધ થતો હતો, તે હવે થતો નથી.

## (૯) જ્ઞાનના અવલંબને પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે.

પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે, એમ કહ્યું છે. તે તો માત્ર ઉપચારનું કથન છે. આત્મા કર્મને ભોગવતો નથી.ચૈતન્યશાંતિના વેદનમાં કર્મ ભોગવાઈ ગયું છે, એમ કહેવાય છે. એટલે કે કર્મનું ફળ ચૈતન્યે સ્વીકાર્યું નહિ. આત્માના આનંદમાં રહેતાં કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે, એમ કહેવાય છે. અનંતકાળમાં નહોતું કર્યું એવું જ્ઞાનના અવલંબને કામ કર્યું. અજ્ઞાની ક્રિયા કરીને મરી જાય પણ નિર્જરા થાય નહિ. અહીં તો જ્ઞાનનું અવલંબન લેતાં જૂનાં કર્મોની નિર્જરા થાય છે.

## (૧૦) આમ જ્ઞાનના અવલંબન વડે સમસ્ત કર્મોનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિના અવલંબને પૂર્વનાં આવરણો ટળે છે અને સાક્ષાત્ મોક્ષ થાય છે. ચૈતન્ય અખંડવસ્તુ છે. તેની દ્રષ્ટિ થતાં દ્રષ્ટિએ મોક્ષ તો થયો હતો પણ પર્યાયનું અવલંબન પૂર્ણ લેતાં પર્યાય પૂર્ણ થાય છે. એમ થવાથી કર્મનો અભાવ થાય છે. આ રીતે જ્ઞાનના અવલંબનમાં બધા તપ આવી ગયા. વિષયોનો પ્રેમ રહ્યો નહિ. પુણ્યમાં પોતાપણું રહ્યું નહિ. તે ક્રમે ક્રમે પૂર્ણતાને પામે છે.

આવું જ્ઞાનનું માહાત્મ્ય છે કે તેના અવલંબને (૧) નિજપદની પ્રાપ્તિ થાય છે (૨) ભ્રાંતિનો નાશ થાય છે. (૩) આત્માનો લાભ થાય છે. (૪) અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે. (૫) એમ થવાથી કર્મ જોરાવર થઈ શકતું નથી. (૬) રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી. (૭) રાગ, દ્વેષ મોહ વિના ફરી કર્મ આસ્રવતું નથી. (૮) આસ્રવ વિના ફરી કર્મ બંધાતું નથી. (૯) પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે. (૧૦) સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે.

આ વાત સાંભળીને ઘણાને એમ લાગે છે કે આ તો ઊંચા ગુણસ્થાનની વાત છે. પણ અહીં તો મિથ્યાત્વનો નાશ કેમ થાય, તેની વાત કરે છે. ભ્રાંતિનો નાશ કેમ થાય ત્યાંથી શરૂઆત કરી છે, તે સાક્ષાત્ મોક્ષ

સુધીની વાત લીધી છે. પુસ્તકાદિનું જ્ઞાન, તે જ્ઞાન નથી. દ્રવ્યશક્તિનું અવલંબન લીધું હોય, તેણે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું જ્ઞાન કર્યું કહેવાય.

**ભાવાર્થ :—**કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે, તે કાંઈ જ્ઞાન સામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા, પરંતુ જ્ઞાનને પ્રગટ કરે છે. સૂર્યના પ્રકાશમાં વાદળાની આડપ જેમ ઓછી થતી જાય છે, તેમ પ્રકાશ વધતો જાય છે. તે સૂર્યપ્રકાશના પિંડની અભેદતાને બતાવે છે, ભેદતાને બતાવતું નથી. તેમ જ્ઞાનીને નિર્મળ પર્યાય થવા માંડી એક કરતાં બીજી પર્યાય વિશેષ નિર્મળ થવા માંડી, તે ભેદરૂપ અવસ્થા જ્ઞાનસામાન્યને ભેદરૂપ કરતી નથી, તે અભેદતાને સાધે છે. માટે ભેદોને ગૌણ કરી એક જ્ઞાન સામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું તેનાથી સર્વસિદ્ધિ થાય છે—આત્માની મુક્તિ થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૧૪૧

**અર્થ :—**પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોનો સમૂહરૂપી રસ, તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદન વ્યક્તિઓ (જ્ઞાનપર્યાયો અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો) આપોઆપ ઊછળે છે. જ્ઞાનની પર્યાય સ્વલક્ષે પ્રગટ થાય છે, તેમાં લોકાલોક જણાય છે. અનંત આત્માઓ આદિ છ પદાર્થોને જાણે છે. સિદ્ધો કેવળીઓ વગેરેને જ્ઞાનપર્યાય પી જાય છે એટલે કે જાણી લ્યે છે. મારે પૂર્ણ થવું છે અને સિદ્ધો પૂર્ણ થઈ ગયા, એવા ભેદો ચૈતન્યનું અવલંબન લેતાં રહેતા નથી. તે જ્ઞાનની પર્યાય મત્ત એટલે ગાંડી થઈ ગઈ છે. એટલે તે વિકારને ગણે નહિ. બોલતા છતાં બોલવાને ગણે નહિ. ભવ હોવા છતાં ભવને ગણે નહિ. ચૈતન્ય જ્ઞાતા છું. મારામાં ભવ નથી, ભવનો વિકાર નથી. વિકાર હોવા છતાં, આત્માના સ્વભાવની પ્રતીતિનું જોર છે, તે પર્યાય મત્ત થઈ ગઈ છે. એવી પર્યાયો આપોઆપ ઊછળે છે.

## આત્મામાં એકાગ્ર થતાં મત્ત થયેલી પર્યાય આપોઆપ ઊછળે છે, તેને કોઈ રોકી શકતું નથી

સમુદ્ર મધ્યબિંદુમાંથી ઊછળ્યો અને જે ભરતી આવે છે, એને કોઈ રોકી શકતું નથી. તેમ ચૈતન્ય રત્નાકરમાં ઓટ આવતી હતી, તેનો કાળ

ગયો એટલે ચૈતન્યનું અવલંબન લેતાં, ઓટ મટીને શુદ્ધ પર્યાયની ભરતી થવા માંડી. તેને કોઈ રોકી શકતું નથી. તે પર્યાય મત્ત થયેલી આપોઆપ ઊછળે છે.

જેમ સંસારમાં કોઈ બાઈ ધૂણે છે, તે વડીલોને ગણતી નથી. તેમ ચૈતન્ય જ્ઞાતાના આદરમાં જે પર્યાય નિર્મળ થવા માંડી, તે પર્યાય ગાંડી થઈ છે, તે વિકારને ગણતી નથી, આપોઆપ ઊછળે છે. નિમિત્ત છે માટે ઊછળે છે, શરીર સંઘયણ સારું હતું માટે ઊછળી છે—એમ નથી. ચૈતન્યસ્વભાવનું અવલંબન લેતાં તે પર્યાય આપોઆપ ઊછળે છે.

તે આ ભગવાન જ્ઞાનનિધિવાળો ચૈતન્ય રત્નાકર જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે, જેનો રસ અભિન્ન છે એવો એક હોવા છતાં, અનેક થતો જ્ઞાનપર્યાયરૂપી તરંગો વડે ડોલાયમાન થાય છે—ઊછળે છે. જ્ઞાનપર્યાયો સાથે રસ અભિન્ન છે. તે પર્યાયો શુદ્ધ જ છે. તે ચૈતન્યનું અવલંબન લેતાં ઊછળે છે એટલે કે કૂદે છે, તે પર્યાયનું જોર બતાવે છે. પુણ્યમાં લાભ માની જે પર્યાય મિથ્યાત્વમાં ઊછળતી હતી, તે પર્યાય સ્વભાવમાં એકાગ્ર થતાં નિર્મળ થતી જાય છે. માટે ચૈતન્ય રત્નાકરનું અવલંબન લેવું, તે સર્વ સિદ્ધિનું કારણ છે, બીજો કોઈ ઉપાય નથી.

# પ્રસાદ નં. ૨૨૭

## સમયસાર કળશ ૧૪૧

(જેઠ સુદ ૧૨ શનિવાર, ૨૦૦૭)

આત્મામાં અંતરશુદ્ધિ થાય તે ધર્મ છે. તે ધર્મ કેમ થાય, તેની વાત ચાલે છે. શુભ અશુભભાવો આત્માની ખાણમાં ભર્યા નથી. તે તો વિકાર છે. તેના આશ્રયે ધર્મ થતો નથી. શરીર, વાણી મન વગેરે પર છે, તે આત્મા નથી. તેના આશ્રયે પણ ધર્મ થતો નથી. આત્માના ત્રિકાળી ધ્રુવ અંતર સામર્થ્યના આશ્રયે ધર્મ થાય છે.

**ભાવાર્થ :—**જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે, તે એક જળરૂપ જ છે. સમુદ્રમાં ઘણાં રત્નો ભરેલાં હોય છે છતાં તેમાં મુખ્યતા જળની જ છે, તેમ આત્મા અનંતા ગુણોનો ભંડાર છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખાદિ અનંતગુણોનો ભંડાર છે, તે જ્ઞાનસમુદ્ર આત્મા જ્ઞાનજળથી ભરેલો છે. આત્મામાં અનંતાગુણો હોવા છતાં એમાં જ્ઞાનજળની મુખ્યતા છે. તેમાં સ્વભાવના આશ્રયે શુદ્ધપર્યાયો અંતરમાંથી ઊછળે છે. તે જ્ઞાનની દશા છે અને કર્મના નિમિત્તે જ્ઞાનના અનેક ભેદો—વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે, તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી.

હવે વળી વિશેષ કહે છે.

## કળશ ૧૪૨

**અર્થ :—**કોઈ જીવો તો દુષ્કર એટલે દુઃખે કરી શકાય એવા અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ અર્થાત્ સ્વચ્છંદે ક્લેશ પામે તો પામો. ભગવાન તીર્થંકર કહે છે કે અહો આત્માઓ ! કોઈ જીવો કષ્ટ કરીને બહારની ક્રિયા કરો તો કરો. આત્માના ભાન વિના ઘોર તપશ્ચર્યા કરે, શરીર સૂકવે અને બાર મહિનાના ઉપવાસ કરે તો કરો, પણ તેનાથી કલ્યાણ થશે નહિ. શરીર સૂકાય કે પુષ્ટ થાય, તે તો જડ છે. એ આત્મા નથી. આત્મા તો પરિપૂર્ણ શુદ્ધ છે. તેના ભાન વિના ક્રિયાકાંડ કરો તો કરો પણ તે વડે ધર્મ થતો નથી.

## કેટલાક તો જૈનની વ્યવહારશ્રદ્ધા વગર ક્રિયાકાંડ કરે છે પણ તેને આત્માનું ભાન નહિ હોવાથી કલ્યાણ થતું નથી

આત્માની શક્તિ આત્મામાંથી પ્રાપ્ત થાય છે, એવું જેને ભાન નથી તે અગ્નિની ધૂણી કરે અને ઉનાળાના વખતમાં માથે સૂર્ય આવે તેમાં કષ્ટક્રિયા

કરે તો કરો, પણ તેનાથી કલ્યાણ થતું નથી. આ રીતે જૈનની આજ્ઞા વિના ગમે તેટલી શરીરની કષ્ટદાયક ક્રિયા કરે પણ આત્મા જ્ઞાનાનંદ છે, તેનું ભાન નથી, તેથી તેમાં લેશમાત્ર શાંતિ કે સુખ મળતું નથી.

અને બીજા જીવો કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા—તૂટી મરતા થકા, ક્લેશ પામે તો પામો પણ આત્માના ભાન વિના આત્માનું કલ્યાણ થતું નથી.

## ભગવાને કહેલાં વ્રતાદિ ક્રિયાકાંડ કરવા છતાં આત્માના ભાન વિના તેને ધર્મ થતો નથી.

જિન આજ્ઞા પ્રમાણે વ્રતાદિ ક્રિયા કરે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યાદિ જાવજીવ સુધી પાળે, તે તો વિકલ્પ અને રાગ છે. તે આત્મ-ધર્મ નથી. અહીં કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં વ્રતાદિ પાળે એમ કહ્યું છે, તેનો અર્થ એમ છે કે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ ભગવાને કહેલાં વ્રતાદિ બરાબર પાળે છે છતાં તે નિશ્ચયના ભાન વગરનો વ્યવહાર હોવાથી, તે વ્યવહારને કથંચિત્ જિનઆજ્ઞા કહેલ છે કારણ કે નિશ્ચય વગરનો વ્યવહાર તે યથાર્થ વ્યવહાર નથી. એકલો ક્રિયાકાંડ કરે છે માટે સર્વથા જિનાજ્ઞા નથી. આત્માના ભાન સહિતની ક્રિયા હોય તો જિનઆજ્ઞા પૂરી માની કહેવાય.

## સ્વજ્ઞાનના વેદન વિના પંચમહાવ્રતાદિ પાળો તો પાળો પણ એમાં ધર્મ નથી

ચૈતન્ય ભગવાન જ્ઞાનદરિયો, જ્ઞાનસૂર્ય છે, તેનું ભાન નથી. તેની અભિમુખતા નથી. તે મહાવ્રતાદિની ક્રિયા કરે તો કરો પણ ધર્મ નથી. સર્વજ્ઞના માર્ગમાં રહેલો હોવાછતાં તેને જિનાજ્ઞા કથંચિત્ કહી છે. નિશ્ચય વગરનો વ્યવહાર, તે સર્વથા જિનાજ્ઞા નથી પણ કથંચિત્ છે. તો એકલા વ્યવહારનો ભાર વહન કરો તો કરો, તે ક્લેશ છે, શાંતિ નથી.

આ વિકારી ક્રિયાનો નિષેધ થાય છે પણ આત્માની શુદ્ધક્રિયાનો નિષેધ થતો નથી. સ્વભાવ ક્રિયાની પ્રાપ્તિ થતાં, મિથ્યાક્રિયાનો નિષેધ થાય છે. આયંબિલ, ઉપવાસાદિની ક્રિયા તે એકલો ભાર છે. જ્ઞાન કર્યું નથી, તે બાર પ્રકારના તપના ભેદ કહ્યા છે, તે પ્રમાણે પાળે તોપણ તે ભાર છે. કોઈ મૂર્ખ માણસ ઘોડા ઉપર બેઠો હોય અને ખોળામાં કડબનો (ઘાસ) ભારો હોય અને વિચાર કરે કે ઘોડાને મારો અને ભારાનો ડબલ ભાર લાગે છે માટે આ ભારો માથા ઉપર મૂકું તો ભાર ઓછો થશે, પણ તેને ખબર નથી કે ભાર ઓછો

નહિ થાય પણ એકને બદલે બેના માથે ભાર થશે. એમ અજ્ઞાની તપસ્યા, વ્રતાદિ, વિકલ્પો અને ક્લેશની ક્રિયા કરીને બોજો હલકો થયો માને છે પણ તે તો ઊલટો બોજો વધાર્યો છે. આત્માના ભાન વિના જેટલો ક્રિયાકાંડ કરવામાં આવે, તે બધો બોજો છે. આત્માની શુદ્ધિ, બાહ્ય ક્રિયાકાંડથી થતી નથી.

આત્માના ભાનપૂર્વક જે વ્રત, તપાદિના ભાવો થાય છે, તે સમજે છે કે આ રાગ છે, ચૈતન્યને નુકશાન કર્તા છે. તેનાથી ધર્મ થતો નથી અને તેને ધર્મ માનતો પણ નથી. અજ્ઞાનીને બધી ક્રિયાકષ્ટ છે. ઘણા વખત સુધી ઉપવાસ કરીને મરી જાય, એ બધો રાગ છે, તે આત્મા નથી. આત્મા તો ચિદાનંદ છે. તેના ભાન વિના અજ્ઞાની તૂટી મરતા થકા શરીરના ચૂરેચૂરા કરી નાખે, તો તેવા ક્લેશ પામો તો પામો, પણ તેમાં ધર્મ નથી.

આ આત્મા સ્વસંવેદ્ય છે, તેનાથી જ લાભ થાય છે, એ વાત અજ્ઞાનીને બેસતી નથી. તેને કહે છે કે જ્ઞાન સિવાય કલ્યાણ થાય નહિ. અહીં જે ક્રિયાનો નિષેધ કરવામાં આવ્યો છે, તેમાં એમ કહેવાય છે કે આત્મા સિવાય પરની ક્રિયા કે વિકારની ક્રિયાથી ધર્મ થતો નથી. ચૈતન્ય જ્ઞાનાનંદ અનાદિઅનંત છે. તેના ભાન વિના સૂકાઈ જાય પણ કલ્યાણ થાય નહિ. મોક્ષનો માર્ગ તો આ છે. ખુલ્લી વાત કરી છે. દિગંબર સાધુ થાય, અભિગ્રહ ધારણ કરે પણ હું જ્ઞાન છું એના ભાન વિના તેને ધર્મ થતો નથી.

આ વાત સાંભળીને અજ્ઞાનીઓ આક્ષેપ કરે છે કે બુદ્ધિવાળા અને પૈસાવાળાને ક્રિયાકાંડ કરવો નથી એટલે એને આ એકલી આત્માની વાત રુચે છે—એમ કહેનારને આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનું ભાન નથી. એક જ્ઞાનથી જ ધર્મ થાય છે, એમ માન્યા વગર ક્રિયાકાંડ કરે, એકલો વૈરાગ્ય કરી સંસારથી ઉદાસ થાય, અબજો વર્ષો સુધી તપસ્યા કરે પણ કલ્યાણ થાય નહિ. રાગ ઓછો કરે તો પુણ્ય થાય તેથી આત્માનો બગાડ થાય પણ સુધાર થાય નહિ.

અનાદિનો આ આત્મા અનંતવાર માણસ થયો, તવંગર શેઠિયો થયો, અનંતવાર તપ કર્યા, સાધુપણું પણ અનંતીવાર લીધું. અત્યારે તો જૈનનો સાચો વ્યવહાર પણ દેખાતો નથી. અહીં તો કહે છે કે સાચા દેવ—ગુરુ—શાસ્ત્રનો વિનય કરે, તેને પણ રાગનો ભાર કહ્યો છે. જાત્રા કરે, તડકામાં ડુંગર ચડે, થાકીને નીચે ઊતરે, ભૂખે તરસે કષ્ટ ઉઠાવે પણ આત્માના ભાન વિના તે બધી ક્રિયા ક્લેશ છે. આત્માનું ભાન થયા પછી તે ક્રિયા હોય છે, તે રાગ છે પણ ધર્મ નથી, એમ ન માને ત્યાં સુધી કલ્યાણ થાય એમ નથી.

એમાં આત્માને નુકશાન થાય છે, એને બદલે લાભ માનવો તે ભ્રાંતિ છે, અધર્મ છે.

## જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ અને નિરામય પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે, તે જ્ઞાન સિવાય બીજી કોઈપણ રીતે પ્રાપ્ત થઈ શકે નહિ

શ્રીમદે કહ્યું છે કે "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા" આત્માની પૂર્ણ પવિત્ર દશા તે મુક્તિ છે. એમાં જરાયે રાગાદિ નથી. તે સમસ્ત ક્લેશ વગરનું પદ છે. તો તેનું કારણ પણ રાગ વગરનું હોવું જોઈએ. ચૈતન્યની વિકાર વગરની અવસ્થા, તે નિરોગતા છે. આત્મામાં ભ્રાંતિ થાય, તે રોગ દશા છે. શરીરમાં ક્ષય લાગુ પડે તો તુરત હોસ્પિટલમાં લઈ જાય પણ આ આત્મામાં ભ્રાંતિનો ક્ષયરોગ અનાદિનો લાગુ પડ્યો છે, તેની સંભાળ અજ્ઞાની લેતો નથી. દયા, દાનાદિ થાય તે વિકાર છે, તેનાથી રહિત પોતાની મેળે વેદવામાં આવતું જ્ઞાન, તે જ્ઞાન ગુણસિવાય કોઈપણ બીજી રીતે પ્રાપ્ત થઈ શકતું જ નથી.

હું રાગરહિત ચૈતન્ય આનંદકંદ છું, એના ભાન વિના દુષ્કર તપ કરો, કષ્ટ ઉઠાવો પણ તેનાથી ધર્મ નથી. તે મિથ્યાદ્રષ્ટિ છે. ચંદનનાં લાકડાંનો ભાર ગધેડો વહન કરે છે. તેમાં ગધેડાને કાંઈ લાભ નથી. એમ હજારો શાસ્ત્રો ભણીને કંઠે રાખે, વિદ્વાન થાય પણ આત્માને સમજ્યા વગર તે ગધેડા ઉપર ચંદનનાં લાકડાં જેવું છે. તેના આત્માને કિંચિત્ માત્ર લાભ નથી. તે માત્ર ભાર વહન કરે છે કારણ કે તે બધો રાગ છે. અશુદ્ધ ભાવો છે. જ્ઞાનની પાંચે પર્યાય અભેદ થાય છે, તેનાથી ધર્મ થાય છે.

**ભાવાર્થ :—**જ્ઞાન છે, તે સાક્ષાત્ મોક્ષ છે. જ્ઞાન કહેતાં સમ્યગ્દર્શન—જ્ઞાન અને ચારિત્રથી મોક્ષ થાય છે પણ વિકારથી થતો નથી. જ્ઞાનથી જ મોક્ષ થાય છે અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી. આવી સ્પષ્ટ વાત કરી છે. પણ કોઈ દિવસ અજ્ઞાની આંખો ઊઘાડીને જોતો નથી એટલે તે દ્રષ્ટિ ફેરવતો નથી. પુણ્યભાવ કરે તો બહારના સંયોગો મળે, પણ એનાથી આત્માને સુખ નથી. પુણ્ય ખસે એટલે લક્ષ્મી, અધિકારાદિ ચાલ્યા જાય છે. અહીં તો શુભભાવથી મોક્ષ થતો નથી, પણ જ્ઞાનથી જ મોક્ષ થાય છે, તે વાત કહે છે.

હવે આ જ ઉપદેશ ગાથામાં કહે છે.

## ગાથા—૨૦૫

**બહુ લોક જ્ઞાનગુણે રહિત, આ પદ નહિ પામી શકે,**
**રે ગ્રહણ કર તું નિયત આ, જો કર્મ મોક્ષેચ્છા તને. ૨૦૫.**

**અન્વયાર્થ :—**જ્ઞાનગુણથી રહિત ઘણા લોકો, ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી. માટે હે ભવ્ય ! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઇચ્છતો હો, તો નિયત એવા આને (જ્ઞાનને) ગ્રહણ કર.

પુણ્ય-પાપની રુચિ રહિત છે, તે જ્ઞાનગુણ છે, તેના રહિત જગતનો મોટો ભાગ પડ્યો છે. જગતનો મોટો ભાગ એવો છે માટે કોઈ સતની કિંમત ઘટતી નથી. ઘેર ઘેર ચૂલામાં રાખ હોય તેથી કાંઈ રાખની કિંમત વધતી નથી અને હીરા ઓછા હોય તેથી તેની કિંમત ઘટતી નથી. ચૈતન્યના ભાન વગર ઘણા લોકો અને ઘણા પ્રકારની ક્રિયા કરતા થકા, એમ બે પ્રકારથી આ જ્ઞાન સ્વરૂપને પામતા નથી એમ કહ્યું છે. માટે હે ભવ્ય ! હે લાયક જીવ ! જો તું કર્મથી સર્વથા છૂટો થવા માગતો હો એટલે કે નિર્બંધ થવા માગતો હો, સંસારની ઉપાધિ રહિત થવા ઇચ્છતો હો તો નિયત એવા આ જ્ઞાનને ગ્રહણ કર, પુણ્ય પાપ અનિયત છે અને ચૈતન્ય જ્ઞાનાનંદ નિયત છે. નિત્ય ટકનાર છે, તેને ગ્રહણ કર એટલે કે આત્માની દ્રષ્ટિ કર.

### "કર્મમાં જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય ક્રિયાકાંડમાં જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી"

આત્મા જ્ઞાન છે, તેની રુચિથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ક્રિયાકાંડમાં જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી—એમ પ્રથમ દિશા ફેરવ, ક્રિયાકાંડમાં ધર્મ માનવો તે આથમણી દિશા છે. જ્ઞાનથી ધર્મ માનવો તે ઉગમણી દિશા છે. એમાં જ આત્માના જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. મજૂર આખો દિવસ મહેનત કરે તો તેમાંથી લાખોની કિંમતની મેડિયુ થાય નહિ. હીરાના વેપારમાં જે પૈસા ભેગા થાય, એવા મજૂરીમાં થાય નહિ, એમ પુણ્યથી ધર્મ થાય નહિ. પુણ્યની મૂડી કાયમ રહે નહિ. ચૈતન્ય નિધાન છે, તેમાંથી મૂડી કાઢે તો સાદિ અનંતકાળ સુધી ટકી રહે, કોઈપણ જીવ સર્વજ્ઞે કહેલાં પંચમહાવ્રતાદિ પાળે... તો પણ તેને આત્માના ભાન વિના જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પુણ્ય-પાપમાં જ્ઞાન ગુણ દાઝે છે, એમાં જ્ઞાનનું પ્રકાશવું થતું નથી. કર્મમાં જ્ઞાનગુણનું પ્રકાશવું થતું નથી. તે સામાન્ય વાત કરીને કહ્યું છે અને બધા

ક્રિયાકાંડથી જ્ઞાન પ્રકાશતુ નથી. તે વિશેષ વાત કરે છે. અહીં કર્મ એટલે જડકર્મની વાત નથી પણ વિકાર કાર્યની વાત છે. તેનાથી આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થતાં નથી. જેને પુણ્યની રુચિ હોય અને એને કોઈ પુણ્યથી ધર્મ થાય એમ મનાવનાર મળી રહે તો તે વાત રુચિ જાય છે. જેમ કહેવત છે કે રોતીતીને પિયરિયાં મળ્યાં, તેમ રુચતું હતું અને કહેનારા મળી ગયા. પણ અહીં તો કહે છે કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. વિકારથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય એવા ભાવથી પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટતું નથી.

# પ્રસાદ નં. ૨૨૮

## સમયસાર ગાથા ૨૦૫

(જેઠ સુદ ૧૩ રવિવાર, ૨૦૦૭)

### જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ એક જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે :

કર્મમાં જ્ઞાનનું પ્રકાશવું થતું નથી એટલે કે આત્મા જાણક સ્વભાવવાળો છે, તેને શરીરાદિ પર પદાર્થથી કે પુણ્ય-પાપથી ધર્મ થતો નથી. વિકાર છે, તે કર્મ છે. તે કર્મકાંડમાં આત્માનું જ્ઞાન નિર્મળદશાને પામતું નથી. કર્મમાં એટલે વિકારીભાવમાં જ્ઞાનનો પ્રકાશ નથી માટે તેના આશ્રયે જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. એમ કારણ—કાર્ય લીધું છે. કોઈ પણ પ્રકારના પુણ્યભાવથી આત્માની શુદ્ધિ થતી નથી. એ રીતે નાસ્તિનું કથન કર્યું. હવે અસ્તિથી કહે છે કે જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી, જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને તીર્થંકર નામકર્મના વિકલ્પથી પણ ધર્મની પ્રાપ્તિ નથી. પણ ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિથી અંતર્વેદન દ્વારા શુદ્ધિ થાય છે. જ્ઞાનમાં જ્ઞાનનું પ્રકાશવું થાય છે. આત્મામાં આત્માનો પ્રકાશ થતો હોવાથી ત્યાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્ર ભણે અને ગોખ્યા કરે અને ક્રિયાકાંડ કરે પણ આત્માનું અવલંબન ન કરે, તો શુદ્ધતા થાય નહિ.

ચૈતન્યમૂર્તિ જ્ઞાતાદ્રષ્ટાની એકાગ્રતાથી જ્ઞાનનું પ્રકાશવું થાય છે. એકલું જ્ઞાનનું જ અવલંબન લેવાથી શુદ્ધતા થાય છે. કોઈ કહે કે એકલા જ્ઞાનથી જ શુદ્ધતા થાય છે, એમ કહેવામાં એકાંત થાય છે. તો તેનું સમાધાન એ છે કે આત્માને આત્માના અવલંબનથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે, તે સમ્યક્ એકાંત છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આત્મા જ્ઞાન, દર્શન આનંદાદિ ગુણોનો ભંડાર છે. એમાં પુણ્ય-પાપની લાગણી ભરી નથી. તે તો નવી નવી પરલક્ષે ઉત્પન્ન કરે છે. તે વિકાર છે. ગમે તેવી શુભ લાગણી કરે પણ તેનાથી ધર્મ થતો નથી.

આ બે લીટીમાં ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર કહ્યો છે. ટૂંકું છતા આખું વસ્તુનું સ્વરૂપ કહ્યું છે. આચાર્ય ભગવાનની લખાણની શૈલિ જ અદ્ભુત છે. જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વથી જ વેદી શકાય છે. માટે ભગવાન આત્માનો વિકાસ ચૈતન્યના ભાનથી જ થાય

છે. વિકારથી ચૈતન્યનો વિકાસ થતો નથી. અજ્ઞાની એમ માને છે કે અર્હંત ભગવાન તો શુદ્ધ છે માટે તેમનું અવલંબન લેવાથી તો શુદ્ધતા થાય છે. પણ અહીં તો કહે છે કે અર્હંત ભગવાનને માનવાથી ધર્મ થાય નહિ કેમ કે તે અર્હંતાદિ તો પર છે અને પરનું લક્ષ થતાં શુભભાવ થાય છે, તે વિકાર છે. તેનાથી ધર્મ થાય નહિ.

વળી નિશ્ચય આત્માનું ભાન હોવા છતાં પણ વ્યવહાર એટલે શુભભાવ જેટલો થાય, તે બધોય આત્મામાં ચારિત્ર પ્રગટ થવાનું કારણ નથી. આત્માના મોક્ષમાર્ગમાં કોઈપણ જાતનો ક્રિયાકાંડ કામ લાગે નહિ. અજ્ઞાની ગમે તેમ માને પણ સત્ય તો સત્ય જ રહેશે. પોતે વિચાર કરે તો પામે. જ્ઞાન સિવાયના બીજા જેટલા ઉપાય કરે, તે બધા ખોટા છે. શાસ્ત્રો ભણીને કહે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે છે અથવા તો વ્યવહારનું કંઈક અવલંબન જોઈએ. એમ માનનાર પરથી આત્માને લાભ થાય, એમ માને છે અને બીજાને મનાવે છે—તે બન્ને ખોટા છે.

## જ્ઞાનશૂન્ય ઘણા જીવો ઘણા પ્રકારના શુભભાવો કરવાથી પણ જ્ઞાનપદને પામતા નથી

જગતમાં ઘણા જીવો તો ચૈતન્યના વેદન વગરના છે એટલે કે અજ્ઞાનીની ઘણી મોટી સંખ્યા છે, તે પુષ્કળ કર્મ કરવાથી પણ ધર્મને પામતા નથી. અજ્ઞાની કહે છે કે સ્ત્રી, કુટુંબ, પૈસો વગેરે છોડીને બેસી જાઓ તો કલ્યાણ થઈ જશે, પણ એમ કલ્યાણ થતું નથી. પશુઓને જન્મે ત્યારથી બહારનો કાંઈ પરિગ્રહ હોતો નથી, પણ તેથી કાંઈ એને ધર્મ થતો નથી. આત્માના ભાન વિના બહારના ત્યાગની ક્રિયા અનેક પ્રકારની કરે પણ ધર્મ થાય નહિ.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તે જાણવાનું કામ કરે છે. જેમ આંખ દેખવાનું કામ કરે છે, તેને કોઈ રેતી ઉપાડવાનું કામ સોંપે તો આંખ તે ઉપાડી શકે નહિ, તેમ આત્મા એક પણ રજકણનું કામ કરી શકે નહિ. પરની ક્રિયાનું કામ આત્માને સોંપે તો તે ત્રણકાળમાં કરી શકે નહિ. આત્મા તો જ્ઞાન માખણ છે અને પુણ્ય-પાપ ફોદા છે, તેમ સમજ્યા વગર ઘણા જીવો ઘણા પ્રકારની ક્રિયા કરીને મરી જાય પણ ધર્મ થાય નહિ. સવારથી સાંજ સુધી ઉઠબેસ કરીને ખમાસણાં કરે, ઉપધાનાદિની ક્રિયા કરે પણ જ્ઞાનશૂન્ય ઘણા જીવો ધર્મને પામતા નથી. શુભવિકલ્પથી પણ ધર્મ થાય નહિ.

અજ્ઞાનીને એમ લાગે છે કે અમો ધર્મ માટે જે ક્રિયા કરીએ છીએ તેમાં ધર્મ થાય નહિ એમ કહો છો, તો અમારે કરવું શું ? આ ક્રિયા છોડીને વેપાર ધંધો કરીએ તો પાપ થાય, માટે શું કરવું ?—એમ મૂંઝાય છે. આત્માનું આ સત્ય સ્વરૂપ કહેવાય છે, તેની અંતર રુચિપૂર્વક તેને હકાર આવતો નથી. હકાર આવ્યા વગર સતનો પત્તો ખાય એમ નથી. જે રીતે હા આવવી જોઈએ તે રીતે ન આવે, તો સમજાય નહિ. આત્મા જાણનાર–દેખનાર છે. એનું શ્રવણ–મનન કરે તો સમજાય એમ છે અને સાચી સમજણ કરવી—એ આત્માની ક્રિયા છે. આ વાત બે હજાર વર્ષ પહેલાં શ્રી કુંદકુંદાચાર્ય દેવે કહી છે. એમના ઘરની વાત નથી. ત્રિલોકીનાથ તીર્થંકરદેવની વાત છે. અનુભવ કરે તો ખબર પડે કે આ સિવાય બીજો કોઈ ધર્મ નથી.

ઘણા જીવો ઘણા પ્રકારના ક્રિયાકાંડમાં જોડાવાથી ધર્મ માને છે, પણ ચૈતન્યનું ભાન કરે નહિ, તેને જરાએ ધર્મ કે શાંતિ થતી નથી. અજ્ઞાની એમ માને છે કે અપવાસ મોઢે હોય અને મરણ થાય તો સ્વર્ગમાં જાય—એમ આંધળી દોડ દોડે છે, પણ અહીં તો કહે છે કે અપવાસ કરીને મરી જાય તો પણ ધર્મ થાય નહિ. આહાર છોડ્યાં માટે પુણ્યભાવ થાય છે, એમ પણ નથી.

જે જીવો જ્ઞાનપદને પામતા નથી, તેઓ કર્મથી મુક્ત થતા નથી. માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે કેવળ એક જ્ઞાનના આલંબનથી નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

**ભાવાર્થ :—**જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી નહિ; માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું એમ ઉપદેશ છે. આત્માએ અનુકૂળ—પ્રતિકૂળ સંયોગોમાં એક જ્ઞાનનું જ અવલંબન લેવું, તે જ શાંતિ અને સુખનું કારણ છે. અજ્ઞાની પ્રતિકૂળ સંયોગોમાં દુઃખી-દુઃખી થાય છે. અને ત્રાસ પામે છે. પ્રતિકૂળ સંયોગો ચોરાશીના અવતારમાં અનંતવાર મળ્યા, પણ ત્યાં શરણ કોણ છે ? તે વિચાર્યું નથી. જેમ બહારવટિયો ગોળી વડે મારે છે, તેમ શુભભાવથી ચૈતન્યલાભ થાય—એમ માનનાર પોતાના આત્માનો બહારવટિયો છે; તે આત્માની હિંસા કરી રહ્યો છે. સંયોગોએ મને દુઃખ ઉપજાવ્યું નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું. શરીરની ક્રિયાનો હું જાણનાર છું—એમ ન માનતાં પરથી દુઃખ થયું તે માન્યતા જ દુઃખ છે. યથાર્થ સમજવાથી જ સુખ છે. મનુષ્યદેહ મળ્યો, સમજવાનાં ટાણાં આવ્યાં છે તો હવે નક્કી કરી લે કે આત્મા સિવાય બીજી કોઈ ક્રિયાથી ધર્મ નથી. માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું, એ જ ઉપદેશ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ : ૧૪૩

## આ જ્ઞાનપદ કર્મથી ખરેખર પ્રાપ્ય નથી અને સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે

અજ્ઞાની માને છે કે ડુંગરે ચડે, મહાકષ્ટ ઉઠાવે તો ત્રીજે ભવે મોક્ષ થાય, પણ આ ચૈતન્ય સ્વભાવની ઓળખાણ કરતા નથી. સંસારનું ભણવું હોય, રળવું હોય અને બહારની ક્રિયા કરવી હોય તો એમાં રોકાય, પણ એમાં કાંઈ આત્માનું વળે એમ નથી. આત્માની સમજણ કરે તો કલ્યાણ થાય એમ છે. અહીં "સહજજ્ઞાન કળા" વડે એમ કહ્યું છે. જ્ઞાનના વિકાસ વડે તે સુલભ છે. એમાં કષ્ટ કે દુઃખ નથી. નિજજ્ઞાનની કળા વડે સુલભ કહ્યું છે. શાસ્ત્રજ્ઞાનની વાત નથી. નિજજ્ઞાનકળાના બળવડે નિર્જરા, ધર્મ અને મુક્તિ થાય છે.

## નિજજ્ઞાનની કળાના બળવડે આ જ્ઞાનપદને અભ્યાસવાને જગત સતત પ્રયત્ન કરો

આ પદને અનુભવ કરવા માટે જગતને એટલે જગતમાં રહેલા બધા પ્રાણીઓને કહે છે કે તમો સતત પ્રયત્ન કરો. નિરંતર સ્વપ્નામાં પણ ચૈતન્ય સ્વભાવનો ભાવ લાવો કે હું ચૈતન્ય છું. ટૂંકા શબ્દોમાં ઘણું મૂક્યું છે. દસ પ્રાણના બળથી અનુભવ છે, એમ કહ્યું નથી; પણ જ્ઞાનકળાના બળથી કહ્યું છે. શરીરબળ વડે તપસ્યા થાય, વચન બળ વડે વક્તા થાય અને મનબળ વડે શાસ્ત્ર ભણાય–પણ એનાથી જ્ઞાનકળા ખીલે નહિ. ચૈતન્ય સ્વરૂપને અનુભવવા માટે અંતરમાં એકાગ્ર થવા, જગત નિરંતર પ્રયત્ન કરો. જે બાજુ રુચિ હોય તેમાં નિરંતર પ્રયત્ન હોય છે. જેમ અથાણાં કરતી વખતે ડાળાં અને ગરમરનાં અથાણાં કરે છે, ત્યારે ડાળાં ગરમર કાપવા બેઠો હોય અને વચમાં થાક લાગે ને ઊંઘ આવી જાય તો તે વખતે ડાળાં કાપવાનું રટણ હોય છે, તેમ જ્ઞાનની પૂર્ણતા ન થાય ત્યાંસુધી એક આત્માનું જ રટણ કરવું જોઈએ. અંતર આત્મતત્ત્વની જતના કરો, એટલે જ્ઞાનાનંદ છું—તેને જાળવો. પુણ્ય-પાપને જાળવવા જતાં આત્મ જળવાશે નહિ. આત્માના પ્રયત્નથી પૈસા, સ્ત્રી, છોકરાં કે શરીર કોઈ રહેતાં નથી.

પુણ્યપાપનો વિકાર પોતે ઊંધા પ્રયત્નથી કરે છે, પણ તેમાં ન અટકતાં, સ્વભાવનો પ્રયત્ન કરો—એમ કહે છે.

ભાવાર્થ :—સર્વ કર્મને છોડાવીને, જ્ઞાનકળાના બળવડે જ જ્ઞાનનો અભ્યાસ કરવાનો આચાર્યદેવે ઉપદેશ કર્યો છે. પુણ્ય-પાપની રુચિ છે, તેને છોડાવીને જ્ઞાનકળામાં એકાગ્ર થવાનું કહ્યું છે. પુણ્ય-પાપ તે આત્માનો તાજો ખોરાક નથી કેમ કે તે અનાદિના છે, તેથી વાસી છે, નવા નથી. આત્માનો અનુભવ તે નવો અને તાજો અપૂર્વ ખોરાક છે.

જ્ઞાનની 'કળા' કહેવાથી એમ સૂચન થાય છે કે જ્યાં સુધી પૂર્ણકળા એટલે કેવળજ્ઞાન પ્રગટ ન થાય ત્યાંસુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ—મતિજ્ઞાનાદિરૂપ છે. જ્ઞાનની તે કળાના અવલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવાથી કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણકળા પ્રગટે છે. અહીં મતિજ્ઞાનાદિ જે પર્યાય છે, તે વડે પૂર્ણકળા ખીલે છે—એમ કહ્યું છે. વિકારનું અવલંબન છોડાવી જ્ઞાનનું જ અવલંબન લેવાની અપેક્ષાએ તેમ કહ્યું છે. જે શુદ્ધ જ્ઞાનની અંશે કળા ખીલી, તે સ્વભાવમાં અભેદ થાય છે. તે અપેક્ષાએ પર્યાયનું અવલંબન કહેતાં ત્રિકાળ ધ્રુવ સ્વભાવનું અવલંબન લેવાનું તેમાં આવી જાય છે. તે જ્ઞાનના અવલંબનથી દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન પણ જ્ઞાનના અવલંબનથી જ થાય છે. બહારની કોઈ પણ ક્રિયાથી કે શુભભાવથી કેવળજ્ઞાન થતું નથી.

# પ્રસાદ નં. ૨૨૯

## સમયસાર ગાથા ૨૦૬

(જેઠ સુદ ૧૪ સોમવાર, ૨૦૦૭)

હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કહે છે :—

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજ ને સુખ અહો ! ઉત્તમ થશે. ૨૦૭.**

**અર્થ :**—(હે ભવ્ય પ્રાણી !) તું આમાં (જ્ઞાનમાં) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા. આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા. (આમ કરવાથી) તને ઉત્તમ સુખ થશે.

જગતના પ્રાણીઓ સુખને માટે ઝંખે છે. દરેકને સુખ જોઈએ છે પણ સુખનો ઉપાય જાણતા નથી. તેને કહે છે કે જો આ ઉપાય બતાવીએ છીએ. આનાથી તને ઉત્તમ સુખ થશે. ધર્મ કહો કે સુખ કહો—તે એક જ છે. ધર્મ અત્યારે કરે અને સુખ પછી મળે, એમ નથી. ધર્મ પોતે જ સુખ છે.

## (૧) એટલો જ સત્ય આત્મા છે જેટલું આ જ્ઞાન છે—એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ પામ.

**ટીકા :**—હે ભવ્ય પ્રાણી ! જો તારે સુખ જોઈતું હોય તો એટલો જ પરમાર્થસ્વરૂપ આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે. પુણ્ય-પાપ તે આત્મા નથી—એમ નિશ્ચય કર. આત્મા સત્ય એટલે નિત્ય ટકનારો અને સારો પદાર્થ છે. જ્ઞાન પણ તેટલું છે. જેમ ગળપણ છે, તેટલો ગોળ છે. સાબુ કે ખારો મેળવ્યો હોય, તે ગોળ નથી. ટૂંકમાં કહે છે કે જેટલું આ જ્ઞાન છે એટલો જ આત્મા છે. શરીર, મન, વાણી કે પુણ્ય-પાપ તે આત્મા નથી. એમ નિર્ણય કરીને આત્મામાં જ રુચિ અને પ્રીતિ કર. સ્ત્રી, કુટુંબ, વેપાર અને પુણ્ય-પાપની રુચિને છોડ. એવી નાસ્તિથી અહીં વાત કરી નથી. અહીં તો જ્ઞાનમાત્રની જ રુચિ કરવાની વાત લીધી છે.

અજ્ઞાની બહારમાં ધર્મ માનીને બેઠો છે એટલે તેને આ ગાથાનો ભાવ અઘરો પડે છે. પુણ્ય-પાપ જો ખરેખર આત્માના હોય તો આત્મામાંથી તે કદી નીકળે નહિ, પણ તે નીકળી જાય છે માટે પુણ્ય-પાપ તે આત્મા નથી, જાણવાની શક્તિ છે, તે જ આત્મા છે. પુણ્ય-પાપ પર્યાયમાં થાય છે પણ તે

પરમાર્થસ્વરૂપ આત્મા નથી. જ્ઞાન એટલે પાનાં અને પુસ્તકનું જ્ઞાન–તેની અહીં વાત નથી. પણ જાણકસ્વભાવ તેટલો જ આત્મા છે—એમ નિર્ણય કરીને ચૈતન્યમાત્રમાં સદાય પ્રીતિ કર—રુચિ પામ.

ચૈતન્ય વસ્તુ છે, તેટલું જ્ઞાન છે, તેને વર્તમાન પર્યાયથી પકડ. એ સિવાય બીજો ઉપાય નથી. સંકલ્પ—વિકલ્પાદિને પકડીને અટકે તે સંસાર છે. જેમ કોઈની ચીજ માગી લાવ્યા હોઈએ, તો તે ઘરની છે એમ મનાય નહિ તેમ પુણ્ય-પાપ આગંતુક છે. ઉપાધિ છે. તે આત્મા નથી, તેમ નિર્ણય કર. કેવળજ્ઞાનીએ કહ્યું છે, તેનો નિર્ણય પણ વર્તમાન પર્યાયદ્વારા, જ્ઞાન એવા આત્માને પકડવાથી થશે. એ જ અનાદિ બંધનમાંથી છૂટવાનો ઉપાય છે. અહીં તો એમ કહેશે કે ધર્મ પ્રગટ્યે કોઈને પૂછવું પડશે નહિ. વિકાર અને આકુળતા થાય છે, એને પણ પોતે પ્રત્યક્ષ વેદે છે. તે કોઈને પૂછવા જવું પડતું નથી. તે પરની રુચિ છે. તેની એકાગ્રતાને પડતી મૂક. સત્ પદાર્થ તો આત્મા જ્ઞાનમાત્ર છે. એ સિવાય બીજું બધું—વિકાર અને પરપદાર્થ અસત્ય છે, કેમ કે તે કાયમ ટકતા નથી.

જેટલો ખાર તેટલું મીઠું અને જેટલી ધોળપ તેટલી ખડી છે, તેમ — એટલો જ સાચો આત્મા છે કે જેટલું જ્ઞાન છે. વિકાર જણાય, તે સાચો આત્મા નથી; એમ પ્રથમ નિર્ણય કરવો, તે પણ નિર્જરા છે. **એક સમયમાત્ર પણ પુણ્ય-પાપની રુચિ થવી જોઈએ નહિ.** જાણનારને ચૂકીને વિકારમાં પ્રેમ અને રુચિ થવી જોઈએ નહિ. અજ્ઞાનીને આંબે કેરી પાકી હોય તો હરખ થાય છે, તે અજ્ઞાન અને મૂઢતા છે. આ ચૈતન્ય આંબો છે, એમાં જ્ઞાનરૂપી કેરીઓ પાકી છે. તે અમૃતરૂપી જ્ઞાન અને સુખનો સ્વાદ આપે છે, તેની અજ્ઞાનીને રુચિ નથી. માટે હવે એમાં રુચિ કર એમ ઉપદેશ છે.

## (૨) “એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે—એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ—”

જેટલો જ્ઞાનમાં એકાગ્ર થયો એટલું કલ્યાણ થાય. પુણ્ય પાપમાં એકાગ્ર થાય એટલું અકલ્યાણ થાય—એમ નિશ્ચય કરીને અંતર સ્વભાવમાં સંતોષ પામ. આટલા પૈસા મળ્યા અને આટલી ચીજો સાંપડી, એમાં સંતોષ નથી. જ્ઞાનમાત્ર આત્મા તે સત્ય કલ્યાણ છે. પુણ્ય-પાપ અને દેહમાં કલ્યાણ નથી. અજ્ઞાની માને છે કે દેહનું કલ્યાણ કરવું. અજીવ જડ—ધૂળ તે પવિત્ર થાય નહિ. કાન પવિત્ર થાય નહિ. આંખો પવિત્ર થાય નહિ. તેમ કાયાનું કલ્યાણ થતું નથી. તે તો માટી છે. તે સાથે રહે એમ નથી. જેટલું જ્ઞાન

તેટલું કલ્યાણ છે. એક સમય પણ પુણ્ય અને વ્યવહારમાં કલ્યાણ માનીશ નહિ. જ્ઞાનમાત્રથી જ કલ્યાણ છે, એમ નિર્ણય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ.

આટલો વ્યવહાર કર્યો, આટલું દાન આપ્યું કે આટલી ઓળી કરી, માટે આટલું કલ્યાણ થાય એમ કહ્યું નથી. પણ જેટલું જ્ઞાન તેટલું કલ્યાણ કહ્યું છે. અજ્ઞાની પુણ્યમાં ધર્મ માનીને રાજી થાય છે. જેમ બાળક મોઢામાંથી લાળ કાઢીને પાછી ચાટે છે અને ખુશી થાય છે, તેમ અજ્ઞાની પુણ્યરૂપી લાળને ચાટીને ખુશી થાય છે. એક સુંદરજી નામનો ભાવસારનો છોકરો હતો તેને એવી ટેવ હતી કે નવરો થાય એટલે નાકમાં આંગળી નાખીને ગુંગો કાઢે અને મોઢામાં મૂકી બે દાંત વચ્ચે ચાવે અને માને કે મને મજા પડે છે. એને કોઈ કહે કે અલ્યા સુંદરજી ! (નામ સુંદર ને ભાવ સારો છતાં) તું આ શું કરે છે ? તે વખતે તે શરમાય, પણ પાછો ગુંગા ખાય. એમ અજ્ઞાની સુંદર આત્મા અને તેનો ભાવ સારો છે, છતાં તે ભૂલીને પુણ્ય-પાપરૂપી મેલ છે—ગુંગા છે, તે ખાઈને સંતોષ માને છે. બહારવટિયો બીજાને લૂંટીને અને મારીને રાજી થાય છે. તે પાપમાં રાજી થાય છે, તેમ કોઈ શુભભાવ કરીને રાજી થાય છે, તે પુણ્યમાં રાજી થાય છે—તે બન્નેમાં આત્માનો આનંદ નથી. જેણે પુણ્યમા આનંદ માન્યો, તેણે જ્ઞાનમાં આનંદ માન્યો નથી. અજ્ઞાની પાપી માણસો શિકાર કરવા જાય અને બરાબર ધાર્યા પ્રમાણે શિકાર થાય તો ખુશી થાય છે, તે બધી મૂઢતા છે. તેમાં આત્માનો આનંદ નથી અને બીજો પુણ્યમાં રાજી થાય, તે પણ મૂઢતા છે. તે બન્નેએ જ્ઞાન તે આનંદ છે–એમ માન્યું નથી.

## (3) “એટલું જ સત્ય અનુભવ કરવાયોગ્ય છે જેટલું આ જ્ઞાન છે—એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.”

જેટલું જ્ઞાન છે, તેટલું જ અનુભવ કરવાયોગ્ય છે. એ સિવાય પુણ્યનો અનુભવ કરવાયોગ્ય નથી. દયા, દાન, ભક્તિ આદિના ભાવ થાય તે ભોગવવા યોગ્ય નથી. એમ નિશ્ચય કરીને જાણક સ્વભાવમાં એકાગ્ર થા અને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ. પૈસાથી તૃપ્તિ નથી. કેરી, પુરીથી તૃપ્તિ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેમાં તૃપ્તિ છે, બહારમાં ક્યાંય તૃપ્તિ થાય એમ નથી.

આ રીતે ત્રણ બોલ કહ્યાં છે. ત્રણેમાં “નિશ્ચય કરીને” કહ્યું છે. એટલે કે પહેલાં નિર્ણય કરવો કે જેટલું જ્ઞાન છે, તેટલો જ આત્મા છે. એમ

સમજીને એમાં પ્રીતિ કર અને તૃપ્તિ પામ અને સદાય આત્મામાં રતિ પામ ! કોઈ કહે કે ખાવું, પીવું કે વ્યવહારનાં કામ કરવાં કે નહિ ? તેને કહે છે કે પરની ક્રિયા તો આત્મા કરી શકતો જ નથી. વિકલ્પો આવે ખરા પણ તેવા પ્રસંગમાં પણ સ્વરૂપની રુચિ છોડીશ નહિ. આત્માની રુચિ રાખી એમાં જ સંતુષ્ટ થા અને એમાં જ સદાય તૃપ્તિને પામ.

આચાર્ય ભગવાન પાત્ર શિષ્યને કહે છે. જે શિષ્ય શ્રવણ કરવા આવ્યો છે. તેનામાં રુચિ દેખાણી છે એટલી તો પાત્રતા છે, તેને કહે છે કે હે ભાઈ, આત્માનો ત્રિકાળ સ્વભાવ જ્ઞાન છે. તે જ કલ્યાણ છે. તે જ અનુભવ કરવાયોગ્ય છે. એમ જે સાંભળે છે, તેને કહે છે કે એવા આત્માનું લક્ષ કરવાથી તને વચનથી અગોચર સુખ થશે. નિર્વિકલ્પ સુખ થશે. જાણવામાં સુખ છે. ખદબદાટ કરે કે જ્ઞાનમાં ઘાલમેલ કરે, તે દુઃખ છે. હે ભગવાન આત્મા ! તને વચનથી અગોચર શાંતિ થશે, આનંદ થશે. ઇન્દ્રનાં ઇન્દ્રાસન આની પાસે તુચ્છ છે. જો જ્ઞાન સ્વભાવી આત્માનો આદર આવે તો નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય. આચાર્યભગવાન આશીર્વાદ આપે છે કે તું સુખી થઈશ. જ્ઞાનગમ્ય થાય એવો આનંદ તને થશે. માટે સદાય આત્મામાં રત થા, સંતોષ પામ અને તૃપ્તિ કર.

તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે, બીજાઓને ન પૂછ. નિર્વિકલ્પદશાનો અનુભવ થશે. આત્મા પરમાનંદમય છે, એમાં જ સુખ છે. એવી તને પોતાને ખાત્રી થશે. કોઈ બહારથી આપી દે એવું નથી. ભગવાનની કૃપાથી આ સુખની પ્રાપ્તિ થાય એમ નથી. કદાચ પુણ્ય હોય અને બહારમાં સંયોગોની પ્રાપ્તિ થાય; તેથી આત્માને શું લાભ ? તે સંયોગોમાં મમતાભાવ છે, તે દુઃખ જ છે. તે મમતાભાવ છોડીને સ્વભાવ જો તો શાંતિ થશે. આવું વસ્તુસ્વરૂપ છે. તે બીજાને પૂછવા જવું પડે એમ નથી.

ઘી કુરિયા જેવું, તાજી તાવણીનું, સારું બે રૂપિયાભાર ખાય—તેની મીઠાશનો જે અનુભવ થાય, એ બીજાને પૂછવા જવું પડે નહિ, પોતાને જ તેની ખાત્રી થઈ જાય. એ રીતે આત્માનો અનુભવ થાય, તે બીજાને પૂછવું પડે નહિ. પોતાને જ તેની ખાત્રી થઈ જાય. જ્ઞાનગમ્ય આનંદ પ્રગટે, તે માટે બીજાને પૂછવું પડે નહિ. પરનું સ્મરણ કરવાથી પરને કે પોતાને શાંતિનું કારણ થાય નહિ, એકલું સ્વનું જ્ઞાન કરવાથી જ અનુભવ થાય છે. તે બીજાને પૂછવું પડે નહિ, પોતે જ સમજી શકે છે.

# પ્રસાદ નં. ૨૩૦

## સમયસાર ગાથા ૨૦૬

(જેઠ સુદ ૧૫ મંગળવાર, ૨૦૦૭)

જેને સુખી થવું હોય તેણે સુખ ક્યાંથી લાવવું ? તે કહે છે. સુખ બહારની ચીજ નથી. માટે સુખ બહારથી લાવી શકાય નહિ. સુખ કહો કે ધર્મ કહો અને દુઃખ કહો કે અધર્મ કહો—તે એક જ છે. સુખ તો અંતરશક્તિમાં છે. અંતરમાં સુખ ન હોય તો આવે નહિ અને વર્તમાન પ્રગટ સુખ હોય તો સુખ માટે પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. પર પદાર્થમાં અજ્ઞાનીએ સુખ માન્યું છે પણ પરમાં સુખ નથી. પૈસા, કુટુંબ, મકાન, બાગબગીચા વગેરે હોવા છતાં પણ આકરો વીંછી કરડે ત્યારે દુઃખી થાય છે. જો સંયોગોમાં સુખ હોય તો તેની હાજરીમાં દુઃખ થવું જોઈએ નહિ પણ સુખ થવું જોઈએ પણ તે પદાર્થોમાં સુખ નથી એટલે તે પદાર્થો તેને સુખી કરી શકતા નથી. માટે જે કોઈ શાંતિ અને સુખ લેવા માગે છે, તે આત્મામાં છે. તે શક્તિરૂપે છે પણ વર્તમાન વ્યક્ત પર્યાયમાં સુખ નથી એ પ્રથમ નક્કી કરવું જોઈએ. તે સુખનો ઉપાય છે.

## જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું—એ પરમ ધ્યાન છે. તેનાથી આનંદ અનુભવાય છે

આત્મપદાર્થમાં દુઃખ નથી પણ તેની વર્તમાન અવસ્થામાં દુઃખ છે, તે કાયમી ચીજ નથી. શરીરમાં દુઃખ નથી પણ પોતાની પર્યાયમાં દુઃખ છે. સુખનો વિકાર તે દુઃખ છે. સુખ શક્તિમાં તો કાયમ પડ્યું છે. સાકરનો સ્વભાવ, અફીણનો સ્વભાવ, લીંબુનો સ્વભાવ વગેરે અજ્ઞાની કબૂલે છે પણ આત્માનો સ્વભાવ સુખરૂપ છે, તેને અજ્ઞાની કબૂલતો નથી. તે સુખરૂપ સ્વભાવમાં લીન થવું, તે પ્રગટ સુખ થવાનું કારણ છે.

આત્મા કેવડો છે ? જ્ઞાનમાત્ર, જાણનારમાત્ર છે. તેમાં શાંતિ છે. પરમાં જેટલો અટકે તેટલી અશાંતિ અને દુઃખ છે. અજ્ઞાની અવગુણમાં સુખ શોધે છે. પુણ્ય-પાપ અવગુણ છે, તેનાથી રહિત જે સ્વભાવ છે, તેમાં લીન થવું તે સુખની ક્રિયા છે. ક્રિયા પર્યાયમાં હોય છે.

ચૈતન્યપ્રકાશપુંજ છું એવો ભગવાન આત્માનો મહિમા છે. જરા ન્યાયથી જુએ તો ખબર પડે એમ છે

ગાથા ૨૦૪માં આત્માનું ધ્યાન કરવું એમ કહ્યું હતું. ગાથા ૨૦૫માં જ્ઞાનનું ધ્યાન કરવાનું કહ્યું હતું અને અહીં આ ગાથામાં જ્ઞાનમાત્રમાં લીન થવું, તે પરમ ધ્યાન છે એમ કહ્યું છે. ધ્યાનનો અર્થ એકાગ્ર થવું તે છે. આત્મા સુખથી ભરેલો છે, તેમાંથી અવસ્થારૂપે સુખ પરિણમે છે. ભરેલો છે તે ઝરે છે, એમાંથી સુખ થાય છે.

આ રીતે વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદ સ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે. બીજાનો એમાં પ્રવેશ નથી. ધર્મ કરવાથી વર્તમાનમાં સુખી થવાય છે અને ભવિષ્યમાં પણ ધર્મથી જ સુખી થવાય છે અને પુણ્ય-પાપથી વર્તમાન અને ભવિષ્યમાં દુઃખ જ થાય છે. આ રીતે આત્મા જ્ઞાનસ્વભાવી છે—તેને માન, જાણ અને તેમાં ઠર. તે જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

હવે જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની સૂચનાનું કાવ્ય કહે છે :—

## કળશ ૧૪૪

## જ્ઞાની પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે અને ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે

ધર્મીને અન્યના પરિગ્રહથી કાંઈ પ્રયોજન નથી કારણ કે તે પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે. જ્ઞાની ચિંતવનાથી કલ્પી ન શકાય એવી શક્તિવાળો દેવ છે. ચૈતન્ય જ્ઞાતા છું–એનું અવલંબન જેને છૂટે નહિ, તે ચિન્માત્ર ચિંતામણિ છે. જેમ કોઈના હાથમાં ચિંતામણિ પત્થર આવ્યો હોય કે જે પત્થરને દેવ, સહાય હોય છે; તે પત્થર મળે તો કોલસા અને લાકડા ચિંતવે નહિ, પણ હીરા, માણેક ચિંતવે. તેમ આત્મા જ્ઞાન ચિંતામણિ છે. તે જ્ઞાનીના હાથમાં આવ્યો તો તે પુણ્ય-પાપને ચિંતવે નહિ. ચૈતન્ય જ્ઞાતા છું તેનું ચિંતવન કરે છે, તેથી પોતે જ જ્ઞાનચિંતામણિ છે.

જેમ બ્રાહ્મણને ચિંતામણિ રત્ન હાથ આવેલ, પણ તેની કિંમત ન લાગી, તો તે ખોઈ બેઠો. તેમ અજ્ઞાનીને આત્મ ચિંતામણિની કિંમત આવતી નથી, પરમાં એકત્વબુદ્ધિ કરી, પૂર્વના પુણ્ય ખોઈ બેસી, મનુષ્યભવ હારી જાય છે—તેને ગુમાવી બેસે છે.

## જ્ઞાનીને ક્રમેક્રમે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે, તેથી જ્ઞાનીને બધા પ્રયોજન સિદ્ધ થાય છે.

જ્ઞાનીને સર્વ અર્થ સિદ્ધ છે. એવા સ્વરૂપે હોવાથી જ્ઞાની અન્યના પરિગ્રહથી શું કરે ? જ્ઞાનીને બીજા સાથે કાંઈ પ્રયોજન નથી. આત્મા પરમાર્થસ્વરૂપ છે. અચિંત્યશક્તિવાળો દેવ છે. કેવળજ્ઞાન ચિંતવે તો કેવળજ્ઞાન થાય, એવો ચિંતામણિ આત્મા છે. તેથી જેના સર્વ અર્થ સિદ્ધ થયા છે, એવા દેવાધિદેવ તીર્થંકરો કે સિદ્ધોને પણ અહીં ગણ્યા નથી. એટલે કે અહીં તો હું જ અચિંત્ય એવો ચિંતામણિ દેવ છું—એમ કહ્યું છે.

**ભાવાર્થ :—**આ જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે. માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે ? અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે.

લીંડીપીપર તીખાશના સત્ત્વવાળું તત્ત્વ છે. સીધી ખાવા જાય તો દેખાય નહિ, કટકા કરે તો પણ દેખાય નહિ. અંદરમાં સત્ત્વ છે, તે તો શક્તિરૂપે છે; તે તો પોતે પરિણમન કરીને પ્રગટ થાય છે. સ્વભાવ છે, તે પરિણમનથી જ પ્રગટ થાય છે ત્યારે પત્થરને નિમિત્ત કહેવાય છે. એમ આત્મામાં દિવ્યશક્તિ છે, તે પોતે પરિણમીને પર્યાયમાં શક્તિની વ્યક્તિ કરે તો થાય એમ છે. બહારથી આવે એમ નથી.

હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી ? તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૦૭

**“પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય” એવું કોણ જ્ઞાની કહે અરે !**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે ? ૨૦૭.**

**અર્થ :—**પોતાના આત્માને જે નિયમથી પોતાનો પરિગ્રહ જાણતો થકો કયો જ્ઞાની એમ કહે કે આ પરદ્રવ્ય મારું દ્રવ્ય છે ?

આ ધર્મ અને નિર્જરા છે. નિજ આત્માને નિજનો પરિગ્રહ જાણે છે. કોઈ એમ કહે કે આ પૈસા, શરીરાદિ મારાં છે. સમજદાર ધર્મી પર વસ્તુને પોતાની માને નહિ. જે આત્માના બહારવટિયા હોય, તે કહે કે આ પરવસ્તુ મારી છે. બહુ સરસ ગાથા છે.

## જે જેનો સ્વભાવ છે, તે તેની માલિકીની ચીજ છે અને તે તેનો સ્વામી છે.

**ટીકા :**—જે જેનો સ્વભાવ છે, તે તેનું 'સ્વ' છે અને તે તેનો સ્વામી છે—એમ સૂક્ષ્મ, તીક્ષ્ણ તત્ત્વદ્રષ્ટિના આલંબનથી જ્ઞાની પોતાના આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે. આત્માનો સ્વભાવ તો શુદ્ધ જ્ઞાન છે. તે તેનું ધન છે, જાણવું-દેખવું તે આત્માની મિલ્કત છે અને તે જાણવા દેખવાની મિલ્કતનો આત્મા સ્વામી છે. જ્ઞાનરૂપી ધનનો માલિક છે, તે આત્મા ધનવાન છે-એમ ઝીણી દ્રષ્ટિ કરીને ઉગ્ર પુરુષાર્થ કરીને આત્માને આત્માનો પરિગ્રહ જાણે છે. પુણ્ય-પાપનો સ્વામી આત્મા નથી અને પૈસા મકાનાદિ તો આત્માથી પર છે, તેનો સ્વામી તો આત્મા છે જ નહિ. પુણ્ય-પાપ પણ આત્માનું ધન નથી, મિલકત નથી અને આત્મા તેનો સ્વામી નથી.

આત્મા પરનો સ્વામી થાય છે. મકાન ખરીદે તો આકાશ અને પાતાળ સુધી બધી ખાલી જગ્યાનો હક પોતાનો છે, એમ માલિકપણું કરે છે. ત્યાં અજ્ઞાની ઊંધી દ્રષ્ટિને દ્રઢ કરે છે. અહીં કહે છે કે તું તે મકાનનો માલિક નથી, તારી એ મિલકત નથી—એમ જ્ઞાની જાણે છે. આત્માનું અંતરસામર્થ્ય તે સ્વભાવ છે, તે આત્માની મિલકત છે. તેનો આત્મા સ્વામી છે. આ સિવાય બીજે ક્યાંય માલિકીપણું કરવા જાય તો સંસારમાં રખડવાનું થાય. આત્મા અને એનો પરિગ્રહ અભેદ છે. તે આત્માથી જુદો પડે નહિ. તેથી તે ગુણોનો-સ્વભાવનો માલિક આત્મા છે. પુણ્ય-પાપનો માલિક આત્મા છે, એમ જ્ઞાની માનતો નથી. પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે, તેમ જે જાણતો નથી, તે બહારથી ધર્મ થાય, એમ માને છે. તે પોષા, પ્રતિક્રમણ આદિની ક્રિયા કરતો હોય પણ તે રણમાં પોક છે, તે કોઈ સાંભળે એમ નથી.

તીર્થંકર નામકર્મનો ભાવ થાય, એ આત્માનો સ્વભાવ નથી તેથી તે આત્માની મિલકત નથી તેમ આત્મા તે ભાવનો માલિક નથી. જે આત્મા પુણ્યનો માલિક થાય છે, તે ધર્મથી વિધુર (રહિત) છે. આત્માની ચીજ તો આત્માનો સ્વભાવ છે. જેમ ગોળનું ગળપણ તે ગોળની મિલકત છે અને ગોળ એનો સ્વામી છે. તેમ આત્માનો જ્ઞાનગુણ તે આત્માની મિલકત છે અને આત્મા એનો સ્વામી છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. તે સ્વભાવનો આત્મા માલિક છે—એમ સ્વલક્ષ કરે તો આત્મામાં શાંતિ થાય.

સૂક્ષ્મદ્રષ્ટિએ વિચાર કરે તો આત્મા તે જ્ઞાનગુણનો સ્વામી છે. અજ્ઞાનીને સ્થૂળ દ્રષ્ટિમાં એમ લાગે છે કે શરીર, પૈસા, પુણ્ય—પાપાદિ

ભાવોનો હું માલિક છું, પણ એમ નથી. તત્ત્વદ્રષ્ટિથી જ્ઞાની પોતાને પોતાનો પરિગ્રહ નિયમથી જાણે છે. સ્વભાવની જાળવણી હું કરી શકું છું પણ પરની જાળવણી હું કરી શકતો નથી; એમ તત્ત્વ દ્રષ્ટિવાળો માને છે. આ વાત મુનિની કે કેવળજ્ઞાનીની નથી. આ ધર્મની શરૂઆતની વાત છે કે જ્ઞાન પોતાનું ધન છે, એમ નિયમથી જ્ઞાની જાણે છે. તેથી જ્ઞાનીને નિર્જરા થાય છે.

અજ્ઞાનીને આ વાત સમજવી કઠણ પડે છે અને માને છે કે પૈસાનો, મન—વચન—કાયાનો સદ્‌ઉપયોગ કરી લેવો. આ મનુષ્યભવમાં મળ્યું છે, તો તેનો ઉપયોગ કરી લેવો. અશુભભાવવાળો વિષય માટે ઉપયોગ કરવાનું કહે છે અને શુભ ભાવવાળો ધર્મનાં કામ માટે પૈસો, મન-વચન-કાયાનો ઉપયોગ કરી લેવો એમ માને છે. તે બન્ને પરના સ્વામી થાય છે. તેને આત્મા જ્ઞાનનો સ્વામી છે, તે વાત બેસતી નથી. પૈસો આદિ આત્માની ચીજ નથી. તેનો સદ્‌ઉપયોગ આત્મા કરી શકતો નથી.

## પુણ્ય, પાપ, શરીરાદિ આત્માનું સ્વ નથી તેથી આત્મા તેનો સ્વામી નથી, એમ જ્ઞાની જાણે છે

જ્ઞાની સંસારમાં રહ્યા થકા એમ માને છે કે પૈસો, શરીર, મકાન, દાગીના વગેરે આત્માનાં નથી. તેથી હું એનો સ્વામી નથી. વળી આત્મામાં થતાં પુણ્ય પાપાદિના ભાવો તે આત્માનો સ્વભાવ નથી. માટે જ્ઞાની તેનો ધણી થતો નથી. આમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ માનતો નથી. જેમ વાંદરો એક મકાન ઉપરથી બીજા મકાન ઉપર કૂદે અને ઘણા ઘરો ઉપર ફરે, તેથી કાંઈ તે ઘરનો માલિક વાંદરો થતો નથી. એમ આત્મા અનંતકાળમાં અનંત ઘરોમાં ફર્યો એટલે કે અનંતા શરીરો ફેરવ્યાં અને પુણ્ય-પાપના ભાવો પણ ઘણા ફેરવે છે, તે આત્માનો સ્વભાવ નથી, તેથી આત્મા તેનો માલિક નથી—એમ જ્ઞાની જાણે છે આ રીતે ભેદજ્ઞાન તે જ ધર્મ છે.

# પ્રસાદ નં. ૨૩૧

**સમયસાર ગાથા ૨૦૭**

(જેઠ વદ ૧, બુધવાર, ૨૦૦૭)

જ્ઞાની પોતાના જ્ઞાનને જ પોતાનો પરિગ્રહ માને છે. કેમ કે જે જેનું સ્વ તેનો તે સ્વામી છે. એમ સૂક્ષ્મદ્રષ્ટિથી સ્વભાવના અવલંબનથી આત્માને આત્માનો પરિગ્રહ તે જાણે છે અને પરદ્રવ્ય મારું નથી તેથી હું તેનો સ્વામી નથી—એમ જાણતો પરદ્રવ્યના પરિગ્રહને તે ગ્રહતો નથી.

## જેમ ડાહ્યો માણસ પરવસ્તુને પોતાની માનતો નથી તેમ જ્ઞાની પરમાર્થે પુણ્ય-પાપાદિ ભાવોને પોતાના જાણતો નથી.

**ભાવાર્થ :**—લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી; તેવી જ રીતે પરમાર્થે જ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે. પરના ભાવને પોતાનો જાણતો નથી. તેને ગ્રહણ કરતો નથી. આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ—સેવન કરતો નથી.

કોઈ ડાહ્યો માણસ લગ્નપ્રસંગ ઉપર કોઈના દાગીના માગીને લાવે તો તેને ઘરના ગણે નહિ. રાંધવા માટે વાસણ લાવે, વાપરવા માટે કોઈ મકાન આપે કે કોઈની મોટર માગી લાવે તો તે પરવસ્તુને પોતાની મિલકતમાં ખતવે નહિ. એમ જ્ઞાની જાણે છે કે જાણવું—દેખવું તે આત્માનો સ્વભાવ છે. તેનો જ આત્મા માલિક છે. તે પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે. પુણ્ય-પાપ થાય તે આત્માનું ધન નથી. પરચીજને પોતાની માને તો લૂંટારો કહેવાય. પુણ્ય-પાપને જ્ઞાની પોતાનું ધન માનતો નથી તો પુણ્યના નિમિત્તે મળેલી લક્ષ્મી વગેરેને તો જ્ઞાની પોતાનું ધન માને જ નહિ. આત્મસ્વભાવને લૂંટીને જે પુણ્ય-પાપના ભાવ થાય છે, તેને જ્ઞાની પોતાના માને નહિ. ધર્મીનો સ્વભાવ ધર્મીમાં હોય છે. સ્વભાવવાનનો સ્વભાવ છે. વિભાવભાવ તે આત્માનો નથી.

દરેક આત્માએ અનાદિથી પરવસ્તુના અભાવથી જ ચલાવ્યું છે. કેમ કે પરવસ્તુનો આત્મામાં અત્યંત અભાવ છે. સ્ત્રી, શરીર, પૈસા, મકાન વગર જ અત્યારે પણ આત્મા ચલાવે છે પણ પરવસ્તુ વગર મને ચાલતું નથી એમ અજ્ઞાનીએ માન્યું છે. પર્યાયમાં તે ઊંધી માન્યતા વગર અજ્ઞાનીએ

ચલાવ્યું નથી, પણ તેના ત્રિકાળી સ્વભાવે તો અનાદિથી તે ઊંધી માન્યતા વગર જ ચલાવ્યું છે, કેમ કે અજ્ઞાન સ્વભાવમાં પેઠું જ નથી.

કોઈ કહે કે નિશ્ચયથી તો પરવસ્તુની જરૂર પડતી નથી પણ વ્યવહારથી તો પરની મદદ વગર ચાલે નહિ. તો તેને કહે છે કે નિશ્ચયથી કાચની શીશી છે અને વ્યવહારથી દવાની શીશી કહેવાય છે માટે શીશી કાંઈ દવાની થઈ જતી નથી. એમ નિશ્ચયથી પરવસ્તુથી રહિત આત્મા છે અને વ્યવહારથી પુણ્ય-પાપાદિ તથા શરીરાદિવાળો કહેવાય એથી કરીને કાંઈ આત્મા શરીરાદિરૂપ થઈ જતો નથી. માટે આત્માએ તેના વગર જ ચલાવ્યું છે.

આત્માના વિભાવ પર્યાયે પણ પરપદાર્થ વગર જ અનાદિકાળથી ચલાવ્યું છે અને ત્રિકાળી સ્વભાવે તો તે વિભાવ વગર પણ ચલાવ્યું છે. અજ્ઞાનીએ પરપદાર્થ અને વિભાવ વગર ન ચાલે એવી માન્યતા વગર ચલાવ્યું નથી. વિભાવ વગર અને શરીરાદિ વગર ન ચાલે, એવી માન્યતા તે ભ્રમણા છે અને તે જ સંસાર છે. તેના વિના જ ચલાવ્યું છે એમ માનવું તે નિર્જરાનું કારણ છે અને મુક્તિનો ઉપાય છે.

અજ્ઞાની માને છે કે પૈસા વગર કોઈને ચાલતું નથી. તો તેને કહે છે કે આત્મા છે, તે પોતાથી છે કે પરથી ? જો પરથી છે એમ માનવામાં આવે તો આત્મપદાર્થની હયાતી રહેતી નથી. પૈસા વિના ન ચાલે તેવો ભાવ કર્યો છે. તેના વિના અજ્ઞાનદશામાં ચલાવ્યું નથી. પણ પૈસા વિના તો બધા આત્માઓએ ચલાવ્યું છે. દરેક આત્મા બીજાના અભાવથી ટકી રહ્યો છે. એક પરમાણુ બીજા પરમાણુના અભાવથી ટકી રહ્યો છે. આ રીતે ધર્મી સ્વભાવને જ સ્વીકારે છે, વિભાવને સ્વીકારતો નથી. પરપદાર્થ વગર જ ચાલે છે એમ માનવું તે ધર્મ છે.

ઘરમાં કોઈ સ્નેહી મરી જાય ત્યારે કહે કે તમારા વગર કેમ ચાલશે ? સ્ત્રી કહે કે પુરુષ વગર કેમ ચાલશે અને પુરુષ કહે કે સ્ત્રી વગર કેમ ચાલશે ? પણ એના વિના જ ચાલ્યું દેખાય છે. જેના વિના એક ક્ષણ પણ નહિ ચાલે એમ માન્યું હતું, તેના વિના અનંત કાળ ચાલ્યું છે. એક વૃદ્ધ હતો, એનું આખું કુટુંબ મરી ગયેલ. એક દશ વર્ષની છોકરી બાકી રહી હતી, તેના ઉપર તે વૃદ્ધને ઘણો પ્રેમ હતો. વળી તે અફીણનો બંધાણી હતો. આયુષ્ય પૂરું થતાં છોકરી પણ મરી ગઈ. અફીણની વેળા થઈ પણ અફીણ લીધું નહિ. સગાંવહાલાંઓએ આવીને કહ્યું કે તમોને બંધાણ છે, માટે અફીણ લ્યો. વૃદ્ધે કહ્યું કે છોકરી ઉપર ઘણો પ્રેમ હોવા છતાં તે છોકરી વગર બાકી રહેલી

જિંદગી ચાલશે, તો શું અફીણ વિના નહિ ચાલે ? 'ચાલશે જ'—એમ કહીને અફીણની ડાબલી ફેંકી દીધી. દીકરી અને અફીણ વગર આખી જિંદગી વાંધો આવ્યો નહિ. એમ અનંતકાળથી આત્માએ પર વસ્તુ વગર જ ચલાવ્યું છે પણ મમતા વગર ચલાવ્યું નથી. મારો સ્વભાવ તો મમતા વગર ટકી રહ્યો છે—એમ માનવું તે ધર્મ છે. આ રીતે જ્ઞાની પરદ્રવ્યનું ગ્રહણ કરતો નથી. ॥૨૦૭॥

હવે મોક્ષાભિલાષી જીવ કહે છે કે "હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું" :—

## ગાથા ૨૦૮

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

**અર્થ :**—જો પરદ્રવ્ય—પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. કારણ કે હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.

એક એક ગાથાએ કેવળજ્ઞાનનો કંપો ઊભો થાય છે. આ વાતની શ્રદ્ધા લાવે અને હા પાડે તો તેમાંથી કેવળજ્ઞાન થશે. અત્યારે આ સત્ય વાત સાંભળવા પણ મળે એમ નથી. અજ્ઞાનીઓએ અજ્ઞાનમાં ઊંધા ગાડાં ચલાવ્યાં છે. બહારના વેષથી ધર્મીપણું માને છે પણ અંતરના ભાવ સમજ્યા વગર કલ્યાણ થાય એમ નથી. જેને પરમાં રુચિ પડી છે, તેનો સંસાર આબાદ પડ્યો છે. એક ભવ પણ ઓછો થતો નથી.

## પરદ્રવ્યને આત્માનો પરિગ્રહ માનવામાં આવે તો આત્મા અજીવ પદાર્થનો સ્વામી થતાં આત્મા અજીવ થાય

જો અજીવ પરદ્રવ્યને એટલે પુણ્ય-પાપને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય. હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં, અને અજીવનો સ્વામી તે ખરેખર અજીવ જ હોય. ધર્મી એમ વિચારે છે કે પુણ્ય-પાપાદિ અજીવ છે, એને હું પકડું તો મારું એ સ્વ-ધન થાય, એટલે કે મારી એ મિલકત થાય અને હું એનો સ્વામી થાઉં, તો હું અજીવ જ થઈ જાઉં. માલિક થાય તે પોતાની મિલકતને છોડે નહિ. અજીવનો માલિક થતાં પોતે અજીવ થાય છે. પણ જીવનું જીવપણું તો સ્વભાવથી છે. માટે ધર્મી વિચારે છે કે શરીરાદિ પરદ્રવ્યો અને પુણ્ય-પાપાદિને હું પકડું તો ખરેખર અજીવનો ધણી અજીવ થાય છે, માટે હું પણ અજીવ થાઉં.

અહીં તો કહે છે કે પુણ્ય-પાપથી ધર્મ નથી અને વસ્તુમાં વિકાર નથી તેથી પુણ્ય-પાપને જે પોતાનાં માને, તે તેનો ધણી થયો. જે પોતાની માલિકીની ચીજ થાય તેને કોઈ છોડવા માગે નહિ. અજ્ઞાની પુણ્ય-પાપના પરિણામનો ધણી થઈને ખુશી થાય છે, તે અજ્ઞાન છે અને તે સંસાર છે જે જેનું સ્વ છે, તેનો તે સ્વામી છે અને જે જેનો સ્વામી છે, તે તેનું સ્વ છે. વ્યવહાર રત્નત્રય તો અજીવ છે. તે આત્માનો સ્વભાવ નથી. આ વાતને દુનિયા સાથે મેળ ખાય એમ નથી. આ રીતે સમ્યક્ એકાંત મોક્ષનો માર્ગ છે. વિષય અને પેશાબ નીકળવા માંડે તો તેને રાખી શકાતા નથી, એમ સ્વભાવની દ્રષ્ટિએ વ્યવહાર છૂટવા માંડ્યો તે હવે રહેશે નહિ. અજ્ઞાની પુણ્ય-પાપમાં અટકતો હતો, તે હવે બંધકોષ છૂટવા માંડ્યો કે પુણ્યપાપ તે હું નહિ. ચિદાનંદ તે હું છું, એવી માન્યતામાં વિકારના બંધકોષ છૂટી જાય છે.

જ્ઞાયક સ્વભાવ છે અને પર્યાયમાં નબળાઈથી અલ્પ રાગાદિ થાય છે, તેની જ્ઞાનીને પકડ હોતી નથી—તેની રુચિ હોતી નથી. સ્વભાવની રુચિ હોય તો જીવપણું રહે છે. વ્યવહારની રુચિ હોય તેને જીવપણું રહેતું નથી અજીવપણું થાય છે. એટલે માન્યતામાં અજીવપણું થઈ જાય છે. આત્મા પોતે પોતાથી ઝૂલતો છે. વિભાવમાં એકમેક થયો નથી. એમ પર તરફની રુચિ છોડીને, સ્વ તરફ રુચિ કરે તો જ્ઞાયકસ્વભાવી આત્મા છે, તેની પર્યાયમાં વ્યવહાર રત્નત્રયનું પણ માલિકીપણું રહે નહિ, તે જ જીવપણું છે. જો વ્યવહાર રત્નત્રયનું માલિકીપણું થાય તો સ્વભાવ જુદો નહિ રહેવાથી અજીવપણું થઈ જાય છે, તે મિથ્યાદ્રષ્ટિપણું છે.

## અજીવનો સ્વામી ખરેખર અજીવ જ હોય એટલે પુણ્ય-પાપનો સ્વામી જડ છે, આત્મા નથી

જેમ ભેંસનો સ્વામી પાડો હોય છે પણ માણસ હોય નહિ. એમ જડનો સ્વામી જડ જ હોય છે. વ્યવહારનો સ્વામી આત્મા થાય તો વ્યવહાર અને નિશ્ચય બન્ને ભિન્ન રહેતા નથી. વ્યવહારનો સ્વામી તે જડનો સ્વામી છે. અનંતકાળથી અનિત્ય વિકારી પર્યાયદ્વારા નિત્ય દ્રવ્યને પકડવા માગે છે પણ તેમ પકડાય નહિ. સ્વ-સ્વામી સ્વભાવની વાત છે. ભેદ આદિ પડે તે સ્વ-સ્વામીપણું નથી. એ રીતે લાચારીથી પણ મને અજીવપણું આવી પડે. મારે અજીવ ન થવું હોય તો પણ પરનો માલિક થાઉં તો અજીવપણું આવી

પડે. એક એક ગાથાએ શુદ્ધિની વૃદ્ધિનું કારણ જે સ્વભાવ, તેને જ ઘૂંટે છે. અજીવપણું આવી પડે એ તો સમજાવવાની રીત છે. મિથ્યાત્વ થાય છે, તેમ કહેવું છે.

જ્ઞાની એમ વિચારે છે કે મારું તો એક જ્ઞાયકભાવ જ જે સ્વ છે, તેનો જ હું સ્વામી છું, માટે મને અજીવપણું ન હો. હું તો જ્ઞાતા જ રહીશ. પરદ્રવ્યને નહિ પરિગ્રહું. વ્યવહાર રત્નત્રયનો હું સ્વામી નથી. વ્યવહાર જ્ઞાનમાં જણાય એવી આત્માની તાકાત છે. વ્યવહાર સાધક દશામાં હોય છે, તે વાત જુદી છે પણ તેનું સ્વામીપણું કરવું તે જુદી વાત છે. ભક્તિ, પૂજા આદિનો ભાવ થાય, તેને જ્ઞાની જાણે છે પણ સ્વામી થતો નથી. જ્ઞાની જાણે છે કે પરની ક્રિયા આત્મા કરી શકતો નથી. આત્મા પરનો સ્વામી નથી, વિકાર થયો તેનો પણ હું સ્વામી નથી, તેથી મને અજીવપણું ન હો. હું તો જ્ઞાતા જ રહીશ. પરદ્રવ્યને નહિ પરિગ્રહું. તેનું નામ નિર્જરા અને સાચી તપશ્ચર્યા છે ને તે ધર્મ છે.

# પ્રસાદ નં. ૨૩૨

## સમયસાર ગાથા ૨૦૮

(જેઠ વદ ૨ ગુરુવાર, ૨૦૦૭)

જીવને ધર્મ અને શાંતિ કેમ થાય ? તે કહે છે. ધર્મી જીવ પોતાનું સ્વરૂપ શું છે અને પરનું સ્વરૂપ શું છે—એમ નક્કી કરીને સ્વને સંભાળે છે અને પરનું લક્ષ છોડે છે.

**ભાવાર્થ :—**જીવનો ભાવ જીવ જ છે. તેની સાથે જીવને સ્વ—સ્વામી સંબંધ છે અને અજીવનો ભાવ અજીવ જ છે, તેની સાથે અજીવને સ્વ-સ્વામી સંબંધ છે. ખરેખર જાણવું-દેખવું, વિકાર વગરનો ભાવ તે જીવ જ છે. ગોળનો સ્વભાવ ગળપણ છે. ડબો તો ગોળ નથી પણ સાબુ કે ખારાશ તેમાં નાખેલ હોય તે પણ ગોળ નથી, તેમ આ શરીર ડબો છે, તે જીવ નથી. પુણ્યપાપાદિનો વિકાર તે પણ જીવનો ભાવ નથી. આત્મા એનો ધણી નથી. આ રીતે જે પરદ્રવ્યનો માલિક થતો નથી તેને ધર્મ અને નિર્જરા થાય છે.

## આત્મા જાણનાર-દેખનાર રહે અને અંતરમાં ઠરે તેની સાથે આત્માને સ્વ-સ્વામી સંબંધ છે

જાણવા-દેખવાપણે રહેવું તે સ્વધન છે ને આત્મા તેનો સ્વામી છે એમ જ્ઞાની જાણે છે. પુણ્ય-પાપ એ મારી મિલકત નથી અને હું એનો સ્વામી નથી. તેમ જ પુણ્ય-પાપના નિમિત્તે સંયોગો મળે, તેનો પણ હું સ્વામી નથી. આત્માની મૂડી તો જાણવું—દેખવું છે. તેની સાથે આત્માને સ્વ સ્વામી સંબંધ છે. પુણ્ય-પાપની લાગણી થાય તેનો સ્વામી જડ છે. વિષ્ટા અને પેશાબનો સ્વામી થઈને જે શરીરમાં સંઘરે તે શરીરને ખોઈ બેસે, કેમ કે વિષ્ટા અને પેશાબ શરીરના અંગો નથી. તેમ જાણનાર—દેખનાર સિવાય પુણ્ય-પાપના ભાવો અને પરદ્રવ્ય શરીરાદિનો હું સ્વામી થાઉં તો જીવપણું ખોઈ બેસું. જ્ઞાની સ્વભાવનો સ્વામી થાય છે, તેથી વિકારીભાવનો સ્વામી જડ છે, તેમ કહ્યું છે.

## પુણ્ય-પાપના ભાવો અજીવ હોવાથી તેનો અજીવ સાથે સ્વ-સ્વામી સંબંધ છે

આત્માની અવસ્થામાં પુણ્ય-પાપાદિ ભાવો થાય છે, તેની સમય પૂરતી અસ્તિ છે. સસલાનાં શીંગડાં જેવું નથી પણ આખો ચૈતન્યસ્વભાવ છે, તેની માલિકી સ્વીકારતાં પુણ્ય-પાપની માલિકી રહેતી નથી. તેથી તે ભાવ અજીવનો છે અને તેનો સ્વામી અજીવ છે એમ કહ્યું છે. આઠ વર્ષની બાલિકા હોય અને જ્ઞાની હોય તો તે એમ માને કે મારે જાણવા-દેખવા સાથે સ્વ-સ્વામી સંબંધ છે. શરીર, વાણી, મન, પૈસાદિનો માલિક તો પરમાણુ છે, તે તેની મિલકત છે. પરમાણુ એના સ્વભાવનો માલિક છે. દરેક પદાર્થની માલિકીની ચીજ તો તેનો સ્વભાવ અને પર્યાય છે.

## જીવને અજીવનો પરિગ્રહ માનવો તે મિથ્યાબુદ્ધિ છે. જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોતી નથી

જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે તો જીવ અજીવપણાને પામે. પુણ્ય-પાપ અને શરીરાદિને જીવનાં માનવામાં આવે તો જીવ જડ થાય છે. એટલે કે પુણ્ય-પાપ જેટલો જ આત્માને સ્વીકારે અને સ્વભાવને ચૂકી જાય તો તે જડ જેવો બની જાય છે. તેને જીવના સ્વરૂપની ખબર રહેતી નથી. એક સમયની અવસ્થાને આખો આત્મા માને તો તેણે પદાર્થને માન્યો નહિ. અવસ્થા તરફ લક્ષ જતાં રાગદ્વેષ થાય છે. સ્વભાવ તરફ લક્ષ કરે તો રાગદ્વેષ થાય નહિ. અનંતકાળથી જીવ બહારમાં અટવાઈ ગયો છે. પરપદાર્થને પોતાના માને છે. ધર્મ કરનાર, પર પદાર્થ અને પુણ્યને પોતાના માને નહિ. પૈસા, મકાન આદિ મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા છું —એમ જ્ઞાની માને છે, તેને નિર્જરા છે.

હવે ધર્મીનો નિર્ણય કેવો હોય છે ? તે કહે છે. જેમ કોઈ દશાશ્રીમાળી વાણિયો હોય, તેણે નિર્ણય કર્યો છે કે હું વાણિયો છું, તો તે સ્વપ્ને પણ ભૂલતો નથી, તેમ જ્ઞાનીએ કેવો નિર્ણય કર્યો છે, તે કહે છે :—

### ગાથા ૨૦૯

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

**અર્થ :—**છેદાઈ જાઓ અથવા ભેદાઈ જાઓ અથવા કોઈ લઈ જાઓ અથવા નષ્ટ થઈ જાઓ અથવા તો ગમે તે રીતે જાઓ, તો પણ ખરેખર પરિગ્રહ મારો નથી.,

જુઓ, ધર્મીનો નિર્ણય આવો હોય છે. જેમ બ્રાહ્મણ હોય તેને ભંગીનો છોકરો મરી જતાં સ્નાન આવે નહિ તેના છોકરાના નામે કદાચ તેનું નામ હોય તો પણ તેને અંતરમાં તેનું દુઃખ થતું નથી. તેમ ધર્મી પરદ્રવ્યની સાથે મારે કંઈ લેવાદેવા નથી એમ માને છે.

**ટીકા :—**પરદ્રવ્ય છેદાઓ અથવા ભેદાઓ અથવા કોઈ એને લઈ જાઓ અથવા નષ્ટ થઈ જાઓ અથવા ગમે તે રીતે જાઓ તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું; એમ ધર્મી માને છે. શરીરાદિ મારાં નથી. તેના કટકા થાઓ કે ભૂકો થાઓ અથવા તો પૈસા આદિ કોઈ લઈ જાઓ, સ્ત્રી છોકરાંઓ વગેરે ભલે નષ્ટ થાઓ પણ જ્ઞાની માને છે કે તે મારાં છે જ નહિ. ધર્મીને જરા રાગ થાય પણ રાગ અને પરદ્રવ્ય મારાં નથી—એવી તેની માન્યતા હોવાથી તેની સાથે તેને કાંઈ લેવાદેવા નથી.

કોઈ કહે કે ધર્મી હોય તે તિજોરી કે દુકાન બંધ કરે કે નહિ ? તો તેને કહે છે કે તે બંધ કરવાની ક્રિયા કોઈ આત્મા કરી શકતો નથી. ધર્મીને અલ્પ રાગ થાય છે, તેનો તે જ્ઞાતા છે અને તે રાગ અને પરદ્રવ્ય જ્ઞેય છે. તેવી રીતે પૂર્વનાં પુણ્ય નાશ થાઓ, વર્તમાન પુણ્ય છેદાઓ પણ જ્ઞાની તેનો જ્ઞાયક રહે છે. અજ્ઞાની બોલે છે કે આવું સમજે તો જંગલમાં ચાલ્યા જાય અને ત્યાગી થઈ જાય, પણ અહીં એ વાત નથી. અહીં તો પ્રથમ જ્ઞાની આવી શ્રદ્ધા કરે છે કે પરદ્રવ્ય મારું નથી તો પછી તે છેદાઓ, ભેદાઓ, કટકા થાઓ કે કોઈ લઈ જાઓ–તેને ને મારે કાંઈ લેવાદેવા નથી.

ધ્યાન ન રાખ્યું માટે આંગળી પીસાણી એમ મૂઢ માને છે. આંગળી પીસાય કે ન પીસાય તે જડની ક્રિયા છે. આત્મા તેની સંભાળ રાખી શકતો નથી કેમ કે જેની જે ચીજ નથી તેની તે સંભાળ રાખી શકતો નથી. આબરૂ જાય તો એને ઘરે, મારી રાખી તે રહે તેમ નથી. આબરૂ, શરીર, મકાન, પૈસો વગેરે ભાંગીને ભૂકો થાઓ, પણ મારે એની સાથે સ્વ–સ્વામી સંબંધ નથી. આ ધર્મની પહેલાં પગથિયાની વાત છે. આવું સમજ્યા વગર ચારિત્ર હોય નહિ.

જ્ઞાની વિચારે છે કે પરવસ્તુ મારો પરિગ્રહ નથી. હું તો તેનો જ્ઞાયક જ છું. તે જાણે છે કે પરવસ્તુ કોઈ લઈ જઈ શકતું નથી. તેમ પરવસ્તુના કારણે મને દુઃખ થાય છે એમ પણ તે માનતો નથી. આઠ વર્ષની જ્ઞાની

બાલિકા હોય તે પણ આમ જ માને છે. પછી ભલે પરણે પણ આ માન્યતા ખસતી નથી. જ્ઞાની દેડકો હોય કે ચકલો હોય તેને પણ આવું જ્ઞાન હોય છે. કેમ કે તેને સ્વપરનું ભેદજ્ઞાન હોય છે.

શ્રી શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ભગવાન, તીર્થંકર અને ચક્રવર્તી હતા. છ ખંડનું રાજ્ય હતું. હજારો રાણીઓ હતી. પણ તે રાજ્યપાટ આદિની જે અવસ્થા થતી તેના સ્વામી તેઓ ન હતા. જ્ઞાનીને લડાઈ વખતે અલ્પ દ્વેષ થાય છે, તેના પણ તે જ્ઞાતા છે. ઘરમાં ઘી ઉઘાડું હોય અને કૂતરું તે ખાઈ જાય ત્યારે જ્ઞાનીને જરા દ્વેષનો ભાવ થાય છે પણ એકત્વબુદ્ધિનો કે પરના સ્વામીપણાનો દ્વેષ થતો નથી અને અજ્ઞાની પરદ્રવ્યનો સ્વામી થાય છે. જ્ઞાનીને દ્રષ્ટિમાં વિષમતાનો વિકાર થતો નથી. કોઈ ચીજ નાશ પામી જાય તે તેના કારણે નાશ પામે છે. ધર્મી પોતાના ચૈતન્યસ્વભાવનો આશ્રય છોડી બહાર નીકળતો નથી. હું જાણનાર-દેખનાર છું એવી શ્રદ્ધામાં ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે-મલિનતાનો નાશ થાય છે.

એક પરમાણુને ફેરવવાની તાકાત આત્મામાં નથી. ગમે તે રીતે પરપદાર્થ જાઓ. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું, થવાનું હતું તે થયું છે. આવા વસ્તુસ્વરૂપના ભાન વિના ધર્મ થાય એમ નથી. કોઈ એમ માને કે રૂપિયા દાનમાં આપે તો ધર્મી કહેવાય પણ એમ નથી. તે તો પૈસાનો માલિક થાય છે માટે તે મૂઢ છે. એટલો પરિગ્રહ ઓછો થયો માટે એટલું પાપ ઓછું થયું એમ તે માને છે. તે મૂઢતા છે, પરપદાર્થ હતો માટે પાપ હતું—એમ નથી. પર પદાર્થનો આત્મામાં અત્યંત અભાવ છે માટે તેનાથી પાપ, પુણ્ય કે ધર્મ નથી પણ મારો સ્વભાવ જ્ઞાન છે, તેનો હું ધણી છું ને જ્ઞાન મારી મિલકત છે એમ માને તો ધર્મ થાય છે.

ઇંદ્રિયો પુષ્ટ થાય કે ઢીલી પડે તે તેના કારણે અને શરીર પુષ્ટ થાય કે નાશ પામે તે તેના કારણે થાય છે. ધર્મીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે. પરદ્રવ્યના કારણે લાભ-નુકશાન ધર્મી માનતો નથી. દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પોથી રહિત મારો સ્વભાવ છે એમ જાણીને તે પરદ્રવ્યનો સ્વામી થતો નથી. હું પરદ્રવ્યને ગ્રહતો નથી, કારણ કે પરદ્રવ્ય મારું નથી. હું તેનો સ્વામી નથી-આમ જ્ઞાની માને છે. છતાં કદાચ વાણી દ્વારા આ મારું છે એમ બોલે પણ અંતરમાં પરદ્રવ્યનો સ્વામી થતો નથી.

જ્ઞાની જાણે છે કે પરદ્રવ્ય મારું સ્વ નથી. હું પરદ્રવ્યનો સ્વામી નથી. પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે. પર દ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે. હું જ મારું સ્વ છું-અને હું જ મારો સ્વામી છું. જાણનાર-દેખનાર તે હું છું અને એનો જ

હું માલિક છું. આ જ્ઞાનની ધાર્મિક ક્રિયા છે. અજ્ઞાની પરદ્રવ્યનું સ્વામીપણું કરે છે, તે અધર્મની ક્રિયા છે. સ્વનો સ્વામી છું એમ જાણી જ્ઞાની અંતરમાં ઠરે છે, તે નિર્જરા છે. ભરત ચક્રવર્તીને ત્રણ જ્ઞાન હતાં અને આત્માનું ભાન હતું. રાગના સ્વામી થતા નથી તો શરીરાદિના સ્વામી તો છે જ નહિ. એક વખતે બે વિદ્યાધરો વાતો કરતા હતા કે આ છ ખંડનું રાજ્ય અને બધું નભે છે, તે આપણાથી નભે છે. કાંઈ ભરતના કારણે નભતું નથી. આ સાંભળી ભરતને વિચાર આવ્યો કે એમને બતાવવું જોઈએ. તે પોતે જાણતા હતા કે પરની ક્રિયા, પરના કારણે થાય છે છતાં સવારથી ઊઠીને કહે છે કે મારી આંગળી વાંકી વળી ગઈ છે, તે સીધી થતી નથી. ઘણા વૈદ્યો આવ્યા તેમના પુત્રો આવ્યા તો તેમને કહ્યું કે તમારું કામ નથી. વિદ્યાધરો અને દેવો આવ્યા પણ આંગળી સીધી થઈ નહિ પછી એક મોટી સોનાની સાંકળ બનાવી આંગળીએ બાંધી અને છન્નુ કરોડ પાયદળે તે સાંકળ પકડી ને ખેંચી તોપણ સીધી થઈ નહિ. પછી ભરતે જરા વાંકી આંગળીથી સાંકળ ખેંચી, ત્યાં તો બધા પડવા માંડ્યા, એટલું તેમનામાં બળ હતું. ભરતે વિદ્યાધરોને કહ્યું કે આ બધી પરદ્રવ્યની ક્રિયા છે. એના અમો કર્તા નથી. હું એનો સ્વામી નથી. અમારા કારણે તે થતું નથી–અલ્પદ્વેષ થયો છે, તેના અમે જ્ઞાતા છીએ. અજ્ઞાનીને ઊંધો તર્ક થાય છે કે જ્ઞાનીને આવું માન કેમ થાય ? પણ જ્ઞાનીને નબળાઈના કારણે અલ્પ અસ્થિરતાનો દ્વેષ થાય છે, તેના તે જ્ઞાતા રહે છે.

**ભાવાર્થ :—**જ્ઞાનીને પરદ્રવ્યના બગડતા–સુધરવાનો હર્ષ–વિવાદ હોતો નથી. જાણવું–દેખવું તે મારો સ્વભાવ છે. તેનો સ્વામી થતાં શુદ્ધતા વધતી જાય છે. તે ધર્મની ક્રિયા છે. જ્ઞાની લડાઈમાં ઊભો હોય અને હાથમાં હથિયાર હોય તો પણ ત્યાં આવી ધર્મક્રિયા તેને થઈ રહી છે અને શુદ્ધતા વધતી જાય છે.

હવે આ અર્થનું કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

## કળશ ૧૪૫

**અર્થ :—**આ રીતે સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને હવે સ્વ–પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેને મન છે, એવા આ ફરીને તેને જ (-પરિગ્રહને જ) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે. બીજી રીતે આ પ્રમાણે પણ અર્થ થાય છે કે : આ રીતે સ્વ–પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને હવે અજ્ઞાનને છોડવાનું જેને

મન છે એવો આ, ફરીને તેને જ વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે. પ્રથમ અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું કહ્યું છે અને બીજામાં અવિવેકના કારણભૂત સમસ્ત પરિગ્રહને છોડવાનું કહ્યું છે. તે સામાન્યપણે એટલે પરદ્રવ્ય, રાગ, મિથ્યાત્વ વગેરેને એકી સાથે છોડવાનું કહ્યું હતું. હવે મિથ્યાત્વ, રાગાદિને ક્રમેક્રમે જુદાંજુદાં નામ લઈને છોડવાનું કહે છે. દ્રષ્ટિ અપેક્ષાએ તો પ્રથમ છોડાવ્યું હતું. હવે અસ્થિરતાના કારણે થતા પરિણામોને ક્રમેક્રમે છોડાવે છે. સ્થિરતા વધતાં રાગનો અભાવ થતો જાય છે, તેને જુદા જુદા છોડે છે એમ કહેવાય છે.

**ભાવાર્થ :—** સ્વ-પરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે. તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઇચ્છતા જીવે પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો અને હવે તે પરિગ્રહને વિશેષતઃ (જુદાં નામ લઈને) છોડે છે.

# પ્રસાદ નં. ૨૩૪

## સમયસાર ગાથા ૨૧૦

(જેઠ વદ ૩ શુક્રવાર, ૨૦૦૭)

જ્ઞાનીને ધર્મનો એટલે પુણ્યનો પરિગ્રહ નથી તે કહે છે. ધર્મીને શુભભાવ થાય ખરો પણ તેની પકડ હોતી નથી. વિકારનો કણિયો કે પરદ્રવ્યનો આદર જ્ઞાનીને હોતો નથી તેથી તેને ક્ષણેક્ષણે શુદ્ધિ થાય છે ને મલિનતાનો નાશ થાય છે. એનું વર્ણન કરતાં પ્રથમ પુણ્યથી શરૂઆત કરે છે.

## ગાથા ૨૧૦

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**

**અર્થ :**—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની ધર્મને (પુણ્યને) ઇચ્છતો નથી. તેથી તે ધર્મનો પરિગ્રહી નથી, (ધર્મનો) જ્ઞાયક જ છે.

## ઇચ્છા પરિગ્રહ છે, જેને ઇચ્છા નથી તેને પરિગ્રહ નથી

**ટીકા :**—ઇચ્છાનો નિરોધ તે તપ છે અને તેના વડે નિર્જરા થાય છે. હું આત્મા ચિદાનંદ શુદ્ધ જ્ઞાતાસ્વરૂપ છું. તેની દ્રષ્ટિમાં ઇચ્છાની પકડ છૂટી જાય છે—તેને ઇચ્છાનો નિરોધ કહે છે. તે નિરોધ અજ્ઞાનીને હોતો નથી. કેમ કે તેને આત્માનું ભાન નથી. ઇચ્છા વખતે જ્ઞાનીને ઇચ્છાની ઇચ્છા નહિ હોવાથી અરાગી પરિણમન થાય છે. જે અલ્પ રાગ થાય છે, તેની પકડ જ્ઞાનીને હોતો નથી. અરાગની અધિકતામાં રાગનું થવું ગૌણ થાય છે, તેથી જ્ઞાનીને રાગનો પરિગ્રહ નથી.

## પુણ્ય-પાપ મારાં એમ જે માને છે, તેને સંસાર અને અધર્મ છે. સ્વભાવરૂપે થવું તે ધર્મ છે

આત્મા છે, તે અનાદિકાળથી પુણ્ય-પાપની અવસ્થારૂપે થયો પણ એમાં કાંઈ શાંતિ મળી નહિ. અવસ્થા વગરનું કોઈ દ્રવ્ય હોય નહિ. જેમ સોનું કોઈપણ હાલતમાં તો હોય છે જ. છેવટે પાટલારૂપે પણ તેની હાલત

હોય છે; તેમ આત્મા છે, તે કોઈપણ અવસ્થારૂપે થઈને રહ્યો છે. અનંતકાળનો રહ્યો ખરો અને થયોય ખરો. શું થયો ? પરદ્રવ્ય અને પુણ્ય-પાપ તે મારાં એમ થઈને રહ્યો. એનું નામ સંસાર અને અધર્મ છે. પણ હું જ્ઞાતા છું અને એકરૂપે થઈને રહેવું તેનું નામ ધર્મ છે—નિર્જરા છે.

આત્મામાં પ્રભુતા ભરી છે. એવી દશારૂપે ન થતાં વિકારરૂપે થવું તે જ પરિગ્રહ છે. જેવું સ્વરૂપ છે, તેવા સ્વરૂપે ન રહેવું તે પરિગ્રહ છે. જ્ઞાની કહે છે કે તારે કદ્રૂપ થઈને રહેવું છે કે સત્-રૂપે રહેવું છે ? આત્મામાં પુણ્ય-પાપ થાય છે, તે કદ્રૂપ છે. તે રૂપે ન થતાં સ્વભાવરૂપે થવું તે સત્-રૂપે છે. તેમ જાણતાં નિર્મળ અંશનું થવું થાય છે. તેને ઇચ્છાનું થવું થતું નથી. તે ઇચ્છાના નિરોધરૂપી નિર્જરા છે.

અહો ! જેને આત્મા તરફ નજર નથી, તેની નજર બહાર જાય છે અને એમાં એને સ્ત્રી, કુટુંબ, શરીરાદિ સારાં મળે એ જોયા કરે છે અને સાધુ થયો હોય તો કષાયની મંદતા થાય, એના ઉપર દ્રષ્ટિ પડી હોય છે. જાણે મેં કાંઈક સારું કર્યું એમ તે માને છે. પણ તે બધું પુણ્ય અને એની સામગ્રી છે. તે ધર્મ તેમ જ ધર્મની સામગ્રી નથી. જગતમાં જેટલું સુખ મનાય છે, તે રતિભાવ છે અને દુઃખ મનાય છે, તે બધો અરતિભાવ છે—તે બન્ને દુઃખ છે, તેમ ભાસવું જોઈએ.

અહીં નિર્જરાની વાત કરતાં એમ કહ્યું કે ઇચ્છા તે પરિગ્રહ છે કેમ કે શરીર, વાણી, સ્ત્રી, પૈસા આદિનું આવવું—જવું તે આત્માને આધીન નથી. પુણ્ય-પાપના ભાવ થવા તે આત્માને આધીન છે. પણ તે વિકાર છે. તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. માટે ઇચ્છાને પરિગ્રહ કહ્યો છે. નદીકાંઠે ઊભેલો માણસ નદીમાં લોઢ મારતું પાણી ચાલ્યું જાય છે, તેને પોતાનું માને તો તે મૂર્ખો છે. તેમ આ સંસારમાં સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આદિ લોઢ મારતા ચાલ્યા જાય છે. સમયે સમયે તેની પર્યાયો ફરતી જાય છે, તેમાં તું કોને તારાં કહીશ ? તેનો એકક્ષેત્રે સંબંધ થાય છે, તે પણ છૂટી જશે. કેમ કે તે તારાં છે જ નહિ. તેને પકડી રાખું તેવી ઇચ્છાને અજ્ઞાની પકડી શકે છે પણ પરને તો પકડી શકતો નથી જ. માટે ઇચ્છા તે પરિગ્રહ છે.

## જ્ઞાનીને ઇચ્છા હોતી નથી કેમ કે ઇચ્છાની પક્કડ જ્ઞાનીને નથી, અજ્ઞાનીને ઇચ્છાની પક્કડ છે.

ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી. જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે. શુભાશુભભાવની જેને પક્કડ છે, તે જ પરિગ્રહ છે. તે અજ્ઞાનમય ભાવ છે. રાગ તે હું એમ અજ્ઞાની માને છે. દયા, દાન, પૂજાદિના ભાવોથી હું કૃતકૃત્ય છું-તે ઇચ્છાની પક્કડ છે. જ્ઞાનીને તેવો અજ્ઞાનમય ભાવ હોતો નથી. જ્ઞાનીને જ્ઞાનમય ભાવ હોય છે. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે કેમ કે ઇચ્છાથી પરનું કાર્ય થતું નથી અને ઇચ્છાથી સ્વનું કાર્ય પણ થતું નથી માટે ઇચ્છા અજ્ઞાનમય છે. શ્રીમદે કહ્યું છે કે :—

**હે જીવ ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુઃખમૂલ,**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.**

ધર્મીને અજ્ઞાનમય ઇચ્છા હોતી નથી. વર્તમાન નબળાઈને કારણે ઇચ્છા હોય છે. તે ઇચ્છા પરના કારણે થઈ નથી તેમ તે ઇચ્છાની જ્ઞાનીને પક્કડ નથી. તીર્થંકર નામકર્મની ભાવના જ્ઞાનીને હોતી નથી કેમ કે તે રાગ છે. પુસ્તક હોય તો ઠીક, આટલું જ્ઞાની પાસે સાંભળું તો ઠીક—તેવી જ્ઞાનીને ભાવના હોતી નથી. જ્ઞાનીને શ્રવણ ખાતર શ્રવણની ઇચ્છા હોતી નથી કેમ કે શ્રવણથી જ્ઞાન નથી અને ઇચ્છાના કારણે સ્વ કે પરનું કાર્ય થતું નથી માટે જ્ઞાનીને ઇચ્છા નથી. જ્ઞાનીને જ્ઞાનમય ભાવ હોય છે અને અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ હોય છે. કોઈ કહે કે દશમા ગુણસ્થાન સુધી ઇચ્છા તો હોય છે પણ અહીં તો કહે છે કે ચોથા ગુણસ્થાનથી જ્ઞાનીને ઇચ્છા હોતી નથી કેમ કે જ્ઞાનીને ઇચ્છા હોય છે, તેની પક્કડ નથી. ઇચ્છાની રુચિ નથી માટે ઇચ્છા નથી એમ કહ્યું છે.

## જ્ઞાનીને અજ્ઞાનમય જે ઇચ્છા તેનો અભાવ છે તેથી જ્ઞાની પુણ્યને ઇચ્છતો નથી.

આત્મા જ્ઞાયક છે, તેની રુચિમાં જ્ઞાની શુભભાવને પણ ઇચ્છતો નથી. ઇચ્છાનું કાર્યક્ષેત્ર પરમાં કામ કરી શકે નહિ. ઇચ્છાથી ભગવાનની પૂજા થશે અને આત્માને લાભ થશે એમ જ્ઞાની માનતો નથી, તેથી તે શુભ ઇચ્છાને પણ ઇચ્છતો નથી, માટે જ્ઞાનીને ઇચ્છા નથી. વ્યવહાર રત્નત્રયને જ્ઞાની ઇચ્છતો નથી. જ્ઞાનીને ઇચ્છા નહિ હોવા છતાં નબળાઈના કારણે ઇચ્છા થાય છે. તે પોતાની એ વખતની લાયકાતને કારણે થાય છે, તેને તે જાણે

છે. સોળ કારણ ભાવનાને પણ જ્ઞાની ઇચ્છતો નથી. ઇચ્છા થાય તે જુદી વાત છે પણ તેનાથી તે લાભ માનતો નથી.

ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો શ્રુતકેવળી કે કેવળી પાસે જવું પડે—એમ જ્ઞાની માનતો નથી. ધર્મી જીવ શ્રાવકદશા પહેલાનો ને સંસારમાં રહેલો જીવ આવો હોય છે. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે જ્ઞાની ધર્મનો એટલે પુણ્યનો કેવળ જ્ઞાયક જ છે. એક જ્ઞાયકભાવની એકાગ્રતાના કારણે ધર્મી કેવળ પુણ્યનો જાણનારો છે. તેનો આદર તેને હોતો નથી. આ ગાથામાં પુણ્યની વાત પ્રથમ જ મૂકી છે કેમ કે જગતને પુણ્ય ગળે વળગ્યું છે. ધન હોય તો ધર્મ થાય અને ધર્મથી ધન મળે—આમ મૂઢ માને છે. ધર્મથી તો આત્માની શાંતિ મળે. પૈસો મળે નહિ અને પુણ્યભાવ તે અધર્મ છે. તેનાથી પૈસો મળે છે. અહીં પુણ્યને ધર્મ કહેલ છે, તે વ્યવહારથી કહેલ છે. નિશ્ચયથી એટલે ખરેખર તો તે ધર્મ નથી. તે પુણ્યભાવની જ્ઞાનીને પકડ નથી.

## <u>ધર્મી પુણ્યનો કેવળ જાણનાર છે, તે પણ વ્યવહાર છે કેમ કે પુણ્ય તે પર છે. ખરેખર તો તે પોતાના જ્ઞાનને જાણે છે</u>

અહીં કહ્યું છે કે જ્ઞાની પુણ્યને ઇચ્છતો નથી. એમ સાંભળીને અજ્ઞાની દલીલ કરે છે કે પુણ્ય જો ધર્મ ન હોય અને જ્ઞાની તેને ઇચ્છતો ન હોય તો તે પુણ્ય શા માટે કરે છે ? તેનું સમાધાન :

જ્ઞાનીને પુણ્યભાવ હોય છે. તે રાગ છે અને બહારની ક્રિયા તો તે કાળે થવાની હોય તો થાય છે. જ્ઞાની પરની ક્રિયાનો કર્તા નથી અને પુણ્યભાવ થયો તેને જ્ઞાની ઇચ્છતો નથી. તે પુણ્યભાવનો જાણનાર છે. જ્ઞાનીને તીર્થંકર નામકર્મની ભાવના હોતી નથી. કેમ કે તેની ભાવના ભાવવાથી તે બંધાતું નથી. તીર્થંકર થવાને લાયક દ્રવ્ય જ તે પ્રકારનું હોય છે ને તે જ તીર્થંકર થાય છે. જેને તીર્થંકર નામકર્મ બંધાય છે, તેને ખબર પણ નથી કે આ વખતે આ ઇચ્છા થઈને તેનાથી તે કર્મ બંધાયું પણ સહજ એ દ્રવ્યની એવી લાયકાત જ હોય છે, તેથી તેને તે પ્રકારની ઇચ્છા સહજ હોય છે. અજ્ઞાની કે જે પુણ્યનો ઇચ્છુક છે, તેને તો તીર્થંકર નામકર્મ કદી બંધાતું જ નથી. જ્ઞાનીને ઇચ્છાની ભાવના નથી કેમ કે તે તો માત્ર સ્વભાવને જ ભાવે છે માટે તેને ઇચ્છાનો પરિગ્રહ નથી. પણ તે કેવળ જ્ઞાયક જ છે. અજ્ઞાની વિકારની ભાવના ભાવ્યા કરે છે. સોળ કારણ ભાવના

ભાવ્યા કરે તેથી કાંઈ તીર્થંકર નામકર્મ બંધાતું નથી. ઇચ્છાનું કાર્ય દુઃખરૂપ છે માટે જ્ઞાની ઇચ્છાનો જ્ઞાયક છે. ઇચ્છા છે ખરી પણ તેની પક્કડ નથી તેથી તે જ્ઞાયક જ રહે છે.

હવે જ્ઞાનીને અશુભભાવ (પાપ)ની પક્કડ નથી. અશુભભાવ હોય ખરો પણ પક્કડ નથી, તે કહે છે.

## ગાથા ૨૧૧

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

**અર્થ :—**અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની અધર્મને (પાપને) ઇચ્છતો નથી. તેથી તે અધર્મનો પરિગ્રહી નથી. (અધર્મનો) જ્ઞાયક જ છે.

**ટીકા :—**ઇચ્છા પરિગ્રહ છે. જેને ઇચ્છા નથી એને પરિગ્રહ નથી. રાગની પક્કડ કરવી—તે જ પરિગ્રહ છે. જે વિકારમાં પકડાયો તે સ્વભાવથી છૂટેલો છે. પરની પક્કડ ન કરે તે ધર્મી છે. સામાયિક, ઉપધાન, ઉપવાસાદિ કરે તો નિર્જરા થાય એમ અજ્ઞાની માને છે. જેમ કોઈ બારોટ ઘોડા ઉપર બેસીને રસ્તે નીકળ્યો હોય અને તેને કોઈ પૂછે છે કે બારોટ ક્યાં જાઓ છો ? તો તે કહે કે ઘોડો ક્યાં બાંધુ ? એમ કહીને વળગે છે. એમ શાસ્ત્રમાં વ્યવહારથી કથન કર્યું હોય કે જ્ઞાનીને સામાયિક, ઉપવાસાદિ કરતાં નિર્જરા થાય છે, તો અજ્ઞાની તે ક્રિયાને પકડે છે. અને ત્યાં અટકી જાય છે. અહીં તો કહે છે કે ઇચ્છા તે અજ્ઞાનમય ભાવ છે. જ્ઞાનીને ઇચ્છા નથી. પાપના ભાવમાં જ્ઞાની પ્રસન્નતા વેદતો નથી. જ્ઞાની લડાઈમાં ઊભો હોય છતાં તે ભાવને ઇચ્છતો નથી. આત્માનું ભાન હોવાના કારણે જે અલ્પ પાપભાવ નબળાઈના કારણે થાય છે, તેનો જ્ઞાની માત્ર જાણનાર છે. માટે જ્ઞાનીને પાપનો પરિગ્રહ નથી.

*************************************************

# પ્રસાદ નં. ૨૩૫

## સમયસાર ગાથા : ૨૧૧ (ચાલુ)

(જેઠ વદ ૫ શનિવાર, ૨૦૦૭)

આ નિર્જરા અધિકાર છે. તે નિર્જરારૂપી ધર્મ તો આત્માની નિર્દોષદશા છે. અનાદિથી આ આત્મા અજ્ઞાનદશામાં પુણ્ય તથા શરીરાદિના અનુકૂળ સંયોગો મને મળો અને પ્રતિકૂળ સંયોગો દૂર થાઓ—એવી ભાવના કરી રહ્યો છે. જ્ઞાનીને એવી ભાવના હોતી નથી. જ્ઞાનીને સ્વભાવનું જાણવું અને માનવું હોય છે, તેથી તેને નિર્જરા થાય છે.

આત્મા એક સમયમાત્ર પણ પરપદાર્થને ગ્રહણ કરે નહિ અને છોડે પણ નહિ—એવી પ્રથમ દ્રષ્ટિ કર્યા વગર સ્વભાવભાવ થાય નહિ અને એ વિના નિર્દોષ કાર્ય આત્મામાં થાય નહિ. સ્વભાવની ભાવના છોડીને ભાવ થાય, તે બધો અધર્મભાવ છે. જ્ઞાની જાણે છે કે કેવળી ભગવાનથી મને લાભ નથી અને દુશ્મનથી મને નુકશાન નથી, કેમ કે તે પરપદાર્થ છે અને તેનો મારામાં ત્રિકાળ અભાવ છે. જે અભાવ હોય તે શું ભાવ કરે ? માટે અભાવની ભાવના ભાવવાથી આત્મસ્વભાવની તો પ્રાપ્તિ નથી થતી પરંતુ પરની પણ પ્રાપ્તિ થતી નથી, તેથી તે ભાવના નિરર્થક છે. આવી વસ્તુસ્થિતિ છે.

આત્મા સિવાય જેટલા પરપદાર્થ છે, તે આત્માને કદી મળ્યા જ નથી. શરીર, કુટુંબ, લક્ષ્મી વગેરે આત્માને મળતાં જ નથી. મળ્યું એને કહેવાય કે જે આત્મા સાથે વણાઈ જાય—એકમેક થઈ જાય. જેમ કાથીનું રાંઢવું (દોરડું) મેળવે ને તેની ઘડેઘડ બેસી જાય તેને મળ્યું કહેવાય છે, તેમ આત્મામાં પરપદાર્થ તન્મય થઈ જાય તો મળ્યા કહેવાય. પણ પર પદાર્થો આત્મા સાથે તન્મય—એકમેક કદી થતા નથી અને આત્મામાં પુણ્ય-પાપ થાય છે, તે પણ આત્માને મળતા નથી—તે એકમેક થતા નથી. વિકાર તો નવો નવો થાય છે. જો આત્મા સાથે મળી ગયો હોય તો જુદો પડે નહિ. આત્મા અસંખ્ય પ્રદેશી છે. તેની સાથે પરપદાર્થ કે પુણ્ય પાપ મળ્યા જ નથી. આત્મસ્વભાવ સાથે એકમેક થઈને તે રહ્યા નથી. આ રીતે પરની સાથે આત્માને મેળ નથી માટે જ્ઞાનીને તેની ભાવના હોતી નથી.

જ્ઞાનીને સ્વભાવની ભાવના હોય છે અને તે જ ધર્મ છે. વિકારની ભાવના તે અધર્મ છે. આત્માને નિર્વિકારી પર્યાય સિવાય પુણ્ય, પાપ કે પરપદાર્થ સાથે મેળ નથી અને તે નિર્વિકારી પર્યાય તો સ્વભાવની

ભાવનાથી થાય છે. સ્વભાવની રુચિ વગર એ ભાવના હોતી નથી. આત્મા પરની સેવા કરી શકે એમ નથી અને રોગ પણ કોઈ આત્મા મટાડી શકે એમ નથી. માટે પરની ભાવના તે રાગભાવના હોવાથી આત્મા માટે નિરર્થક છે. એટલે કે લાભદાયક નથી. ચક્રવર્તી, વાસુદેવ, તીર્થંકર વગેરે જ્ઞાની પુરુષો સંસારમાં હોય છે ત્યારે રાગાદિ પરિણામો હોય છે છતાં તેની ભાવના તેમને હોતી નથી, પણ સ્વભાવની જ ભાવના હોય છે.

જ્ઞાનીને ક્યારેક અશુભભાવ પણ હોય છે, પણ તેનાથી મને લાભ નથી એમ તે જાણે છે. તેથી જ્ઞાનીને તેની ઇચ્છા નથી. આમ જેને પર પદાર્થ તથા પુણ્ય-પાપની ભાવના નથી એવા જ્ઞાનીના સાચા સ્વરૂપને સમજે તો પરથી અતડો થઈ જાય એટલે કે પરથી શુષ્ક થઈ જાય છે. પરપદાર્થનો અંતરમાં આદર રહેતો નથી. જ્ઞાનીને મિથ્યાશ્રદ્ધાનો આદર હોતો નથી. જેને સ્વભાવનો આદર વર્તે છે, તેવા જ્ઞાનીને પૂર્ણતા ન હોય ત્યાંસુધી વિકલ્પ આવતાં તે ગુણી પુરુષોનો આદર કરે છે, તે આદર ખરેખર તો પોતાના ગુણનો છે. સામે કેવળજ્ઞાની છે, માટે જ્ઞાનીને રાગ થતો નથી. તેમના કારણે જો રાગ થાય તો રાગરહિત કોઈ દિવસ થઈ શકે નહિ, કેમ કે પરપદાર્થ તો કાયમ હોય છે અને રાગ છૂટે નહિ; તો રાગરહિત દ્રષ્ટિ પણ થઈ શકે નહિ. દેવગુરુશાસ્ત્રની ભાવના હોય તો રાગરહિત સ્વભાવની ભાવના રહેતી નથી તેમ જ્ઞાનીને પરપદાર્થની ભાવનાવાળો રાગ નથી. જ્ઞાનીને અલ્પ રાગ હોય છે ખરો, પણ તે નબળાઈનો હોય છે. સબળાઈના ભાને તેનો નાશ થાય છે.

## જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી, તે તેનો જ્ઞાયક છે

ઇચ્છાની હયાતિમાં ઇચ્છાનો સદ્ભાવ જ્ઞાનીને ભાસતો નથી, પણ જ્ઞાયક ભાવનો જ સદ્ભાવ ભાસે છે. રાગના આદરમાં ત્રિકાળી સ્વભાવ જે રાગરહિત છે—તેનો આદર રહેતો નથી. 'રાગ જેટલો જ હું' તે પર્યાયબુદ્ધિ છે, માટે તે છોડવા જેવી છે. વાત છે સમજવાની અને અંતર અનુભવ કરવાની. આ વાતનો બીજાની સાથે મેળ ખાય એમ નથી. મથુરાનો પેંડો ન્યારો છે.

વસ્તુની પ્રતીતિ થઈ, પછી અસ્થિરતાનો જે રાગ થાય છે, તેનો આત્મા જ્ઞાયક જ છે. અજ્ઞાનીને પુણ્ય-પાપની ભાવના હોય છે. તે કાયમ રહે

એમ તે ઇચ્છે છે. જ્ઞાનીની ભાવનામાં ફેર છે. જ્ઞાની કેવળ જ્ઞાયક જ છે. તે પાપને જાણે છે. ખરેખર તો પોતાના જ્ઞાનને જાણે છે. એમાં પાપ જણાય છે. તેથી વ્યવહારે પાપને જાણે છે એમ કહ્યું છે. જ્ઞાયક તરફ જ્ઞાન ઢળે છે ત્યારે જ્ઞાન ખીલે છે. તે ખીલેલા જ્ઞાનનો સ્વભાવ સ્વ—પર જાણવાનો છે ને તેથી જ્ઞાન પાપને જાણે છે.

ધીરેથી વિચાર કરો. આ જીવે નરકનાં દુઃખો પણ અનંતી વાર અનુભવ્યાં છે. ભલે વર્તમાન તે અનુભવમાં આવતા નથી, પણ આત્મા ધ્રુવ નિત્ય પદાર્થ છે, તે અનાદિથી એક જ ઠેકાણે રહ્યો નથી. નરકમાં પણ જઈ આવ્યો છે. વળી અહીં પણ પ્રત્યક્ષ અત્યંત તીવ્ર વેદના જોવામાં આવે છે. શરીરમાં શીતળાના દાણા નીકળ્યા હોય છે અને તેના દાણે દાણે ઇયળો પડે છે, તે વખતે પ્રત્યક્ષ નરકના જેવી તીવ્ર વેદના દેખાય છે ને અત્યંત દુઃખી હોય છે. તેને એમ લાગે છે કે આવા પાપ મેં ક્યારે કર્યા હશે. આ ભવમાં તો કર્યાં નથી. આવા દુઃખમય અનંત અવતાર કર્યા પણ આત્માને સમજ્યા વગર આરો આવ્યો નહિ. આત્માને સમજે તો તેના ખ્યાલમાં આવે કે નરકમાં પણ જે વેદના છે; તે શરીરની કે પર પદાર્થની નથી પણ પોતાની મમતાનું દુઃખ છે. પોતે અરતિભાવ કરે છે, તેનું દુઃખ છે.

કદાચ પૂર્વનાં પુણ્યના કારણે સ્ત્રી, પુત્ર, પૈસા, શરીર સારું વગેરે મળ્યાં હોય અને તેમાં રતિભાવ કરે છે, તે દુઃખ છે અને કદાચ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિના ભાવો કરે તો તે શુભભાવરૂપ દુઃખ છે. દરેકને પોતાના શુભ-અશુભના વેદનનું દુઃખ છે, પણ સંયોગનું કોઈને દુઃખ નથી આ રીતે રતિ, અરતિ અને શુભભાવ તે દુઃખ છે, તેનાથી રહિત આત્મા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા છે, તેને જાણ્યા વગર સુખી થવાનો ઉપાય નથી.

## પરચીજના અવલંબને જીવનાર પરાધીન છે તેને સ્વપ્ને પણ સુખ હોય નહિ

જ્ઞાનીને પાપનો ભાવ હોય છે. તે નબળાઈથી થયેલો ભાવ છે. સ્વભાવનું અવલંબન જ્ઞાનીને ક્યારેય પણ છૂટતું નથી. જ્ઞાની પરની ભાવના કરનાર નથી, પરનો જ્ઞાયક જ છે અહીં પરનો જ્ઞાયક છે એમ જે સિદ્ધ કર્યું છે, તે પણ વ્યવહારથી છે. અહો ભગવાન ! તારા ચૈતન્યને એકવાર તો સંભાર! પર પદાર્થના સ્વામીપણામાં સ્વપ્ને પણ સુખ નથી. ચિદાનંદ ત્રિકાળી ધ્રુવ સ્વભાવના ભાનમાં જે રાગ થાય છે, તેનો જ્ઞાની

જાણનાર છે. આ શુષ્કતા નથી. પણ લીલોછમ જેવો મોક્ષમાર્ગ છે. "એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ" તે પરમાર્થના પંથમાં પૂર્ણદશા નથી ત્યાંસુધી રાગભાવ હોય છે ખરો પણ જ્ઞાનીને તેનો આદર નથી.

## (૧) જ્ઞાની રાગને ઇચ્છતો નથી માટે તેને રાગની પક્કડ નથી તે રાગનો જ્ઞાયક જ છે

પુણ્ય-પાપનો પરિગ્રહ જ્ઞાનીને નથી. તે બે ગાથામાં વાત કરી. પ્રથમ ધડાકો કર્યો કે પુણ્ય-પાપ તે હું નહિ. હું તો જ્ઞાયક જ છું. હવે સોળ બોલ કહે છે, તેમાં પ્રથમ રાગની વાત કરે છે. ધર્મીને અલ્પ રાગ થાય છે પણ તે પરચીજને લઈને થતો નથી અને પોતાના સ્વભાવમાં તે નથી એટલે રાગનો રાગ જ્ઞાનીને નથી. જ્ઞાનીને ચૈતન્ય સ્વભાવની ભાવના છે. રાગની હયાતી જેટલો આત્મા નથી—તેવી પ્રતીતિ કરવી તે ધર્મ છે. જ્ઞાનીને આ રીતે રાગ હોવા છતાં તેની પક્કડ નહિ હોવાના કારણે તે રાગનો જાણનાર છે.

## (૨) જ્ઞાની દ્વેષને ઇચ્છતો નથી માટે તેને દ્વેષની પકડ નથી તે દ્વેષનો જ્ઞાયક જ છે

ધર્મીને અલ્પ દ્વેષ હોય છે પણ રુચિપૂર્વકનો દ્વેષ જ્ઞાનીને હોતો નથી. ધર્મીને નામે કોઈ ખોટી વાતો કરતો હોય તો તે સાંભળી ધર્મીને દ્વેષ થાય છે ખરો પણ તે દ્વેષ પરના કારણે થાય છે, એમ તે માનતો નથી અને દ્વેષને ઇચ્છતો પણ નથી, પણ દ્વેષનો જ્ઞાયક જ છે. જ્ઞાનીને દ્વેષ વખતે પણ સ્વભાવનું અધિકપણું વર્તે છે. દ્વેષનું થવું થતું નથી. દ્વેષનો ઉત્પાદ થયો તેનો તે સમયે નાશ થઈ શકતો નથી કેમ કે જે સમયે ઉત્પાદ થયો તે સમયે તેનો વ્યય થતો નથી. તેવી રીતે ભ્રાંતિ થાય કે રાગ થાય તેનો નાશ તે સમયે થતો નથી પણ બીજે સમયે સ્વભાવનું લક્ષ વર્તે છે અને દ્વેષ, રાગ કે ભ્રાંતિની ઉત્પત્તિ થતી નથી, તેનો નાશ કર્યો કહેવાય છે. અહીં તો કહેવું છે કે રાગ કે દ્વેષ થાય છે, તે વખતે જ્ઞાનીને વિકારની પૃથક્બુદ્ધિ વર્તે છે, તેથી તેને શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે અને દ્વેષ છે, તેનું જ્ઞાન કરે છે. રાગદ્વેષને જીતવો પડતો નથી પણ આ રીતે રાગદ્વેષ જીતાઈ જાય છે અને કર્મનું જીતવું તો આત્મામાં છે જ નહિ કેમકે તે પરવસ્તુ છે. સ્વભાવનું લક્ષ થતાં વિકાર થતો નથી અને નવું કર્મ બંધાતું નથી, તેને રાગ અને કર્મનો

નાશ કર્યો એમ કહેવાય છે. કર્મનો નાશ કર્યો તેમ કહેવું તે અસદ્‌ભૂત ઉપચારનયનું કથન છે.

અજ્ઞાની રાગદ્વેષનો નાશ કરવા માટે બહારના ઉપાયો કરીને મરી ગયો પણ આત્મવસ્તુ હાથ આવી નહિ અને યથાર્થ રાગદ્વેષનો નાશ થયો નહિ પણ જે રાગદ્વેષ થાય છે, તે પરવસ્તુના કારણે થતા નથી. સ્વભાવમાં તે નથી, પણ વર્તમાનમાં દોષથી થાય છે. તેને હું ટાળું એવો ભાવ પણ જ્ઞાનીને હોતો નથી, પણ સ્વભાવ જ્ઞાતા ચૈતન્ય છું, તે તરફ ઢળતાં રાગદ્વેષની ઉત્પત્તિ જ થતી નથી. તેથી જ્ઞાનીને દ્વેષની ભાવના નથી. તે દ્વેષનો જાણનાર છે. આ રીતે રાગદ્વેષનો અભાવ જ્ઞાનીને વર્તે છે. જેટલો રાગદ્વેષનો અભાવ થયો છે, તેટલા તે પ્રકારનાં નિમિત્તોનો સંયોગ પણ જ્ઞાનીને હોતો નથી. છતાં પણ રાગનો અભાવ થયો છે માટે સંયોગો નથી એમ પણ નથી—એમ જ્ઞાની જાણે છે.

## જ્ઞાની ક્રોધને ઇચ્છતો નથી માટે તેને ક્રોધની પક્કડ નથી તે તેનો જ્ઞાયક જ છે

અલ્પ ક્રોધ જ્ઞાનીને હોય છે ખરો. લડાઈમાં હાથીના હોદ્દા ઉપર હોય અને હથિયાર વડે લડાઈ કરતો દેખાય છે. તે વખતે અલ્પ ક્રોધના ભાવ હોય છે. તે ક્રોધ દુશ્મન છે, માટે થયો છે એમ જ્ઞાની માનતો નથી. સ્વભાવમાં તે ક્રોધ નથી પણ તે નબળાઈના કારણે થયો છે. તેની જ્ઞાનીને ભાવના હોતી નથી. તે તેનો જ્ઞાયક જ છે. જ્ઞાની એવી ભાવના ભાવતો નથી કે લડાઈ કાયમ રહો અને મારો ક્રોધ પણ ટકી રહો. તેને સ્વભાવની ભાવનામાં ક્રોધની ભાવના હોતી નથી પણ તે ક્રોધનો જાણનાર જ રહે છે.

# પ્રસાદ નં. ૨૩૬

## સમયસાર ગાથા ૨૧૧

(જેઠ વદ ૭ સોમવાર, ૨૦૦૭)

અહીં અધિકાર નિર્જરાનો ચાલે છે. તેમાં જ્ઞાની પરને ઇચ્છતો નથી. તેના સોળ બોલ ચાલે છે. તેમાં રાગાદિ બાર બોલ આવી ગયા છે, તેરમો બોલ કહે છે.

## (૧૩) ધર્મી જીવ આંખને ઇચ્છતો નથી કેમ કે તે પર વસ્તુ છે, તેથી જ્ઞાનીને આંખનો પરિગ્રહ નથી

આંખ પરમાણુની બનેલી છે, તેને જ્ઞાની ઇચ્છતો નથી. આત્મા ચિદાનંદ છે એવું ભાન થયું એટલે આંખ હોય તો મને ઠીક અને ન હોય તો અઠીક—એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. આંખ એક ચીજ છે ખરી પણ તેનાથી આત્મા દેખાય છે કે લાભ થાય છે એમ નથી. તેથી જ્ઞાનીને તેની ભાવના નથી. અજ્ઞાની સ્વસત્તાને ભૂલે છે એટલે પરમાં પોતાપણું માને છે. વળી પંડિતો છે, તે શાસ્ત્રાભ્યાસ કરીને શાસ્ત્રને પરિગ્રહ બનાવે છે. સંસારી હોય તો સંસારની ચીજોને પરિગ્રહ બનાવે છે અને ત્યાગી હોય તો શરીર, વાણી, મનાદિમાં તેનાથી ધર્મ થાય એમ માની તેને પરિગ્રહ બનાવે છે અને પુણ્યભાવથી લાભ થાય એમ માની તેને પરિગ્રહ બનાવે છે. જ્ઞાની ધર્માત્માને જ્ઞાતા સ્વભાવની દ્રષ્ટિ હોવાથી, આંખની કે પરચીજની ભાવના હોતી નથી, તે માત્ર આંખનો જાણનાર રહે છે.

કોઈ કહે આ તો નિશ્ચયની વાત કરી પણ વ્યવહાર શું છે ? તો તેને કહે છે કે આંખ છે એમ જાણવું તે વ્યવહાર છે અને આંખ તરફ લક્ષ જાય અને નબળાઈનો રાગ થાય તેને જાણવો તે વ્યવહાર છે પણ આંખ અને રાગથી મને લાભ થાય, એમ માનવું તે વ્યવહાર નથી, તે તો મિથ્યાત્વ છે. જ્ઞાની તેમ માનતો નથી. આંખમાં મોતિયો આવ્યો હોય અને ઉતરાવે ને આંખ સારી થાય તેથી આત્માને લાભ થાય એમ જ્ઞાની ભાવના ભાવતો નથી. આંખની અવસ્થા તો પરમાણુ જડની છે. તે અવસ્થાથી આત્માને લાભ થાય એમ જ્ઞાની માનતો નથી. આત્માની શાંતિ અંતરમાંથી આવે છે, બહારથી આવતી નથી. આમ સમજ્યા વગર અનાદિથી પરથી શાંતિ મળે છે એમ અજ્ઞાની માની રહ્યા છે. તે માન્યતા જેને છે, તે પછી ભલે પંડિત હોય કે ત્યાગી હોય કે સંસારી હોય તો તે બધા સરખા છે; એકેયને ધર્મ થતો નથી.

## (૧૪) જ્ઞાની નાકને ઇચ્છતો નથી કેમ કે જ્ઞાની તેને આત્માની ચીજ માનતો નથી તેથી તે તેનો જ્ઞાયક જ છે

ધર્મી જીવ સમજે છે કે નાક પુદ્‌ગલ પરમાણુની અવસ્થા છે. તે હોય તો આત્માને લાભનું કારણ થાય તેમ તે માનતો નથી. નાક હોય તો સારી સુગંધ લેવાય અને આત્માને ઠીક પડે તેવી ભાવના જ્ઞાનીને હોતી નથી. જ્ઞાનીને નાક હોય છે ખરું અને તે પ્રકારનો રાગ પણ હોય છે પણ રાગની અને નાકની તેને ભાવના નથી, તે તેનો માત્ર જાણનાર છે.

## (૧૫) જીભને જ્ઞાની ઇચ્છતો નથી, તેથી જીભનો પરિગ્રહ જ્ઞાનીને નથી

જીભ હોય તો સ્વાદ લઈ શકાય અને એથી આત્માને લાભ થાય એમ જ્ઞાની માનતો નથી, કેમ કે જીભ કાંઈ આત્માની ચીજ નથી અને જીભથી સ્વાદ લેવાય છે, એમ પણ જ્ઞાની માનતો નથી. જીભ અને તેના પ્રત્યેનો અલ્પ રાગ જ્ઞાનીને હોય છે પણ તે બન્નેને જ્ઞાની ઇચ્છતો નથી. જ્ઞાનીને રાગની અને જીભની પકડ નથી. તે તેનો માત્ર જાણનાર છે.

## (૧૬) સ્પર્શને ધર્મી ઇચ્છતો નથી માટે તેને સ્પર્શનો પરિગ્રહ નથી

સ્પર્શ તે પુદ્‌ગલ છે, તે આત્મા નથી. તેની ભાવના જ્ઞાનીને નથી. જ્ઞાની ચિદાનંદ આત્માની ભાવના ભાવે છે અને તે સ્વભાવના અવલંબને શાંતિ થાય છે, તેથી જ્ઞાનીને સ્પર્શની ભાવના નથી. તે સ્પર્શનો જ્ઞાયક જ છે.

એ રીતે સોળ શબ્દો મૂકી સોળ બોલ કહ્યા, જ્ઞાની તેને ઇચ્છતો નથી તેમ કહ્યું છે.

હવે જ્ઞાનીને આહારનો પરિગ્રહ નથી. જ્ઞાનીને આહાર લઉં એવી ઇચ્છા નથી, તે હવેની ગાથામાં કહે છે :—

### ગાથા—૨૧૨

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

**અન્વયાર્થ :—**અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની અશનને (ભોજનને) ઇચ્છતો નથી તેથી તે અશનનો પરિગ્રહી નથી. (અશનનો) જ્ઞાયક જ છે.

**ટીકા :**—ઇચ્છા પરિગ્રહ છે, ચૈતન્ય ભગવાન આત્મામાં વૃત્તિનું ઉત્થાન થઈને આ પર વસ્તુ લાભદાયક છે, તે પરિગ્રહ છે. ઇચ્છાની ઇચ્છા થવી, તે અજ્ઞાનમય ભાવ છે ને તે પરિગ્રહ છે; જ્ઞાનીને એવો પરિગ્રહ હોતો નથી. જ્ઞાનીને જ્ઞાનમય ભાવ હોય છે. તેથી જ્ઞાનીને આહારની ઇચ્છા નથી. તે આહારનો જ્ઞાયક જ છે. ચિદાનંદની ભાવનામાં જ્ઞાનીને આહારની ભાવના નથી. જેમ બાળકને નાનો સર્પ કરડે ત્યારે તેને ઘી ખાંડ ખાવા આપે છે, તેથી બાળક ખુશી થાય છે પણ તેને ખબર નથી કે આ તો રોગ ઉપર દવા છે. તેમ અજ્ઞાનીને પુણ્યના ફળમાં મીઠાશ લાગે છે પણ જ્ઞાની તેને ઇચ્છતો નથી. રોગ અને રોગના ઉપચારને તે ઇચ્છતો નથી. પુણ્ય-પાપનો વિકલ્પ ઊઠે પણ એની ભાવના જ્ઞાનીને નથી. સ્વરૂપ રમણતાની કચાશને લીધે આહારનો વિકલ્પ મુનિને પણ હોય છે પણ તેની ભાવના હોતી નથી. જ્ઞાની તેનો જ્ઞાતા જ રહે છે.

જ્ઞાની ચક્રવર્તી હોય, તેના ભોજનની તૈયારી માટે ૩૬૦ દિવસના ૩૬૦ તો બુદ્ધિશાળી અમલદારો હોય છે. બાર મહિને એક દિવસ એનો વારો આવે ત્યારે તે અમલદાર તેના નીચેના માણસો પાસે ભોજન સામગ્રી તૈયાર કરાવે. હજાર ગાયનું દૂધ સો ગાયને પાય અને સો ગાયનું દૂધ દશ ગાયને પાય અને દશ ગાયનું દૂધ એક ગાયને પાય. આવી ગાયના દૂધનો દૂધપાક બનાવે. બત્રીસ જાતનાં ભોજન તૈયાર થાય ને એવાં ભોજન ખાવા છતાં તે ભોજન ને ઇચ્છતો નથી. તેની રુચિ અંતરમાં નથી. તેથી તેને ભોજનનો પરિગ્રહ નથી પણ તે ભોજનનો જ્ઞાયક જ છે.

**ભાવાર્થ :**—જ્ઞાનીને આહારની પણ ઇચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. અહીં પ્રશ્ન થાય છે કે :–આહાર તો મુનિ પણ કરે છે, તેમને ઇચ્છા છે કે નહિ ? ઇચ્છા વિના આહાર કેમ કરે ? નગ્ન દિગંબર ભાવલિંગી મુનિ છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય, જંગલમાં રહેતા હોય, રોમેરોમે વૈરાગ્ય દેખાતો હોય, અંતર રમણતા ઘણી વધી ગઈ છે. તે મુનિદશા છે. જેમને કેવળજ્ઞાનદશા હોય છે, તેમને રોગ, ક્ષુધા આદિ હોતા નથી. સ્ફટિક જેવું શરીર હોય છે, તેમને આહારની ઇચ્છા હોતી નથી. એટલે કેવલીને આહાર હોતો નથી. પણ મુનિદશા તે અધૂરી દશા છે. એમાં આહારની ઇચ્છા હોય છે અને આહાર પણ હોય, તો તેને ઇચ્છા નથી—એમ કેમ કહ્યું ? જો ઇચ્છા ન હોય તો આહાર ઉપર લક્ષ જાય નહિ અને આહાર પણ સંભવે નહિ.

**<u>સમાધાન :</u>**—મુનિને અશાતા વેદનીય કર્મના ઉદયથી, જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે. ક્ષુધા જે દેખાય છે, તે તો જડની પર્યાય છે. પૂર્વે અશાતા વેદનીય કર્મ બંધાયેલ, એનો ઉદય આવ્યો તે વખતે શરીરમાં ક્ષુધા દેખાય છે. જ્ઞાની જાણે છે કે આત્માને ક્ષુધા હોતી નથી. તે શરીરની અવસ્થામાં ક્ષુધા દેખાય, તે વખતે વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી એટલે કે આત્મામાં હજુ વીર્ય પૂર્ણ ઊઘડ્યું નથી અને નબળાઈ છે, તેથી મુનિ ધર્માત્મા છે છતાં જરા અસહનશીલતાનો ભાવ આવી જાય છે ત્યારે વીર્યાંતરાય કર્મને નિમિત્ત કહેવાય છે. વીર્યાંતરાયના ઉદયથી વેદના સહી શકાતી નથી, એ વ્યવહારનું કથન છે. પણ ખરેખર તો પોતે સહન કરી શકતો નથી ત્યારે નિમિત્ત વીર્યાંતરાય કર્મ છે અને ચારિત્ર મોહના ઉદયથી આહાર ગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

આત્મ સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. તે ચારિત્ર દશા પૂર્ણ ન હોય ત્યારે નબળાઈના કારણે ઠરી શકતો નથી એથી મુનિને પણ આહારની ઇચ્છા હોય છે. તે ઇચ્છામાં ચારિત્ર મોહ કર્મનું નિમિત્ત છે. ઇચ્છા થઈ છે, તે તો દોષ છે, એમ મુનિ સમજે છે અને શરીરમાં જઠરાગ્નિ છે, તે જડની પર્યાય છે એમ તે જાણે છે ને જે ઇચ્છા થઈ છે, તેનાથી પોતાને લાભ થાય એમ તેઓ માનતા નથી અને આહાર ગ્રહણની ઇચ્છા થઈ છે માટે આહાર ગ્રહણ કરી શકાય, એમ પણ તેઓ માનતા નથી. તે ઇચ્છા કર્મનું કાર્ય છે એટલે કે મારું કાર્ય નથી એમ જ્ઞાની જાણે છે. આવું યથાર્થ જ્ઞાન જેને નથી તે મિથ્યાદ્રષ્ટિ જીવ બહારથી ક્રિયાકાંડમાં ચારિત્ર માને છે અને આ શુભભાવ તે ચારિત્રનો પુરુષાર્થ છે એમ તે માને છે. વળી તે માને છે કે સમ્યગ્દર્શન તો દૈવાધિન છે. આવું અજ્ઞાન હોવાથી તેને ધર્મ થતો નથી, સમ્યગ્દર્શન વગર ચારિત્ર હોય નહિ, શરીરની ક્રિયા કે પંચમહાવ્રતાદિના શુભ પરિણામ તે ચારિત્ર નથી એમ મુનિ સમજે છે. તે ઇચ્છાને કર્મનું કાર્ય સમજે છે. રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે. ઇચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઇચ્છા નથી તેથી જ્ઞાની ને ઇચ્છા નથી એમ કહ્યું છે.

## <u>રોગી રોગને ઇચ્છતો નથી, તેમ જ્ઞાનીને ઇચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઇચ્છા નથી</u>

જ્ઞાની ઇચ્છાને કર્મના ઉદયનું કાર્ય જાણે છે, આત્માના સ્વભાવનું કાર્ય જાણતો નથી, જેટલી ઇચ્છા દેખાય છે, તેટલું સ્વભાવનું કાર્ય ઓછું છે એમ તે માને છે. તે ઇચ્છાને રોગસમાન જાણી, મટાડવા ઇચ્છે છે. જેમ રોગ

આકરો થયો હોય અને ઘણા માણસો જોવા આવે માટે રોગી, કાંઈ રોગને ઇચ્છતો નથી તેમ ધર્મી ઇચ્છાને રોગ જાણે છે, તેથી તેને રાખવા માગતો નથી. આમ જ્ઞાનીને ઇચ્છા પ્રત્યે અનુરાગ નથી. જ્ઞાનમાં અંતર્લીન થવું એવી તેની ભાવના છે. ઇચ્છા સદા રહો એવી ભાવના નથી માટે જ્ઞાનીને અજ્ઞાનમય ઇચ્છા નથી. અસ્થિરતાની ઇચ્છા છે. પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી માટે જ્ઞાની ઇચ્છાનો પણ જ્ઞાયક જ છે. ઇચ્છાને જાણે છે. તે પણ વ્યવહાર છે. જેને ચૈતન્ય સ્વભાવનો આદર છે, તે તો જ્ઞાયક જ છે; પણ જેને સ્વભાવનો આશ્રય નથી તેની બધી ઇચ્છા અજ્ઞાનમય છે.

અજ્ઞાની ઉપવાસ કરે અને જેટલો પરિષહ પડે અને તેમાં દુઃખ સહન કરે તેટલો લાભ માને છે, પણ તે તો અણગમો છે—આર્તધ્યાન છે, તે ધર્મ તો નથી પણ પુણ્ય પરિણામ પણ નથી. અંતર્લીન થતાં ઇચ્છા તૂટી જાય તે ધર્મ છે—તેને ઉપવાસ કહે છે. કોઈ કહે કે આહાર કરવાથી પ્રમાદ થાય અને આહાર ન કરું તો પ્રમાદ ઓછો થાય તો તે વાત ખોટી છે કેમ કે આહાર તો પરચીજ છે, તેના કારણે આત્માની પ્રમાદ કે અપ્રમાદ દશા હોય નહિ. પોતે પ્રમાદ ભાવ કરે કે છાંડે, તે પોતાને આધીન છે. આહારને લીધે આત્મામાં પ્રમાદ ભાવ થતો નથી. પેટમાં આહાર પડ્યો હોય અને શ્રેણી માંડે ને કેવળજ્ઞાન થાય. પ્રમાદ છોડાવવા માટે નિમિત્તથી કહે કે આહાર ઓછો કરવો પણ ખરેખર આહારના કારણે પ્રમાદ થતો નથી.

હવે જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે.

## ગાથા ૨૧૩

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

**અન્વયાર્થ :**—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની પાનને ઇચ્છતો નથી તેથી તે પાનનો પરિગ્રહી નથી, (પાનનો) જ્ઞાયક જ છે.

**ટીકા :**—ધર્મીને ઇચ્છાનો પરિગ્રહ હોતો નથી. પાણી પીવાની ઇચ્છાની ઇચ્છા ધર્મીને નથી. પાણી પીધું તો તૃષા મટી એમ તે માનતો નથી. તૃષા વખતે પાણી ન આવ્યું માટે ધ્યાન બરાબર ન થયું અને પાણી આવ્યું હોત તો ધ્યાન થાત, એમ જ્ઞાની માનતો નથી. તેવી ઇચ્છાની તેને પકડ નથી. જ્ઞાનીને પાણીની ઇચ્છા હોવા છતાં સ્વભાવની અધિકાઈમાં પાણી પીવાની ઇચ્છાની અધિકાઈ હોતી નથી. જ્ઞાનીને જ્ઞાનમય ભાવો હોય

છે. ઇચ્છા વખતે જ્ઞાનાનંદ છું—એવું અંતરનું વેદન ખસતું નથી. જ્ઞાની ઠંડું પીણું પીતો હોય, કઢેલાં દૂધ પીતો હોય છતાં તેને અજ્ઞાનમય ઇચ્છા નહિ હોવાથી તેને ખરેખર તે પીણાની ઇચ્છા નથી માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી.

# પ્રસાદ નં. ૨૩૮

## <u>સમયસાર ગાથા ૨૧૩</u>

(જેઠ વદ ૮, મંગળવાર, ૨૦૦૭)

આ નિર્જરા અધિકાર છે. શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધતાનો નાશ થાય તેને નિર્જરા કહે છે. શ્રદ્ધા અંતર શુદ્ધ સ્વભાવને સ્વીકારે અને અંતર સ્વભાવ તરફ ઢળે તો શુદ્ધતા થાય. પરને લીધે ઠીક થાય એમ માને તે મિથ્યાશ્રદ્ધા છે, એમાં નિર્જરા થાય નહિ. ચૈતન્ય પદાર્થ જ્ઞાયક છે, તેની શ્રદ્ધા કરે તો પર પદાર્થમાં તથા પુણ્ય-પાપમાં સુખની કલ્પના ન થાય, તે શુદ્ધિ છે. ઉપવાસ આદિ કરી પર પદાર્થનો ત્યાગ કરે તેથી શુદ્ધિ થતી નથી. પર પદાર્થ મેં છોડ્યા કે ગ્રહ્યા એમ માનનારને રાગનું અવલંબન થયું પણ અરાગી દ્રષ્ટિ થઈ નહિ. અરાગી દ્રષ્ટિથી શુદ્ધિ થાય છે.

જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ હોવાથી પર તરફની દ્રષ્ટિ થતી નથી માટે તે પાણીને ઇચ્છતો નથી. ક્ષુધા વખતે પણ આસક્તિની ઇચ્છા સહનશીલતા નહિ હોવાથી થાય પણ જ્ઞાનીને તેની ભાવના નથી. જ્ઞાનીને પરચીજની ભાવના નથી. અજ્ઞાનીની દ્રષ્ટિ પર ચીજ ઉપર પડી છે એટલે તેને પરની ભાવના હોય છે. જ્ઞાનીને પાણીની ઇચ્છાની પકડ નથી તેથી અજ્ઞાનમય ઇચ્છા નથી. પાણી પીએ કે ન પીએ, એના ઉપર ધર્મીનું માપ નથી. આત્મા ચૈતન્ય શુદ્ધ છે, તેના અવલંબને પર ચીજ ઉપર લક્ષ જતું નથી ત્યારે જ્ઞાનીને તે પ્રકારના નિમિત્તોનો સંયોગ પણ દેખાતો નથી. જ્ઞાની સમજે છે કે પરવસ્તુનો તો આત્મામાં ત્રણે કાળે ત્યાગ જ છે છતાં આસક્તિની ઇચ્છા હોય છે પણ ભાવના હોતી નથી. તેથી જ્ઞાની પાણીનો પરિગ્રહી નથી પણ જ્ઞાયક જ છે.

**<u>ભાવાર્થ :</u>**—આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું. એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છે :

### <u>ગાથા—૨૧૪</u>

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

**<u>અન્વયાર્થ :</u>**—ઇત્યાદિ અનેક પ્રકારના સર્વ ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી; સર્વત્ર (બધામાં) નિરાલંબ એવો તે, નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે.

**ટીકા** :—પ્રથમ થોડા નામો આપ્યાં, એ સિવાયનાં બીજા પણ ઘણા પ્રકારના જે પરદ્રવ્યના ભાવો છે, તે બધાયને જ્ઞાની ઇચ્છતો નથી. વિષયવાસના, હાસ્ય, વગેરે જે ભાવો જ્ઞાનીને થાય છે, તેની પકડ તેને હોતી નથી માટે તેને તેનો પરિગ્રહ નથી. ધર્મીને પોતાના જ્ઞાનાનંદ સિવાય બીજે ક્યાંય શાંતિ ભાસતી નથી. ઇન્દ્રના ઇન્દ્રાસન પણ સડેલાં તરણાં જેવાં લાગે છે કેમ કે ચૈતન્ય જ્ઞાતા શુદ્ધ સ્વભાવનો ભંડાર છે. તેની દ્રષ્ટિમાં પુણ્ય-પાપ અને સામગ્રીને જ્ઞાની ઇચ્છતો નથી તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી.

## "જ્ઞાની સમસ્ત પરદ્રવ્યના ભાવોને ઇચ્છતો નથી માટે જ્ઞાની અત્યંત નિષ્પરિગ્રહી છે."

ઇન્દ્ર ત્રણ જ્ઞાનના ધણી છે. કરોડો ઇન્દ્રાણીઓ હોય છે, છતાં જ્ઞાનના આનંદ આગળ તે ઇન્દ્રાણી કે વૈભવને ઇચ્છતો નથી. તે સ્વભાવનો સ્વામી છે, તેથી તેને શુદ્ધતા થતી જાય છે. બધાં પર દ્રવ્યોના ભાવની ભાવના નથી. ત્રણલોકના નાથ, તીર્થંકરદેવ હોય કે તેમનું સમવસરણ હોય પણ જ્ઞાની તેને ઇચ્છતો નથી. કેમ કે તે પરદ્રવ્ય છે. ભગવાનને વારંવાર મળું એવી ઇચ્છા, તે પરદ્રવ્યની ઇચ્છા છે. જ્ઞાનીને તે ઇચ્છા નથી.

જ્ઞાની સ્તુતિ કરતાં કહે કે ભગવાન આપના ચરણ કમળમાં ભવોભવ અમે રહીએ, ભવોભવ તમારું શરણું હજો. તેનો અર્થ એવો છે કે અમોને એવો શુભભાવ હો કે અશુભ ભાવ થાય જ નહિ પણ શુભભાવ કાયમ રહેતો નથી. તેથી શુભભાવનો અભાવ થઈ શુદ્ધતા થઈ જાય—એવી ભાવના છે. જ્ઞાની સમજે છે કે આત્મામાં ભવ જ નથી તો ભવની ભાવના જ્ઞાનીને હોય જ નહિ. તેમ ભગવાન પણ પર દ્રવ્ય છે, પરદ્રવ્યની ભાવના જ્ઞાનીને હોતી નથી. ભવ તે વિકાર છે. વિકારની ભાવના નથી. જ્ઞાનીને ચૈતન્ય સ્વભાવની રુચિમાં ભવની ઇચ્છા નથી પરંતુ શુભભાવ પણ ટળી જાઓ અને શુદ્ધતા થાઓ તેની ભાવના હોય છે.

ઇચ્છા મલિન ભાવ છે, તો જ્ઞાનીને તેવી ભાવના હોય કે નિર્દોષ સ્વભાવની હોય ? મલિનતાની ભાવના હોય, તેને સ્વભાવની ભાવના રહેતી નથી. એક મ્યાનમાં બે તરવાર હોય નહિ તેમ જ્ઞાની સ્વભાવની ભાવના કરતો, અલ્પ રાગ થાય એની ભાવના નહિ કરતો રાગનું જ્ઞાન કરે છે, તેને વ્યવહાર કહેવાય છે. પણ રાગની ભાવના કરે તો નિશ્ચય કે વ્યવહાર

બેમાંથી એકેય રહેતો નથી. અજ્ઞાની લોકો માને છે એના કરતાં આ વાત ઊંધી છે પણ ભગવાન સર્વજ્ઞ દેવના ઘરની હોવાથી સત્ય છે. જગતને ન બેસે તેથી કાંઈ આ વાત ફરે એમ નથી.

ચક્રવર્તી હાથીના હોદ્દે બેઠો હોય, લડાઈ કરવા જાય, રસ્તામાં પડાવ નાખે અને દેવને હુકમ કરે કે ૪૮ માળનો બંગલો બનાવો, તે બે ઘડીમાં બંગલા બનાવે પછી હાથીના હોદ્દેથી નીચે ઊતરે ને બંગલામાં પ્રવેશ કરે આવો વૈભવ હોવા છતાં જ્ઞાનીને તેની ઇચ્છા નથી કેમકે ઇચ્છાની ઇચ્છા નથી, એટલે ભાવના નથી.

હજુ પૂર્ણ દશા થઈ નથી એટલે નબળાઈથી આસક્તિનો ભાવ આવે છતાં એની ભાવના નથી. ભગવાનની વાણી સાંભળું એવી પણ પકડ નથી. તેથી જ્ઞાની અત્યંત નિષ્પરિગ્રહી છે. મુનિપણું અને સિદ્ધદશા બન્ને પર્યાય છે અને બધી પર્યાયની ખાણ તો આત્મા છે. માટે જ્ઞાની આત્મ સ્વભાવની ભાવના ભાવે છે. આ રીતે દ્રષ્ટિથી જ્ઞાની અત્યંત નિષ્પરિગ્રહી થયો છે. ચૈતન્યમાં ડૂબકી મારે તેટલી શાંતિ છે. નબળાઈનો રાગ તે શાંતિ નથી. અજ્ઞાની નગ્ન થાય, જંગલમાં રહે, મુનિ થાય પણ તેને કાંઈ આત્મ લાભ નથી. પુણ્યના પ્રેમ સહિત ધર્મ કરનારને ધર્મ થતો નથી. ઇચ્છા વખતે તે ઇચ્છા ટકે એવી ભાવના અજ્ઞાનીને હોય છે, જ્ઞાનીને તે હોતી નથી.

હવે એ પ્રમાણે આ સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે, એવો સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને, નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો, સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.

## "જ્ઞાનીને સદાય શુદ્ધ આત્માનું અવલંબન હોવાથી તે સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવે છે."

જ્ઞાનીને પાંચમો આરો હોય તો પણ, ત્યાં નિરાલંબન થઈ આત્માનો આદર વર્તે છે અને વિકારનો આદર નહિ હોવાથી તે જ્ઞાનને અનુભવે છે. ભગવતી આરાધનામાં લખાણ આવે છે કે મુનિએ સંથારો કર્યો હોય, ત્યારે બીજા મુનિઓ ઉપદેશ આપે છે કે હે મુનિ ! અંતરમાં લીન થાઓ, છતાં ત્યાં પણ ખરેખર મુનિએ સ્વનું આલંબન છોડ્યું જ નથી. અજ્ઞાની માને છે કે ત્યાં સારો ઉપદેશ મળે તો અંતરમાં સ્થિરતા થાય, પણ અહીં તો કહે છે કે જ્ઞાની ચોથે આરે હોય કે પાંચમે આરે હોય, સમવસરણમાં હોય કે સાતમી નરકમાં

હોય, રોગમાં હોય કે નિરોગમાં હોય, પણ સર્વત્ર નિરાલંબન જ છે. અહીં 'સર્વત્ર' શબ્દ ઉપર વજન છે. સર્વત્ર એટલે પછી કોઈ કાળ કે કોઈ ક્ષેત્ર બાકી રહેતું નથી. તેથી આત્મજ્ઞાની બધે નિરાલંબન થઈને આત્માને અનુભવે છે.

અજ્ઞાનીને ભરોસો આવતો નથી કે હું જ્ઞાનાનંદ મૂર્તિ છું પણ વિકાર દેખાય છે, તેના ઉપર દ્રષ્ટિ છે. પણ પ્રત્યક્ષ છે કે પર્યાયો વીતી ગઈ અને હજુ નીકળવા છતાં પણ પર્યાયો ખૂટતી નથી. એવો અખૂટ ભંડાર ચૈતન્ય દ્રવ્ય છે, એમાં ખામી આવતી નથી. ચક્રવર્તીનાં નિધાન પણ ચક્રવર્તી જતાં પુણ્ય ફરી જાય છે એટલે પાછાં ખસી જાય છે. પણ પર્યાય અનંતકાળથી અનંતી થઈ, શ્રદ્ધાની, જ્ઞાનની, વીર્યની આદિ અનંતી પર્યાયો ગઈ છતાં તે પર્યાયો ખૂટતી નથી. એનો અર્થ એ છે કે આત્મા અખૂટ ભંડાર છે, તેનું ચૈતન્ય ધન ખૂટે એમ નથી. નિગોદ—બટાટા, સકરકંદ આદિમાં અનંતા ભવો કર્યા તે વખતે પણ અવસ્થા તો નવીનવી થતી જ રહેતી હતી. ચૈતન્યનું સર્વત્ર અવલંબન કરે તો નિમિત્તનું અને રાગનું અવલંબન રહે નહિ.

જ્ઞાન પુસ્તકથી ખીલતું નથી. જ્ઞાન સર્વત્ર નિરાલંબ છે. જ્ઞાનના ખીલવા વખતે શાસ્ત્રાદિ નિમિત્ત છે, એમ જાણવું પણ તે શાસ્ત્ર કે રાગ નિશ્ચય સ્વભાવને મદદ કરતાં નથી. જગતમાં પદાર્થ છે, તેનું જ્ઞાન કરવું. પણ છે માટે મદદરૂપ છે એમ ન સમજવું. વિષ્ટા પણ જગતમાં છે એટલે ખાવી જોઈએ એમ નથી પણ પરચીજ છે એમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે પણ પરચીજ આદરણીય છે એમ માનવું તે વ્યવહાર નથી. આત્મા સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્ય છે, પણ આત્માને સ્વભાવનું અવલંબન સર્વત્ર છે એમ જાણવું.

રોગ હોય કે નીરોગ હોય, ચક્રવર્તીનું રાજ્ય હોય કે નિર્ધનતા હોય, શુભભાવ હો કે અશુભભાવ હો, બધે વખતે જ્ઞાનીને નિરાલંબનપણું વર્તે છે. વ્યવહારથી બોલાય ખરું કે શુભ ભાવાદિનું અવલંબન છે કેમ કે હજુ રાગ છે, તેને જણાવવા માટે કહ્યું છે, પણ ખરેખર તેનું અવલંબન જ્ઞાનીને નથી. કારણ પરમાત્મા તું છો તો તને પરનું કોઈ કારણ નથી. વ્યવહારથી કારણ કહેવાય છે એનો અર્થ જ એ છે કે એમ નથી. એટલે કે તે શરણ નથી. પણ રાગ છે, તેને જણાવે છે. સત્સંગ હોય તો કલ્યાણ થાય એમ કહેવાનો હેતુ એ છે કે એનાથી કલ્યાણ થતું નથી. કલ્યાણ તો પોતાથી થાય છે પણ એ વખતે સત્સંગ નિમિત્ત છે, તેનું જ્ઞાન કરાવે છે.

પર પદાર્થનું અવલંબન કોઈ લઈ શકે નહિ પણ અજ્ઞાની પરનું અવલંબન માને છે. તે દલીલ કરે છે કે જો પરનું આલંબન નથી તો પછી ભગવાનની મૂર્તિનું શું કામ છે ? શાસ્ત્ર તો કહે છે કે આત્મા નિરાલંબી છે, તેને કહે છે કે :—દ્રષ્ટિ અપેક્ષાએ તે નિરાલંબન થયો છે પણ નબળાઈનો રાગ થાય છે. તેનું લક્ષ પ્રતિમા ઉપર જાય છે, તે વ્યવહારે જણાવ્યું છે, એથી કરીને પ્રતિમાનું આલંબન જ્ઞાની માને છે એમ નથી. જ્ઞાની ભગવાનને કહે પણ ખરો કે તમારો છેડો પકડ્યો તે પકડ્યો અમે હવે છોડશું નહિ, એમ ભાષામાં આવે. પણ દ્રષ્ટિમાં સમજે છે કે રાગનો કે પ્રતિમાનો છેડો મેં પકડ્યો જ નથી અને પરનું અવલંબન મારા સ્વરૂપમાં છે જ નહિ. હું તો નિયત ટંકોત્કીર્ણ જ્ઞાયક છું.

એક સમયમાં સ્વનો ને પરનો—બન્નેનો આદર હોઈ શકે નહિ. જ્યારે સ્વભાવનો આદર હોય ત્યારે પરભાવનો આદર હોતો નથી. સ્વભાવનો આદર હોવા છતાં પણ પૂર્ણતા નથી ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર હોય પણ ખરેખર તેનો આદર નથી. અજ્ઞાની માને છે કે દેવ-ગુરુ તો શુદ્ધ છે, તેમને માનવાથી અશુદ્ધતા કેમ થાય ? તો તેને કહે છે કે ભાઈ, દેવ-ગુરુ પર છે, તેમના તરફ લક્ષ જાય તે શુભભાવ છે અને તેમનાથી લાભ થાય એમ માનવાથી મિથ્યાત્વ થાય છે. એનું જ્ઞાન કરવાથી અશુદ્ધતા થતી નથી. સાક્ષાત્ વિજ્ઞાન ઘન થતાં અસ્થિરતાનો ભાવ હતો, તે છૂટતો જાય છે. જેમ ઘી ગરમ થયેલું હોય પણ હીમમાં મૂક્યું હોય તો ઘટ થતું જાય છે, એમ સ્વભાવદ્રષ્ટિ થતાં અંશે શુદ્ધિ થાય છે અને ચારિત્ર થતાં પૂર્ણ થાય છે.

**ભાવાર્થ :**—પુણ્ય, પાપ, આહાર, પાણી વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી કારણ કે સર્વ પરભાવોને હેય જાણે ત્યારે તેની પ્રાપ્તિની ઇચ્છા થતી નથી. પ્રથમ મોક્ષાભિલાષી સર્વ પરિગ્રહને છોડવા પ્રવૃત્ત થયો હતો. તેણે આ ગાથા સુધીમાં સમસ્ત પરિગ્રહ ભાવને છોડ્યો. એ રીતે સમસ્ત અજ્ઞાનને દૂર કર્યું અને જ્ઞાન સ્વરૂપ આત્માને અનુભવ્યો.

હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :

## કળશ—૧૪૬

**અર્થ :**—પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, પરંતુ રાગના વિયોગને લીધે (–અભાવને લીધે) ખરેખર તે ઉપયોગ પરિગ્રહ ભાવને પામતો નથી.

પૂર્વે બંધાયેલા કર્મના કારણે સામગ્રી મળે છે પણ વર્તમાન પુરુષાર્થથી તે મળતી નથી, તે વાત સિદ્ધ થાય છે. અહીં કર્મનું નિમિત્ત છે અને પોતાની યોગ્યતા છે, તેથી ''પોતાના કર્મ'' એમ કહ્યું છે. જ્ઞાનીને અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો હો પણ તે સંયોગોને ભોગવવાની તેની ભાવના નથી. જડને ભોગવતો નથી પણ રાગદ્વેષ ભાવને પણ જ્ઞાની ભોગવતો નથી; પણ અજ્ઞાની બહિર્દષ્ટિવાળો માને છે એટલે જ્ઞાનીને ઉપભોગ હોય એમ કહ્યું છે. અજ્ઞાનીને સાધારણ પુણ્ય હોય તો પણ તેની રુચિ વર્તે છે પણ જ્ઞાનીને ચક્રવર્તીના મહાન પુણ્ય હોય છતાં એમાં રુચિ થતી નથી અને આટલું બધું પુણ્ય ન હોય તો સારું, એમ દ્વેષભાવ પણ થતો નથી. સ્નેહની લાળ તૂટી ગઈ છે, તેથી ઉપભોગ હોવા છતાં પણ તે પરિગ્રહ ભાવને પામતો નથી. એ મારું છે એવી ભાવના જ્ઞાનીને થતી નથી, તેને ચૈતન્ય દ્રષ્ટિનો વિયોગ ક્યારેય પણ થતો નથી.

******************************************************

# પ્રસાદ નં. ૨૩૯

## <u>સમયસાર કળશ ૧૪૬ (ચાલુ)</u>

(જેઠ વદ ૯ બુધવાર, ૨૦૦૭)

આત્મા અનાદિનો છે. અજ્ઞાન દશામાં જે શુભાશુભ ભાવ કરેલાં તેનું નિમિત્ત પામીને નવું કર્મ બંધાયું હતું. તેનું ફળ આવે છે ત્યારે અજ્ઞાનીની રુચિ કર્મ ઉપર છે, તેથી તેને અધર્મ થાય છે અને જ્ઞાનીની રુચિ સ્વભાવ ઉપર છે. પૂર્વ કર્મના કારણે સંયોગો આવે તેની રુચિ નથી તેથી કર્મ ખરી જાય છે ને શુદ્ધિની વૃદ્ધિ થાય છે, તે નિર્જરા છે. આ ધર્મ છે. આ રીતે જ્ઞાનીને સંયોગ કે વિકારની રુચિ નથી. દૂધપાકની મીઠાશ આગળ જુવારના કુસકાની મીઠાશ લાગતી નથી. અજ્ઞાનીને બહારમાં જરા અનુકૂળતા દેખાય તો મીઠાશ લાગે છે. ધર્મી સંયોગને અનુકૂળ કે પ્રતિકૂળ માનતો નથી કેમ કે તે જ્ઞેય છે. તેનું અવલંબન જ્ઞાનીને નથી તેથી જ્ઞાનીને ધર્મ થાય છે અને અજ્ઞાની પરમાં મીઠાશ કરતો અધર્મને ઉત્પન્ન કરે છે.

## <u>“અજ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ હોવાના કારણે તે ઉપભોગ પરિગ્રહપણાને પામે છે.”</u>

**<u>ભાવાર્થ :—</u>**પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગ સામગ્રી પ્રાપ્ત થાય તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે. ચૈતન્યનું ભાન નથી, તે ભૂમિકામાં કર્મ બંધાયા વગર રહે નહિ. શાંત રસ રૂપ આત્માની રુચિ નથી. તે અજ્ઞાન જ છે અને અજ્ઞાનમય રાગ ભાવથી, કર્મ બંધ થાય, એનાથી બહારમાં સામગ્રી મળે, પાંચ-પચીશ લાખ રૂપિયા, વેવાઈ, સ્ત્રી, પુત્રાદિ મળે અને પ્રતિકૂળતાના સંયોગો પણ મળે. સ્ત્રી ન મળે, વાંઝીયો રહે, નિર્ધનતા હોય, રોગ થાય, તે બધું પૂર્વના કર્મના કારણે થાય છે. અજ્ઞાની તે સંયોગોમાં મીઠાશ માને છે, એ ચીજ મને મળી, એનો મારે ભોગવટો કરવો, એવી ભાવના અજ્ઞાનીને હોય છે. તેને જ્ઞાન સ્વભાવની ભાવના હોતી નથી.

કુંભારના નીંભાડામાંથી નીકળેલાં ફુટેલાં વાસણ હોય, તે પહેલાં પોતાના ઘરમાં વાપરવા કાઢે છે, તે સારાં વાસણ વાપરવા કાઢતો નથી એમ અનાદિનો અજ્ઞાની પુણ્ય-પાપ રૂપી ફૂટેલા ભાવોને પહેલાં વાપરે છે એટલે કે ચૈતન્ય સ્વભાવને ભૂલીને, પરની રુચિ કરીને પુણ્ય—પાપાદિ

ભાવોને વેદે છે. તે ચૈતન્ય નિધાનને વેદતો નથી. અજ્ઞાની સ્વભાવને વિષય બનાવતો નથી. પરને વિષય બનાવીને પૂર્વ કર્મના કારણે મળેલી ચીજમાં મમતા કરે છે.

## જ્ઞાનીને અજ્ઞાનમય રાગ ભાવ નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.

જ્ઞાનીને પુણ્ય-પાપની રુચિનો ભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું, તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું. હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી. આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઇચ્છા નથી, તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી. જ્ઞાની સમજે છે કે શરીરાદિ સામગ્રી તે પર છે અને પુણ્ય-પાપ વિકાર છે. હું ચિદાનંદ જ્ઞાન સ્વરૂપ છું. તેથી જ્ઞાનીને અજ્ઞાનમય રાગ નથી. અહીં તો કહે છે કે દ્રષ્ટિ ફેરે ધર્મ અને અધર્મ છે. સામગ્રીના ફેરે ફેર નથી. અજ્ઞાની હોય અને બહારમાં ત્યાગી દેખાતો હોય, જ્ઞાની હોય અને બહારમાં પુણ્યના ઢગલા દેખાતા હોય, પણ ધર્મીને તે પુણ્ય અને પુણ્યથી મળેલી સામગ્રી ઉપર રુચિ નથી. પૂર્વ પ્રારબ્ધના કારણે દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા હોય પણ તેનાથી લાભ માની તેને વિષય બનાવતો નથી. કેમ કે જો તેને વિષય બનાવે તો તે પરિગ્રહપણાને પામે. અજ્ઞાની સમવસરણમાં ભગવાનને પણ વિષય બનાવે છે અને જ્ઞાની ભગવાનને વિષય બનાવતો નથી. આનંદઘનજી આઠમા ભગવાનના સ્તવનમાં કહે છે કે :—

**દેખણ દેરે સખી મને દેખણ દે, ચંદ્ર પ્રભુ મુખ ચંદ્ર, સખી.**
**વનસ્પતિ અતિ ઘણ દિહા, સ૦, દીઠો નહીં દીદાર, સખી.**

એનો અર્થ એ છે કે :—હે સુમતિ સખી ! આત્માની નિર્મળ અવસ્થા દે. નિગોદ, કીડી, કાગડો આદિ ભવોમાં હું રખડ્યો પણ હે નાથ ! હે ચૈતન્યમૂર્તિ પ્રભુ ! મેં તારો દેદાર ક્યાંય ભાળ્યો નહિ. આ આત્માને સંબોધીને ભગવાન ઉપર તો આરોપ કર્યો છે. ચંદ્રસમ શીતળ પ્રભા આત્માની છે. તે આત્મા પુણ્ય-પાપમાં સંતાઈને બેઠો છે. તેનો દેદાર દેખ્યો નહિ—એમ જ્ઞાની આત્માનો વિષય કરે છે પણ ભગવાન કે જે પર છે, તેને વિષય બનાવતો નથી.

જ્ઞાનીને અજ્ઞાનમય રાગ નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી. ભગવાન આત્મા સિદ્ધસમાન અનંત ગુણનો સાગર છે. તેનું

જેને જ્ઞાન નથી, તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામે છે. ભગવાન અને ગુરુ પર છે, તેના ઉપર જેને રાગ છે, તેને આત્માની રુચિ નથી. અજ્ઞાની સમવસરણમાં બેઠો હોય અને ભગવાનની વાણી સાંભળતો હોય, તોપણ પરિગ્રહપણાને પામે છે. પોતે પોતાની જાતે પકડાણો છે, તેમાં ભગવાનની વાણીને નિમિત્ત બનાવે છે. હવે પોતાની મેળે સ્વભાવ દ્રષ્ટિ કરે તો તે વાણીને સ્વભાવદ્રષ્ટિનું નિમિત્ત કહેવાય છે, તે વ્યવહાર છે.

ચૈતન્ય આત્મા આનંદનો અખૂટ સાગર છે. તેની જેને દ્રષ્ટિ નથી તેની પ્રીતિ પર પદાર્થમાં અજ્ઞાનપૂર્વક થાય છે. જ્ઞાની જાણે છે કે પૂર્વકર્મ છૂટી જાય છે અને સંયોગો રહેતા નથી. તેથી તે ભવિષ્યમાં ભગવાન મળો—એવી વાંચ્છા પણ કરતો નથી કેમ કે મારો દેવાધિદેવ તો મારો આત્મા છે, એમ તે જાણે છે. અજ્ઞાની પર પદાર્થની વાંચ્છા કરે છે. જ્ઞાની પરદ્રવ્યની વાંછા કરતો નથી.

હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :—

## ગાથા—૨૭૫

**ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગ ભાવે જ્ઞાનીને,**
**ને ભાવી કર્મોદય તણી, કાંક્ષા નહિ જ્ઞાની કરે. ૨૧૫.**

**અન્વયાર્થ :**—જે ઉત્પન્ન અર્થાત્ વર્તમાન કાળના ઉદયનો ભાગ તે, જ્ઞાનીને સદા વિયોગબુદ્ધિએ હોય છે અને આગામી અર્થાત્ ભવિષ્યકાળના ઉદયની જ્ઞાની વાંછા કરતો નથી.

## જ્ઞાનીને ત્રણ કાળના ઉપભોગમાં રાગબુદ્ધિ તથા વાંછા નહિ હોવાના કારણે ઉપભોગ તે પરિગ્રહ નથી

કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો છે—ગયા કાળનો, વર્તમાનકાળનો અને ભવિષ્યકાળનો. તેમાં પ્રથમ, જે અતીત કાળનો ઉપભોગ વીતી ગયો હોવાના કારણે પરિગ્રહપણાને પામતો નથી. ભવિષ્ય કાળનો ઉપભોગ જો વાંછવામાં આવે તો જ પરિગ્રહપણાને પામે અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ, તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહપણાને પામે. પણ જ્ઞાનીને વર્તમાનમાં રાગબુદ્ધિએ ઉપભોગ નથી અને ભવિષ્યના ભોગની વાંછા નથી. તેથી જ્ઞાનીને ત્રણે કાળનો પરિગ્રહ નથી.

ધર્મીની દ્રષ્ટિમાં પૂર્વ ભોગની મમતા નથી, ભવિષ્યની વાંછના નથી, અને વર્તમાન ભોગમાં રાગબુદ્ધિ નથી કેમ કે ઇચ્છા કરે છે, તે મુજબની

પ્રાપ્તિ થતી નથી. તેથી ઇચ્છા મફતમાં જાય છે. ઇચ્છાનું ફળ બહારમાં આવતું નથી. અજ્ઞાની તે ઇચ્છાને વિષય બનાવે છે. ઇચ્છાથી, તીર્થંકરાદિ પણ મળતા નથી. તીર્થંકરાદિને મેળવવાની ઇચ્છા તે તો દુઃખ છે. તે ઇચ્છામાં સ્વભાવની શાંતિ ખોવાય છે. ઇચ્છા થાય તે જુદી વાત છે અને ઇચ્છાની ઇચ્છા થાય, તે જુદી વાત છે. જ્ઞાનીને ઇચ્છા હોય છે પણ ઇચ્છાની પ્રીતિ હોતી નથી. ભગવાનની પણ ઇચ્છા ન કરવી, તે ભગવાનનો વિનય છે કેમ કે કોઈપણ પ્રકારની ઇચ્છા ન કરવી એવી ભગવાનની આજ્ઞા છે. ઇચ્છાનો રાગ છે, તે રાગ કરવાની ભગવાનની આજ્ઞા નથી. આત્માની આરાધનામાં રાગની આરાધના ન હોય.

કોઈ સતી સ્ત્રીનો પતિ જુવાન હોય તેને કોઈ બહારવટિયો બાન તરીકે લઈ જાય અને પછી કહેવડાવે કે પચીસ હજાર રૂપિયા અમુક જગ્યાએ આપી જશો તો તેને છોડશું. હવે જ્યાં સુધી તે બાઈનો ધણી ઘરે ન આવે, ત્યાં સુધી તે બાઈ ખાય, પીએ, સૂવે વગેરે ક્રિયા કરવા છતાં તેના ઉપર તેને પ્રીતિ નથી. તે પતિના વિયોગે ઝૂરે છે. તે વિષયના પ્રેમ માટે નથી પણ પતિ ઉપર પ્રેમ છે, તેથી બેચેન રહે છે. તેમ જ્ઞાનીને આત્માની રુચિ હોવાથી તેને વિષયો ઉપર પ્રેમ હોતો નથી. સતી સીતાને રાવણ લઈ ગયો. ત્યાં રાવણ કહે કે તને રાજ આપું, તારો દાસ થાઉં પણ પતિના વિરહમાં તેના ઉપર પ્રીતિ નથી. દ્રૌપદી સતીને ઉંઘમાં પદ્મોત્તર રાજા લઈ ગયો. ત્યાં દ્રૌપદીને ઘણા પ્રકારે તે સમજાવે છે પણ તેને તેના ઉપર પ્રીતિ નથી. અહીં વ્યભિચારી સ્ત્રીની વાત નથી, પણ સતી સ્ત્રીની વાત છે, તેમ અહીં અજ્ઞાનીની વાત નથી પણ જ્ઞાનીની વાત છે કે ધર્મી પૂર્વ કર્મના નિમિત્તે મળેલી સામગ્રીમાં પ્રેમ ઉપજવા દેતો નથી. અજ્ઞાની વ્યભિચારી સ્ત્રીની પેઠે પરમાં મીઠાશ વેદે છે.

જેને વ્રતાદિની ભાવના છે, તેને રાગની ભાવના છે; તેને આત્માની ભાવના નથી. જેમ કોઈને દરરોજ ચૂરમાના લાડવા ખાવાની ટેવ પડી હોય અને પછી છોકરો વીશ વરસનો મરી જાય અને લાડવા ખાવા પડે પણ તેની મીઠાશ વેદે નહિ, તેની જેમ જ્ઞાનીને સંયોગોમાં મીઠાશ હોતી નથી. બહાર સંયોગોમાં ઊભો હોય એમ લાગે પણ જ્ઞાની રાગબુદ્ધિએ પ્રવર્તતો નથી.

**ઉપભોગ જ્ઞાનીને કેવળ હેય બુદ્ધિએ જ પ્રવર્તે છે, તેથી તેને તે ઉપભોગ ખરેખર પરિગ્રહ નથી અને ભવિષ્યના ઉપભોગની જ્ઞાનીને વાંછા નથી**

પ્રત્યુત્પન્ન એટલે વર્તમાનકાળનો ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે અને કેવળ વિયોગ બુદ્ધિ એ જ પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી માટે કર્મોદયથી મળેલી વર્તમાન સામગ્રી તે જ્ઞાનીને પરિગ્રહ નથી. અજ્ઞાની પુણ્ય-પાપની ઇચ્છા કરે છે અને તેથી ધર્મ માને છે પણ તે ભ્રમ છે. જેમ ઘેર બહારવટિયો આવ્યો હોય તો તે કાયમ આવે એવી ભાવના કોઈને હોતી નથી. તેમ જ્ઞાનીને અલ્પ રાગાદિના પરિણામ થાય છતાં તેને તે ઇચ્છતો નથી. જ્ઞાની ચક્રવર્તી અને તીર્થંકરાદિ સંસારમાં હોય છે પણ ઉદાસ રહે છે, તે સમજે છે કે અમારી ઋદ્ધિ તો ચૈતન્યમાં છે. બહારની સંપદા અમારી ચીજ નથી. જ્ઞાનીને ઉદાસભાવે ભોગવટો દેખાય પણ રાગભાવે ભોગવટો નથી.

જે અનાગત ઉપભોગ છે, તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી. અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી. કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા–તેનો અભાવ છે માટે અનાગત કર્મોદય—ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી. ભવિષ્યમાં દેવ થઈશું એવી જ્ઞાનીને ભાવના નથી. અજ્ઞાની દેવભવની વાંછા કરે છે અને વિચારે છે કે દેવ થઈશું પછી મહાવિદેહ ક્ષેત્રે ભગવાન પાસે જઈને ધર્મ કરશું. પણ અહીં તો ધર્મને સ્વીકારતો નથી તો તે ત્યાં જઈને પણ શું કરવાનો હતો ? જ્ઞાનીને કોઈ ક્ષણે ભવિષ્યના વિકારભાવ કે ઉપભોગની વાંછા થતી નથી.

**ભાવાર્થ :**—અતીત એટલે ગયા કાળનો કર્મોદય—ઉપભોગ તો વીતી જ ગયો છે. અનાગત ઉપભોગની વાંછા નથી; કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે, તેના આગામી ઉદયના ભોગની વાંછા તે કેમ કરે ? ધર્મી કે અધર્મી ને ગયા કાળની સામગ્રી હોતી નથી. છોકરો મરી ગયો હોય અને ઘણા માણસો ઘરે આવે, ત્યારે તે એમ વિચારતો નથી કે આટલા બધા માણસો મારા ઘરે કોઈ દિવસ આવતા નથી માટે આવો પ્રસંગ કાયમ રહેજો. હમેશાં આવું થાય તો સારું, એમ તે વિચારતો નથી. આવું સ્વપ્ને પણ હશો નહિ તેમ તે ઇચ્છે છે. તેમ જ્ઞાની ઉપભોગની સામગ્રીમાં રાગ થાય તેને તે ઇચ્છતો નથી. તે કાયમ રહેજો એવી ભાવના જ્ઞાનીને હોતી નથી.

## વર્તમાન ઉપભોગ પ્રત્યે જ્ઞાનીને રાગ નથી; કારણ કે જેને હેય જાણે તેના પ્રત્યે રાગ કેમ હોય ?

આ રીતે જ્ઞાનીને ત્રણે કાળસંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી. જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેગાં કરે છે, તે તો પીડા સહી શકાતી નથી, તેનો ઇલાજ કરે છે. રોગી જેમ રોગનો ઇલાજ કરે છે, તેમ આ નબળાઈનો દોષ છે. તાવ આવ્યો હોય અને કરિયાતાનો વાટકો પીએ તેથી કાંઈ તેની ભાવના ભાવતો નથી કે આ તાવ અને કરિયાતાનો વાટકો હંમેશા રહે તો સારું; તેમ જ્ઞાની રાગને અહિત જાણીને તેની ભાવના કરતો નથી. ધર્મીને પણ નબળાઈનો રાગ હોય છે. બહાર સામગ્રી પણ હોય છે. પોતાને રાગ છે માટે તે સામગ્રી ભેગી કરે છે એમ વ્યવહારથી કહેવાય. જ્ઞાની થાય એટલે તરત જ ત્યાગી થઈ જાય એમ નથી. પણ હજુ રાગ હોય છે ને તેનો તે રોગીની જેમ ઇલાજ કરે છે એમ કહેવાય છે. નબળાઈ છે, તેને જ્ઞાની જાણે છે. જે પ્રકારનો રાગ હોય તે પ્રકારનાં નિમિત્તોને કરે છે એમ વ્યવહારથી કહેવાયછે.

હવે પૂછે છે કે અનાગત કર્મોદય–ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી? તેનો ઉત્તર કહે છે :–

### ગાથા ૨૧૬

**રે ! વેદ્યવેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**–એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

**અર્થ :**–જે ભાવ વેદે છે (અર્થાત્ વેદકભાવ) અને જે ભાવ વેદાય છે (અર્થાત્ વેદ્યભાવ) તે બન્ને ભાવો સમયે સમયે વિનાશ પામે છે–એવું જાણનાર જ્ઞાની, તે બન્ને ભાવોને કદાપિ વાંછતો નથી.

આ ગાથામાં એમ કહે છે કે સ્વભાવદ્રષ્ટિ થઈ તેને વર્તમાન પર્યાયબુદ્ધિ નથી. હું સંયોગને ભોગવું અને તેના લક્ષે થતા રાગને ભોગવું એમ જ્ઞાની ઇચ્છતો નથી.

# પ્રસાદ નં. ૨૪૦

## સમયસાર ગાથા ૨૧૬

(જેઠ વદ ૧૦, ગુરૂવાર, ૨૦૦૭)

અહીં અધિકાર એ છે કે ધર્મરૂપ થનારની દ્રષ્ટિ ક્યાં છે ? પ્રશ્ન તો એ છે કે જ્ઞાની ઉપભોગને કેમ ભોગવતો નથી ? ભૂતકાળના ઉપભોગ તો વર્તમાનમાં નથી તેથી તેને ભોગવતો નથી અને વર્તમાન તો આત્મા શુદ્ધ ચૈતન્ય છે, તેની પ્રતીત હોવાથી વર્તમાન સામગ્રીની મમતા જ્ઞાનીને નથી. તેથી રાગબુદ્ધિએ જ્ઞાની ઉપભોગને ભોગવતો નથી. અજ્ઞાનીને વર્તમાન સામગ્રીનો પ્રેમ છે કે આ મળો અને આને ભોગવી લઉં, તેને સ્વભાવની દ્રષ્ટિ નથી. આ રીતે દ્રષ્ટિ ફેરે ધર્મ કે અધર્મ છે. જ્ઞાની ભૂતકાળના ઉપભોગ તથા વર્તમાનકાળના ઉપભોગને ભોગવતો નથી એ વાત ગાથા ૨૧૫માં આવી ગઈ છે. હવે ગાથા ૨૧૬માં ભવિષ્યના ભોગોને જ્ઞાની કેમ વાંછતો નથી ? તે વાત ચાલે છે.

## જ્ઞાની તો સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ સ્વરૂપ નિત્ય છે એવા ભાનમાં વેદ્ય-વેદક ભાવને ભોગવતો નથી

આત્મ-સ્વભાવ ધ્રુવ નિત્ય છે એવી જ્ઞાનીને દ્રષ્ટિ છે. તેથી તેને ક્ષણિક પુણ્ય-પાપ ભાવની તથા બાહ્ય સામગ્રીની રુચિ નથી. ધર્મ કરવો હોય તેણે સ્વભાવભાવની દ્રષ્ટિ કરવી જોઈએ. જે વર્તમાન પર્યાય, સામગ્રી તથા પુણ્ય-પાપની રુચિ કરે છે, તેને શાંતિ કે ધર્મ નથી. આત્મપદાર્થ છે, તેના બે પડખાં છે. પરપદાર્થ તો આત્મામાં ત્રિકાળ નથી પણ પોતાની અવસ્થામાં પુણ્ય-પાપાદિ થાય છે, તે ક્ષણિક પડખું છે અને આત્માનો સ્વભાવ જ્ઞાનાનંદ ધ્રુવ છે, તે બીજું પડખું છે. અજ્ઞાનીની રુચિ પર ઉપર છે સ્વભાવ ઉપર નથી. જ્ઞાની જાણે છે કે હું નિર્મળ-નિરુપાધિ સ્વરૂપ છું, જે શુભાશુભ લાગણી થાય છે, તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી, તેથી ત્રિકાળી ધ્રુવ સ્વભાવ ઉપર તેની દ્રષ્ટિ છે.

આત્મા પવિત્ર જ્ઞાયકભાવ સ્વરૂપ છે. તે નિત્ય પદાર્થ મારો મારાથી છે, તેમાં જ્ઞાનીની એકતા થાય છે, તેથી જ્ઞાનીને આત્મા નિત્ય છે એમ અહીં કહ્યું છે.

સંયોગથી કે પુણ્ય-પાપથી ઉત્પન્ન થાય કે નાશ પામે એવો ચૈતન્ય પદાર્થ નથી. પણ પુણ્ય-પાપથી લાભ ન થાય એવો તે પદાર્થ છે. વિકારની રુચિએ સ્વને પહોંચી શકાય નહિ. જ્ઞાની સમજે છે કે આત્મા તો જ્ઞાનાનંદ ધ્રુવ કઠણ પદાર્થ છે અને પુણ્ય-પાપાદિ તો ફૂ થઈને ઊડી જાય એવા ક્ષણિક અને પોચા છે. રાગદ્વેષ, કઠણ આત્મ સ્વભાવમાં પ્રવેશ કરી શકતા નથી. ધ્રુવ ચૈતન્ય પદાર્થ છું એની દ્રષ્ટિ એ ક્ષણે ક્ષણે પર્યાય નિર્મળ થઈને સ્વભાવમાં ભળતી જાય છે, તેથી આત્મા નિત્ય છે અને પર્યાય તેમાં અભેદ થાય છે.

અજ્ઞાની પુણ્ય-પાપાદિના ભાવોને જ દેખે છે પણ તેનાથી રહિત સ્વભાવદ્રષ્ટિ કરતો નથી. તેથી તેને ધર્મ થતો નથી. આત્મા નિત્ય છે અને વેદ્ય-વેદકભાવો અનિત્ય છે. વેદ્ય એટલે કે વર્તમાન ઇચ્છા થઈ કે હું મકાન બંધાવું, આબરૂ કાઢું, છોકરાને પરણાવું—તેવો વિકલ્પ થવો તે વેદ્ય ભાવ છે, તે રાગ છે અને દુશ્મનને હરાવું, પ્રતિકૂળ સંયોગને દૂર કરું આદિ વિકલ્પો તે દ્વેષભાવ છે. આ વિકલ્પો વખતે સામગ્રી હોતી નથી અને સામગ્રી આવે તે વખતે પહેલી વૃત્તિ હતી તે હોતી નથી. આમ ઇચ્છાને અને સામગ્રીને મેળ નહિ હોવાથી, જ્ઞાનીને સામગ્રી મેળવવા માટેની ઇચ્છા થતી નથી કેમ કે બન્ને ક્ષણિક છે. જ્ઞાનીને ધ્રુવ સ્વભાવનું અવલંબન છે, તેથી તે વેદ્ય વેદકભાવને ઇચ્છતો નથી.

આત્મા ધ્રુવ નિત્ય છે એની શ્રદ્ધામાં જ્ઞાનીને વેદ્ય-વેદકભાવ હોતો નથી—તે કહે છે. વેદ્ય એટલે પદાર્થોને મેળવવાની ઇચ્છા અને વેદક એટલે પદાર્થને ભોગવવાની ઇચ્છા; તે બન્ને એક સમયે હોતી નથી. કાળ ભેદ છે. જેમ કે રોટલીની ઇચ્છા થઈ, એ વખતે રોટલી નથી અને રોટલી આવી ત્યારે રોટલી મેળવવાની ઇચ્છા નથી. આવો મેળ ન હોવા છતાં અજ્ઞાની સામગ્રીને ઇચ્છે છે અને દુઃખી થાય છે. રોટલીની ઇચ્છા થઈને રોટલી આવી ત્યાં-પૂરી હોય તો ઠીક-એમ ઇચ્છાને અજ્ઞાની લંબાવ્યા જ કરે છે. ઇચ્છા અને સામગ્રીને મેળ નથી. વળી તે બન્ને ભાવો પલટતા હોવાથી જ્ઞાનીને તેની ઇચ્છા હોતી નથી.

ગાથા બહુ ઊંચી છે અને સારી છે. ધર્મ કોને અને કેવી રીતે થાય તે કહે છે. જ્યારે ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છા થઈ, તે વખતે ભગવાન નથી અને ભગવાન મળ્યા ત્યારે પ્રથમની ઇચ્છા હોતી નથી. ઇચ્છા અને સામગ્રીને મેળ નહિ હોવાથી જ્ઞાની તે વેદ્ય વેદક ભાવને ઇચ્છતો નથી અને તેને તે પોતાનું લક્ષ બનાવતો નથી. એ જ ધર્મ છે. અજ્ઞાની ઇચ્છાને લક્ષ

બનાવે છે માટે તેને ધર્મ થતો નથી. અજ્ઞાનીનું લક્ષ વર્તમાન રાગ ઉપર છે, તેથી સામગ્રી ઉપર તેનું લક્ષ જાય છે. ધર્મીને તો રાગનું પણ લક્ષ નથી તેથી સામગ્રી ઉપર તો તેનું લક્ષ જતું જ નથી, માત્ર સ્વભાવનું જ લક્ષ છે. આનું નામ સાચો ઉપ-વાસ (આત્માની સમીપે વાસ) છે અને તે નિર્જરા છે. મિથ્યાદ્રષ્ટિનું લક્ષ રાગ અને પર પદાર્થ ઉપર હોવાથી તેને શુદ્ધિ થતી નથી.

જ્ઞાની તો પોતાના દ્રવ્ય સ્વભાવનું અવલંબન કરતો હોવાથી વેદ્ય વેદક ભાવો જે ક્ષણિક અને વિભાવો છે, તેને વાંછતો નથી. ઇચ્છાનું નિરર્થકપણું જાણી જ્ઞાની ઇચ્છતો નથી. સમયે સમયે ઇચ્છા તો બદલાય છે માટે પૂર્વની ઇચ્છા નિરર્થક જાય છે. ચાની ઇચ્છા થઈ તે વખતે ચા નથી. ઇચ્છા તો એક સમય પૂરતી છે, એ રીતે ઇચ્છા નિરર્થક છે છતાં અજ્ઞાનીને એમ લાગે છે કે હું જૂની ઇચ્છાને ભોગવું છે ને તેથી સુખને વેદું છું, આ તેની ભ્રમણા છે. ઇચ્છાના કાળ વખતે વેદવાનો કાળ હોતો નથી અને વેદવા વખતે ઇચ્છા હોતી નથી. માટે તે વેદ્યવેદક બન્ને ભાવો નિરર્થક છે. જે ધ્યેય કરીને ઇચ્છા કરે છે, તે ધ્યેય, સામગ્રી વખતે હોતો નથી. માટે જ્ઞાની ધ્રુવ સ્વભાવને છોડતો નથી.

પૈસા કમાવાનો ભાવ થયો ત્યારે પૈસા મળતા નથી અને પૈસા મળ્યા ત્યારે કમાવાનો ભાવ નથી. માટે ઇચ્છા અને સામગ્રીને મેળ નથી. તને ઇચ્છા થઈ કે આ ભોગવું, તે વખતે ભોગવટો નથી અને ભોગવટાના ભાવ વખતે તે ઇચ્છા નથી-આ બન્ને ભાવો ક્ષણિક અને વિભાવ ભાવો છે, તેથી તે ભાવો જ્ઞાનીને હોતા નથી. જ્ઞાનીને માત્ર સ્વભાવ ભાવનું વેદન હોય છે, તેમાં સમય ભેદ હોતો નથી. અજ્ઞાનીને ઇચ્છા વખતે ભોગવટાનો કાળ નથી, તે ભોગવટાનો કાળ આવ્યો તે વખતે ઇચ્છા નથી. ઇચ્છા થઈ છે, તેની આકુળતાનું વેદન તો તે જ સમયે છે પણ પરને મેળવવાની અને પરના ભોગવટાની ઇચ્છા-બન્ને એકી સમયે હોતી નથી.

કોઈ એમ કહે કે રાજકોટથી સોનગઢ આવવાની ઇચ્છા થઈ માટે સોનગઢ અવાયું; તો તે બરાબર નથી, કેમ કે જે વખતે ઇચ્છા થઈ છે, તે જ વખતે તો સોનગઢ અવાયું નથી, છતાં તે ઇચ્છાને લંબાવે છે, તે નિરર્થક ભાવના છે. સોનગઢ આવ્યો ત્યારે તે ઇચ્છા હોતી નથી.

જે સમયે ઇચ્છા થઈ તે વખતે પદાર્થ હોતો નથી છતાં અજ્ઞાની પરની ભાવના ભાવે છે. જ્ઞાનીને જે વખતે સ્વભાવની ભાવના છે, તે વખતે જ તે સ્વભાવનો ભોગવટો કરે છે. તે ભાવના અને ભોગવટાને સમયભેદ

નથી અને વેદ્ય-વેદકભાવને તો સમયભેદ છે. તે વિભાવભાવ છે અને ક્ષણિક છે માટે જ્ઞાની તે ભાવને ઇચ્છતો નથી. જ્ઞાનીને નબળાઈના કારણે ઇચ્છા થાય છે, પણ તે ઇચ્છાને લંબાવતો નથી. જ્ઞાનીને ઇચ્છા થાય છે, તે જ્ઞાન કરવા માટે છે, ઇચ્છા માટે ઇચ્છા જ્ઞાનીને નથી.

પહેલાં ભાવ થયો કે દુશ્મનને મારું, તે કાળ આવ્યો ત્યાં પ્રથમનો ભાવ તો ચાલ્યો જાય છે. કેમ કે સમયે સમયે ઇચ્છા બદલી જાય છે, તેથી જ્ઞાની તેને ઇચ્છતો નથી, પણ સ્વભાવ ધ્રુવ છે, તેની ભાવના જ્ઞાનીને છે. જ્ઞાની કે અજ્ઞાની સામગ્રીને મેળવી શકતો નથી. તે આવવી કે ન આવવી તે તેના હાથમાં નથી છતાં અજ્ઞાની નિરર્થક ઇચ્છા કરે છે, જ્ઞાની તેવી ઇચ્છા કરતો નથી. જેને ધર્મ એટલે શાંતિ ને સુખ જોઈતું હોય અને સંસાર જે દુઃખરૂપ છે—તેનો અભાવ કરવો હોય તેના માટે આ વાત છે. જેને સંસાર અને દુઃખ રાખવા હોય તેના માટે આ વાત નથી.

વેદ્ય—વેદકભાવ ઉત્પન્ન થયો, તે બીજે સમયે રહેતો નથી, માટે ક્ષણિક છે. વેદ્યભાવ એટલે કે ઇચ્છા થઈ કે મને દેવગુરુશાસ્ત્ર મળે તો ઠીક, શરીર સારું રહે તો ઠીક અને દુઃખ ન મળે તો ઠીક, કેમ કે દુઃખમાં ભગવાન યાદ આવે છે. અજ્ઞાની આવી આવી કલ્પના કરે છે, તે વેદ્યભાવ છે, તે મૂઢતાનો ભાવ છે. જ્ઞાનીને તેવો ભાવ હોતો નથી. જ્ઞાનીને નબળાઈના કારણે વિકલ્પ ઊઠે પણ તેની વાંછના તેને હોતી નથી. ઇચ્છાનું લક્ષ બહાર જાય છે, એનાથી આત્માને લાભ નથી. વાંચવાની ઇચ્છા થઈ, ત્યારે પુસ્તક હોતું નથી અને પુસ્તક આવ્યું ત્યારે પહેલાની ઇચ્છા રહેતી નથી; તો તે વેદકભાવ કોને વેદે?

જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવ પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે, તો ત્યાં એમ છે કે તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ વેદકભાવ નાશ પામી જાય છે, પછી તે બીજા વેદ્ય ભાવને કોણ વેદે ? જો એમ કહેવામાં આવે કે વેદક ભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદક ભાવ તેને વેદે છે તો ત્યાં પણ એમ છે કે તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે, પછી તે બીજો વેદકભાવ શું વેદે ? આ રીતે ઇચ્છેલા ભાવનાના વેદનની અનવસ્થા છે, તે અનવસ્થાને જાણતો જ્ઞાની કાંઈપણ વાંછતો નથી. વેદ્યભાવ વખતે વેદકભાવ હોતો નથી અને વેદકભાવ વખતે બીજો વેદ્ય ભાવ હોતો નથી અને બીજો વેદ્યભાવ વખતે બીજો વેદકભાવ હોતો નથી, માટે વેદ્ય—વેદકભાવનો કોઈ રીતે મેળ ખાતો નહિ હોવાથી, જ્ઞાનીને વેદ્ય—વેદક ભાવની વાંછના હોતી નથી.

કોઈ કહે કે સંસારમાં રહેવું અને આ દ્રષ્ટિ કેમ થાય ? તો તેને કહે છે કે આત્મામાં વિભાવભાવ થાય છે, તે સંસાર છે અને એમાં જ રહેવું હોય તો આ દ્રષ્ટિ ન થાય. પણ વિકાર હોવા છતાં આત્મા ચૈતન્ય મૂર્તિ છે એવા સ્વભાવની શ્રદ્ધા કરે તો સંસારમાં છે જ નહિ. વાણી સાંભળવાની ઇચ્છા થઈ તે ઇચ્છા ક્ષણે ક્ષણે વિનાશપણાને પામે છે. તે ભાવના થઈ ત્યારે ભોગવટાની ભાવના હોતી નથી માટે જ્ઞાની ધ્રુવ સ્વભાવની ભાવનામાં તે ક્ષણિક ભાવને વાંછતો નથી. આ રીતે કાંક્ષમાણભાવ, વેદકભાવ વખતે હોતો નથી. તેથી તેવા નિરર્થક કાર્યને કોણ ઇચ્છે ? જ્ઞાની તે ક્ષણિક વેદ્ય—વેદકભાવને ઇચ્છતો નથી તેથી તેને નિર્જરા થાય છે. ઇચ્છાની ઇચ્છા કરતાં અજ્ઞાનીને પર્યાયબુદ્ધિ થાય છે, તેથી તેને નિર્જરા થતી નથી. જ્ઞાનીને ઇચ્છાનું વેદન નથી. અસ્થિરતાની ઇચ્છા હોય છે પણ તેનો તે જ્ઞાયક છે.

**************************************************

# પ્રસાદ નં. ૨૪૧

## <u>સમયસાર ગાથા ૨૧૬</u>

(જેઠ વદ ૧૧, શુક્રવાર, ૨૦૦૭)

આત્મા ચૈતન્યમૂર્તિ છે. એના ઉપર ધર્મીની દ્રષ્ટિ હોવાથી તે પુણ્યપાપ કે બાહ્ય સામગ્રીને ઇચ્છતો નથી. અજ્ઞાનીને પુણ્યપાપ અને સામગ્રીની ઇચ્છા છે, તેથી તેને અજ્ઞાન ભાવ ટળતો નથી. ભૂતકાળના ઉપભોગ તો વર્તમાનમાં નથી. વર્તમાન ઉપભોગમાં રાગબુદ્ધિ જ્ઞાનીને નથી અને ભવિષ્યકાળના ભોગની વાંછા નથી—એમ ત્રણકાળના ઉપભોગને જ્ઞાની ઇચ્છતો નથી. તે વાત તો ગાથા ૨૧૫માં આવી ગઈ છે. અહીં ગાથા ૨૧૬માં જ્ઞાની ભવિષ્યના ઉપભોગ કેમ વાંછતો નથી? તેની યુક્તિ આપી વાત કરે છે.

**<u>ટીકા :—</u>**જ્ઞાની તો સ્વભાવ ભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ સ્વરૂપ નિત્ય છે અને વેદ્ય–વેદક (બે) ભાવો અનિત્ય અને વિભાવભાવ છે, જ્ઞાની તેની વાંછા કરતો નથી. આ ટીકા કાલે વંચાઈ ગઈ છે છતાં વિશેષ સ્પષ્ટતા માટે ફરીથી આજે લેવાય છે.

### <u>અજ્ઞાનીને સ્વભાવનું ભાન નહિ હોવાથી તે ત્રણેકાળની સામગ્રીને ઇચ્છે છે</u>

અજ્ઞાનીને ચૈતન્ય ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા નથી તેથી તે વર્તમાન બાહ્ય સામગ્રીને અને પુણ્ય-પાપને ઇચ્છે છે અને વર્તમાનમાં તેને ઇચ્છતો હોવાના કારણે ભૂતકાળની તથા ભવિષ્યકાળની સામગ્રીને પણ તે ઇચ્છે છે—એમ સાબિત થાય છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિથી મારું કાર્ય સિદ્ધ થશે એમ અજ્ઞાની માને છે પણ તેનાથી પોતાનું કાર્ય સિદ્ધ થતું નથી. તેમ જ તેનાથી બાહ્ય સામગ્રી પણ મળતી નથી.

ધર્મી માને છે કે હું ચિદાનંદ સ્વરૂપ છું. ટંકોત્કીર્ણ જાણનાર–દેખનાર છું. સંયોગો તથા પુણ્ય પાપાદિ ભાવ મારા નથી અને સામગ્રી મેળવવાની ઇચ્છા થાય છે, તે વેદ્યભાવ છે અને જે વખતે ઇચ્છા કરી તે વખતે ભોગવનાર ભાવ નથી એટલે કે વેદકભાવ નથી તેથી તે વેદ્યવેદકભાવને જ્ઞાની ઇચ્છતો નથી. ધર્મીને વર્તમાન મળેલી સામગ્રી પ્રત્યે પ્રેમ નથી કેમ કે તે પર છે, તે વાત તો ગાથા ૨૧૫માં આવી ગઈ છે. અહીં તો કહે છે કે

વર્તમાનમાં ઇચ્છે કે ભવિષ્યમાં પૈસા, સ્ત્રી, કુટુંબ અથવા તો દેવગુરુશાસ્ત્રાદિ મળો–તે વેદ્યભાવ છે. તેને જ્ઞાની ઇચ્છતો નથી કેમ કે ઇચ્છા પ્રમાણે તે સામગ્રી મળતી નથી. કદાચ ઇચ્છા પ્રમાણે મળે તો પણ ઇચ્છા અને સામગ્રી મળવાનો કાળ એક નથી તો એવી ઇચ્છા જ્ઞાની કેમ કરે ? ન જ કરે. ભવિષ્યમાં આવી સામગ્રીને મેળવું એવો ભાવ અને ભવિષ્યમાં સામગ્રી મળે ત્યારે તેના ભોગવટાનો ભાવ—તે બન્ને ભાવને જ્ઞાની ઇચ્છતો નથી કેમ કે તે ઇચ્છાનો અને સામગ્રી આવવાનો એક કાળ નથી એટલે કે વેદ્ય—વેદક ભાવને મેળ નથી. પૈસા મેળવવાની ઇચ્છા અને પૈસાને ભોગવવાનો ભાવ બન્ને અનિત્ય છે.

કેમ કે પૈસા, ઇચ્છા વખતે હોતા નથી અને પૈસા આવ્યા ત્યારે તે (પૂર્વની) ઇચ્છા હોતી નથી. તે ક્ષણિક છે માટે જ્ઞાની તેને ઇચ્છતો નથી. વર્તમાન સામગ્રી મળી છે, તેની વાત નથી પણ ભવિષ્યમાં આવી સામગ્રી મળો, તેવી ઇચ્છાની વાત છે. દૂધપાક ખાવાની ઇચ્છા થઈ ત્યારે દૂધપાક નથી અને દૂધપાક આવ્યો ત્યારે તે ઇચ્છા નથી માટે જ્ઞાની ઇચ્છા અને સામગ્રી બન્નેને ઇચ્છતો નથી.

જ્ઞાનીને સ્વભાવનું ધ્રુવપણું હોવાથી એટલે કે હું એક ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવી છું–એવી દ્રષ્ટિ હોવાથી વેદ્ય–વેદક ભાવ તેને નથી, કેમ કે તેને સામગ્રીની ઇચ્છામાં રુચિ નથી.

લાખ રુપિયા મેળવવાની ઇચ્છા કરી અને લાખ રૂપિયા મળ્યા; જે વખતે તે મળ્યા તે વખતે તેને મેળવવાની ઇચ્છા નથી, પણ તેનું વ્યાજ કેમ ઉપજાવવું એવી ઇચ્છા છે. તેથી ઇચ્છા અને સામગ્રીનો એક કાળ નથી, પણ કાળભેદ છે. ભોગવટા વખતે પ્રથમની ઇચ્છા રહેતી નથી, માટે જ્ઞાનીને ઇચ્છાની રુચિ નથી. આ રીતે જ્ઞાનીને વેદ્ય—વેદક ભાવ નથી તે સિદ્ધ થાય છે.

આમ હોવાથી જ્ઞાનીને આખા લોક ઉપરથી દ્રષ્ટિ ઊઠી ગઈ છે અને સ્વભાવ ઉપર દ્રષ્ટિ વર્તે છે, તેથી વર્તમાન શુભાશુભભાવના વિષયની વૃત્તિને પણ ઉઠાવી લીધી છે. નબળાઈના કારણે ઇચ્છા થાય છે, તેની તેને રુચિ નથી. જ્યારે વર્તમાન સામગ્રી ઉપરથી રુચિ ઊઠી ગઈ છે ત્યારે ભવિષ્યમાં સામગ્રી “આમ રહેજો” એવો ભાવ જ્ઞાનીને હોતો નથી કેમ કે ઇચ્છા અને સામગ્રીનું કદી પણ પુરું પડતું નથી. ઇચ્છા વખતે સામગ્રી નહિ અને સામગ્રી વખતે તે ઇચ્છા નહિ. નવી ઇચ્છા થાય ત્યારે પણ નવી

સામગ્રી નહિ. એમ ઇચ્છા અને સામગ્રીનો પાર આવતો નથી તેથી જ્ઞાની તેને ઇચ્છતો નથી.

મારે ખાવું છે, સામગ્રી લાવવી છે વગેરે ભાવ તે કાંક્ષમાણ ભાવ છે. સામગ્રી આવે ત્યાં સુધી તે ભાવ રહેતો નથી. મારે નવી દુકાન માંડવી છે એવી ઇચ્છા વખતે દુકાન ન હતી. નવી દુકાન થઈ તે વખતે તે ઇચ્છા રહેતી નથી. મકાન બંધાવીને ભોગવવાનો ભાવ હતો. મકાન તૈયાર થયા ત્યાં રોગ આવ્યો. મકાન ભોગવવાની પ્રથમ ઇચ્છા હતી તે ગઈ અને રોગ કેમ મટે તે ઇચ્છા થઈ. કોઈ કહે કે રોગ ન હોત તો ? તો બીજી કોઈ ઇચ્છા હોત. કેમ કે પહેલાંની ઇચ્છા તો નથી. આમ ઇચ્છા ક્ષણિક હોવાથી જ્ઞાની તેને ઇચ્છતો નથી. જેને અનાદિનો અજ્ઞાનભાવ કાઢવો હોય, તેને માટે આ વાત છે. ઇચ્છા પ્રમાણે સામગ્રી આવે કે ન આવેતો પણ પહેલાની ઇચ્છા તો નાશ પામી જ જાય છે. તે વિનાશ પામી જતાં વેદકભાવ શું વેદે ? એટલે કે તે વેદ્યભાવનો નાશ થાય છે, તેથી ભોગવનાર ભાવ કોને ભોગવે ?

જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે તો ત્યાં પણ બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલા જ તે વેદકભાવ નાશ પામે છે; તો તે બીજા વેદ્યભાવને કોણ વેદે ? આ રીતે વેદ્ય-વેદક ભાવની અનવસ્થા એટલે કે તેનો પાર આવતો નથી માટે જ્ઞાની તેને ઇચ્છતો નથી. જેમ ગાય વાછરડા ઉપર પ્રેમ કરે છે, એમાં ગાયને કાંઈ મળતું નથી. છતાં ઇચ્છા કરે છે, તે નિરર્થક છે. જ્ઞાની તેવી ઇચ્છા કરતો નથી. કોઈ પણ માણસને હડકવા થયો હોય તો તેને બહારથી ગમે તેટલા ઉપચાર કરવામાં આવે તો પણ અંતરમાં તેને શાંતિ મળતી નથી. જો અંતરનો ઉપાય કરે કે હું આત્મા ચિદાનંદ સ્વરૂપ છું. શરીરાદિ હું નથી, મારી શાંતિ મારામાં છે—એમ અંતર ઉપાય કરે તો શાંતિ મળે એમ છે અને જે અશાંતિ ઊભી કરી હતી, તે હડકવાથી કે બહારના કારણથી કરી ન હતી પણ પોતે ચૈતન્ય સ્વભાવી આત્માને ભૂલીને ઊભી કરી હતી, તે અશાંતિ સ્વરૂપની સાચી સમજણ કરતાં રહેતી નથી.

પહેલાનો વેદકભાવ પણ રહેતો નથી. વેદકનો કાળ આવ્યો, ત્યાં વેદ્યભાવ હોતો નથી. બીજો વેદકભાવ થશે ત્યાં વેદ્યભાવ હશે નહિ અને વેદ્યભાવ થશે ત્યારે વેદકભાવ હોતો નથી. તેથી જ્ઞાની તેને ઇચ્છતો નથી, તે અનવસ્થાને જાણતો જ્ઞાની કાંઈપણ વાંછતો નથી; અનવસ્થાને જાણતો એ વ્યવહારથી કહ્યું છે. ખરેખર તો પોતાનો સ્વભાવ જ્ઞાતા છે, તેને જાણતાં સ્વપર પ્રકાશક સ્વભાવ ખીલ્યો, એમાં આ પર્યાયનું જ્ઞાન થાય છે. જેમાં

મનોવાંછિત થતું નથી, તેને જ્ઞાની ઇચ્છતો નથી. હંમેશા ધર્મ તો રોકડિયો છે અને અજ્ઞાનદશામાં દુઃખ થાય છે, તે પણ રોકડીયું છે. ધર્મનું ફળ ભવિષ્યમાં ભોગવશું એમ અજ્ઞાની માને છે, તે મૂઢતા છે. અહીં તો કહ્યું છે કે ભવિષ્યની સામગ્રીની ઇચ્છાને અને સામગ્રીને ભોગવવાના ભાવને મેળ નથી તેથી જ્ઞાની તેને ઇચ્છતો નથી.

**ભાવાર્થ** :–વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે એટલે કે પ્રથમ ઇચ્છાનો કાળ અને ભોગવવાનો કાળ બન્ને ભિન્ન છે. ભવિષ્યમાં સામગ્રીને ભોગવવાનો ભાવ તે વેદકભાવ છે અને સામગ્રી મળે એવો ભાવ તે વેદ્યભાવ છે. તે બન્ને એકકાળમાં હોતા નથી. જ્ઞાનીની વર્તમાન પર્યાય ત્રિકાળ ધ્રુવ સ્વભાવ તરફ વળેલી છે. તેથી તે ભૂત, વર્તમાન અને ભવિષ્યની સામગ્રીને ઇચ્છતો નથી. જ્ઞાની પુરુષ તીર્થંકરાદિ, માતાના ઉદરમાં હોય છે, તે વખતે પણ જ્ઞાન સિવાય બીજું કાંઈ ઇચ્છતા નથી. જ્ઞાનીને સ્વભાવની ભાવના હોવાથી તે વેદ્ય–વેદક ભાવને ઇચ્છતો નથી.

શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ભગવાન–તીર્થંકર અને ચક્રવર્તી હતા. ક્ષાયિક સમ્યગ્દર્શન હતું અને છન્નું હજાર સ્ત્રી પરણ્યા હતા. છ ખંડનું રાજ્ય હતું. એ બધી સામગ્રીમાં જ્ઞાની ઉભેલો દેખાય છે, છતાં માને છે કે આ પર દ્રવ્યોનો સંયોગ થવાનો હતો તે થયો છે અને વર્તમાન અસ્થિરતાનો રાગ થાય છે, તેના ઉપર પણ તેમને દ્રષ્ટિ ન હતી. સ્વભાવ દ્રષ્ટિ હોવાથી અશુદ્ધતાની નિર્જરા થાય છે. અહીં તો કહે છે કે પર પદાર્થને તો આત્મા લઈ કે મૂકી શકતો જ નથી. અનાદિકાળથી પર પદાર્થોની રુચિ કરી છે–તે છોડ ! અને ત્રિકાળી સ્વભાવ છે એની રુચિ કર. તે આનો સાર છે. જ્ઞાની અનાગત સામગ્રીને વાંછતો નથી. કેમ કે વેદ્ય—વેદકભાવને મેળ નથી.

જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી; જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ કોને વેદે ?

પ્રથમ છોકરાને પરણાવવાની ઇચ્છા થઈ અને છોકરો પરણ્યો ત્યારે પહેલાની ઇચ્છા રહેતી નથી. પણ વહુ એવી આવી કે એનાં કરતાં ન પરણાવ્યો હોત તો સારું હતું—એમ પાછી નવી ઇચ્છા થઈ. કદાચ ધાર્યા પ્રમાણે વહુ આવી તોપણ પહેલાંની ઇચ્છા તો રહેતી નથી. આ રીતે અજ્ઞાની સંસારમાં અનેક પ્રકારની આકુળતા કર્યા કરે છે. જ્ઞાની વિકાર ઇચ્છતો નથી.

જ્યારે નવો વેદ્યભાવ આવે છે ત્યારે પહેલાંનો ભોગવવાનો ભાવ નાશ પામી જાય છે. પછી વેદકભાવ વિના વેદ્ય તે કોણ વેદે ? આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી.

હવે અહીં પ્રશ્ન થાય છે કે :—આત્મા તો નિત્ય છે, તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે ?

તેનું સમાધાન :–

વેદ્યવેદક ભાવો વિભાવભાવો છે, સ્વભાવભાવ નથી તેથી તેઓ વિનાશિક છે. માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ) નાશ પામી જાય છે; એ રીતે વાંછિત ભોગ તો થતો નથી. તેથી જ્ઞાની નિષ્ફળ વાંચ્છા કેમ કરે ?

જ્યાં મનોવાંછિત વેદાતું નથી, ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે. કોઈ રીતે ધાર્યા પ્રમાણે વેદાતું નથી, કેમ કે સામગ્રી ધાર્યા પ્રમાણે આવતી નથી અને કદાચ આવે તો પણ ઇચ્છા વખતે તે મળતી નથી, માટે વેદ્ય–વેદકભાવને જ્ઞાની ઇચ્છતો નથી.

# પ્રસાદ નં. ૨૪૨

## સમયસાર કળશ ૧૪૭

(જેઠ વદ ૧૨, શનિવાર, ૨૦૦૭)

અહીં નિર્જરા અધિકારમાં જ્ઞાની ઉપભોગને કેમ વાંછતો નથી ? તે કહે છે. અતીત કાળનો ઉપભોગ તો વર્તમાનમાં છે નહિ અને વર્તમાન ઉપભોગમાં રાગબુદ્ધિએ તે પ્રવર્તતો નથી અને ભવિષ્યકાળના ઉપભોગની વાંછા નથી, કેમ કે તે ઇચ્છા અને ભોગવનાર ભાવ બન્ને ક્ષણિક છે અને વિભાવ ભાવો છે. તેથી જ્ઞાની તેને ઇચ્છતો નથી. હવે તેના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ ૧૪૭

**અર્થ :**—વેદ્ય-વેદકરૂપ વિભાવ ભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી ખરેખર વાંછિત વેદાતું નથી; માટે જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી. સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્ય ભાવને) પામે છે.

આમ વસ્તુ છે; તેમાં શાંતિ, જ્ઞાનાદિ અનંત શક્તિઓ છે, તેની રુચિવાળા જીવને પરપદાર્થની ભાવના હોતી નથી. હું પૈસાને ભોગવું, સ્ત્રી સાથે રહું, મકાનવાળો થાઉં વગેરે જે ઇચ્છા થાય છે, તે વેદ્યભાવ છે અને ભવિષ્યમાં ભોગવનાર ભાવ તે વેદક છે. તે વેદ્ય—વેદકરૂપ વિભાવ ભાવોનું ચળપણું (અસ્થિરપણું) હોવાથી, ખરેખર વાંછિત વેદાતું નથી, માટે જ્ઞાની કાંઈપણ વાંછતો નથી. સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.

જ્ઞાનીને વર્તમાન મળેલી સામગ્રીની રુચિ હોતી નથી. ચૈતન્ય છતો પદાર્થ છે, તેને સુખનું સાધન તે માને છે, તેથી વર્તમાન ઉપભોગને ઇચ્છતો નથી. અહીં તો કહે છે કે આગામી ભોગોને જ્ઞાની કેમ ઇચ્છતો નથી ? એ વાત અહીં કહે છે. આત્મા ઇચ્છા કરે કે હું આ ચીજને ભોગવું; ત્યારે તે ચીજ હોતી નથી અને વસ્તુ આવે ત્યારે ઇચ્છાનો કાળ રહેતો નથી. તેથી જ્ઞાનીને બહારની સામગ્રીની ઇચ્છા નથી. જે પદાર્થ આત્મામાં નથી તે અછતો પદાર્થ છે. સામગ્રી આત્મામાં નથી, તે અછતા પદાર્થની જ્ઞાની ઇચ્છા કરતો નથી, તે જ ધર્મ છે, ધર્મ કે અધર્મ કોઈ બહારના કારણે થતો નથી. ધર્મ અને અધર્મ પોતાના ભાવમાં છે. દ્રષ્ટિ ફેરે ફેર છે.

ઇચ્છા થઈ ત્યારે સામગ્રી નથી. તેથી જ્ઞાની ભવિષ્યના ભોગને ઇચ્છતો નથી. વર્તમાન ભોગમાં રુચિ નથી અને અતીત કાળના ભોગ છે નહિ–એમ ત્રણે કાળના ભોગ જ્ઞાનીને નથી. વેદ્ય—વેદક બન્ને ભાવનું વિભાવપણું છે. કેમ કે તે બન્ને અસ્થિર સ્વભાવવાળા છે. તે બન્ને ભાવમાં ધારેલું થતું નથી. તેથી જ્ઞાનીને તે ભાવની રુચિ નથી. અલ્પ અસ્થિરતાના પરિણામ થાય છે, પણ તેની રુચિ હોતી નથી. આત્મા તો અનંત અનંત સ્વભાવ અને શાન્તિનો દરિયો છે, તેની રુચિ ન કરતાં મળેલી સામગ્રીમાં સુખ માનીને રુચિ કરે છે, તે તો મૂઢ છે. ભૂતકાળમાં મળેલી સામગ્રી ભોગવી ન શક્યો એમ અજ્ઞાની માને છે, તેથી તેની રુચિ છૂટતી નથી. વર્તમાન તો રુચિ વર્તે છે જ અને ભવિષ્યકાળની પણ ઇચ્છા કરે છે—એમ અજ્ઞાનીને તો ત્રણે કાળના ભોગની ઇચ્છા વર્તે છે.

અજ્ઞાની કહે છે કે આવી વાત કરો છો તો શું અમારે બધું છોડીને બેસી જવું ? તેને કહે છે કે છોડવું એટલે શું ? પર પદાર્થ તો બધા છૂટા જ પડ્યા છે, એને છોડવાપણું રહેતું નથી પણ તે પદાર્થની રુચિ છોડવી જોઈએ તે પ્રથમ ધર્મ છે. આ રીતે પ્રથમ દ્રષ્ટિ ફેરવો. ‘‘એક કોર રામ અને એક કોર ગામ’’–એક બાજુ આત્મા પોતે એકલો અને બીજી બાજુ અનંત પદાર્થ છે. તે પદાર્થને હું ભોગવું છું એમ અજ્ઞાનપૂર્વક રાગ કરે છે, તે મૂઢ છે. આત્માના સ્વભાવને યથાર્થ સમજે તો બધી મૂઢતા નીકળી જાય તેમ છે. મારી શાંતિ તો મારામાં છે પણ પર પદાર્થમાં નથી, એમ પ્રથમ હા તો પાડ ! આત્મા શાંતિનું ધામ છે, પરની ઇચ્છાથી દુઃખ છે–એવો નિર્ણય તો પ્રથમ કર ! આવો નિર્ણય કર્યા વગર ધર્મ થતો નથી.

આબરૂ ગઈ હોય તે પાછી મેળવવાની ઇચ્છા થાય. આબરૂ મળે ત્યાં છોકરો માને નહિ એટલે આકુળતા થાય. કદાચ છોકરાએ માન્યું ત્યાં શરીરમાં રોગ આવ્યો, ત્યાં બીજી ઇચ્છા થઈ. આમ ઇચ્છાની પરંપરા ચાલ્યા જ કરે છે. આમ હોવાથી જ્ઞાની ચૈતન્ય નિરુપાધિક સ્વભાવની રુચિ છોડીને, પરની ભાવના કરતો નથી. જ્ઞાનીને અસ્થિરતાને લીધે ઇચ્છા થાય છે. એમાં પરને ભોગવવાના મનોરથ તેને નથી. જ્ઞાનીને પ્રાર્થના, ભક્તિ આદિની ઇચ્છા થાય છે, તે પરને માટે થતી નથી. તેને એક આત્મા સિવાય સર્વ પ્રત્યે અતિ વૈરાગ્ય ભાવ છે, તેથી તે વિરક્તપણાને પામે છે.

**ભાવાર્થ :—**અનુભવ ગોચર જે વેદ્ય–વેદક વિભાવો તેમને કાળભેદ છે, તેમનો મેળાપ નથી. (કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે); માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે ? જ્ઞાની

આગામી કાળ સંબંધી વાંછા કરતો નથી. એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે :—

## ગાથા—૨૧૭

**સંસાર દેહ સંબંધી ને બંધોપભોગ નિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાન ઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**

**અન્વયાર્થ :**–બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા સંસાર સંબંધીઓને દેહસંબંધી અધ્યવસાનના ઉદયોમાં જ્ઞાનીને રાગ ઊપજતો જ નથી.

## સંસાર સંબંધી જેટલા અધ્યવસાન છે, તે બધા બંધનાં નિમિત્ત છે

**ટીકા :**–આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે, તેઓ કેટલાક તો સંસાર સંબંધી છે અને કેટલાક તો શરીર સંબંધી છે. એમાં જેટલા શરીર સંબંધી છે, તેટલા બંધનનાં નિમિત્ત છે. 'આલોક' એમ કહેતાં એમ નક્કી થાય છે કે જગત છે અને આત્મા પણ છે. ''બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા'' —એમ નથી. પુણ્ય—પાપાદિ કરું, પરજીવની દયા પાળું, પરનું રક્ષણ કરું, કે સેવા કરું, કોઈનો રોગ મટાડી દઉં, પૈસા આપીને ખુશી કરું–આદિ જે કર્તાપણાના ભાવ છે, તે બધા સંસાર સંબંધી મલિનભાવ છે. તે બધા બંધનના નિમિત્ત છે. આત્મા કોઈપણ પરપદાર્થની અવસ્થા કરી શકતો નથી. છતાં જે કર્તાપણાનું અભિમાન કરે છે, તેને નિર્જરા કે ધર્મ થતો નથી. આત્મા ચૈતન્ય જ્ઞાતા છે. તે સર્વનો સાક્ષી છે. આંખની પાંપણ કે તરણું પણ ફેરવી શકે, એવો આત્માનો સ્વભાવ નથી. તેથી તે કર્તાપણાના ભાવો બંધનના નિમિત્ત છે.

## શરીર સંબંધી જેટલા અધ્યવસાન છે તે બધા ઉપભોગનાં નિમિત્ત છે.

શરીર સંબંધી જે અધ્યવસાન છે, તે ઉપભોગનાં નિમિત્ત છે. હું કાનથી સાંભળું, સ્પર્શથી ભોગવું વગેરે બંધનાં કારણો છે. તે બધા ભોક્તાપણાના ભાવો છે. પૈસા, લાડવા, રોટલી, દાળ, ભાત, ગાદલાં, ગોદડાં વગેરે ભોગવવાના ભાવ તે એકલા બંધનાં જ કારણો છે. જેને તે પર પદાર્થો પ્રત્યે રુચિ છે, તેને બંધન થાય છે. પરપદાર્થને ભોગવવાના ભાવ તે સુખદુઃખના નિમિત્તો છે.

કોઈને ડબલ ન્યુમોનિયા થયો હોય અને એમાંથી સન્નિપાત થઈ જાય ત્યારે તે હસતો હોય અને એટલું જોર બતાવે કે આઠ માણસથી પણ ઝાલ્યો ઝલાય નહિ. આ દેખાતું બળ થોડા વખતમાં જ ઠરી જશે. તે સુખ નથી પણ દુઃખ જ છે. તેમ અજ્ઞાનીને ત્રિદોષ લાગુ પડ્યો છે. પરપદાર્થમાં સુખબુદ્ધિ, પરનું એકલું જ્ઞાન અને પરમાં એકાગ્રતા—એ મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ત્રિદોષ છે. એમાં એને સુખ લાગે છે, પણ ખરેખર તે સુખ નથી. પાંચ પચીશ લાખનો નફો થાય ત્યાં તો હરખ થઈ જાય છે. તે હરખ સન્નિપાત છે, કેમ કે પર પદાર્થમાં રુચિપૂર્વક હરખ કરે છે, પણ તે દુઃખ છે, સુખ નથી. આ રીતે શરીરાદિ સંબંધી ભોક્તાપણાના ભાવ છે, તે બંધનું કારણ છે.

## જેટલા બંધનનાં નિમિત્ત છે, તેટલા તો રાગદ્વેષ મોહાદિક છે અને ઉપભોગના નિમિત્ત છે, તેટલા સુખદુઃખાદિ તે બધાયમાં જ્ઞાનીને રુચિ નથી

જેમ વેશ્યા પરપુરુષ સાથે રમતા છતાં તેને પોતાનો ધણી માનતી નથી. વળી તેને તો પૈસા સાથે કામ છે, તેથી તે પુરુષને ધણી તરીકે સ્વીકારતી નથી. એમ જ્ઞાની પરપદાર્થના સંયોગોમાં જ પુણ્ય પાપાદિ તથા હરખ શોકના પરિણામમાં દેખાતો હોવા છતાં તેનો ધણી થતો નથી. તે તો જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિનો ધણી છે. તેને સ્વભાવની રુચિ હોવાથી પરપદાર્થની રુચિ હોતી નથી. વેશ્યાને પરપુરુષ ઉપર પ્રીતિ હોતી નથી તેમ ધર્મીને પર વસ્તુ તથા પરભાવ ઉપર પ્રીતિ નથી; કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.

## રાગદ્વેષાદિક ઘણાં દ્રવ્યોના લક્ષે ઉત્પન્ન થતા હોવાથી જ્ઞાનીને તે ભાવનો નિષેધ છે

શરીરમાં સોજા થાય છે, તે કાંઈ શરીરનું નિરાગીપણું નથી, એમ અનેક પદાર્થના સંયોગે ઉત્પન્ન થયેલા રાગાદિ તે ચૈતન્યની નીરોગતામાં સોજાસમાન છે. તે આત્માની નીરોગતા નથી. સ્વભાવના લક્ષે વિકાર થતો નથી. રાગાદિ અનેક દ્રવ્યોના લક્ષે થતા હોવાથી તે એક જ્ઞાયક ચૈતન્યનો સ્વભાવ નથી. આત્માની અવસ્થામાં થતા હોવા છતાં, તે આત્માનો સ્વભાવ

નથી પણ આત્મા અને કર્મના સંયોગે ઉત્પન્ન થયેલા ભાવ છે. માટે તે અનેક દ્રવ્યોનો સ્વભાવ છે એમ કહ્યું છે. આત્મામાં રાગાદિ તથા હરખશોકાદિની કલ્પનાનો ભાવ થાય છે, તે અંતરદશામાંથી આવેલો ભાવ નથી તેથી, જ્ઞાનીને તેનો આદર નથી. રાગાદિથી રહિત આત્મા છે—એમ જાણવું તે જ શુદ્ધિ છે, નિર્જરા છે.

**ભાવાર્થ :**—જે અધ્યવસાનના ઉદયો સંસાર સંબંધી છે અને બંધનના નિમિત્ત છે, તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઇત્યાદિ છે તથા જે અધ્યવસાનના ઉદયો દેહસંબંધી છે અને ઉપભોગનાં નિમિત્ત છે, તેઓ સુખદુઃખ ઇત્યાદિ છે, તે બધાય પુદ્‌ગલ દ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગ રૂપેછે, તેમના સ્વભાવ છે. જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે, તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ—પ્રીતિ નથી. પરદ્રવ્ય, પરભાવ, સંસારમાં ભ્રમણાનાં કારણ છે; તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શેનો ? પૈસા ને મેળવું, રાખું કે વાપરું તે ભાવ બધા અજ્ઞાનના કર્તાપણાના અધ્યવસાન છે. પૈસા જડ છે, તેને આત્મા રાખી કે વાપરી શકતો નથી. ખાવાનો, પીવાનો, વાહનમાં બેસવાનો, તે બધો ભોક્તાપણાનો અજ્ઞાનભાવ છે. એકને આઠ આના મલ્યા હોય અને બીજાને કદાચ લાખ રૂપિયા મલ્યા હોય તો તેના વિચારો કર્યા કરે કે આને આમ ભોગવું, તે સુખદુઃખની કલ્પના છે. તે નાના પ્રકારના દ્રવ્યોનો સ્વભાવ છે, તે આત્માનો ભાવ નથી. જ્ઞાનીને તો એક જ્ઞાયકભાવ છે. હરખશોકાદિ વિકારનો આદર નથી તેથી જ્ઞાનીને પરવસ્તુ પ્રત્યે પ્રીતિ હોતી નથી. આત્મા સિવાય પરદ્રવ્ય અને પરભાવની પ્રીતિ તે સંસારમાં પરિભ્રમણનું કારણ છે. દેવ, ગુરુ પણ પરદ્રવ્ય છે, માટે તેમના પ્રત્યેનો પ્રેમ તે વિકાર છે ને તેથી તે સંસારનું કારણ છે. આ આત્મા સિવાય અન્ય બધા જીવો, પુદ્‌ગલો વગેરે ઉપર જેને પ્રેમ છે—તે પરિભ્રમણનું કારણ છે. દેવ, ગુરુ, શાસ્ત્રથી લાભ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે. સ્ત્રી, પુત્રાદિ અશુભનું નિમિત્ત છે અને દેવગુરુ શાસ્ત્ર શુભભાવનું નિમિત્ત છે. પણ તેનાથી લાભ-નુકશાન માનવું તે મિથ્યાત્વ છે. આત્મસ્વભાવ ચૂકીને તેમના ઉપર પ્રીતિ કરે એટલે રુચિ કરે તો તે સંસારનું કારણ છે. જ્ઞાનીને તેની રુચિ નથી. પૂર્ણતા ન હોય ત્યાં સુધી એટલે કે અધૂરી દશામાં દેવ, ગુરુ, શાસ્ત્ર ઉપર અલ્પ રાગ છે પણ જ્ઞાની સમજે છે કે તે પરના કારણે નથી. મારી નબળાઈથી થાય છે. તેથી તેને પણ આદરણીય માનતો નથી. આમ સમજતાં જ્ઞાનીને નિર્જરા થાય છે.

# પ્રસાદ નં. ૨૪૩

## <u>સમયસાર કળશ ૧૪૮</u>

(જેઠ વદ ૧૩, રવિવાર)

ધર્મ તે આત્માની નિર્મળ અવસ્થા છે, તે કેમ થાય ? કે ચૈતન્યજ્ઞાન સ્વરૂપી આત્મ પદાર્થ છે, તેમાં નિર્વિકારપણે, એકાકાર થતાં ધર્મ થાય છે. પણ પરની પક્કડ વડે ધર્મ થતો નથી. જેને પરની પકડ છે, તેને આત્માની પક્કડ (દ્રઢતા) નથી જેને પરની પક્કડ નથી તેને ચૈતન્યની દ્રઢતા છે, તે નિર્જરા છે, તે અધિકારમાં કહેવાય છે.

## <u>કળશ ૧૪૮</u>

**<u>અર્થ :</u>**–જેમ લોધર (ઝાડની છાલ) અને ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં (બોળવામાં) ન આવ્યું હોય એવા વસ્ત્રમાં રંગનો સંયોગ, વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો, બહાર જ લોટે છે–અંદર પ્રવેશ કરતો નથી, તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી, તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.

લોધર અને ફટકડીમાં બોળ્યા વગરનું વસ્ત્ર હોય તો તેને કસુંબાનો રંગ ચડતો નથી, તે ઉપર જ રહે છે. અંદર પ્રવેશ કરતો નથી, એ દ્રષ્ટાંત થયું. એમ ધર્મીને હું શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું એવી દ્રઢતામાં પુણ્ય-પાપ તે હું છું—એવી એકત્વ બુદ્ધિનો રંગ ચડતો નથી. ધર્મ તો અંતરની ચીજ છે, તે બહારની ચીજ નથી. જ્ઞાનીને અંતરદ્રષ્ટિ હોવાથી, પરની પક્કડ હોતી નથી.

## <u>જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી</u><br><u>તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી</u>

કોઈ કહે કે આ તો જ્ઞાનીની વાત છે પણ જ્ઞાની થવા પહેલાં શું કરવું ? તો તેને કહે છે કે પ્રથમ આ વાતને સમજ અને આવી દ્રષ્ટિ કર ! ભાઈ, તું વસ્તુસ્થિતિને સમજ ! કર્મનું ટળવું, અશુદ્ધતાનું જવું, શુદ્ધતાનું વધવું વગેરેને તું જાણ ! જે નિર્મળતાની ખાણ છે એવા આત્માને સમજ. એની પ્રતીતિ અને ઓળખાણ કર, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**<u>ભાવાર્થ :</u>**—જેમ લોધર, ફટકડી વગેરે લગાડ્યા વગર વસ્ત્ર પર રંગ ચડતો નથી, તેમ રાગ ભાવ વિના જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી. આત્મા ચૈતન્ય વસ્તુ શુદ્ધ છે. તેની રુચિ, જ્ઞાન

અને રમણતા જેને વર્તે છે એવા જ્ઞાનીને રાગની રુચિ હોતી નથી. મસાણમાં મડદાને ચંદનના લાકડે બાળે કે તેને માટે રેશમના કપડાની પાલખી બનાવે, એ કોઈમાં મડદાને કાંઈ હરખ થતો નથી. તેમ જ્ઞાનીને બહારમાં અનુકૂળતાના ગંજ પડ્યા હોય પણ પરદ્રવ્ય પ્રત્યે તેને રુચિ હોતી નથી. તેને મસાણના મડદા જેવું છે. આત્મા પરનું કાંઈ કરી શકતો નથી તો પર એવા કર્મને આત્મા કેમ ગ્રહણ કરે? ન જ કરે. વળી સ્વની રુચિ છોડીને દયા-દાનાદિ અને સંયોગોમાં જ્ઞાનીને પ્રેમ થતો નથી. અજ્ઞાની સ્વની રુચિ છોડીને હું પૂજા કરનારો, પરની સેવા કરનારો આદિ મિથ્યાભ્રાંતિ સેવે છે, તેણે પોતાની અવસ્થામાં રાગરૂપી રંગ ચડાવ્યો છે, તે રંગ જો સ્વલક્ષે કરે તો નીકળી જાય એવો છે.

હવે જ્ઞાનીને કર્મનો લેપ કેમ નથી, તે ફરી કહે છે :–

## કળશ ૧૪૯

**અર્થ :—**કારણ કે જ્ઞાની નિજ રસ (સામર્થ્ય, શક્તિ)થી જ સર્વ રસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે, તેથી તે કર્મ મધ્યે પડ્યો હોવા છતાં પણ સર્વ કર્મોથી લેપાતો નથી.

હું ચૈતન્ય છું, નિર્મળ છું. નિર્દોષ છું, એવા આત્મ સ્વભાવની પ્રતીતિ જ્ઞાનીને હોવાથી સર્વ રાગ, રસ પ્રત્યે તેને રુચિ નથી. ચૈતન્ય સંપદા આગળ પરની અનુકૂળતાને જ્ઞાની ઇચ્છતો નથી. પ્રતિકૂળતા આવે તો પણ જ્ઞાતા જ રહે છે. અજ્ઞાનીને સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી. જેમ કોઈ રાજાએ ઘરમાં વાઘરણને બેસાડી હોય, તેને હંમેશા સારા સારા ખાવા પીવાના પદાર્થો મળે અને નવાં નવાં કપડાં પહેરવાનાં મળે, પણ તેને દાતણ નાખવાની અને ભિખારી વેડા કરવાની ટેવ પડી ગયેલ, એટલે કરવું શું ? બહાર તો જઈ શકે નહિ પણ ઘરમાં ગોખલામાં રોટલાના ટુકડા મૂકે, ખોળો પાથરે અને બોલે કે માબાપ, વધ્યું ઘટ્યું આપજો ! એમ કહી પોતે જ રોટલાના ટુકડા લઈને ખોળામાં મૂકે. રાજાના ઘરે આવી, પણ ટેવ જાય નહિ. તેમ અજ્ઞાની અનાદિનો માગણ છે, તેનું માગણપણું જતું નથી. તેને ચૈતન્યની ઋદ્ધિ-સંપદા બતાવીએ છીએ, પણ અજ્ઞાનીને તેનું માહાત્મ્ય આવતું નથી. સાધુ થાય, ત્યાગી થાય પણ પુણ્યના ટુકડાના ભિખારીવેડા જાય નહિ. સારાં નિમિત્તો અને પુણ્ય વગર મને ધર્મ થાય નહિ—તેવું ઓશિયાળાપણું અજ્ઞાનીને અનાદિનું છે, તે જતું નથી. તે બધું વાઘરણના ભિખારાપણા જેવું છે.

જ્ઞાની પુણ્ય-પાપને ઇચ્છતો નથી. જ્ઞાની સમજે છે કે આત્મા જ્ઞાન સિવાય શું કરે? જ્ઞાનને રાગનું કામ ન સોંપાય. ચક્રવર્તીની રાણીને વાઘરણનું કામ ન સોંપાય, તેમ જ્ઞાનને રાગ કે પરનાં કામ સોંપાય નહિ. જ્ઞાની, નિજ રસના બળથી, પુણ્ય-પાપની લાગણી, તે મારી ચીજ નથી એમ માને છે. ઇંદ્રાદિપદ તે મારી ચીજ નથી. એમ જ્ઞાની માને છે. પણ અજ્ઞાનીને અનાદિની ટેવ પડી ગઈ છે, તેથી ભગવાન પાસે જઈને પણ કહે છે કે "શિવપદ દેજો રે પ્રભુ શિવપદ દેજો"—એમ માગ્યા કરે છે. સ્વપ્નમાં પણ માગણપણું આવે છે. પણ હું સિદ્ધસમાન છું. મારા આત્મ ભગવાનનો ભેટો કરીને હું જ સિદ્ધ થવાનો છું, એમ અજ્ઞાનીને થતું નથી. જ્ઞાનીને પર પદાર્થની પ્રીતિ છૂટી ગઈ છે પણ તે સ્વભાવથી છૂટ્યો નથી તેથી તે કર્મથી લેપાતો નથી.

હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કહે છે :–

## <u>ગાથા ૨૧૮—૨૧૯</u>

**છો સર્વ દ્રવ્યે રાગ વર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,**
**પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનકકર્દમ મધ્યમાં. ૨૧૮.**
**પણ સર્વ દ્રવ્યે રાગ શીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,**
**તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમ મધ્યમાં. ૨૧૯.**

**<u>અન્વયાર્થ :</u>**—જ્ઞાની કે જે સર્વદ્રવ્યો પ્રત્યે રાગ છોડનારો છે, તે કર્મ મધ્યે રહેલો હોય તોપણ કર્મરૂપી રજથી લેપાતો નથી. જેમ સોનું કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. અને અજ્ઞાની કે જે સર્વદ્રવ્યો પ્રત્યે રાગી છે, તે કર્મ મધ્યે રહ્યો થકો કર્મ રજથી લેપાય છે—જેમ લોખંડ કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) તેમ.

**<u>ટીકા :</u>**–જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય, તો પણ કાદવથી લેપાતું નથી (અર્થાત્ તેને કાટ લાગતો નથી) કારણ કે તે અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે. તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય તો પણ કર્મથી લેપાતો નથી. કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ, તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.

# કાદવમાં રહેલા સોનાને કાટ લાગતો નથી તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની કર્મથી બંધાતો નથી

સોનાનો સ્વભાવ એવો છે કે કાદવમાં પડ્યું હોવા છતાં તેને કાટ લાગતો નથી. કેમ કે તેનો અલિપ્ત રહેવાનો સ્વભાવ છે. પરને લીધે તે સ્વભાવ નથી. એમ ધર્મી માને છે કે નિર્લેપ રહેવાનો મારો સ્વભાવ છે. પુણ્ય-પાપનો કાટ લાગે એવો ચૈતન્યનો સ્વભાવ નથી. આત્મામાં રાગદ્વેષ એકમેક થઈ જાય એવો સ્વભાવ નથી. આ દ્રષ્ટિ જ ધર્મીને ઉગારે છે, તારે છે અને નિર્જરા કરે છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તો મને લાભ થાય અને પ્રતિકૂળ પદાર્થ આવે તો મને નુકશાન થાય એમ જ્ઞાની માનતો નથી. સમવસરણમાં જ્ઞાની ગયો હોય છતાં તેને તે લાભદાયક માનતો નથી. કુદેવાદિના નિષેધાર્થે જ્ઞાનીને અલ્પ દ્વેષ થઈ જાય છે પણ આત્માને ભૂલીને તે થતો નથી. સ્ત્રી આત્માને નુકશાન કરતી નથી. તીર્થંકરદેવ આત્માને લાભ કરતા નથી કેમ કે તે સર્વ પરદ્રવ્ય છે. ઘડપણ છે અને ખોરાકમાં ફેરફાર થઈ ગયો માટે ઝાડા થઈ ગયા છે એવી માન્યતા જ ભ્રમણાવાળી છે. હું તો ચૈતન્ય છું, જ્ઞાન મારો સ્વભાવ છે, તે જ્ઞાનને કોઈ પરભાવ લાભ-નુકશાન કરી શકે નહિ. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, પર વસ્તુને કરવાનો કે ભોગવવાનો તેનો સ્વભાવ નથી. વળી કોઈ મને તારી દે, એવો પણ મારો સ્વભાવ નથી. આ રીતે જ્ઞાનીને કોઈ ઠેકાણે પરમાં કાંઈ લાગતું વળગતું નથી. તે નિરંતર જાણવાના સ્વભાવપણે રહ્યો છે.

તીર્થંકરદેવના જન્મ વખતે ઇન્દ્રો નાચે છે અને ભક્તિ કરે છે પણ અંતરમાં તેનાથી લાભ માનતા નથી. તે સમજે છે કે આત્મ–દ્રવ્ય રાગના ત્યાગરૂપ સ્વભાવવાળું છે. ભગવાનનું શરીર નાનું હોય ને ઇન્દ્ર હજારો આંખોથી જુએ, પણ તૃપ્તિ થાય નહિ. પરંતુ અંતરદ્રષ્ટિમાં આત્મભાન વર્તે છે. ભગવાન છે માટે રાગ થયો છે એમ નથી અને ભગવાનની ભક્તિનો રાગ લાભ કરે છે, એમ પણ નથી. મારા આત્માને કોઈ પરદ્રવ્ય લાભ નુકશાન કરી શકે જ નહિ. હું તો જાણનાર છું. આ દ્રષ્ટિ બંધનને તોડે છે. આ સિવાય આ કરું ને તે કરું એવી માન્યતાવાળો, અજ્ઞાનને પાકું કરે છે, તે ધર્મ નથી.

## "રાગના ત્યાગરૂપ આત્માનો સ્વભાવ છે."

અનંત વર્ષો સુધી કાદવમાં સોનું રહે, તોપણ તેને કાટ લાગતો નથી. એમ ચૈતન્યને કર્મનો લેપ લાગતો નથી. ચોખા વાવ્યા હોય તો એના લોથામાંથી કાંકરા નીકળશે તો? એમ વાવનારને શંકા પડે નહિ. તેમ ચૈતન્યનાં બીજડાં વાવ્યાં હોય તેમાંથી વિકાર પાકશે તો? એમ જ્ઞાનીને શંકા પડે નહિ. અજ્ઞાનરૂપી બીજડામાંથી સંસાર પાકે છે. જ્ઞાની નિશંકપણે શ્રદ્ધામાં આગળ વધ્યે જાય છે. સ્વભાવ અલિપ્ત હોવાથી તે બંધાતો નથી. કોઈને રાજી રાખ્યે આત્મા રાજી રહે એવો નથી. જ્ઞાનીને મિથ્યા ભ્રાંતિપૂર્વક પર પદાર્થ પ્રત્યે રાગ હોતો નથી. અસ્થિરતાનો અલ્પ રાગ હોય છે, તેની અહીં વાત નથી.

## "કાદવમાં રહેલા લોઢાને કાટ લાગે તેમ કર્મ મધ્યે રહેલો અજ્ઞાની કર્મથી બંધાય છે"

જેમ લોઢાનો સ્વભાવ કાટ લાગવાનો છે, તેમ અજ્ઞાની કર્મ મધ્યે લેપાય છે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ અજ્ઞાનીને મળે, ત્યારે પણ રાગના પક્કડવાળો તેનો સ્વભાવ હોવાથી તે રાગને જ પકડશે. પુણ્ય-પાપ મારી ચીજ છે અને હું દયા, દાન, વ્રત, ભક્તિના રાગના ગ્રહણરૂપ સ્વભાવવાળો છું, એવી પકડ તે કરે છે, પણ ચૈતન્ય સ્વભાવ હું છું, એને પકડતો નથી. સ્વ-પર ભેદવિજ્ઞાનની તેને ખબર નથી તેથી તે કર્મથી લેપાય છે. સમવસરણમાંથી પણ અજ્ઞાનનો લેપ લઈને બહાર તે નીકળે છે કેમ કે દ્રષ્ટિ પર ઉપર છે.

સોનાનું તથા લોઢાનું દ્રષ્ટાંત બહુ સરસ આપ્યું છે. બન્નેના સ્વભાવની વાત કરી છે, તેમ <u>અજ્ઞાનીનો સ્વભાવ જ એવો છે કે તે રાગને ગ્રહણ કર્યા વગર રહેતો નથી.</u> લોઢાનો સ્વભાવ જ કાટ ગ્રહણ કરવાનો છે. કાદવ તો નિમિત્ત માત્ર છે, તેમ અજ્ઞાનીને રાગ ગ્રહણ કરવાનો સ્વભાવ છે, પર પદાર્થો તો નિમિત્ત માત્ર છે. જ્ઞાની તો રાગના ત્યાગરૂપ સ્વભાવવાળો છે. તેથી લડાઈમાં ઊભો હોય ત્યાં પણ રાગના ત્યાગરૂપ સ્વભાવવાળો છે. તેથી તેને નિર્જરા થાય છે. દ્રષ્ટિ ફેરે ફેર છે.

અજ્ઞાનીનો સ્વભાવ સર્વ પર દ્રવ્ય પ્રત્યેના રાગની પકડ કરવાનો છે. કોઈ દ્રવ્ય બાકી રાખ્યું નથી. ખાવામાં ફેરફાર થાય તો પરિણામમાં ફેરફાર થાય એમ અજ્ઞાની માને છે, જીર્ણ શરીર હોય, શરદી લાગી હોય તે વખતે

દહીં માગે અને જો દહીં આપ્યું હોય તો પરિણામ ખરાબ થઈ જાય અને જો તે વખતે દહીં ન આપીએ પણ ધર્મની વાત સંભળાવીએ તો પરિણામ સુધરે એમ અજ્ઞાની માને છે, પણ તે વાત ખોટી છે. અજ્ઞાની પર વસ્તુ પ્રત્યે પ્રેમ કરીને સ્વભાવને ચૂકે છે, તેને સંસારનો રંગ લાગ્યો છે અને જ્ઞાનીને ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ હોવાથી તે બાહ્ય ગમે તેવા સંયોગોમાં હોય તોપણ ત્યાં નિર્લેપ રહે છે. પાકો હીરો હોય તેને ઘણ મારે તો પણ એક કણિયો ખરે નહિ અને કાચો હીરો હોય તો ભરભર ભૂકો થઈ જાય. તેમ જ્ઞાનીને વજ્ર જેવી પાકી શ્રદ્ધા હોવાથી તે કદી પણ સ્વભાવથી ખસતો નથી અને અજ્ઞાની જ્યાં ને ત્યાં ભરભર ભૂકો થઈ જાય છે એટલે કે તેને સાચી શ્રદ્ધા નથી. દ્રવ્યલિંગી મુનિ જંગલમાં ધ્યાન કરીને બેઠો હોય ત્યાં પણ તેને પર સાથેની એકત્વબુદ્ધિ હોવાથી તે લેપાય છે. આ પરિષહ સહન કર્યો અને આટલો ત્યાગ કર્યો, એવી અનેકતામાં ચૈતન્યની એકાગ્રતા તેને થતી નથી.

હવે આ અર્થનું અને આગળના કથનની સૂચનાનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## કળશ—૧૫૦

**અર્થ :**—આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે, તેનો તેવો સ્વભાવ, તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે. જુઓ આ લોકમાં આત્માનો અને જડનો જેવો સ્વભાવ છે, તે પોતાને લીધે છે, પરને લીધે નથી. પરવસ્તુ અનંતી ભેગી થાય અને આત્માને નુકશાન કરે એમ બનતું નથી. અનંત તીર્થંકરો આવે અને આત્માને લાભ થાય એમ પણ નથી. કેમ કે વસ્તુનો એવો સ્વભાવ જ નથી. તામસ ખોરાક લ્યે તો પ્રકૃતિ તામસ થાય અને શુદ્ધ આહાર લ્યે તો પરિણામ સુધરે, તે વાત ખોટી છે. કુસંગમાં રહે તો બુદ્ધિ બગડે અને સત્સંગ કરે તો પરિણામ સુધરે અથવા તીર્થંકર પાસે જઈએ તો સમ્યગ્દર્શન થાય, એ બધી વાતો ખોટી છે કેમ કે કોઈનો સ્વભાવ કોઈ બીજો ફેરવી શકતો નથી.

# પ્રસાદ નં. ૨૪૪

## સમયસાર કળશ ૧૫૦

(જેઠ વદ ૧૩, સોમવાર, ૨૦૦૭)

અહીં નિર્જરા અધિકાર ચાલે છે, તેમાં જ્ઞાનીને કેમ નિર્જરા થાય છે ? તે કહે છે.

### આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે, તેનો તેવો સ્વભાવ તે વસ્તુને પોતાને આધીન જ હોય છે

દરેક વસ્તુનો સ્વભાવ પોતાને આધીન છે, તેથી કોઈ પરવસ્તુ આત્માને લાભ-નુકશાન કરે એમ નથી. પૈસાનો ઘણો સંયોગ દેખાતો હોય માટે આત્માને નુકશાન થાય એમ નથી. પર જીવના શરીર અને આત્મા છૂટા પડે તેથી આ આત્માને નુકશાન થાય નહિ કેમ કે આત્મા પર પદાર્થોનો સંયોગ કે વિયોગ કરી શકતો નથી. પર વસ્તુને પોતાના કારણે સંયોગ કે વિયોગ થાય છે, તે વખતે જીવ હાજર હોય તો વ્યવહારથી આ જીવના કારણે થયું એમ કહેવાય. પણ ખરેખર કોઈ પર વસ્તુનો સંયોગ કે વિયોગ આત્મા કરી શકે નહિ, કેમ કે વસ્તુનો જેવો સ્વભાવ છે, તે તેને પોતાને આધીન છે.

### એવો વસ્તુનો જે સ્વભાવ છે, તે પરવસ્તુઓ વડે કોઈપણ રીતે બીજા જેવો કરી શકાતો નથી

ઘરમાં અનેક પ્રકારની ક્રિયા થતી હોય. સ્ત્રીની, છોકરાની, પૈસાની, મકાનની, ખાવાપીવાની એમ અનેક પ્રકારની જડની ક્રિયા થતી હોય તેથી આત્માની પર્યાય બગડે નહિ. તે બધી જગતની સ્વતંત્ર સ્વયં સિદ્ધ વસ્તુઓ છે. તેની પર્યાય તેના કારણે પલટી રહી છે, તેથી કોઈની પર્યાયથી કોઈને પુણ્ય-પાપ કે ધર્મ થાય એમ બનતું નથી. કોઈના હિંસાના પરિણામથી કોઈના જીવ અને શરીર જુદાં પડે નહિ, એમ આત્મા પોતે પોતાનું ભાન કરે તો કલ્યાણ થાય. કોઈ પરથી કલ્યાણ થતું નથી. કેમ કે વસ્તુનો સ્વભાવ પોતાને તાબે છે, તે પોતાને આધીન થઈને રહે છે. કોઈ પદાર્થ કોઈ બીજા પદાર્થને આધીન થઈને રહેતો નથી. બાપનો અપરાધ દીકરાને, અને

દીકરાનો અપરાધ બાપને લાગતો નથી અને સ્ત્રીનો અપરાધ ધણીને અને ધણીનો અપરાધ સ્ત્રીને લાગતો નથી એ નિયમ બાંધ્યો છે. ત્રિકાળ એમ જ છે. જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે, તે કદીપણ અજ્ઞાન થતું નથી.

## વસ્તુનો સ્વભાવ પોતાને આધીન હોવાથી જ્ઞાની નિરંતર જ્ઞાનપણે રહે છે, તેથી તેનું જ્ઞાન, અજ્ઞાન રૂપે થતું નથી.

અહો ! હું ચૈતન્ય છું. પરની ક્રિયા હું કરી શકતો નથી—એમ જ્ઞાની ચૈતન્યની દ્રષ્ટિપણે પરિણમે છે. તેથી તેનું જ્ઞાન કદી પણ અજ્ઞાન થતું નથી. જે જ્ઞાનપણે પરિણમે છે, તેની આ વાત છે. છોકરાને સર્પ કરડ્યો અને મર્યો માટે દુઃખ થયું નથી. છોકરો તો એના કારણે મર્યો છે અને દુઃખ થયું છે, તે તો પોતાની મૂઢતાના કારણે થયું છે. છોકરાને સર્પ કરડ્યો માટે મરણ થયું છે એમ પણ નથી. કેમ કે પરના કારણે પરમાં કાંઈ થાય એમ બનતું નથી. જેમ સસલાંના શીંગડા વાગ્યાં અને ગૂમડું થયું—એમ કોઈ કહે તો તે સત્ય વાત નથી કેમકે સસલાનાં શીંગડા જ હોતાં નથી. તેમ પર વસ્તુથી પરને કાંઈ થતું નથી. તેથી હે જ્ઞાની ! તું કર્મોદયજનિત ઉપભોગને ભોગવ. આ જગતમાં પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધથી તને બંધ થતો નથી).

“કર્મોદયજનિત ઉપભોગને ભોગવ”—એનો અર્થ એવો છે કે પૂર્વકર્મના કારણે જે સામગ્રી મળી છે એમાં શંકા ન કર કે આ સામગ્રીના કારણે મને બંધ થશે તો; એટલે કે શરીરની કોઈપણ ક્રિયા થાય, કીડી મરી જાય, એનું પાપ જીવને લાગતું નથી કેમ કે આત્મા આંગળી ચલાવી શકતો નથી તેથી આંગળી વડે કીડીને મારી શકે એવી આત્મામાં તાકાત નથી.

આચાર્ય ભગવંતો તો સંત મુનિઓ હતાં. વસ્તુનો સ્વભાવ જણાવતાં વસ્તુસ્થિતિ કેવી છે ? તે કહે છે. બહારમાં અગવડ કે સગવડ હોય તે તરફ લક્ષ જવું જોઈએ નહિ, એમ કહેવાનો હેતુ છે. આ શરીરથી કીડી મરી ગઈ તે આત્માનો અપરાધ નથી. કેમ કે શરીરનો છૂટવાનો કાળ હોય છે, તે વખતે છૂટે છે, તેને અટકાવવાને કોઈ સમર્થ નથી. દાક્તર ઇન્જેક્શન આપે તો બચી જાય એમ પણ નથી. પૈસાની, શરીરની કે કુટુંબની જે ક્રિયા થાય એમાં શંકા કરીશ નહિ કે આનું પાપ મને લાગશે, કેમ કે એમ બનતું નથી.

કોઈની જમીન હોય અને એમાં મંદિર થાય, તો જમીનવાળાને ધર્મ થાય એમ બનતું નથી. અજ્ઞાની એમ માને છે કે જમીનવાળાને દશમો

હિસ્સો ધર્મનો આવે છે, તે ખોટી વાત છે. દરેક આત્મા પોતાના સ્વભાવે કામ કરી રહ્યો છે. જ્ઞાનીને ચૈતન્ય જ્ઞાતાસ્વભાવની રુચિ છે, તેથી તે પુણ્ય-પાપનો પણ ધણી થતો નથી. તેથી તેને સંયોગરૂપે ચક્રવર્તી હોય તો ૯૬૦૦૦ સ્ત્રી હોય તો પ્રશ્ન ઊઠતો નથી કે જ્ઞાનીને આટલી બધી સ્ત્રી કેમ હોય ? કોઈને  શરીર જાડું હોય તો પરમાણુ ઘણા હોય અને પાતળું શરીર હોય તો પરમાણું થોડા હોય તેથી કાંઈ જાડા શરીરવાળાને વધારે પાપ અને પાતળા શરીરવાળાને ઓછાં પાપ થાય એમ નથી. વધારે સંયોગો હોય તો વધારે પાપ લાગે ને ઓછા હોય તો ઓછું લાગે—એ બધી અજ્ઞાનીએ માનેલી વાત છે.

કરોડો રૂપિયા હોય તેને વધારે પાપ અને જેની પાસે પૈસા ન હોય તેને પાપ ન લાગે એમ નથી. વળી લાખો રૂપિયાનાં દાન કર્યા માટે વધારે પુણ્ય અને પાંચ રૂપિયા દાનમાં આપે માટે ઓછું પુણ્ય, એમ પણ નથી. પુણ્ય અને પાપ આત્માના શુભાશુભ પરિણામ ઉપર આધાર રાખે છે. અહીં ઉપભોગને ભોગવ એમ કહ્યું છે, પણ તેનો અર્થ એ છે કે ખરેખર તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ સ્ત્રી, શરીર, લાડવા વગેરેને ભોગવી શકતો નથી, પણ અજ્ઞાનીની દ્રષ્ટિ પર ઉપર પડી છે. અને તે માને છે કે હું પરને ભોગવું છું. એટલે અહીં ઉપચારથી કથન કર્યું છે કે ઉપભોગને ભોગવ. પરવસ્તુનો સંયોગ છે માટે બંધન થાય છે, એમ શંકા કરીશ નહિ.

હાથમાં છરી હોય અને લીલોતરી કપાય, એનો અપરાધ જીવને નથી કેમ કે પરચીજનો સ્વભાવ સ્વતંત્ર છે, તે આત્માના કારણે ફરતો નથી. કોઈ કહે કે જ્ઞાનીને કહે છે કે "તું ઉપભોગને ભોગવ." એવી ભાષા કેમ આવી ? તેને કહે છે કે એ તો મસ્તની ભાષા છે. આચાર્ય ભગવાન જંગલમાં વસે છે અને ગૃહસ્થને કહે છે કે ભોગવ ! ત્યાં તો ખરેખર પર વસ્તુથી દોષ નથી એમ નિઃશંકતા બતાવવી છે. સ્ત્રીનો દેહ આવ્યો માટે મને નુકશાન કરે છે, તે શ્રદ્ધા સાચી નથી. એનો અર્થ એવો નથી કે પરદ્રવ્ય પ્રત્યેનો રાગ રાખીને સ્વચ્છંદી થવું. કોઈ કહે કે સ્ત્રી સાથે રાખીને બ્રહ્મચર્યની કસોટી કરીએ છીએ તો કહે છે કે ઝેરનાં પારખાં ન હોય. સ્ત્રીના સંગનો ભાવ કર્યો, તે જ નુકશાન છે. પરદ્રવ્યના સંગમાં રહું એવો ભાવ કોણે કર્યો ? હા, પરદ્રવ્ય નુકશાન કરતું નથી તે વાત તો સાચી છે પણ પર દ્રવ્યના સંગનો ભાવ તને થયો એ જ નુકશાન છે. જો પરદ્રવ્યનો સ્વભાવ જાણ્યો છે તો પરદ્રવ્યથી તને દોષ નથી. એકલા અસંગપણામાં રહી શકતો નથી—એવી દ્રઢતા નથી તે જ તારો અપરાધ છે, દોષ છે. જો કે અજ્ઞાનીને પણ પરદ્રવ્ય

નુકશાન કરતું નથી, પણ તેનો ભાવ નુકશાનનું કારણ છે. વ્યવહારથી કહેવામાં આવે છે કે તું કુસંગાદિને છોડ અને સત્ સમાગમ કર. તો ત્યાં પર વસ્તુને છોડાવવાની કે ગ્રહણ કરવાની વાત નથી પણ તે પ્રકારના ભાવ ન કર એવો આશય છે.

ભાવાર્થ :—વસ્તુનો સ્વભાવ વસ્તુને પોતાને આધીન જ છે, માટે જે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે, તેને પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ. આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે તને પરના અપરાધથી બંધ થતો નથી તેથી તું ઉપભોગને ભોગવ, ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર. જો એવી શંકા કરીશ તો "પરદ્રવ્ય વડે આત્માને બંધ થાય છે" એવું માનવાનો પ્રસંગ આવે છે. આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે. ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું.

અમો શાંત બેઠા હતા ત્યાં સ્ત્રી આવી, તેથી અશાંતિરૂપ અવસ્થા થઈ એમ માનવું તે મૂઢતા છે. તે વૃત્તિ તો પોતાના કારણે થઈ છે. જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ થઈ છે, તેથી સંયોગ ઉપર દ્રષ્ટિ રહેતી નથી. જ્ઞાનપણે પરિણમ્યો પછી પરને ભોગવવાથી બંધન થાય એવી શંકા રહેતી નથી, એમ નિઃશંકતા બતાવવા કહ્યું છે કે પરને ભોગવતાં જ્ઞાની બંધાતો નથી. અજ્ઞાની માને છે કે સોબત તેવી અસર થાય છે, પણ ખરેખર તો પરવસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી, પણ પોતે એવા ભાવ કરે છે, ત્યારે વ્યવહારથી એમ કહેવાય છે. ઠંડી જગ્યામાં છાશનું માટલું રાખ્યું હોય તો છાશ ઠંડી થાય છે. કેરીનો રસ ઠંડો કરવો હોય તો બરફમાં રાખે છે. અજ્ઞાનીને તે નિમિત્તથી થયું છે એમ ભાસે છે પણ રસના કે છાશના પરમાણુનો સ્વભાવ કોઈપણ પરના કારણે પલટાવી શકાતો નથી. વસ્તુનો સ્વભાવ જે કાળે જે રીતે પરિણમવાનો હોય તેને કોઈ ફેરવી શકે નહિ. સ્વભાવ પોતાને આધીન છે માટે જ્ઞાની જ્ઞાનરૂપે પરિણમે છે, એને અજ્ઞાનરૂપે કરવાની કોઈની તાકાત નથી.

જ્ઞાનીના શરીરને અગ્નિમાં ભારે તોપણ જ્ઞાનનું અજ્ઞાન થાય નહિ. એટલે પરના અપરાધથી એમ કહ્યું છે, માટે પરવસ્તુથી નુકશાન માનીશ નહિ. બીજા જીવોનો અપરાધ થયો હોય તો તે બધા માફી આપે તો માફ થાય, એમ નથી. કોઈ પર માફી આપે કે ન આપે, એની સાથે આને સંબંધ નથી કેમ કે પરના કારણે બંધન નથી. મેં ભાવ કર્યો હતો તે ફેરવી નાંખુ એટલે મને બંધન નથી. પરની માફી માગવી, તે વ્યવહારની રીત છે.

ખરેખર તો મારો જ્ઞાનાનંદ સ્વભાવ છે એમ માનવું તે જ માફી છે. તેથી કોઈની પાસે માફી માગવાનું રહેતું નથી. એવી નિઃશંકતા જ્ઞાનીને હોય છે. ભોગ ભોગવ એમ કહ્યું છે એ કોઈ સ્વચ્છંદી થવા માટે કહ્યું નથી પણ નીડર થા, નીડર થા. એમ કહેવાનો જ્ઞાનીનો હેતુ છે. તારી દ્રષ્ટિથી ઉંઘતો અને તારી દ્રષ્ટિથી જાગતો છો, બીજો કોઈ જગાડી દે એમ નથી.

અહીં તો સ્વભાવની રુચિ કરીને નીડર થા—એમ કહ્યું છે. અન્ન એવું મન અને પાણી એવી વાણી, એમ લોકો કહે છે અને માને છે કે શુદ્ધ આહાર અને શુદ્ધ પાણી લેવાથી આત્મામાં શુદ્ધતા થાય છે. તે જીવ આખો દિવસ ક્રિયાકાંડમાંથી નવરો થાય નહિ. શેરડીનો રસ પીવા માટે, ચીચોડો ધુવે, પોતાના હાથે બધું સાફ કરે અને લગભગ આખો દિવસ એમાં ગુમાવે પણ એના કરતાં એ પીવાનાં ભાવ જ ન કરે તો શું વાંધો ? પણ અજ્ઞાની માને છે કે જડના પરિણામ અમુક જાતના રહે તો મારી પર્યાય સુધરે, તે મૂઢતા છે. ત્યાગ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે હોવો જોઈએ. પણ તેવા સંયોગો ન હોય અને હઠથી ત્યાગ લઈને બેસી જાય તેને પરદ્રવ્યનો આગ્રહી થઈ જાય છે, તેને કહે છે કે પરદ્રવ્યના કારણે બંધન થાય એમ તારી બુદ્ધિ તને નુકશાન કરે છે.

આ કળશ સરસ છે. પરના આરોપથી કથન કર્યું હોય કે કુસંગથી. નુકશાન થાય કે અશુદ્ધ આહારથી વૃત્તિ બગડે, તે બધા નિમિત્તના કથન છે. અહીં તો કહે છે કે સ્વભાવ દ્રષ્ટિ થઈ, એટલે આત્મા અપરાધ કરતો નથી પણ પરદ્રવ્ય અપરાધ કરે છે એમ કહ્યું છે. ખરેખર તો પરદ્રવ્ય એટલે શરીર વગેરે પણ અપરાધ કરતું નથી. આત્મા અપરાધ કરે છે તો શરીરને નિમિત્તથી કહેવામાં આવે છે, કેમ કે પરને કોઈ સુખદુઃખ કરી શકતું નથી. હવા પાણી સારા હોય તો શરીર સારું રહે એમ પણ નથી. પણ દેહને જેમ રહેવાનું હોય તેમ રહે છે એમ જ્ઞાની જાણે છે.

હવે આ જ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છે :–

## <u>ગાથા ૨૨૦ થી ૨૨૩</u>

**જ્યમ શંખ વિવિદ્ય સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુકલત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.**
**ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ જ્ઞાન જ્ઞાની તણું નહિ, અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.**

**જ્યારે સ્વયં તે શંખ શ્વેત સ્વભાવ નિજનો છોડીને,**
**પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને. ૨૨૨**
**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાન સ્વભાવને,**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.**

**અન્વયાર્થ :**–જેમ શંખ અનેક પ્રકારનાં સચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ભોગવે છે–ખાય છે તોપણ તેનું શ્વેતપણું (કોઈથી) કૃષ્ણ કરી શકાતું નથી. તેમ જ્ઞાની પણ અનેક પ્રકારના સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ભોગવે તો પણ તેનું જ્ઞાન (કોઈથી) અજ્ઞાન કરી શકાતું નથી.

જ્યારે તે જ શંખ (પોતે) તે શ્વેત સ્વભાવને છોડીને કૃષ્ણભાવને પામે (અર્થાત્ કૃષ્ણભાવે પરિણમે) ત્યારે શ્વેતપણાને છોડે (અર્થાત્ કાળો બને). તેવી રીતે ખરેખર જ્ઞાની પણ (પોતે) જ્યારે તે જ્ઞાનસ્વભાવને છોડીને અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાનપણાને પામે.

**ટીકા :**—જેમ ધોળો શંખ હોય અને કાળા જીવડા કે કીડા ખાય તો પણ તે શંખ કાળો થાય નહિ. ધોળો માણસ અડદ ખાય તો કાળો થાય નહિ અને કાળો માણસ દૂધ અને પેંડા ખાય તો ધોળો થાય નહિ. શંખ તો પોતાનો સ્વભાવ ધોળો જ છે, તે ધોળાપણું પરદ્રવ્ય વડે કાળાપણું થતું નથી. કારણ કે પરદ્રવ્ય કારણ બની શકતું નથી. હું નિમિત્ત થઈને પર દ્રવ્યના પરિણામ બગાડી દઉં એમ બનતું નથી, એનો પર્યાય એના કારણે થાય છે, આવો સિદ્ધાંત હોવા છતાં અજ્ઞાની પરના કારણે મારામાં અને મારા કારણે પરમાં ફેરફાર થાય એમ માને છે. સંઘયણ સારું હોય, મહાવિદેહ ક્ષેત્ર હોય અને ચોથો આરો હોય તો મોક્ષ થાય એમ અજ્ઞાની માને છે. શંખના ધોળા સ્વભાવને કોઈ પર વસ્તુ કાળાપણે પરિણમાવી શકે એમ બનતું નથી. કેમ કે પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવ સ્વરૂપ કરવાનું નિમિત્ત અર્થાત્ કારણ બની શકતું નથી.

# પ્રસાદ નં. ૨૪૫

## <u>સમયસાર ગાથા ૨૨૦ થી ૨૨૩ (ચાલુ)</u>

(જેઠ વદ ૧૪, મંગળવાર, ૨૦૦૭)

નિર્જરા એટલે ધર્મ કેમ થાય ? તે કહે છે. ધર્મ આત્મામાં થાય છે. અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો ધર્મને અટકાવી શકતા નથી કેમ કે ધર્મ સંયોગોના કારણે તો નથી, પણ જ્ઞાનાદિ અનંત શક્તિરૂપ આત્મા છે એવી અંતર પ્રતીતિથી ધર્મ થાય છે, તેથી સંયોગોનો સદ્‌ભાવ કે અભાવ ધર્મને અટકાવતો નથી, તેમ વૃદ્ધિ પણ કરતો નથી.

<u>**ટીકા :**</u>–જેમ શંખ પર દ્રવ્યને ભોગવે–ખાય તો પણ તેનું શ્વેતપણું પરવડે કૃષ્ણ કરી શકાતું નથી. કારણ <u>કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત અર્થાત્ કારણ બની શકતું નથી</u>.

શંખ પર દ્રવ્યને ભોગવે છે એમ કહેવું તે વ્યવહાર નયનું કથન છે. ધોળાશંખના પેટમાં કાળી માટી અને કાળા કીડા આવે તેથી કાંઈ ધોળો શંખ કાળો થતો નથી. કેમ કે કાળા કીડા તથા કાળો કાદવ તે પરદ્રવ્ય છે, તે શંખના ધોળાભાવને કાળો કરી શકે એવા નિમિત્તપણાની પણ તેનામાં શક્તિ નથી. વળી કોઈનું ધોળું શરીર હોય, તે આખી જિંદગી કાળી ચીજ ખાય એથી કરીને તેનું ધોળું શરીર કાળું થાય નહિ.

<u>જ્ઞાની પરદ્રવ્યને ભોગવે તો પણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી.</u> કારણ કે પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવ સ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી. પૈસા મમતા કરાવતા નથી. મમતા પોતે કરે છે, ત્યારે પૈસાને નિમિત્ત કહેવાય છે. કરોડો રૂપિયા હોય અને ઓછી મમતા કરે અને ભિખારી હોય પણ વધારે મમતા કરે. એથી સાબિત થાય છે કે પરપદાર્થને કારણે મમતા નથી. જ્ઞાની પરદ્રવ્યને ભોગવે એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાની પરદ્રવ્યના સંયોગમાં દેખાય, પણ તેને સ્વભાવનો આશ્રય હોવાથી ધર્મ થાય છે. સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આદિના ઢગલા સંયોગરૂપે દેખાય. સોનાના મહેલ હોય, હીરાના હિંડોળા અને મણિરત્નની સાંકળ હોય, બે હજાર દેવ તો અંગરક્ષક હોય. એવા સંયોગોમાં પણ ચક્રવર્તી જ્ઞાનીનો આત્મા શાંતરસમાં મગ્ન છે. તે ચીજોના કારણે તેને અજ્ઞાન થતું નથી. જ્ઞાનનું ટકવું અને વધવું સ્વભાવના આશ્રયે છે, સંયોગના આશ્રયે નથી. આનું નામ નિર્જરા એટલે શાંતિનું વધવું, અશાંતિનો નાશ થવો અને કર્મનું ખરી જવું તે છે.

કોઈ દ્રવ્યના પરિણમનને પરદ્રવ્ય કરી શકતું નથી. ધર્મીને અનુકૂળ સંયોગો અજ્ઞાનરૂપે કરી શકે નહિ. કદાચ ધર્મીને પૂર્વ પ્રારબ્ધના કારણે શરીરમાં બહુ આકરો રોગ પણ આવી પડે કે વાઘ ખાય પણ તે પ્રતિકૂળ સંયોગો જ્ઞાનીને દુઃખ કરી શકે નહિ કેમ કે <u>**પરદ્રવ્ય, કોઈ પરદ્રવ્યને પરભાવરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી. આ ત્રિકાળ સિદ્ધાંત છે.**</u> સ્ત્રી, છોકરા, લક્ષ્મી, આબરૂ કે અણાબરૂ જીવને સુખ કે દુઃખ કરવામાં નિમિત્ત થઈ શકતાં નથી. માટીમાંથી ઘડો થાય ત્યારે કુંભારને નિમિત્ત કહેવાય છે, પણ કુંભાર આવ્યો માટે ઘડો તેના નિમિત્તથી થયો એમ નથી. માત્ર વ્યવહારથી તેવું કથન કરવામાં આવે છે, તેમ વીંછીના કરડની તાકાત નથી કે જીવને તે દુઃખ કરવામાં નિમિત્ત થાય. કોઈપણ પરમાણુ કે આત્માની તાકાત નથી કે કોઈપણ પરદ્રવ્યની પરિણતિ કરવામાં તે નિમિત્ત થાય. અજ્ઞાની અજ્ઞાન કરી રહ્યો છે. તેના પ્રવાહને કોઈ તીર્થંકર પણ રોકવાને નિમિત્ત થઈ શકતા નથી. આથી એમ નક્કી થાય છે કે નિમિત્ત આવે તો ઉપાદાનમાં કામ થાય છે—એ વાત જૂઠી છે.

ધર્મીને સ્વભાવનો આશ્રય હોવાથી ધર્મ થાય છે. નિમિત્તથી, પર્યાયથી કે કોઈ પરના કારણે ધર્મ થતો નથી. બહારમાં સંયોગોનો અભાવ થાય તો ધર્મ વધે અને સંયોગો વધે તો ધર્મ ઘટે, એમ નથી. પૂર્વ પ્રારબ્ધના કારણે અનેક પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો આવે તો પણ જેણે આત્મ દ્રવ્યનું પલટવું પોતાના કારણે માન્યું છે, તેને પરના કારણે અટકવું થતું નથી, માટે જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે બંધ થતો નથી.

પરના અપરાધના કારણે એટલે લીલોતરી મોઢામાં કચરાતી હોય તો તે કારણે જ્ઞાનીને બંધ થતો નથી. સમ્યગ્દ્રષ્ટિ હાથી હોય, ગાડું ભરીને લીલોતરી ખાતો હોય પણ તેના કારણે તેને બંધ થતો નથી. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ચારે ભાઈઓ પુણ્યવાન છે. હાથી ઉપર બેસીને બધા ભગવાનની દેશના સાંભળવા જાય છે. ભરતનો હાથી પૂર્વ ભવનો સંબંધી છે. દેશના સાંભળી ભરતે દીક્ષા લીધી. હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું. હાથીને પણ વૈરાગ્ય થયો. શરીરનો શણગાર બધો કાઢી નાખ્યો. તે હાથી જ્ઞાની હતો, તે કદાચ લીલોતરી ખાય પણ તે કારણે તેને બંધ થતો નથી. તેને આત્માનું ભાન છે કે તે આત્માનો અપરાધ નથી. શરીર એવી ક્રિયા કરી રહ્યું છે. જગતની ચીજનું પરિણમન એના કારણે થઈ રહ્યું છે, એને આત્મા અટકાવી શકે નહિ. પરદ્રવ્ય નિમિત્ત થયું માટે અપરાધ થાય છે એમ નથી. જ્ઞાનીના જ્ઞાન પ્રવાહને તે સંયોગ રોકી શકે નહિ. અંતર રમણતામાં શુદ્ધતા

વધવા લાગે તેને બાહ્ય સંયોગો અટકાવી શકે એમ બને નહિ. સ્વભાવની શ્રેણીમાં સ્થિર થયો એટલે જેટલું નિમિત્ત તરફનું લક્ષ છૂટ્યું, એટલે બહારની અમુક મર્યાદા હોય છે, તેનું જ્ઞાન કરાવે છે. પણ બહારની મર્યાદા પંચ મહાવ્રતાદિની કરી માટે શુદ્ધસ્વભાવ વધે છે–એમ નથી.

બાવીશ પ્રકારના પરિષહ, બાર પ્રકારના તપ અને દશ પ્રકારનો ધર્મ કહેવામાં આવે છે. તો ધર્મના અનેક પ્રકાર હોતા નથી. ધર્મ તો એક જ પ્રકારે હોય છે. સ્વભાવના આશ્રયે એક જ પ્રકારે ધર્મ થાય છે. તે વખતે ક્યા પ્રકારના નિમિત્તનું લક્ષ છોડ્યું, તેનું જ્ઞાન કરાવવા ઉપરના પ્રકાર કહેવામાં આવે છે. ભેદ કે વિકલ્પથી ધર્મ થતો નથી. પરિષહ, જપ—તપાદિને શાસ્ત્રમાં સંવરના કારણ કહ્યાં છે, તે સ્વભાવમાં ઢળતા પહેલાં ક્યા પ્રકારનો વિકલ્પ હતો, તેનું જ્ઞાન કરાવવા કહેવામાં આવ્યા છે. ધર્મ તો એક જ પ્રકારે છે. આત્મા પોતે પોતાના સ્વભાવે પરિણમે છે, તે વખતે રાગ અને સંયોગો દેખાય છતાં જ્ઞાનીને અંતર વલણ જેટલું છે, તેટલો ધર્મ છે, માટે જ્ઞાનીને પરના અપરાધથી બંધ નથી.

વળી જ્યારે તે જ શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો શ્વેત ભાવને છોડીને સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત કૃષ્ણભાવ થાય (અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવ રૂપ થાય). ધોળો શંખ પોતે ધોળાપણું છોડે ત્યારે સ્વયમેવ કાળો થાય છે. તે કાળી માટી ખાતો હોય કે ન ખાતો હોય, છતાં પોતે ધોળાપણું છોડે છે અને કાળાપણે પોતે થાય છે, નિમિત્ત આવ્યું માટે થાય છે એમ નથી.

<u>જ્ઞાની પોતે જ્ઞાનને છોડીને પોતે અજ્ઞાનરૂપે પરિણમે તો પોતાથી અજ્ઞાન થાય છે.</u> તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની પર દ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, જ્ઞાનને છોડીને સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય. માટે જ્ઞાનીને જો બંધ થાય તો પોતાના જ અપરાધના નિમિત્તે (અર્થાત્ પોતે જ અજ્ઞાનપણે પરિણમે ત્યારે) બંધ થાય છે. અજ્ઞાની એમ માને છે કે નિમિત્તથી અજ્ઞાન થાય છે પણ અહીં કહે છે કે નિમિત્તથી ન થાય પણ સ્વયંકૃત થાય છે. પુણ્ય-પાપના સંયોગો હોય કે ન હોય પણ ચૈતન્યના આશ્રયે મારું સુખ છે, તેવી દ્રષ્ટિ છોડીને પરદ્રવ્યના આશ્રયે મારું સુખ છે—એમ પોતે પરિણમે તો તેનું જ્ઞાન, સ્વયંકૃત અજ્ઞાન થાય છે. એટલે અજ્ઞાનરૂપે થવામાં પણ સંયોગો કે નિમિત્તો કામ કરતા નથી. જ્ઞાનને છોડીને એટલે સ્વભાવની પ્રીતિ છોડીને પરદ્રવ્યની પ્રીતિ કરે તો પોતે અજ્ઞાનરૂપે થાય છે, તેથી સ્વયંકૃત અજ્ઞાન

છે, પણ કર્મનો ઉદય આવ્યો માટે અજ્ઞાન થયું છે એમ નથી. અથવા તો કુદેવાદિના કારણે અજ્ઞાન થયું છે એમ પણ નથી અને જ્ઞાની મળ્યા માટે જ્ઞાન થાય છે એમ પણ નથી. તેથી જ્ઞાનીને બંધ થાય છે, તે પોતાના અપરાધના કારણે થાય છે પણ પરને કારણે થતો નથી.

**ભાવાર્થ :**—જેમ શંખ કે જે શ્વેત છે, તે પરના ભક્ષણથી કાળો થતો નથી પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે ત્યારે કાળો થાય છે, તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી પરંતુ જ્યારે પોતે જ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે. લીંબડાને લીંબોળી કેરી થાય નહિ અથવા તો રાયણ થાય નહિ એવો એનો સ્વભાવ છે એવી રીતે ધર્મીને પરના સંયોગો અજ્ઞાન કરાવતા નથી, પણ પોતે વિકારમાં સુખ છે એમ માને તો અજ્ઞાનરૂપે થાય છે અને તેથી બંધન થાય છે. દ્રવ્યલિંગી મુનિ જંગલમાં હોય ત્યાં પણ અજ્ઞાનના કારણે તેને બંધન થાય છે, કેમ કે ચૈતન્યના આશ્રયે ધર્મ અને સુખ છે, તેમ તે માનતો નથી. નિવૃત્તિ લીધી માટે ધર્મ થશે એમ માને છે, તે સંયોગી બુદ્ધિ છે, તે અજ્ઞાન છે અને તેથી બંધ થાય છે.

ગાથા બહુ સરસ છે અને કળશ હવે કહેશે તે પણ સરસ છે. પરદ્રવ્ય પરને કાંઈ કરી શકતું જ નથી. એટલે તીર્થંકર કોઈને સમ્યક્દર્શન કરાવી દે એમ બનતું નથી. કોઈ એમ કહે કે તીર્થંકર વિષે એમ બોલાય નહિ તો અહીં તો અનંત જ્ઞાનીઓ કહે છે કે અમારી તાકાત નથી કે કોઈ પરદ્રવ્યને તારી દઈએ. વ્યવહારથી ભગવાન તારે છે એમ કહેવાય પણ વસ્તુસ્વરૂપ એમ નથી. વસ્તુસ્વભાવની દ્રષ્ટિ થયા પછી નિર્બળતાનો જે અલ્પ રાગ રહી જાય છે, તે વખતે નિમિત્તનું બહુમાન કરી આરોપથી કથન કરે છે, તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે પણ વ્યવહારથી પરદ્રવ્ય કાંઈ કરી દે—એમ નથી. આ તો ધર્મના પહેલા પગથિયાની વાત છે એટલે બાળકને પણ પચી જાય એવું બકરીનું દૂધ છે. ચારિત્રની વાત હોય તો તે સિંહણનું દૂધ છે. વ્યવહાર એટલે શુભભાવ છે માટે ધર્મ થાય છે કે શુભભાવ વધે માટે ધર્મ વધે એમ નથી. હવે કળશ કહે છે :

## કળશ ૧૫૧

હે જ્ઞાની, તારે કદી કાંઈપણ કર્મ કરવું યોગ્ય નથી. તું જડનું કાર્ય તો કરી શકતો નથી. પણ રાગનું કાર્ય કરવું એ પણ તેને યોગ્ય નથી. અહીં 'કદી' અને 'કાંઈ' એ બે શબ્દ ઉપર વજન છે. રાગનું થોડું પણ કાર્ય કરવું યોગ્ય નથી. તો પણ જો તું એમ કહે કે "પરદ્રવ્ય તો મારું કદી નથી અને હું

તેને ભોગવું છું” તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ) કે હે ભાઈ ! તું ખોટી (ખરાબ) રીતે ભોગવનાર છે. જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે ! જડને ભોગવે છે એની વાત તો નથી જ પણ રાગાદિને ભોગવવાની વાત છે. જો તું કહે છે કે “પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે ભોગવું છું.” તો શું તને ભોગવવાની ઇચ્છા છે ? જ્ઞાનરૂપ થઈને વસ. (શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર.) નહિ તો તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ. તું તારા ભાવને જો કે કેવાં છે? જો ભોગવવાની ઇચ્છા કરીશ તો જરૂર અજ્ઞાનરૂપે પરિણમીશ.

પરદ્રવ્યના ભોગથી બંધન નથી. તે વાતનો નિર્જરાની પહેલી ગાથાથી શરૂ કરેલ છે પણ તને પરવસ્તુને ભોગવવાના ભાવ છે કે સ્વભાવને ભોગવવાના ભાવ છે ? જો પરવસ્તુને ભોગવવાના ભાવ હોય તો જરૂર બંધનને પામીશ. જ્ઞાતાપણે રહે તો બંધન નથી. પ્રથમ કહ્યું હતું કે ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા કરીશ નહિ. હવે અહીં કહે છે કે પરવસ્તુને ભોગવું એવી ઇચ્છા કરીશ તો જરૂર તારા અપરાધથી બંધનને પામીશ. જ્ઞાનીને કહે છે કે તું આવા ભાવ કરીશ તો જરૂર બંધાઈશ; તો પછી અજ્ઞાની તો એવા ભાવ વડે બંધાય જ છે. અહીં નબળાઈથી ઇચ્છા થાય, તેની વાત નથી, પણ પરવસ્તુમાં પ્રીતિપૂર્વક ભોગવવાનો ભાવ થાય તેની વાત છે.

કોઈ એમ કહે કે અમે જ્ઞાની છીએ, માટે પર વસ્તુ ભોગવવામાં વાંધો નથી. તો તે અજ્ઞાનરૂપે પરિણમેલો છે. પરને લઈને બંધન નથી પણ તારા અપરાધને લઈને છે. ચૈતન્ય શાંત રસ આત્માનો છે. તે રસને છોડીને જેને વિકારનો પ્રેમ વર્તે છે, તેને વસ્તુ સંયોગરૂપે નહિ હોવા છતાં અજ્ઞાનને કારણે બંધ થાય છે. તે પોતાના અપરાધથી બંધાય છે, પરના કારણે નહિ.

**<u>ભાવાર્થ :—</u>**જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી. જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવ તો એ યોગ્ય નથી. પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે, અન્યાયી કહેવામાં આવે છે. પરવસ્તુ છે એમ જાણે છતાં લ્યે તો ચોર ગણાય, ભોગવવાની વાત નથી. એ તો નિમિત્તનું કથન છે. અહીં તો કહે છે કે પરદ્રવ્યને ભોગવે એટલે કે તેની રુચિ કરે તે યોગ્ય નથી. પરને ભોગવવાનો ભાવ કરે તો ચોર છે.

# પ્રસાદ નં. ૨૪૬

## <u>સમયસાર કળશ ૧૫૧</u>

(જેઠ વદ ૦)) બુધવાર, ૨૦૦૭)

<u>**ભાવાર્થ :—**</u>જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી. જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવે તો એ યોગ્ય નથી. પરદ્રવ્યના ભોગવનારને જગતમાં ચોર અને અન્યાયી કહેવામાં આવે છે. વળી ઉપભોગથી બંધ કહ્યો નથી. તે તો, જ્ઞાની ઇચ્છા વિના પરની બળજબરીથી ઉદયમાં આવેલાને ભોગવે, ત્યાં તેને બંધ કહ્યો નથી. આત્માનો સ્વભાવ શુદ્ધ આનંદ અને સુખરૂપ છે. તેની પર્યાયમાં વર્તમાન શાંતિ હોવી જોઈએ. અવિકારી પરિણામ થાય તે શુદ્ધતા છે. નિર્મળતા તે સ્વભાવ દ્રષ્ટિનું ફળ છે. જરા નબળાઈ છે, માટે કર્મનું જોર છે એમ કહેવાય છે અને ઉદયમાં આવેલા ને ભોગવે છે એટલે કે જ્ઞાની, સચેત, અચેત અને મિશ્ર પદાર્થોને ભોગવે છે, એમ મૂળમાં પાઠ છે. ખરેખર તો કોઈપણ આત્મા પરપદાર્થને ભોગવી શકતો નથી, પણ જ્ઞાની એવા સંયોગોમાં દેખાય છે, માટે ભોગવે છે એમ કહ્યું છે. છતાં જ્ઞાનીને બંધ નથી.

પૂર્વ પ્રારબ્ધના કારણે સ્ત્રી, પુત્રાદિના તથા જડપદાર્થોના સંયોગો જ્ઞાનીને દેખાય છે, પણ જ્ઞાનીને અંતરથી તે પર પદાર્થની ભાવના હોતી નથી. અજ્ઞાની આવાં લખાણ વાંચીને કહે છે કે જ્ઞાની કર્મની બળજોરીથી જોડાય છે; પણ એમ નથી. ધર્મી તો માને છે કે પરની ઇચ્છા કરવી એ મારો સ્વભાવ નથી. નબળાઈના કારણે અલ્પ રાગ થાય, પણ તેનું સ્વામિત્વ નહિ હોવાથી જ્ઞાનીને બંધ નથી. જે વખતે સ્વભાવનો ભોગવટો હોય ત્યારે વિકારને ભોગવે નહિ. અજ્ઞાની તો માત્ર રાગને અનુભવે છે. જ્ઞાની રાગ વખતે જ્ઞાનાનંદ સ્વભાવની દ્રષ્ટિમાં શાંતિનું વેદન કરે છે. પૂર્વના કારણે સંયોગો મળ્યા છે, તેની તેને ઇચ્છા નથી.

જો પોતે ઇચ્છાથી ભોગવે તો તો પોતે અપરાધી થયો, ત્યાં બંધન કેમ ન થાય ? જરૂર થાય. પરપદાર્થ મારા છે એવી રુચિપૂર્વક રાગ કરે તો તે જરૂર બંધાય છે. સ્વભાવની ભાવના કરે તો બંધાય નહિ. જ્ઞાની પર પદાર્થને ભોગવે, એનો અર્થ એ છે કે તે પર પદાર્થોના સંયોગોમાં દેખાય છે પણ તેની ભાવના હોતી નથી. હું તો નિરુપાધિક, મારા નિર્વાંછક સ્વભાવમાં ઇચ્છા નથી. જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ છે, તેથી તે ઇચ્છા કેમ કરે ? એટલે કે જ્ઞાની ઇચ્છા કરે નહિ; એ જ ધર્મ અને નિર્જરા છે.

હવે આગળની ગાથાની સૂચના રૂપે કાવ્ય કહે છે.

## કળશ ૧૫૨

કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી કે તું મારા ફળને ભોગવ. પૂર્વ કર્મના ફળરૂપે સંયોગો આવે. તે એમ નથી કહેતા કે તું મને ભોગવ. ખૂબી તો એ લીધી છે કે આત્માની પ્રતીતિમાં વિપાકરૂપે શાંતિ પ્રગટ થાય, તેને પરપદાર્થ કહેતું નથી કે તું મને ભોગવ. પૂર્વકર્મના કારણે સંયોગો મળ્યા, તે જીવને એમ કહેતા નથી કે "તારો અનુભવ છોડીને મારો અનુભવ કર." વસ્તુ સ્વભાવ જ નિર્વાંછક છે. તે કોઈને ઇચ્છે એવો નથી. એવા સ્વભાવને જાણે એટલે સંયોગો કાંઈ ખસી જતા નથી. ચૈતન્યની દ્રષ્ટિ થઈ, એટલે પૂર્વ કર્મના ફળને ભોગવવાની દ્રષ્ટિ રહેતી નથી. શાંતરસના અનુભવીને પૂર્વ કર્મ કહેતા નથી કે તું ખસીને અહીં આવ. પોતે પરને ભોગવવાનો ભાવ ન કરે તો પરાણે કોઈ કરાવતું નથી.

આચાર્યદેવ કહે છે કે પૂર્વે રાગ કર્યો હતો, તેથી કર્મ બંધાણાં હતાં. તે કર્મના ફળમાં સામગ્રી આવી, તે નવો રાગ કરાવતી નથી. ભાષા, શરીર, કપડાં વગેરે જડ છે અને પર છે, તે એમ કહેતા નથી કે તું અમારા સામું લક્ષ કર. તેમ ભવિષ્યમાં ભોગો મળે તો ઠીક—એવી ભાવના કરવાનું પણ તે પદાર્થો કહેતા નથી. જ્ઞાનીને ચૈતન્યની એકાગ્રતા હોવાથી તે પૂર્વકર્મના ફળમાં લોભાતો નથી. સંસારના કામો પ્રત્યેની પ્રીતિ દૂર કરી છે અને સ્વભાવની એકાગ્રતા પ્રગટ કરી છે એવા મુનિ અને સમ્યક્‌દ્રષ્ટિ આત્માને રાગ થતો નથી.

## જ્ઞાની અથવા તો મુનિ કર્મના ફળનાં પરિત્યાગરૂપ સ્વભાવવાળો હોવાથી કર્મ કરતાં છતાં પણ કર્મથી બંધાતો નથી.

ધર્મીજીવ શરીરાદિનાં નવાં નવાં કાર્યો કરતો દેખાય, પણ ખરેખર તેને અંતર સ્વભાવનું વલણ હોવાથી તે કર્મોથી બંધાતો નથી. અજ્ઞાની પરનો કર્તા બનીને, નવા નવા અજ્ઞાનના ભાવને ઉત્પન્ન કરે છે. જ્ઞાની પરભાવને કરતો નથી. અહીં તો કહે છે કે આત્મા વસ્તુ છે, એમાં એના ત્રિકાલ ગુણ અને પર્યાયો વસેલા છે. વસ્તુ હોય તે ખાલી ન હોય. સિદ્ધ સમાન શક્તિવાળો દરેક આત્મા છે. તેની જેને દ્રષ્ટિ થઈ તેને પૂર્વ કર્મના ફળમાં એકાગ્રતા થતી નથી. છોકરો, સ્ત્રી, પૈસાદિ પરાણે ખેંચતા નથી કેમ કે તે તો પર પદાર્થો છે. પોતે રાગ કરીને ખેંચાય છે અને બંધન કરે છે. જ્ઞાની

સમજે છે કે જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી બંધન છે. ભ્રાંતિ તૂટી એટલે મોહથી મરી ગયો છે. પછી નબળાઈના કારણે જરા રાગ દેખાય, પણ જ્ઞાનીને એમાં એકાગ્રતા નથી, તેથી બંધન થતું નથી.

**ભાવાર્થ :**–કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી. કર્મ એટલે કાર્ય–પૂર્વ પ્રારબ્ધના કારણે સંયોગ મળે તે. કર્તાને એટલે આત્માને પરાણે રાગાદિમાં જોડતાં નથી. પણ જે કર્મ કરતો થકો તેના ફળની ઇચ્છા કરે, તે જ તેનું ફળ પામે છે પણ જે જ્ઞાનરૂપે વર્તે છે અને રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી બંધાતો નથી કારણ કે તેને કર્મના ફળની ઇચ્છા નથી.

હવે આ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છે.

## ગાથા ૨૨૪ થી ૨૨૭

**જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિ નિમિત્ત સેવે ભૂપને,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.**

**ત્યમ જીવ પુરુષ પણ કર્મ—રજનું સુખ અરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.**
**વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહિ,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહિ; ૨૨૬.**
**સુદ્રષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મ રજ સેવન નથી,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતા નથી. ૨૨૭.**

**અન્વયાર્થ :**–જેમ આ જગતમાં કોઈ પુરુષ આજીવિકા અર્થે રાજાને સેવે છે તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે. તેવી જ રીતે જીવ પુરુષ સુખ અર્થે કર્મરજને સેવે છે તો તે કર્મ પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે. તેવી જ રીતે જીવ પુરુષ સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે.

વળી જેમ તે જ પુરુષ આજીવિકા અર્થે રાજાને નથી સેવતો, તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો નથી આપતો. તેવી જ રીતે સમ્યગ્દ્રષ્ટિ વિષય અર્થે કર્મ રજને નથી સેવતો તો (અર્થાત્ તેથી) તે કર્મ પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો નથી આપતું.

**<u>ટીકા :</u>**–જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે તો તે રાજા તેને ફળ આપે છે. તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે, તો તે કર્મ તેને ફળ આપે છે.

ખવાસની જાત થાય છે, તે પોતાને સારું સારું ખાવાનું મળશે અને કપડાં મળશે એમ ધારીને રાજાની સેવા કરે છે. તો રાજા તેને ખાવાનું અને કપડાં આપે ખરો, પણ એની કિંમત હોય નહિ. એ તો ગોલા અને ગોલી છે, તેને રાજા હીણા ગણે, પણ મોટા ગણે નહિ. એ તો દીનતા કહેવાય. રાજા મરી જાય, ત્યારે તે ખવાસણ પોતાનો ધણી જીવતો હોવા છતાં રાણીની સાથે પોતાનો ચૂડલો ભાંગે, તે સ્વતંત્ર જીવન કહેવાય નહિ. ઘણા માણસો મુખ મંગળિયા એટલે હાજી હા કરવાવાળા હોય છે, તે પણ ઓશિયાળાપણું છે. દયા, દાન, ભક્તિ આદિ કરીને ઇચ્છા કરે કે સારો ભવ તો મળશે ને ? ભવિષ્યમાં સામગ્રી તો મળશે ને ? તો તેને કર્મના કારણે ભોગ મળે પણ તેમાં પાછો રાગ કર્યા વગર રહેશે નહિ એટલે તેને બંધન ચાલુ રહેશે.

અજ્ઞાની કર્મના ફળમાં દીનતા કરે છે, તેને પુણ્યભાવના ફળમાં સામગ્રી મળશે તો તેમાં રાગ કરશે પણ તેને શાંતિ મળશે નહિ. અજ્ઞાની પુણ્યના ફળની આશા રાખે છે; તેને વર્તમાનમાં બંધન છે અને ભવિષ્યમાં પણ સામગ્રી મળશે, તેને સ્વભાવની એકતા થશે નહિ. ભગવાનનો ભેટો થાય એવી ઇચ્છા કરે તેને સામગ્રી મળે, પણ ધર્મ થાય નહિ. તે તો ભિખારી ને ભિખારી, પરનો ઓશિયાળો રહેશે. અમે પુણ્યવાન છીએ, એમ જેને પુણ્યની મીઠાશ છે, તેને પુણ્યના ફળમાં રાગબુદ્ધિ હોય છે. આ રીતે પુણ્યની ભાવનાવાળાને સંસાર જ ચાલુ રહે છે.

**<u>વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો, તો તે રાજા તેને ફળ નથી આપતો તેમ સમ્યગ્દ્રષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો, તો તે કર્મ તેને ફળ નથી આપતું.</u>**

જેમ કોઈ નોકરને શેઠ વધારે પગાર આપે, પણ તે લ્યે નહિ કેમ કે વધારે પગાર આપીને કોઈ અનીતિનું કામ કરાવે એમ તેને લાગે છે માટે ઓશિયાળાપણું કરતો નથી. પંડિત ગોપાળદાસજી બરૈયા એક વેપારીને ત્યાં નોકરી કરતા હતાં. પોતાની સ્થિતિ સાધારણ હતી. એક વખતે શેઠે તેમના નામનો વેપાર કરી રૂપિયા આઠ હજાર તેમના નફાના મળ્યા તે તેમના ખાતામાં જમા કર્યા. નામું લખતી વેળા પંડિતજીને ખબર પડી. તેમણે શેઠને પૂછ્યું, આ રૂપિયા મારા નામે શેના જમા કર્યા છે ? શેઠે કહ્યું કે નફાના છે,

નુકશાની આવી હોત તો તમારી પાસેથી લેત નહિ. પંડિતજીએ જવાબ આપ્યો કે "એવું ઓશિયાળાપણું અમને પાલવે નહિ, તે આઠ હજાર મારા નામ ઉપરથી કાઢી નાખો. હીણતાની વાત સાંભળવાનો પણ અમને મોખ નથી. નુકશાની જાત તો કહેત કે પંડિતજીના પુણ્ય નહિ, એવું સાંભળવું પણ અમને પોસાતું નથી." આ તો વ્યવહાર નીતિની વાત થઈ, પણ જ્ઞાની ધર્મી માને છે કે અમારા માટે કોઈ કાંઈ કરી દ્યે, એવું ઓશિયાળાપણું અમારાં સ્વભાવમાં જ નથી. અમારાં પ્રારબ્ધ કદાચ ઓછાં હોય તો પણ અમારે શું ? પુણ્યસામગ્રી વગેરે તો જડ છે, તે અમારે જ છે જ નહિ. અમારાં પુણ્ય મોળાં એ વાત સાંભળવાનો મોખ નથી. જ્ઞાની સમજે છે કે પુણ્ય ઓછાં એટલે જડનું ફળ ઓછું, એમાં અમારે શું ? સિદ્ધ ભગવાનને તો બિલકુલ પુણ્ય નથી. એટલે કાંઈ ભગવાન ભાગ્યહીન નથી. અમે પણ સિદ્ધની જાતના છીએ, એટલે અમો પુણ્યવાળાં છીએ એવું સાંભળવાનો મોખ નથી. એટલે કોઈ પુણ્યશાળી કહે તો અમને જડના ધણી બનાવે છે; અમે તો આત્માની શાંતિ રૂપે ફળ્યા તે ફળ્યા કહેવાઈએ, પણ કર્મ ફળે તો અમો ફળ્યાં નથી.

કોઈ બાઈ વિધવા થાય, ત્યારે બીજા માણસો કહે કે દુઃખણી થઈ ગઈ. પણ ખરેખર જ્ઞાની બાઈ હોય તો તે સમજે છે કે પતિ હતો જ કેને ? અમે તો આત્મા છીએ, અમો હીણા નથી, દુઃખિયા નથી, વસ્તુદ્રષ્ટિમાં હીણપણું નથી. જેટલો રાગ છે, તે હીણપ છે, પણ બહારની હીણપે હીણપ નથી. અજ્ઞાની બહારની અધિકાઈએ અધિકા છે અને બહારની હીણપે હીણપ માને છે તે મૂઢ છે, તેને ધર્મ થતો નથી. અજ્ઞાની પુણ્યના ફળમાં રાજી થાય છે, તે પુણ્યનો ઓશિયાળો છે. સારો નોકર હોય તે પણ પૈસાની દરકાર કરતો નથી. વધારે પગાર આપે તો લ્યે નહિ, કેમ કે તે સમજે છે કે એ ખાતર કદાચ હીણપનાં કે અન્યાયનાં કામ કરવાં પડે, તો અમને પોસાય નહિ.

અજ્ઞાની કર્મને ઇચ્છે છે, તેથી તેને સામગ્રી મળે છે, પણ તેમાં દીનતા છે. જેમ ચારણને કોઈ રૂપિયો આપે તો તે આપનારને રાજા ભોજની ઉપમા આપે છે; તે ગોલો થઈ ગયો છે, તે દીન છે. જ્ઞાનીને પોતાના સ્વભાવ પાસે પુણ્યની મોટપ ભાસતી નથી. જો પરની ઇચ્છા કરવામાં આવે તો આત્માની મૈત્રી રહેતી નથી. કોઈ એમ કહે કે અમારાં પુણ્ય ઓછાં છે તો તેમ કહેનારને પણ પુણ્યની રુચિ છે, ધર્મી એકલો થઈ જાય તો પણ પુણ્ય ઓછાં છે એમ માને નહિ કેમ કે ધર્મીને સ્વભાવની ઋદ્ધિ પ્રગટ થઈ ગઈ છે. વળી અજ્ઞાની ત્યાગી હોય ને તેને જો ઘણા શિષ્યો ન હોય અને બહારમાં

મોટપ ન મળતી હોય તો હીણ પુન્યનો છું એમ માને છે, તેથી તે મૂઢ છે. તેને પુણ્યરહિત સ્વભાવની મોટપ ભાસતી નથી.

વર્તમાન કે પૂર્વના પુણ્યનાં ફળ મારાં છે અને એનાથી લાભ થશે એમ જ્ઞાની માનતો નથી. બે ભાઈઓ જુદાં થયા હોય ત્યારે સરખી મૂડી વહેંચી હોય પણ પાછળથી નાનોભાઈ વધી ગયો હોય તો તેને સંભારીને મોટો ભાઈ દીન થઈ જાય છે, તે મૂઢ છે. જ્ઞાની ચૈતન્યની ઋદ્ધિવાળો છે, તેથી તે પરની ઋદ્ધિનો ઓશિયાળો થતો નથી. દીકરો મોળો પડ્યો હોય તો પોતે મોળો પડી જાય અને પૈસા વધે ત્યાં પોતે ફુલ્યો ફાલ્યો ફરે—તે બધું ઓશિયાળાપણું છે. ધર્મી જીવ બહારના કારણે ચડતીપડતી માનતો નથી. અમારી ચડતી તો અમારી સ્વભાવ દ્રષ્ટિમાં છે. અને જેટલો રાગ થાય એટલી અમારી પડતી છે એમ જ્ઞાની જાણે છે. જ્ઞાની સમજે છે કે કોયલાને લાખ મણ સાબુએ ધોવામાં આવે, તોપણ સફેદ થાય નહિ. પણ દીવાસળી મૂકી સળગાવી દેવામાં આવે તો ધોળી રાખ થઈ જાય. એમ સંસારને સુધારવા માગે તો સુધરે નહિ, પણ રાગદ્વેષને બાળીને ખાખ કરી નાખે તો સંસારનો અભાવ થઈ જાય. જ્ઞાની સમજે છે કે અમે પુણ્ય-પાપ બાંધ્યાં જ નથી, એવી દ્રષ્ટિથી તેને નિર્જરા થાય છે. દીકરો મરે, દીકરી રાંડે, દુકાનમાં નુકશાન જાય, મકાન સળગે, વિમાવાળો ભાંગે, દાટ્યા ધન કોલસા થાય, ઉઘરાણી જાય, કુટુંબનો નાશ થાય, આવી અનેક પ્રકારની પ્રતિકૂળતા બહારમાં દેખાય અને વંશ રહે નહિ ત્યાં અજ્ઞાની દીન થઈ જાય છે. પણ જ્ઞાની સમજે છે કે નિરુપાધિ સ્વભાવ અંતર દ્રષ્ટિથી ઉત્પન્ન થાય છે—તે અમારો વંશ છે. અને સાચો વંશ તો તે વધે છે. શુદ્ધ નિરુપાધિ સ્વભાવની મોટપમાં જ્ઞાનીને પુણ્યની મોટપ આવતી નથી. અજ્ઞાનીને આત્માની મોટપનું ભાન નથી. તેથી તેને દીનપણું જતું નથી. જ્ઞાનીને સ્વભાવ દ્રષ્ટિ હોવાથી કર્મ ફળ આપતું નથી આ તાત્પર્ય છે.

**ઉગ્ર પુરુષાર્થ પ્રેરક ભગવતી ગુરુવાણીનો જય હો !**

# પ્રસાદ નં. ૨૪૭

## સમયસાર ગાથા ૨૨૪ થી ૨૨૭

(અસાઢ સુદી ૧, ગુરુવાર, ૨૦૦૭)

આ આત્મા છે, તેને અનંતકાળથી ધર્મ થયો નથી. તેને ક્ષણે ક્ષણે ધર્મનું થવું થાય, તે નિર્જરા છે. અનંતકાળથી વિકાર નવો નવો થયા કરતો હતો, તેને બદલે અવિકાર નવો નવો થવો તે ધર્મ છે, તે કોને થાય ! તે કહે છે.

જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાની સેવા કરે, એટલે કે દીન થઈને નોકરી કરે તો રાજા પગાર આપે પણ કામ આવે ત્યારે દબાવે. તેથી તે સ્વતંત્ર રહી શકે નહિ. એમ જીવ સ્વભાવનો અનુભવ છોડી, પુણ્ય પાપની દીનતા કરે, તો તેને કર્મ બંધન થાય છે, પણ નિર્જરા થતી નથી. અજ્ઞાની અમારા પુણ્ય વધારે છે, એમ કહીને અધિકતા કરે છે અને પાપ ઘણાં છે એમ કહીને દીનતા કરે છે, તેથી તેને કર્મનો બંધ થાય છે.

વળી જેમ તે જ પુરુષ રાજાની સેવા કરતો નથી એટલે કે દીનપણું કરતો નથી, તો તેને રાજા ફળ આપતો નથી. તેમ જ્ઞાની પુણ્યપાપની અધિકતા કરીને દીનતા સેવતો નથી, તો તેને કર્મફળ આપતું નથી. જેમ બાળકને કોઈ કહે કે અમુક મકાનમાં ચૂડેલ છે. તેની સામે જુએ અને હોંકારો આપે તો તે શરીરને ચૂસી લે છે. તે પુણ્ય-પાપનાં ફળમાં હોંકારો આપે એટલે પુણ્યમાં અધિકતા અને પાપમાં હીનતા માને તો તે આત્માના આનંદને ચૂસી લે છે. ધર્મીને પુણ્ય-પાપમાં રુચિ નથી તેથી તે કર્મફળ આપતું નથી અર્થાત્ સંસાર ફળતો નથી, પણ નિર્જરા થાય છે. હું ચૈતન્ય છું એને ભૂલીને પુણ્યપાપમાં હીનતા કે અધિકતા અધિકતા માની તો કર્મ બંધાયા વગર રહે નહિ. જ્ઞાની સમજે છે કે એના કારણે મારી સુખદશા નથી તેથી તેને કર્મ ખસી જાય છે.

**ભાવાર્થ :**—અહીં આશય એ છે કે અજ્ઞાની વિષય સુખ અર્થે અર્થાત્ રાગમાં રંગાઈ જઈને ઉદયાગત કર્મને સેવે છે. તેથી તે કર્મ તેને વર્તમાનમાં રંજિત પરિણામ આપે છે. જ્ઞાની વિષય સુખ અર્થે—રાગમાં રંગાઈ જઈને ઉદયાગત કર્મને સેવતો નથી. તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી. અજ્ઞાની પુણ્યની ભાવનાથી ઉપવાસ આદિ કરે છે, તેને પરપદાર્થની ઇચ્છા છે. આત્મામાં આનંદ છે, તેની ભાવના નથી. હું

મારાથી શાંતિ રાખી શકું છું; એની તેને ખબર નથી. તેથી તેને કર્મ બંધાય છે, જ્ઞાનીને એવી ભાવના નથી. તેથી તે પરપદાર્થમાં રાગ કરતો નથી.

બીજો આશય એવો છે કે અજ્ઞાની રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે છે, તેથી તે કર્મ તેને રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે. જ્ઞાનીને એવી અભિલાષા હોતી નથી તેથી તેવા સંયોગોમાં પણ તેને ધર્મની ભાવના હોય છે. અજ્ઞાની ભાવના ભાવે છે કે પુણ્ય બાંધશું તો સ્વર્ગમાં જઈશું અને પછી ત્યાંથી ભગવાન પાસે જઈશું—તે મૂઢની ભાવના છે. જેને વ્રતાદિ ઉપર દ્રષ્ટિ છે, તેને પુણ્યના ફળની અભિલાષા છે, તેને સ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી. તે શુભ કર્મ કરે છે, તેથી તેને ભવિષ્યમાં સંસારની સામગ્રી મળશે. જ્ઞાનીને સામગ્રીની ભાવના નથી. વરસીતપ કરશું તો ઊજવણું થશે અને વ્રત તપથી પ્રસિદ્ધિ મળશે એમ અજ્ઞાની માને છે. તેથી તેને સંસાર ફળશે તેને ધર્મ થશે નહિ. જ્ઞાનીને આત્મ સ્વભાવની દ્રષ્ટિ હોવાથી વ્રતાદિના વિકલ્પની પણ ભાવના નથી.

આ રીતે અજ્ઞાની ફળની વાંચ્છાથી કર્મ કરે છે, તેથી તે ફળને પામે છે અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે, તેથી તે ફળને પામતો નથી.

હવે જેને ફળની વાંછા નથી, તે કર્મ શા માટે કરે ? એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :–

## કલશ—૧૫૩

“જેણે કર્મનું ફળ છોડ્યું છે, તે કર્મ કરે એમ અમે પ્રતીતિ કરી શકતા નથી.” ધર્મીએ કર્મનું ફળ છોડ્યું છે. એટલે કે જડની ક્રિયા અમે કરી શકતા જ નથી એમ તે માને છે. રોટલા છોડ્યા, બાહ્ય ત્યાગ કર્યો એમ જ્ઞાની માનતા નથી. જડની ક્રિયાનો સ્વામી તો તે નથી પણ પુણ્ય-પાપના ફળ જ અમને નથી એમ જ્ઞાની માને છે.

“પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે જ્ઞાનીને પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે (તેના વશ વિના) આવી પડે છે.” એટલે કે જ્ઞાનીને કર્મની ભાવના નથી પણ બહારમાં સંયોગની ક્રિયા આવી પડે છે. તેમાં જ્ઞાની જોડાતો હોય એમ લાગે પણ ખરેખર જ્ઞાની તેમાં જોડાતો નથી. અજ્ઞાની બહારમાં સંયોગો ભાળે છે, તે અપેક્ષાએ જ્ઞાની જોડાય છે એમ કહેવાય છે પણ જ્ઞાનીને રાગમાં જોડાવાનો પણ અભિપ્રાય નથી. કર્મનું ફળ તે હું નહિ,

શરીર, પૈસો, પુસ્તકાદિ તે હું નહિ, તે પર છે અને જડ છે, તેમની અવસ્થા મારાથી થાય નહિ તેથી જ્ઞાની કર્મને કરે છે એમ અમે દેખતા નથી.

જ્ઞાનીને સંયોગોમાં ઉભેલો દેખાય, લોકો ભાળે કે જ્ઞાની પરણવા જાય છે, લડાઈ કરવા જાય છે પણ જ્ઞાની જાણે છે કે તે જડની ક્રિયા છે. તેને ભોગવવું પડે છે એમ કથન માત્ર કર્યું છે. કેમકે ધર્માત્માની દ્રષ્ટિ અકંપ શુદ્ધ આત્મા પર છે. નિર્વિકલ્પ નિરુપાધિ જ્ઞાયક ભાવ તે હું છું, તેમાં જ્ઞાનીની દ્રષ્ટિ સ્થિર છે. તેથી જ્ઞાનીને બહારમાં સંયોગોના ઢગલા હોવા છતાં પણ તે અકંપ પરમ જ્ઞાન સ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની; કર્મને કરે છે કે નથી કરતો તે કોણ જાણે ?

## જ્ઞાની ઉદાસ છે મસાણના મડદાને ચંદનના લાકડા કે રેશમની પાલખી હોય તો તે મડદાને મોજ નથી. તેમ ધર્મીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી પુણ્યના ઢગલા હોય તો પણ તેમાં મોજ નથી

મડદાને શણગારે તો તેમાં તેને રાગ નથી તેમ જ્ઞાની સમજે છે કે પુણ્યના ઠાઠમાં મોજ નથી. હું તો અકંપ જ્ઞાયક ભાવ છું. એના ભાનમાં સ્ત્રી પ્રતિકૂળ હોય, વેરીઓ જાગે, શરીરમાં રોગ થાય તો તે પ્રતિકૂળતાને દેખતો નથી કેમ કે તે મોહથી મરી ગયો છે. મારે ને પર વસ્તુને કાંઈ સંબંધ નથી અને કદાચ પુણ્યનો યોગ હોય અને પાંચલાખનું મકાન બનાવ્યું અને વાસ્તુ લે તો લોકો કહે હરખનો દિવસ છે, એવી વાતો કરે પણ ધર્મી સમજે છે કે એ મકાનને લઈને મને હરખ નથી. મારો સ્વભાવ સુખરૂપ છે અને એવે વખતે કદાચ વીસ વરસનો એકનો એક છોકરો મરે તો પણ જ્ઞાનીને અંદરથી ખેદ હોય નહિ.

અજ્ઞાની સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, વ્રતાદિ કરે પણ જરા પ્રતિકૂળ સંયોગો આવે, ત્યાં આકુળતા કરે છે અને જ્ઞાનીને બહારમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાના ગંજો હોય તોપણ તેને કારણે તેને હર્ષ-શોક થતો નથી. એવી અજ્ઞાનીને ખબર પડતી નથી.

ભરત ચક્રવર્તી જ્ઞાની હતા તેમનો મોટો પુત્ર અર્કકીર્તિ રાજદરબારમાં બે ઘડી આવીને બેસે તો એક કરોડ સોનામહોર તેને આપે, પણ તે લે નહિ, ભંડારમાં નાખી દે. તેનો શણગાર ઊંચો હોય છે. મણિરત્નના પુતળાં સમાન જેમના એકસો પુત્રો ગામ બહાર રમતા હતા. તેમને ખબર પડી કે સેનાપતિએ દીક્ષા લીધી એટલે, તે બધા કે જે વૈરાગ્યવંત હતા. દરેક

વિદ્યામાં પ્રવીણ હતા. તે ત્યાંથી સીધા ભગવાન પાસે ગયા અને દીક્ષા લીધી આવા પુત્રો ઉપર પણ ચક્રવર્તીને રાગ હોતો નથી.

જ્ઞાની સમજે છે કે અમો તો સિદ્ધ સમાન છીએ, બહારની ચીજ અમારાથી જુદી છે. પુણ્ય-પાપ પણ અમારાં નથી તો તેનાં ફળ તો અમારા ક્યાંથી હોય ? ન જ હોય. અંતર પટમાં ચૈતન્યની દ્રષ્ટિ વર્તે છે, તેથી તે સંયોગો અને રાગમાં જોડાતા નથી. એવી અજ્ઞાનીને ખબર પડે નહિ.

દ્રવ્ય અનંત ગુણોનો પિંડ છે. તેમાંથી અનંત જ્ઞાન દર્શનાદિનાં પ્રવાહ વહે છે. તેથી તે પરને ભોગવતો નથી. હાથમાં હીરો આવ્યો હોય પણ તેની કિંમત ન હોય તો બકરીની ડોકે બાંધે તેમ અજ્ઞાનીને આત્મા કોણ છે, તેની ખબર નથી. તેથી તે ગમે તેટલા ક્રિયાકાંડ કરે તો પણ તેને ધર્મ થતો નથી. તે મનુષ્યપણું ગુમાવી બેસે છે.

**ભાવાર્થ :**–જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી. જેમ હજારો ભંગી ભેગા થયા હોય તેમાં એક વાણિયો જઈ ચડ્યો હોય તો તેને શંકા પડે નહિ કે રખેને હું ભંગી થઈ ગયો હઈશ. તેમ જ્ઞાનીને બહારમાં અનેક સંયોગો આવી પડે તો પણ તેમાં મારું સ્વરૂપ ભેળસેળ થતું નથી એમ તે જાણે છે.

જ્ઞાનીના પરિણામ તો જ્ઞાની જ જાણે છે. કરોડાધિપતિ હોય પણ બહારથી સાદો અને સાધારણ લાગે તો તેની પાસે કેટલા પૈસા હશે તેનો પત્તો ખાતો નથી. તેમ જ્ઞાનીનો પત્તો બહારથી ખાય એમ છે જ નહિ. માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની છે અને તે કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે ? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે. જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.

અવિરત સમ્યગ્દ્રષ્ટિથી માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા. તેમાં અવિરત સમ્યગ્દ્રષ્ટિ સંસારમાં કદાચિત્ લડાઈમાં ઊભો હોય પણ કર્મનો કર્તા નથી. તેમ જ દેશવિરત સમ્યગ્દ્રષ્ટિ પાંચમાં ગુણસ્થાનવર્તી શ્રાવક અને આહાર વિહાર કરતા મુનિઓ ને બાહ્ય ક્રિયા કર્મ પ્રવર્તે છે તો પણ જ્ઞાન સ્વભાવથી અચલિત હોવાને લીધે નિશ્ચયથી તેઓ બાહ્ય ક્રિયા કર્મના કર્તા નથી, જ્ઞાનના જ કર્તા છે. અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથાસંભવ કષાયના અભાવથી તેમનાં પરિણામ ઉજ્જવલ છે. તે ઉજ્જવળતાને તેઓ જ (–જ્ઞાનીઓ જ) જાણે છે. મિથ્યાદ્રષ્ટિઓ તે ઉજ્જવલતાને જાણતા નથી. મિથ્યાદ્રષ્ટિઓ તો બહિરાત્મા છે. બહારથી જ

ભલું-બુરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે ? અજ્ઞાનીને ભાવની પરીક્ષા કરવાની તાકાત નથી. તેને બહારથી શું દેખાય ?

કોઈ જ્ઞાની એવા હોય કે આ ભવમાં મોક્ષે જવાના છે છતાં લડાઈ કરવા જાય પણ આત્મ દ્રષ્ટિ ઊગી છે, તેને ભૂલતા નથી.

નેમનાથ ભગવાન સંસારમાં હતાં. કૃષ્ણ વાસુદેવના પત્ની રૂક્ષ્મણીએ ધોતિયું ન ધોયું, તે વખતે તેમને જરા દ્વેષ થઈ આવ્યો. નાગની શય્યામાં જઈને સૂતા. અલ્પ કષાય ભાવ આવી ગયો. અજ્ઞાનીને એમ લાગે કે જ્ઞાની આટલી વાત પણ જતી ન કરી શકે ? જ્ઞાનીને રાગદ્વેષ દેખાય છે પણ તેના સ્વામી તે થતા નથી. પોતે અકંપ જ્ઞાયક સ્વભાવી છે, એવી દ્રષ્ટિ જ્ઞાનીને છે અને અજ્ઞાનીને બહારની દ્રષ્ટિ છે, તેથી તે જ્ઞાનીને ઓળખી શકતો નથી.

હવે આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે.

## <u>કળશ ૧૫૪</u>

આ ધર્મીની ભાવનાનું વર્ણન ચાલે છે. બહારના સંયોગો સાથે તેને સંબંધ નથી. કેમ કે જ્ઞાની તેને સ્વીકારતો નથી. જેના ભયથી ચલાયમાન થતા-ખળભળી જતાં-ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે, એવો વજ્રપાત થવા છતાં આ સમ્યગ્દ્રષ્ટિ જીવો, સ્વભાવથી જ નિર્ભય છે. વજ્રપાત થાય, વીજળીના કડાકા થાય, હાલક લોલક થાય તે વખતે ત્રણ લોકના લોકો સ્વભાવદ્રષ્ટિ રાખી શકતા નથી, ખળભળાટ થઈ જાય છે. દ્વારકાનગરી સળગી, શ્રીકૃષ્ણ અને બળભદ્ર તેમના માતાપિતાને નગરી બહાર કાઢવા જતા હતા. આકાશવાણી થઈ કે બહાર નહિ નીકળે. દરવાજા પાસે આવતાં રથ ઉપર દરવાજો પડ્યો. કૃષ્ણ બળભદ્રને કહે કે ક્યાં જઈશું ? તે વખતે પણ આત્માનું ભાન હતું કે પુણ્ય ખસતાં અને બહારના સંયોગો ખસતાં અમારા આત્મામાંથી કાંઈ ખસ્યું નથી. જ્ઞાનીને નિર્બળતા છે ત્યાં સુધી વિકલ્પ આવે પણ અંતરદ્રષ્ટિ ખસતી નથી. જોદ્ધા જેવા બે ભાઈઓ હતા. નગરી સળગી, પાણી નાખે ત્યાં તેલની જેમ બળે. પુણ્ય ખસ્યા પણ સમજે છે કે પુણ્ય અમે નહિ. અમે તો જ્ઞાતા છીએ—એ દ્રષ્ટિ ક્યારેય પણ ખસતી નથી.

<u>જ્ઞાની સમસ્ત શંકા છોડીને, પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે એવો</u>

જાણતા થકા, જ્ઞાનથી ચ્યુત થતા નથી. આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દ્રષ્ટિઓ જ સમર્થ છે.

અજ્ઞાનીને તો જરા પ્રતિકૂળતા આવે તો અંતરભાન નહિ હોવાથી જ્ઞાતા રહી શકે નહિ. જ્ઞાની કદી પણ જ્ઞાન સ્વભાવથી ચલાયમાન થતો નથી. ચૈતન્ય ધ્રુવનું ભાન છે. બહારમાં કદાચ ખાવા–પીવાનું મળે નહિ છતાં સમજે છે કે તે સંયોગો તે અમે નહિ. કૃષ્ણ મહાપુરુષ હતા. તીર્થંકર નામકર્મ પણ બાંધ્યું છે છતાં પાપના ઉદયમાં જ્ઞાતા રહે છે. અમને તો અમારા સિવાય બીજું કાંઈ શરણ નથી. પ્રતિકૂળ સંયોગો ને ગણકારતા નથી. અનુકૂળતામાં પણ રાજી થતા નથી તેથી સંયોગોથી જ્ઞાની નીંભર છે, એટલે જ્ઞાની રેંગીફેંગી હોતા નથી.

અજ્ઞાનીને એમ લાગે છે કે વૃદ્ધાવસ્થા આવે, આબરૂ, પૈસા, રોટલા પણ હોય નહિ તો તેના કારણે મોટામાંધાતા પણ પડી જાય, પણ એ વાત જુઠી છે વળી ધર્મ પ્રગટ થયો હોય તો તેનું ફળ કાંઈ બહારમાં આવે નહિ. ચોમાસાના વખતમાં વીજળી ઝબકારા મારે, આકાશમાં કડાકા થાય, આખું ગામ હાલક–લોલક થાય પણ ધર્મી સમજે છે કે અમને પરમાણુ પણ સ્પર્શે નહિ. અમારા ઉપર બેલાં પડે નહિ. ઘણા જીવો ડગમગી જાય. જ્ઞાનીને ભય લાગતો નથી. અમારા આત્મ તત્ત્વને કોઈ પરિષહ કે ઉપસર્ગ અડતો નથી.

ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દ્રષ્ટિની આ વાત છે. તે સમજે છે કે શરીરનો સંયોગ છૂટવાનો હશે તો તેને ઇન્દ્રો પણ રોકી શકે એમ નથી. બાળક માતાના પેટમાં આવ્યું ત્યારથી અનિત્યતાની ગોદમાં છે એટલે કે તેને અનિત્યપણું લાગુ પડી ગયું છે એમ જ્ઞાની જાણતો હોવાથી નિર્ભય છે. આનું નામ ધર્મ છે. જરા પ્રતિકૂળતા બહારમાં આવે ત્યાં રોણાં માંડે, એવો ધર્મ હોય નહિ. જ્ઞાની સમજે છે કે મારું જ્ઞાનરૂપી શરીર છે, તેનો કોઈ નાશ કરી શકે નહિ તેથી તે જ્ઞાનથી ચ્યુત થતો નથી. આવું પરમ સાહસ કરવાને માત્ર જ્ઞાનીઓ જ સમર્થ છે. અજ્ઞાની આવું સાહસ કરી શકતા નથી.

# પ્રસાદ નં. ૨૪૮

## સમયસાર કળશ ૧૫૪

(અષાડ સુદ ૨, શુક્રવાર, ૨૦૦૭)

અહીં નિર્જરા અધિકાર ચાલે છે, તેમાં સમ્યગ્દ્રષ્ટિ કેવો નિઃશંક હોય છે, તે જણાવે છે. સમ્યગ્દ્રષ્ટિ નિઃશંકિત ગુણ સહિત હોય છે, તેથી ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે.

**ભાવાર્થ :**—આત્મા શુદ્ધ અખંડ ચૈતન્ય સ્વરૂપ છે, એવી જેની દ્રષ્ટિ છે, તે નિઃશંક છે. પરનું હું કરી શકું છું અને પુણ્યથી ધર્મ થાય–તે શંકાવાન છે. ધર્મી પુણ્યથી મોટાઈ અને પાપથી હીણપ માનતો નથી કેમ કે પુણ્ય-પાપને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. ગમે તેવા પ્રતિકૂળતાના ગંજ હોય, સાતમી નરકના ક્ષેત્રમાં હોય તો પણ જ્ઞાનીને અશાંતિ થતી નથી કારણ કે આત્મસ્વભાવનો ઉદય પ્રગટ ભાવરૂપે વર્તે છે. તેથી તે પુણ્ય-પાપના પરિણામનો જ્ઞાતા રહે છે. સૂર્યના ઉદયમાં અંધારું રહે નહિ તેમ જ્ઞાનીને નિર્મળ સ્વભાવનું ઊગવું થાય છે, તે ગમે તેવા પ્રસંગમાં પણ ટકી રહે છે.

## ત્રણ લોકના જીવો કંપી ઉઠે એવો વજ્રપાત થવા છતાં જ્ઞાની પોતાના સ્વરૂપને જ્ઞાન શરીરવાળું માનતો હોવાથી જ્ઞાનથી ચલાયમાન થતો નથી

જેના ભયથી ત્રણ લોકના જીવો કંપે છે, શરીરમાં રોગ થાય, દીકરી રાંડે, દીકરો મરે, દાટ્યા પૈસા કોયલા થાય, દુકાન સળગે, વિમાવાળો ભાંગે, કુટુંબ કબીલો રહે નહિ–એવા પ્રસંગમાં અજ્ઞાની પોતાની શ્રદ્ધાને છોડી દે છે અને જ્ઞાની વજ્રપાત થાય, વિજળીના પ્રહાર થાય, તે વખતે પણ પોતાના સ્વરૂપને જ્ઞાન શરીરવાળું માને છે, તેથી નિઃશંક હોય છે. આ જડ તે મારું શરીર નથી. મારું જ્ઞાનરૂપી શરીર કોઈથી હણાવા યોગ્ય નથી. આ સ્થૂળ શરીર આવ્યું છે, તે વિયોગ લેતું આવ્યું છે–એમ જ્ઞાનીને સ્વભાવથી પ્રતીત વર્તે છે. તરવારની સમણા સમણી થતી હોય ત્યારે પણ જ્ઞાની સમજે છે કે હું આત્મા છું શરીર નાશવાન છે. તેથી તે નિર્ભય રહે છે. એનું નામ નિર્જરા છે.

વેપારી પાંચ લાખની મૂડીમાં પચાસ હજાર મેળવે છે, એમ હું આત્મા શુદ્ધ છું એવી પ્રતીતિની મૂડી ધર્મી જ્ઞાનમાં ભેગી કરે છે અને ક્ષણે ક્ષણે નવું

નવું જ્ઞાન ભેળવતો જાય છે. જેમ વેપારી મૂડીમાંથી ખર્ચે નહિ નવું આવે તેમાંથી ખર્ચ કરે, તેમ જ્ઞાની નિર્વિકલ્પ રાગ રહિત શાંતિની મૂડી છે, તે રાખે છે અને નવી નવી શુદ્ધતાની વૃદ્ધિ કરે છે. મારો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. મારું વીર્ય સ્વરૂપ રચે છે. પુણ્યને રચે તે વીર્ય નથી. જ્ઞાનીને જ્ઞાન વીર્ય છે. શરીરાદિને રચે તે વીર્ય નથી. જગતના કામ કરે તે આત્માનું વીર્ય નથી. શરીરનો નાશ થતાં મારો નાશ થતો નથી. હું તો અનંત શાંતિનો ભંડાર છું. સ્વભાવનો આત્મા થતાં કર્મ છૂટી જાય છે. ધર્મી જીવ પોતાનો વિનાશ થાય—એમ કદી માનતો નથી.

શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે :–

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસનને મનમાં નહિ ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ.**

આ શરીરને ખાનાર સિંહ હોય તો પણ જ્ઞાનીને ભય થતો નથી કેમ કે શરીર તો વિનાશિક છે. હું અવિનાશી છું. જેને જોઈતું હોય તે ખાય, એ તો મારો મિત્ર છે. આવી ભાવના હોવાથી જ્ઞાનીને નિર્જરા થાય છે. શરીર નાશવાન છે. તો નાશનાં નિમિત્તો આવ્યા વિના રહે નહિ. અમે અવિનાશી, ધ્રુવ, આનંદ સ્વરૂપી છીએ અને પર્યાયનો વિનાશિક સ્વભાવ છે. પ્રતિકૂળતાના ગંજ આવી પડે તો તે શરીરને નિમિત્ત થશે, તે મારા આત્માને વિકાર થવામાં નિમિત્ત થઈ શકે નહિ. મને તો તે નિર્જરામાં નિમિત્ત થાય છે. પરચીજને કોઈ રોકી શકે એમ નથી, એમ જ્ઞાની સમજે છે, તેથી તે હવે નિર્ભય છે.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :–

## <u>ગાથા ૨૨૮</u>

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને,**
**છે સપ્તભય પ્રવિમુક્ત જેથી તેથી તે નિઃશંક છે. ૨૨૮.**

<u>**અન્વયાર્થ** :–સમ્યગ્દ્રષ્ટિ જીવો નિઃશંક હોય છે, તેથી નિર્ભય હોય છે</u> અને કારણ કે સપ્ત ભયથી રહિત હોય છે, તેથી નિઃશંક હોય છે. (-અડોલ હોય છે.)

<u>**ટીકા** :</u>–કારણ કે સમ્યગ્દ્રષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષ વર્તે છે. ધર્મી સદા શુદ્ધ

આત્માની ભાવના ભાવે છે, તેથી તે સદા જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોનાં ફળ પ્રત્યે નિર્વાંછક છે, કર્મનાં ફળને તે વાંછતા નથી. આખી જિંદગી ક્રિયાકાંડ કરે પણ આત્માની ખબર ન હોય તેને ધર્મ થાય નહિ. આવું કર્મ બંધાય અને કર્મનું ફળ આવું આવે તો ઠીક, એવી અભિલાષા જ્ઞાનીને હોતી નથી. નબળાઈના કારણે ઇચ્છા થાય તેની ગૌણતા હોવાથી તે અભિલાષાને ગણવામાં આવી નથી. ઇચ્છાની ઇચ્છા જ્ઞાનીને નથી.

જ્ઞાનીને સદાય કર્મના ફળની વાંછા નથી. સદાય એટલે ખાતો હોય, ઉંઘતો હોય ત્યારે પણ સ્વની પ્રતીતિ ખસતી નથી. લડાઈમાં દેખાતો હોય એમાં દુશ્મન હારે તો ઠીક અને મારી મોટપ થાય તો ઠીક–એવી જ્ઞાનીને ઇચ્છા નથી. કેમ કે જ્ઞાની તે ક્રિયાનો સાક્ષી છે. અજ્ઞાની તો એક ઉપવાસ કર્યો હોય કે થોડું દાન કર્યું હોય તો અભિમાન કરે. જ્ઞાની જાણે છે કે દાન કોઈ દઈ શકતું નથી. મારો ભંડાર તો અંતરમાં છે. દીકરા દીકરી વગેરે અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય એના પ્રત્યે જ્ઞાનીને અભિલાષા નથી કેમ કે તેમને આત્માની ભાવના હોય છે. સ્વની સાપેક્ષતામાં પરથી નિરપેક્ષ હોય છે.

## જ્ઞાની ખરેખર અત્યંત નિઃશંક, દ્રઢ નિશ્ચયવાળો હોવાથી અત્યંત નિર્ભય છે.

ધર્મી નિર્ભય હોય છે, તેવો એનો સ્વભાવ છે. સ્વભાવમાં ભય નથી. નિર્ભયતાની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે.

હે ભગવાન ! આપે ધર્મ પ્રરૂપ્યો પણ પાછળથી શું થયું તે સામે જોયું નહિ. આપ તો કેવળજ્ઞાનમાં ડૂબકી મારી રહ્યા છો. શાસન સામું જોતા નથી. આમ ધર્મી જીવને શબ્દોની શ્રેણી નીકળે છે પણ આમ થયું હોત તો અને આમ થાય તો ઠીક, એવી ભાવના તેને હોતી નથી. પાછળ કેટલો વખત શાસન ચાલશે એવી ભાવના ધર્મીને નથી. સ્વભાવ સિવાય પરની ભાવના હોતી નથી. ઘણાને એમ થઈ જાય કે પાછળથી શું થશે ? જ્ઞાનીને પુસ્તકનું કે શાસનનું શું થશે, તેની ભાવના નથી.

અજ્ઞાનીને એમ થાય કે છોકરા પાછળ સારા થાય તો સારું અને ત્યાગી હોય તો શિષ્યો સારાં હોય તો સારું એવી વાંછા કરે છે. જ્ઞાનીને એવી ભાવના હોતી નથી. પોતાના ખેતરમાં જે અનાજ વાવ્યું હોય, તે જ જાતનું ઊગે, બીજું ઊગશે નહિ; તેમાં કોઈ શંકા પડે નહિ. તેમ જ્ઞાનીને દ્રઢ શ્રદ્ધા

હોવાના કારણે પોતાના જ્ઞાનસ્વભાવમાંથી વિકાર ઊગશે, એવી શંકા પડતી નથી. તેથી પર સામું જોવાનું રહેતું નથી.

હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે. તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે.

## કળશ—૧૫૫

“આ ચિત્સ્વરૂપ લોક જ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો શાશ્વત એક અને સકળ વ્યક્ત (સર્વ કાળે પ્રગટ એવો) લોક છે; કારણ કે માત્ર ચિત્સ્વરૂપ લોકને આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે–અનુભવે છે.”

## ધર્મીને આ લોક અને પરલોકનો ભય નથી, કેમ કે તે પોતાના જ્ઞાન સ્વરૂપને પોતાનો લોક માને છે

જ્ઞાની વિચારે છે કે મારો લોક કયો ? આ જ્ઞાન સ્વરૂપ, લોકથી ભિન્ન, શાશ્વત અને એક ભગવાન આત્મા છે, તે મારો લોક છે. સ્ત્રી, કુટુંબ વગેરે મારો લોક નથી. આત્મા સિવાય જેટલી પરવસ્તુ છે, તે મરતાં સુધી સાથે રહેશે કે નહિ, એનો જ્ઞાનીને ભય નથી. અજ્ઞાનીને આ લોકની સામગ્રી રહેશે કે નહિ એવો ભય રહ્યા કરે છે. ધર્મી તો જ્ઞાન સ્વરૂપને પોતાનો લોક માને છે. જગતના પદાર્થથી મારો લોક પરથી ભિન્ન છે અને શાશ્વત છે. તે બગડે કે નાશ પામે એવો નથી. પર્યાય દ્રવ્યમાં અભેદ હોવાથી તે એક છે. દ્રવ્ય સર્વકાળે પ્રગટ છે, અપ્રગટ નથી—તે મારો લોક છે. દુકાન, છોકરા, પૈસા વગેરે મારો લોક નથી. મારી ઋદ્ધિ મારી સમીપ જ સદા છે. જુઓ, ધર્મીને આવી દ્રષ્ટિ હોય છે, તેથી તેને નિર્જરા થાય છે. ખાલી ઉપવાસ કરવાથી કે શાસ્ત્ર ભણવાથી નિર્જરા થતી નથી.

તે જ્ઞાન સ્વભાવી લોક સ્વયમેવ છે એટલે કે નિમિત્ત કે રાગાદિની સહાયતા વિના એકલો અવલોકે છે. નિમિત્ત આદિ હો તો ભલે હો પણ તેની સહાયતાથી કે તેના કારણે અવલોકે છે એમ નથી. અહીં તો નિમિત્ત અને રાગની વાત જ લીધી નથી કેમ કે જ્ઞાન સ્વરૂપ લોકમાં તેની નાસ્તિ છે. સ્વભાવરૂપે પરિણમન તો સ્વયમેવ એટલે કે પોતાની મેળે કોઈની મદદ વિના થાય છે. સંઘયણાદિ કે પંચ મહાવ્રતાદિની મદદ વિના એકલા આત્માને જ જ્ઞાની અવલોકે છે.

જ્ઞાની ચૈતન્ય જ્યોતને એકલો અનુભવે છે. આનું નામ લોક છે. આ સિવાય પરને પોતાનો લોક જ્ઞાની માનતો નથી. પોતાનો લોક પોતાની પાસે છે. તેથી પરનો અનુભવ જ્ઞાનીને નથી.

“આ ચિત્સ્વરૂપ લોક જ મારો છે. તેનાથી બીજો કોઈ લોક કે પરલોક મારો નથી”–એમ જ્ઞાની વિચારે છે, જાણે છે. રાગાદિ થાય તે પણ તારો લોક નથી. તેના ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી ચૈતન્યની દ્રષ્ટિ કરવી તે જ્ઞાનીનો લોક છે. આ લોકની સામગ્રી અને પરલોક સ્વર્ગાદિ મારાં નથી. ધર્મી જીવો સ્વર્ગમાં ગયા છે અને શ્રેણિક રાજા નરકમાં ગયા છે એમ કહેવાય છે; પણ ખરેખર તો આત્મામાંથી નીકળીને બીજે ક્યાંય તેઓ ગયા નથી. ધર્મી જીવ પુણ્ય-પાપમાં પણ જતાં નથી. પરથી જુદા આત્માની પ્રધાનતા તે પરલોક છે. અને જ્ઞાન તે મારો લોક છે. બાકી બીજો કોઈ લોક કે પરલોક મારામાં નથી. આત્માને સમજતાં લોક અને પરલોક પોતામાં સમાય છે. તેથી જ્ઞાનીને આ લોક અને પરલોકનો ભય નથી. અજ્ઞાનીનો આત્મા પણ સ્વક્ષેત્ર છોડીને પરમાં જતો નથી પણ પરલોકમાં જાઉં છું એમ તે માને છે. જ્ઞાની જાણે છે કે મારો લોક અને પરલોક બહારમાં નથી, તેથી જ્ઞાનીને આ લોકનો અને પરલોકનો ભય ક્યાંથી હોય ? ન જ હોય.

જ્ઞાની જાણે છે કે હું આ લોકની સામગ્રીથી રહિત છું અને પરલોકમાં તો આત્મા જતો નથી. જ્યાં જાય છે ત્યાં પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવમાં રહે છે. સ્વર્ગમાં જશું તો ત્યાંથી ભગવાન પાસે જવાશે કે કેમ ? એવો અજ્ઞાનીને ભય રહ્યા કરે છે. તેને અહીં તો સ્વભાવ રુચતો નથી, તેથી ત્યાંનો ભય રહે છે. જ્ઞાની સ્વભાવની ભાવનામાં નિર્જરા કરે છે. આ સિવાય નિર્જરા હોતી નથી.

જ્ઞાની પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો, સહજ જ્ઞાનને એટલે પોતાના જ્ઞાન સ્વભાવને સદા અનુભવે છે. આંતરું પાડ્યા વિનાની નિઃશંકતા હોવાથી પર્યાય નિર્મળ થાય છે. પણ કર્મ ખસે છે માટે નિઃશંક થાય છે એમ કહ્યું નથી. મારા જ્ઞાન સ્વભાવમાં પરનો પ્રવેશ જ નથી—તેવા સ્વાભાવિક જ્ઞાનને જ્ઞાની સદા અનુભવે છે. નિરંતર એટલે આંતરું પાડ્યા વગર અને સદા એટલે ત્રણે કાળ એક જ જ્ઞાનનો અનુભવ જ્ઞાનીને હોય છે.

**ભાવાર્થ** :—આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ? એવી ચિંતા તે આલોકનો ભય છે, લૂગડાં, દવા, મકાન, ખાવાના ખોરાક આદિ આત્માને શરણભૂત છે એમ અજ્ઞાની માને છે. વળી મારી સેવા કરનારા પણ કાયમ રહે તો ઠીક એવી ચિંતા અજ્ઞાની કર્યા કરે છે. તેને આ

લોકનો ભય છૂટતો નથી તેથી તે નિર્ભય નથી. સામગ્રીનો તો આત્મામાં અભાવ છે. તે પછી તે રહેશે કે નહિ ? તેવો પ્રશ્ન જ રહેતો નથી. આટલી મૂડી ભેગી થઈ છે, તે સચવાય તો સારું અને વ્યાજ ચાલુ રહે તો સારું, એવી ચિંતા જ્ઞાનીને રહેતી નથી.

"પરભવમાં મારું શું થશે?" એવી ચિંતા રહે તે પરલોક ભય છે. આત્માને છોડીને પરલોકમાં જાય તો ભય રહે, પણ એમ તો બનતું નથી. પોતાની પર્યાય છોડીને પરમાં તો કદી ઊપજતો નથી. તેથી જ્ઞાનીને પરલોકનો ભય નથી. જ્ઞાની જાણે છે કે આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે કે જે સર્વકાળે પ્રગટ છે. આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી. મારામાં આ લોક અને પરલોક—એમ બે પણું નથી. આવું સાંભળીને કોઈ કહે કે આ તો જ્ઞાનીની વાત કરો છે પણ અમારે શું કરવું ? તો કહે છે કે પ્રથમ આવી ઓળખાણ કરવી. આ સિવાય બીજું બધું નિરર્થક છે. પ્રથમ સત્ય માનવું તે જ પુરુષાર્થ છે.

આ મારો ચૈતન્ય સ્વરૂપ લોક તો કોઈથી બગડ્યો બગડતો નથી. આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય ? કદી ન હોય. તે તો પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે. દીકરી એના બાપની ઉપરવટ થઈને બીજે પરણે અને દીકરો પહેલું સગપણ તોડીને બીજે લગ્ન કરે ત્યારે તેના બાપને એમ થાય કે મારું નાક કપાયું. મેં ખાનદાન ગ્રહસ્થને ત્યાં સગપણ કરાવ્યું હતું તે તોડાવ્યું. જે જીભે પાન ચાવ્યા તે જીભે કોલસા ચાવવા પડે છે એમ અજ્ઞાનીઓને લપ વળગી છે. ધર્મીને એવું છે નહિ. તે સમજે છે કે બહારની સામગ્રીનું થવું હોય તે થાય તેથી કાંઈ મારો લોક બગડતો નથી. દુકાનમાં નોકર રાખ્યો હોય અને ફેરફાર કરીને ચાલ્યો જાય તો અજ્ઞાની ઉકળાટ કરે છે. અમારે હવે ક્યાં જવું. નોકરના વિશ્વાસે રાખ્યું. અમારું જીવન બગાડ્યું, એમ તે માને છે. ધર્મી માને છે કે મારું બગાડનાર જગતમાં કોઈ છે જ નહિ. મારા લોકમાં દીકરો, દીકરી કે પૈસા કાંઈ છે જ નહિ. પર પદાર્થો જે સંયોગો છે, તે બિલકુલ છે જ નહિ—એમ નથી. પણ મારા ચૈતન્ય સ્વરૂપ લોકમાં તે નથી અને સ્વર્ગ, નરક, તિર્યંચાદિના ભવ જે પરલોક છે, તે મારા ચૈતન્યલોકમાં નથી. એમ ધર્મી પોતાના જ્ઞાનસ્વભાવની ભાવના ભાવતાં પરને કારણે સુધાર કે બગાડ માનતો નથી. આનું નામ નિર્જરા છે.

ઉપવાસ કર્યો હોય ત્યારે નિર્જરા થાય અને ખાવા બેઠો હોય ત્યારે નિર્જરા ન થાય–એમ નથી. નિર્જરા એવી નથી. નિર્જરા તો નિરંતર જ્ઞાનીને

હોય છે, ધર્મ કે નિર્જરા બહારની સામગ્રીના સદ્‌ભાવ કે અભાવના આધારે નથી. અણાહારી સ્વભાવ તો ચોવીશે કલાક આત્મામાં છે. તે સ્વભાવ ખાતી વખતે પણ ક્યાંય જતો રહેતો નથી. ત્રણે સાથે જ હોય છે. જ્ઞાનીને તેનું અવલંબન હોવાથી તેને નિરંતર નિર્જરા થાય છે. તેથી જ્ઞાની નિઃશંકપણે નિર્ભય હોવાથી પોતાના સ્વાભાવિક જ્ઞાનને નિરંતર અનુભવે છે.

***********************************************

# પ્રસાદ નં. ૨૪૯

## સમયસાર કળશ : ૧૫૬

(અષાઢ સુદી ૩, શનિવાર, ૨૦૦૭)

આ નિર્જરા અધિકાર છે. જ્ઞાનીને સાત પ્રકારના ભય હોતા નથી. કેમ કે આત્મ વસ્તુ નિર્ભય છે. જ્ઞાન, દર્શનાદિ અનંત ગુણોનો પિંડ નિર્દોષ આત્મપદાર્થ છે. તેના દ્રષ્ટિવંતને ભય હોતો નથી. નિર્ભયમાં ભય હોય નહિ. જ્ઞાનીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય પદાર્થ ઉપર હોવાથી જગતના કોઈપણ સંયોગોનો ભય તેને નથી. સાત ભયમાં આ લોક ભય અને પરલોક ભય એમ બે જ્ઞાનીને નથી તે વાત આવી ગઈ છે.

હવે વેદના ભય જ્ઞાનીને હોતો નથી તેનું કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ ૧૫૬

ધર્મી થવું હોય તો શું કરવું ? અને ધર્મ થતાં શું થાય છે ? તે બન્ને વાત આવી જાય છે. આત્મ વસ્તુને જાણવી અને શ્રદ્ધવી, સંયોગી ચીજની ઉપેક્ષા કરવી અને આત્માની અપેક્ષા કરવી તે અધિકાર ચાલે છે. ધર્મીને નિર્જરા થાય છે કેમ કે તેને વેદના ભય નથી. અજ્ઞાનીને શરીરમાં રોગ આવે ત્યારે ભય, ત્રાસ લાગે છે. અશાતામાં અજ્ઞાની કંપી ઊઠે છે, પણ ધર્મીને ભય હોતો નથી, કેમ કે અભેદ સ્વરૂપમાં વેદ્ય—વેદકના બળથી (અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે એવી વસ્તુ સ્થિતિના બળથી) એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ પુરુષો વડે (જ્ઞાનીઓ વડે) સદા વેદાય છે, તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. તેની પર્યાયમાં ભેદ પડે તે હું નથી. હું તો શુદ્ધ ચૈતન્ય છું—એવા અભેદ સ્વરૂપે વર્તતા જ્ઞાની એક જ્ઞાનનો જ અનુભવ કરે છે. વેદ્ય વેદક અભેદ હોય છે.આત્મા વેદનાર અને જ્ઞાન વેદાવા યોગ્ય છે. ગાથા ૨૧૬માં કહ્યું હતું કે વેદ્ય–વેદકરૂપ વિભાવભાવોની વાંછા જ્ઞાનીને હોતી નથી. કેમ કે ઇચ્છા અને સામગ્રીનો મેળ નથી. ઇચ્છા વખતે સામગ્રી હોતી નથી અને સામગ્રી આવે ત્યારે પહેલાંની ઇચ્છા હોતી નથી. તેથી જ્ઞાની તે વેદ્ય-વેદક ભાવને ઇચ્છતો નથી. તે વેદ્ય-વેદકભાવ નાશવાન છે. અહીં તો કહે છે કે હું એક શુદ્ધ છું. વેદ્ય-વેદકભાવ અભેદ હોય છે. વેદનાર આત્મા અને વેદાવા યોગ્ય બીજી ચીજ

એમ હોય નહિ. વેદનાર હું અને વેદાવા યોગ્ય પણ હું–એવી દ્રષ્ટિ જેને થઈ છે, તે નિઃશંકિત હોય છે.

હું શુદ્ધ ચૈતન્ય, પુણ્ય-પાપ વિનાનો, શરીરાદિ પર પદાર્થોના અભાવ સ્વભાવવાળો હોવાથી, અચળ જ જ્ઞાન મારામાંથી વહે છે. સ્વયં નિરાકુળ ચૈતન્ય પૂર વહે છે એટલે કે જાણનાર—દેખનારરૂપ અવસ્થા થાય છે. તે ચૈતન્ય પૂરના પ્રવાહમાં હું એકરૂપ રહેલો છું. ચૈતન્યનું પરિણમન તે તેનું પુર છે. જેમ પાણીના પૂરમાં પાણીનો પ્રવાહ હોય છે, તેમ ચૈતન્ય જ્ઞાતા દ્રષ્ટા અનાકુળ શુદ્ધ સ્વભાવ છે, તે ક્ષણે ક્ષણે પર્યાયરૂપે વહે છે. પુણ્ય-પાપ તે અંતરદળમાં નથી. આ ધર્મીની દ્રષ્ટિ છે.

પૈસા પેદા થયા હોય, ત્યારે નવાં મકાનો બનાવવામાં, દાગીના, ઘોડા, ગાડી વગેરેના વિચારોમાં જ્ઞાન ખંડખંડ થાય છે. તે બધા પૈસાના પૂરનો પ્રવાહ છે. જેમ રબારી એક મહિનામાં એક દિવસનું દૂધ વાપરી નાખે છે, તેમ વેપારી લાખો રૂપિયા કમાય છે, ત્યારે એક વખતની કમાણી વાપરી નાખવી છે, એમ નક્કી કરીને પૈસાના પૂરમાં તણાય છે. તે આત્માના અંતર સ્વભાવનું પૂર નથી. ચૈતન્ય સ્વરૂપનું પરિણમન એકરૂપ થાય છે, તે અચળ છે. તે નિર્જરા છે. અસ્થિરતા થાય એટલી નિર્જરા નથી. જેમ પાણીના પૂરમાં એકલીટી કાઢે તે પાણી પૂરમાં ભળતું નથી. તેમ ધ્રુવ ચૈતન્ય ઉપર દ્રષ્ટિ છે, તેનો એકરૂપ પ્રવાહ છે પણ તેમાં રાગરૂપી લીટીં ખેંચે તેટલું અભેદપણું પણ થતું નથી. વસ્તુ તો અભેદ સ્વરૂપ છે. વેદનારો હું અને અનુભવ કરનારો પણ હું. એના બળથી અભેદ થાય છે. બીજા ઉપાયથી અભેદ થવાતું નથી. જ્ઞાનીને વેદનાનો ભય નથી કારણ કે આત્મા પોતે જ વેદનાર અને વેદાવાયોગ્ય હોવાથી અભેદ છે, સ્વયં નિરાકુળ છે. આકુળતાવાળો નથી. એનો આશ્રય લેતાં આનંદ થાય છે. પરનું કરું એ આદિ લોહવાટની પર્યાયથી નિર્જરા થતી નથી, પણ આત્મામાં અભેદ થવાથી નિર્જરા થાય છે.

એક અમળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ અભેદપણાના સામર્થ્યથી વેદાય છે. પુણ્ય-પાપના બળથી આત્માનું વેદન થતું નથી. નબળાઈના કારણે અસ્થિરતા રહે તેને અહીં ગણી નથી. જેને અનેક પ્રકારની શંકાઓ રહે તેને આત્માની એકાગ્રતા થતી નથી. ધર્મી પુરુષો સદા નિરાકુળતાને વેદે છે. હું ચૈતન્યજ્ઞાન છું. જ્ઞાનીને એનો જ અનુભવ છે અને તેને આ એક જ વેદના છે. આખો દિવસ સંસારના કાર્યોમાં ઊભો હોય, શિરો, પૂરી, લાડવા ખાતો હોય છતાંપણ જ્ઞાનીને આ એક જ્ઞાન જ વેદાય છે. સંયોગનું વેદન જ્ઞાનીને

કે અજ્ઞાનીને પણ નથી. અહીં તો રાગનું વેદન પણ જ્ઞાનીને નથી પણ આત્મામાં એકાકાર થવું એ એક જ વેદન જ્ઞાનીને છે.

જ્ઞાનીને બીજી કોઈ પુદ્ગલથી થયેલી વેદના હોતી જ નથી તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય ? તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

અશાતા વેદનીયના કારણે શરીરમાં રોગાદિ થાય તો તેની વેદના જ્ઞાનીને નથી. ચૈતન્ય વેદન હોવાથી પરની વેદના તેને હોતી નથી, એ અનેકાંત છે. શરીરની વેદના તો અજ્ઞાનીને પણ નથી. અજ્ઞાની શરીરની વેદનાથી આત્માને વેદના થઈ એમ માને છે, તે ઊંધી માન્યતાને વેદે છે. પહેલાં વીંછી કરડ્યો હોય અને પાછો ફરી વખત વીંછી કરડે તો પહેલાની વેદનાને યાદ કરીને આના કરતા બીજી વેદના સારી એમ અજ્ઞાની માને છે. પણ વેદના તો બધી એક જ પ્રકારની છે, જેને સ્વભાવની ખબર નથી તેને તે સંયોગમાં એકત્વ બુદ્ધિ થયા વગર રહે નહિ.

ચૈતન્ય પૂર વહે છે, તેના ઉપર જ્ઞાનીની દ્રષ્ટિ હોવાથી, પરિણતિ નિર્મળ થતી જાય છે. તેથી જ્ઞાનીને પુદ્ગલની વેદના હોતી નથી. અલ્પવેદના અસ્થિરતાની હોય છે, તેની ગૌણતા કરીને એક જ જ્ઞાન વેદના હોય છે, તેમ કહ્યુ છે. હરખશોકના પરિણામની મુખ્યતા નથી, તેથી વેદનાનો ભય ધર્મીને નથી. અજ્ઞાની છોકરાને સર્પ કરડ્યો હોય તો ભયથી ઝાડા થઈ જાય, ત્યાગીને જો શિષ્ય મરી ગયો હોય તો સેવા કરનાર કોઈ રહ્યો હોય નહિ એમ તેને ભય લાગે છે. જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ હોવાથી કર્મના બંધનનો બંધ કોષ છૂટી જાય છે. ધર્મીને વેદનાનો ભય હોતો નથી. અજ્ઞાનીને શરીર અને આત્મા એક માનવાના કારણે ભય થાય છે પણ જ્ઞાની સમજે છે કે મ્યાન જો તલવાર હોય તો મ્યાનના નાશથી તલવારનો નાશ થવો જોઈએ અથવા મ્યાન બગડવાથી, તલવાર બગડવી જોઈએ પણ એમ નથી. શરીરની વેદનાથી આત્મામાં વેદનાનો ભય થવો જોઈએ પણ એમ નથી. માટે ધર્મીને પરકૃત વેદના નથી.

હું ચૈતન્ય અભેદ આત્મતત્ત્વ છું. એના પ્રવાહમાંથી જ્ઞાન અને શાંતિ વહે છે. જેમ શેરડીની કાતળીમાંથી મીઠો રસ નીકળે પણ અફીણ ફાટે નહિ તેમ આત્મામાંથી દુઃખ ફાટે નહિ. આવો આત્માનો સ્વભાવ જાણ્યા વગર સામાયિક, પોષા, પ્રતિક્રમણાદિ કરે પણ તે નિર્ભય થતો નથી. આત્મા અને પુણ્યપાપની જેને ખબર નથી એવા અજ્ઞાનીને શરીરાદિની વેદના આવ્યા પહેલાં તેનો ભય થાય છે. જંગલમાં સિંહ આવ્યો હોય તો તેને દેખીને

ભયભીત થાય છે કે જાણે હમણાં મને પકડશે. જ્ઞાની સમજે છે કે સિંહ આત્માને પકડી શકે નહિ તેથી નિમિત્તના કારણે જ્ઞાનીને ભય થતો નથી. જ્ઞાની તો નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

મારું સ્વરૂપ મારી પાસે છે એમ માનતો જ્ઞાની નિઃશંક હોય છે. અજ્ઞાની સંદેહમાં વર્તતો થકો બંધન કરે છે. આ સાચું હશે કે બીજું સાચું હશે એમ સંદેહમાં રહે છે. ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન કરવાની શક્તિ આત્મામાં છે, તે સર્વજ્ઞ શક્તિથી આત્મા ભરેલો છે. તેથી વેદનાનો ભય જ્ઞાનીને હોતો નથી. હું જ્ઞાન છું, અચળ છું, મારામાં સર્વજ્ઞ શક્તિ છે, તેથી મારાથી છાની કોઈ ચીજ રહી શકતી નથી, એવા જોરમાં જ્ઞાની નિરંતર પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને અનુભવે છે. આ નિર્જરા છે. આવી ચૈતન્યસત્તા છે, તેનો ભરોસો ન આવે અને નાસભાગ કરે પણ પોતાના આત્મ ભગવાન પાસે ઊભો ન રહે તો કાંઈ મેળ ખાય એમ નથી.

**ભાવાર્થ :**–સુખદુઃખને ભોગવવું તે વેદના છે. અનુકૂળતામાં રાગ, રતિ, હરખાદિનું વેદન છે, તે સુખ છે અને પ્રતિકૂળતામાં શોક, અરતિ આદિનું વેદવું તે દુઃખ છે. જ્ઞાનીને તે સુખદુઃખનો ભોગવટો નથી કેમ કે જ્ઞાનીને પોતાના એક જ્ઞાન માત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. હરખશોક જેટલો હું નહિ એમ જ્ઞાની માનતો હોવાથી તેને એની મુખ્યતા નથી, પણ સ્વભાવની મુખ્યતા છે. તે પુદ્‌ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી માટે જ્ઞાનીને વેદના ભય નથી. તે તો સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે. શરીરમાં રોગ થવાકાળે થાય છે અને મટવાકાળે મટે છે, પણ અજ્ઞાનીને ધીરજ રહેતી નથી અને જ્ઞાનીને તે વખતે પણ ધીરજ ખસતી નથી. બહારમાં અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો ગમે તેવા વર્તતા હોય તો તે વખતે જેને વેદનાનો ભય રહે તે ધર્મી નથી. અજ્ઞાની બહારમાં રોટલા ન ખાધા આદિ ક્રિયાથી નિર્જરા માને છે પણ તે વાત સાચી નથી. અહીં તો અજ્ઞાનપૂર્વક વેદના જ્ઞાનીને હોતી નથી તેથી તેને નિર્જરા થાય છે.

જ્ઞાનીને અજ્ઞાનના પક્ષનો ઘાત થયો છે અને અજ્ઞાનીને જ્ઞાનના પક્ષનો ઘાત થયો છે, તેથી અજ્ઞાનીને આ લોક આદિનો ભય હોય છે. જ્ઞાનીને આલોક પરલોક અને વેદના ભય હોતો નથી એ ત્રણે ભયની વાત થઈ.

હવે જ્ઞાનીને અરક્ષાભય હોતો નથી તે કહે છે.

## કળશ ૧૫૭

જે સત્ છે, તે નાશ પામતું નથી એવી વસ્તુસ્થિતિ નિયતપણે પ્રગટ છે. ધર્મીને અરક્ષાનો ભય હોતો નથી. કેમ કે મારું સ્વરૂપ સત્ છે, તે નાશ પામતું નથી. જેને આવી દ્રષ્ટિ થઈ તેને બહારની ચીજની રક્ષા કરું તો તે ચીજ રહે, નહિતર ન રહે એવી દ્રષ્ટિ રહેતી નથી. જે હોય તે નાશ પામતું નથી. એવી વસ્તુની મર્યાદા નિયતપણે ચોક્કસ છે. પૈસા, મકાન વગેરેની રક્ષા કરીએ તો રહે એમ નથી કેમ કે જગતમાં કોઈ પણ ચીજ એવી નથી કે તે નાશ પામે. બધી ચીજો પલટો મારીને ટકે છે. તેના કારણે રહે છે. આત્માના કારણે રહેતી નથી. દુકાને સારો માણસ હોય તો સાચવીને રાખે એમ નથી. જેનું રક્ષણ કરવા માગે છે, તે તો સત્ છે. તેથી તે તો રહેશે, તેનો નાશ થશે નહિ પછી એને પરના રક્ષણની જરૂર જ નથી. દુકાનમાં ધ્યાન ન રાખ્યું માટે નોકર ખાઈ ગયો, ખ્યાલ ન રાખ્યો માટે બોકડો કપાસિયા ખાઈ ગયો, ખ્યાલ ન રાખ્યો માટે છોકરો બગડી ગયો એમ જ્ઞાની માનતો નથી કેમ કે સત્ છે, તેથી તેનો નાશ થતો નથી. વસ્તુની હદ એવી છે, તે ચોક્કસપણે પ્રગટે છે.

પર્યાય પલટે છે, તે કોની ? પલટનાર, ટકનાર, રહેનાર, હોનાર, કાયમ છે, તે પલટે છે. ‘‘છે—તે છે.’’ ‘છે’નો નાશ થતો નથી. પૈસા ને આબરૂનો નાશ થતો નથી. એટલે કે ‘‘છે,’’ તે નાશ પામતું નથી. એવી વસ્તુસ્થિતિ નિશ્ચિતપણે પ્રગટ છે, ગુપ્ત નથી. દાર્શનિક પુરાવામાં બીજું કાંઈ દેખાય એમ છે જ નહિ. ‘છે’, તે કદી નાશ પામતું નથી એમ નિર્ણય કરનાર આ બધું છે, તેમ હું પણ છું, અજ્ઞાન પણ સ્વયમેવ સત્ છે. કોઈ આવે તો સત્ રહે એમ નથી. હું જાળવણી કરું તો જળવાય એમ નથી.

કોની જાળવણી કરવી ? ‘‘છે’’ એની શું જાળવણી કરીશ ? અને ‘‘નથી’’ એની શું જાળવણી કરીશ ? માટે કોઈપણ પદાર્થની જાળવણી કોઈ પર કરી શકે નહિ. અજર પ્યાલા છે, આ સમજ્યા વગર ધર્મ થાય એમ નથી. દરેક પદાર્થ ધ્રુવ છે, તે ટકીને પલટે છે એમ જાણવું તે વ્યવહાર છે. પદાર્થ નાશ પામતો નથી. તો કોની રક્ષા કરું ? કોઈ ભક્ષક ભાળે તો રક્ષક થાય ને ? પણ જ્ઞાની કોઈને ભક્ષક જ ભાળતો નથી. જે વસ્તુ છે, તે તેનાથી છે. તેનો નાશ થતો નથી તેમ હું પણ છું માટે કોઈ અન્યથી મારું રક્ષણ થતું નથી છતાં એનાથી રક્ષણ થાય, એમ માનવું તે મૂઢતાછે.

અજ્ઞાની માને છે કે માતાપિતાની રક્ષા કરી હોત તો મરત નહિ, કસરત કરે અને તેલ ચોપડે તો શરીર પુષ્ટ થાય એમ જે માને છે, તે મૂઢ

છે. જ્ઞાની સમજે છે કે અમે કોઈની રક્ષા કરી શકીએ નહિ કેમ કે વસ્તુની મર્યાદા તે કોઈથી ફેરવી શકાતી નથી. શરીર રોગી દેખાય ત્યારે અજ્ઞાની એમ માને છે કે આને સાચવતાં આવડ્યું નહિ. પણ શરીરને કોઈ સાચવી શકતું નથી. તેને સાચવવાનો વિકલ્પ કરવો તે ભ્રમ છે. પૈસા બહુ ખરચીએ તો ખૂટી જાય. આવક કરતાં ઓછા ખરચીએ તો પૈસા સચવાય. આમ કહેનાર જગતમાં ડાહ્યો લાગે પણ અરે ભગવાન ! તું કોને સાચવીશ ? એકવાર પર ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી લે કે “છે” એને શું સાચવીશ ? ‘છે’, તે તેનાથી રહેલું છે. આમ જેને ખબર નથી એવો અજ્ઞાની સામાયિક કરીને બેઠો હોય અને ત્યાં વાંદરો આવ્યો હોય તો તેને ભય લાગે છે અને જંગલમાં હોય ને મોટો અજગર નીકળે તો તેને ભય થવા લાગે છે. આડું લાકડું રાખો તો બચશું એમ રક્ષણ કરવા માગે છે પણ તે મૂઢતા છે કેમ કે જે વસ્તુ છે એનો નાશ થતો નથી એમ જ્ઞાની જાણે છે, તેથી તેને ભય લાગતો નથી.

આ રીતે જ્ઞાની પોતાથી જ રક્ષિત હોવાથી તેનું જરાપણ અરક્ષણ થઈ શકતું નથી. માટે આવું જાણતા જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય ? ન હોય.

અરક્ષિત પદાર્થ હોય તો તેનું રક્ષણ હોય પણ પદાર્થ પોતે રક્ષિત છે નિર્ભય આત્માને ભય હોતો નથી. આવો આત્મા છે એમ જાણીને અનુભવ કરે તો નિર્જરા થાય પણ વિશ્વાસ આવતો નથી. અજ્ઞાની માને છે કે મોટું મકાન હોય તેને ટેકો આપે તો નભે તેમ આત્માને ટેકો આપે તો નભે પણ એમ છે જ નહિ. આત્મા સદા રક્ષિત જ છે કેમ કે તે સત્ છે. આવું નહિ જાણતા અજ્ઞાની હાલકડોલકના હિંડોળે ચડે છે, તેને નિર્જરા થતી નથી પણ બંધ જ થાય છે.

આત્મા સત્ છે એમ જાણતા ધર્મીને ભય હોતો નથી. અહીં જાણવા ઉપર વજન છે. જ્ઞાની તો નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે. પોતે સ્વભાવનો પુરુષાર્થ કરે તો થાય એમ છે, બીજો કોઈ કરી દે એમ નથી. જેમ સંસારમાં બીજાનું કામ કરી દે એમ લાગે છે, તેમ આત્મામાં નથી. પોતે જાતે ધર્મ કરે તો થાય એમ છે. સંસારમાં પણ અજ્ઞાનદશામાં દુઃખ ભોગવી રહ્યો છે, ત્યાં પણ આંતરો પાડ્યો નથી. રાગદ્વેષમાં આંતરો કે તડ પડવા દીધી નથી, તેમ જ્ઞાની પોતે નિરંતર અંતર અનુભવનું વેદન કરે છે.

# પ્રસાદ નં. ૨૫૦

## <u>સમયસાર કળશ ૧૫૭</u>

(અષાઢ સુદ ૪, રવિવાર, ૨૦૦૭)

શુદ્ધિની વૃદ્ધિ થવી અને અશુદ્ધતાનો નાશ થવો તે નિર્જરા છે. વસ્તુની નિઃશંકતા થતાં નિર્ભય થાય છે. આત્મા છે, તે અનંત ગુણોનો પિંડ છે. તે પરના અભાવ સ્વભાવે ટકેલો છે—એવી નિઃશંક પ્રતીતિ થાય ત્યારે નિર્ભયતા થાય છે, તેને નિર્જરા કહે છે.

પુણ્ય-પાપ જેટલો હું નહિ, હું તો જ્ઞાયક પવિત્ર મૂર્તિ છું. પરની સામગ્રીનો મારામાં અભાવ છે, તેથી પરને કારણે મને ભય થતો નથી. આમ માનતા જ્ઞાનીને આલોક અને પરલોકનો ભય નથી. વળી જ્ઞાનીને વેદના ભય પણ નથી. કેમ કે આત્મા પોતે નીરોગ સ્વરૂપ છે, તેમાં રોગનો પ્રવેશ નથી. એવી પ્રતીતિનું બળ છે, તેથી તેને રોગનો ભય હોતો નથી. આ રીતે ત્રણ ભય જ્ઞાનીને હોતા નથી. અહીં ચોથો અરક્ષા ભય જ્ઞાનીને કેમ હોતો નથી તે વાત ચાલે છે.

<u>**ભાવાર્થ** :—સત્તા સ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે, તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય. ધર્મી આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી</u>. હું ચૈતન્ય સત્તાવાળો છું, તેમાં જગતની આબરૂ કે અણઆબરૂ છે જ નહિ. માટે આબરૂ રહે તો સુખ થાય એમ જ્ઞાની માનતો નથી. મારી સત્તા ત્રિકાળ ટકનારી છે એવી નિઃશંકતા જ્ઞાનીને હોવાથી તે સદા નિર્ભય છે. અજ્ઞાનીને લોકો શું કહેશે ? શું થશે ? એવો ભય રહે છે. તે જગતને રાજી કરવા અને જગતથી રાજી થવા પ્રયત્ન કરે છે. તેથી ઓશિયાળો છે. તેમાં ધર્મ નથી. જ્ઞાન—શ્રદ્ધાની નિઃશંકતા વિના ઓશિયાળાપણું મટે નહિ, અનુકૂળતા હોય તો શાંતિ મળે એ માન્યતા સ્વભાવભાવને ખંડખંડ કરી નાખે છે. જ્ઞાની સદા શરીર તે હું નહિ. પુણ્ય-પાપની લાગણી થાય, તે પણ હું નહિ. એવી ચૈતન્ય સત્તા વડે ટકી રહ્યો છે. નિઃશંકતામાં નિર્ભયતા છે, તેથી જ્ઞાનીને જગતની દરકાર હોતી નથી. તે પોતે નિઃશંક વર્તતો થકો પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.

## કળશ ૧૫૮

ખરેખર વસ્તુનું સ્વરૂપ જ (અર્થાત્ નિજરૂપ જ) વસ્તુની પરમ ગુપ્તિ છે કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી; અને અકૃત (-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન) આત્માનું સ્વરૂપ છે; તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે.

ધર્મીને ધર્મ કરતાં શું થાય છે ? અને ધર્મ કરનારે શું કરવું ? તે કહેવાય છે. ધર્મ કરનારે આત્માની પ્રતીતિ કરીને નિઃશંકપણે આત્મામાં રહેવું.

જેમ રાત્રિમાં એકલો ખુલ્લા મેદાનમાં માણસ હોય તો તેને ભય લાગે પણ કિલ્લામાં હોય તો ભય લાગે નહિ. એમ મારા આત્માને ગુપ્ત રાખું તો નિર્ભય રહું એવો જ્ઞાનીને ભય હોતો નથી. કેમ કે આત્માનું કાયમ રહેનારું રૂપ તે વસ્તુની પરમ ગુપ્તિ છે. દયા, દાનવ્રતાદિના પરિણામ તે આત્માનું રૂપ નથી. વસ્તુ ગુપ્ત જ છે કેમ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી. ધર્મીની દ્રષ્ટિ સ્વભાવ ઊપર છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી છે. એમાં પુણ્ય-પાપાદિનો પ્રવેશ નથી. તો પછી દુશ્મનાદિ પરપદાર્થોનો પ્રવેશ થાય એમ તો બનતું જ નથી. આત્માનું સ્વરૂપ જ ગુપ્ત છે. તે શાંતિ, આનંદ આદિ અનંતગુણનો પિંડ છે. તેને ખુલ્લો મુકવામાં આવે તો કોઈ લઈ જાય અને કિલ્લાબંધી કરું તો સચવાય એવું એનું સ્વરૂપ છે જ નહિ. આવું નિઃશંકપણે આત્માનું ભાન રહેવું તે નિર્જરા છે.

અકૃત જ્ઞાન આત્માનું સ્વરૂપ છે એમાં દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે રાગનો પણ પ્રવેશ નથી. આવાં નિઃશંક શ્રદ્ધા–જ્ઞાન થતાં સમ્યક્દર્શનના નિઃશંકાદિ આઠ અંગોને પ્રગટ કરતું, અશુદ્ધતાને ટાળતું, શુદ્ધતાના અંશોને પ્રગટ કરે છે. આ રીતે ધર્મ કેમ કરાય તે પણ સાથે સાથે કહેવામાં આવે છે.

ભગવાન ! તું આત્મા છો, તારું કાયમનું સ્વરૂપ નિરુપાધિક છે, તે તારામાં ગુપ્ત જ છે, એમાં બીજાનો પ્રવેશ નથી–એવી નિઃશંકતા થવી તે જ પ્રથમ ઉપાય છે. શરૂઆતથી પૂર્ણતા સુધી આ જ ઉપાય છે. વસ્તુની પરમ ગુપ્તિ વસ્તુ સાથે છે, તે અસ્તિ છે અને એમાં પુણ્ય-પાપનો પ્રવેશ નથી તે નાસ્તિ છે. જેમ ગોળ ગળપણ સ્વરૂપી છે, તેમ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી છે એવી નિઃશંકતા તે નિર્ભયપણું છે અને એ જ સંવર અને નિર્જરા છે.

જ્ઞાન કોઈથી કરવામાં આવતું નથી. પુણ્ય-પાપની વૃત્તિઓ કૃત્રિમ છે. આ કરું ને તે કરું, તેનો ત્રિકાળ ચૈતન્ય ગુપ્ત સ્વભાવમાં પ્રવેશ નથી. વળી

તે સ્વભાવ ખુલ્લો નથી. માટે ભય લાગે એમ નથી. જેમ કોઈ માણસ ખુલ્લા મેદાનમાં ઊભો હોય અને ત્યાં સિંહ ભલે દૂર હોય તો પણ ડરે; અને જો તે માણસ મકાનમાં હોય અને મજબુત સળિયાનું બારણું હોય તો નજીક સિંહ આવે તો પણ ડરે નહિ. તેમ વસ્તુ સ્વભાવ ગુપ્ત જ હોવાથી હું વસ્તુને ગોપવું, નહિતર તે નાશ પામશે એવો ભય જ્ઞાનીને હોતો નથી. ધર્મીને ભાન છે કે આત્માનું સ્વરૂપ અકૃત છે, તે કોઈથી નહિ કરાયેલું અને નહિ રચાયેલું છે માટે તેને જરાપણ ભય નથી તેથી તે પોતે આંતરા વગર નિઃશંક વર્તતો થકો સહજજ્ઞાનને સદા અનુભવે છે, તેથી કર્મ અને અશુદ્ધતા ટળી જાય છે.

**ભાવાર્થ :**—"ગુપ્તિ" એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં ટકનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે. મારી પાસે પૈસા તો નથી પણ કદાચ મને પકડી લેશે તો? એવો ભય અજ્ઞાનીને રહ્યા કરે છે. જ્ઞાની જાણે છે કે વસ્તુના નિજ સ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશ કરી શકતું નથી માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ છે અર્થાત્ અભેદ કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે, તે જ્ઞાન સ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે કારણ કે જ્ઞાન સ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તિપણાનો ભય ક્યાંથી હોય ? તે તો નિઃશંક વર્તતો થકો પોતાના સ્વભાવિક જ્ઞાન સ્વરૂપને સદા અનુભવે છે.

હવે જ્ઞાનીને મરણ ભય હોતો નથી. તેનું કાવ્ય કહે છે :–

## કળશ ૧૫૯

પ્રાણીઓના નાશને (લોકો) મરણ કહે છે. અજ્ઞાનીને દશ પ્રાણોના નાશથી ભય થાય છે. જ્ઞાનીને ભય હોતો નથી. પાંચ ઇંદ્રિયમાથી એક ઇંદ્રિય કપાય તો હાય હાય શું થશે ? આંખ ફૂટે કે કાન બહેરા થાય અથવા સ્પર્શ ઇંદ્રિય મોળી પડે તો અજ્ઞાનીને એમ થાય કે હવે મારું શું થશે ? હાય હાય મરી ગયા, બધું નાશ થઈ જશે. અજ્ઞાની સામાયિક, પોષા, પ્રતિક્રમણાદિ કરતો હોય છતાં પ્રાણોના નાશનો પ્રસંગ આવે ત્યારે દુઃખી દુઃખી થઈ રહ્યો હોય છે. અહીં તો કહે છે કે કોણ મરે ? સૂર્ય મરે ? ચંદ્ર મરે ? તારા મરે ? અને આત્મા કોનાં સ્નાન કાઢે ? સૂર્ય મરે નહિ, ચંદ્ર મરે નહિ, તારા મરે નહિ અને કોઈનાં સ્નાન કઢાય નહિ. મુક્તિ શિલા પણ મરે નહિ તેમ હું પણ મરું નહિ–એવો સ્વભાવનો નિર્ણય થતાં જ્ઞાનીને મરણનો ભય હોતો નથી.

પ્રાણોના નાશને મરણ કહે છે પણ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ. એ દશ પ્રાણો ઉપર જેની દ્રષ્ટિ છે, તેને મરણનો ભય છે. આત્માના પ્રાણ તો જ્ઞાન છે. દશ પ્રાણ તે આત્મા નથી. અજ્ઞાની માને છે કે શરીર સારું હોય તો કામ થાય પણ તે આત્મા નથી. દશ પ્રાણોના નાશથી મારું મરણ થાય છે એમ ધર્મી માનતો નથી. દશ પ્રાણો વ્યવહારથી કહેવાય છે. તેનો આત્મામાં અભાવ છે. અજ્ઞાની આખી જિંદગી, ક્રિયાકાંડમાં કાઢે પણ ઇંદ્રિય શિથિલ થઈ જતાં પોકાર કરે કે હવે મારું શું થશે ? પણ આત્માનો સ્વભાવ તો દશ પ્રાણોથી રહિત છે તો તેના નાશે આત્મા મરતો નથી, એમ જ્ઞાની જાણે છે. અજ્ઞાનીને એમ લાગે છે કે શરીર મોળું પડે તો ધર્મ થઈ શકે નહિ. તે પર સત્તાને માનતો, પોતાની જ્ઞાન સત્તાને માનતો નથી. તેથી તે ભયવાન છે. અજ્ઞાનીની દ્રષ્ટિ પર્યાય ઉપર છે. ધર્મીની દ્રષ્ટિ ચૈતન્ય પ્રાણ ઉપર છે, તે જ્ઞાન પ્રાણ તો કાયમ ટકે છે, તેથી જ્ઞાનીને મરણ ભય હોતો નથી.

શાસ્ત્રમાં એવું લખાણ આવે કે જ્યાંસુધી વૃદ્ધા અવસ્થા આવી નથી અને ઇંદ્રિયો મોળી પડી નથી ત્યાં સુધી હે પ્રાણીઓ, તમે ધર્મ કરી લ્યો, એનો અર્થ એવો નથી કે ઇંદ્રિયોને લઈને આત્મામાં ધર્મ થાય છે. વૃદ્ધાવસ્થાથી ધર્મ ન થાય અને શરીરમાં જુવાની હોય તો ધર્મ થાય—એમ માનનારને આત્મા મન, વચન, કાય અને ઇંદ્રિયાદિ દશ પ્રાણોની પેલી પાર છે, તેની ખબર નથી. શરીરની અવસ્થાના કારણે ધર્મ માને છે, તે આત્માના કારણે ધર્મ થાય એમ માનતો નથી. ધર્મીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી ઇંદ્રિયોના કારણે ધર્મ થાય એમ તે માનતો નથી. કેમ કે આત્મામાં દશ પ્રાણોનો અભાવ છે. અજ્ઞાની પરના કારણે ધર્મ માને છે માટે નિર્ભય થતો નથી. જ્ઞાની નિર્ભય હોય છે.

આત્માના સ્નાન કોઈએ કર્યા નથી. મેલો લખે તો અમુક ભાઈ કે બેન ગુજરી ગયા છે એમ લખે છે પણ આત્મા ગુજરી ગયો છે એમ કોઈ લખતું નથી. અજ્ઞાનીને શરીરમાં કસ મોળો પડે ત્યારે એમ લાગે છે કે જાણે ઊંડો ઊંડો ઊતરતો જાઉં છું અને હવે હું રહીશ નહિ પણ આત્માની સત્તા તો શાશ્વત છે. તેનો કદી અભાવ થાય એમ નથી. એવું જ્ઞાનીને ભાન હોય છે, તેથી તેને મરણનો ભય હોતો નથી.

કોઈ કહે કે નિશ્ચયથી તો આત્મા મરતો નથી, પણ વ્યવહારે તો મરે ખરો ને ? વ્યવહારે પણ આત્મા મરતો નથી. શરીર છૂટ્યું એને મરણ કહેવાય છે. શરીરનો સંયોગ થાય તેને જન્મ કહેવાય છે, પણ આત્માને

જન્મ કે મરણ છે જ નહિ, આવું જાણતા જ્ઞાનીને ભય હોતો નથી. આત્મા નિર્ભય છે એમાં ભય ક્યાંથી હોય ? એટલે જ્ઞાની તો નિરંતર નિઃશંક વર્તતો પોતાના જ્ઞાન સ્વભાવને સદા અનુભવે છે, તેથી તેને શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા ટળતી જાય છે, તે નિર્જરા છે.

બાહ્ય સામાયિક લઈને બેઠો હોય અને એમાં સર્પ નીકળે તો રાડારાડ કરી મૂકે, કેમ કે સ્વભાવ નિર્ભય છે, તેની તેને ખબર નથી. નિઃશંકતા વગર નિર્ભયતા થાય નહિ. જ્ઞાનીને કદાચ વર્તમાન નબળાઈના કારણે અલ્પ દ્વેષ થાય પણ તે સર્પ નીકળ્યો માટે થયો છે એમ નથી. આઠ વર્ષની બાલિકા અગર તો દેડકું સમ્યક્‌દ્રષ્ટિ હોય છે, તેને આત્માનું ભાન હોય છે, તેથી તે નિર્ભય હોય છે.

હું તો જાણનાર દેખનાર છું, મારા સ્વભાવમાં ભય નથી—એવું ભાન સમ્યગ્દ્રષ્ટિ સતી સીતાજી તથા સતી અંજનાને હતું. જંગલમાં સારથીએ એકલા મૂક્યા, પણ નિર્ભય છે. આત્માના દ્રઢ ભાનમાં મસ્તી કરે છે. રથવાળો છોડીને ચાલ્યો ગયો, એકલા રહ્યા, નબળાઈનો ભય છે, તે ત્રિકાળને સ્પર્શતો નથી. ત્રિકાળ વજ્રની ભીંત છે, તેમાં એકાકાર દ્રષ્ટિ છે. તે ભય થવા દેતી નથી. અજ્ઞાનીને એક સાધારણ જીવડું નીકળ્યું હોય તો ત્રાસ થાય છે. જ્ઞાનીને ભય નથી.

**ભાવાર્થ :—**ઇંદ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે પરંતુ આત્માને પરમાર્થે ઇન્દ્રિયાદિ પ્રાણ નથી. તેને તો જ્ઞાન પ્રાણ છે જ્ઞાન અવિનાશી છે, તેનો નાશ થતો નથી. તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી, તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાન સ્વરૂપને નિરંતર અનુભવે છે.

જ્ઞાની સમજે છે કે જેમ ઉષ્ણતા વગર અગ્નિ ન હોય, ગળપણ વગર ગોળ ન હોય તેમ મારા જ્ઞાન પ્રાણ વગર હું કદી ન હોઉં. તેથી જ્ઞાનીને શરીરાદિના નાશથી ભય થતો નથી. તેની દ્રષ્ટિ દશ પ્રાણો ઉપરથી ઊઠી ગઈ છે. અજ્ઞાની તો પૈસા જાય ત્યાં મરવા પડે. હાથમાં લાકડી હોય તો હું ટકી રહું વગેરે પ્રકારે ઊંધું માને છે. જ્ઞાની પરને લીધે પોતાનું હોવાપણું માનતો નથી. મારું હોવાપણું તો શાશ્વત જ્ઞાનથી છે. તેથી પોતાના જ્ઞાન સ્વભાવમાં નિરંતર રહેતો અશુદ્ધતાનો નાશ કરે છે અને શુદ્ધતાને પ્રગટ કરે છે, તે નિર્જરા છે.

***********